ગુજરાત રોજગાર સમાચાર

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૦

છેલ્લામાં છેલ્લી વાત
લઈને આવે છે
આપના સુધી...

ઘટનાઓની વણઝાર
વચ્ચે નિયમિત પહોંચે છે
આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના
માર્ગે કર્તવ્ય નિભાવે છે
આપના સુધી...

ગુજરાત

ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ :
gujaratmagazine@gmail.com
વેબસાઈટ :
www.gujaratinformation.net

મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ગુજરાત વસ્યું લોકહૈયે...

કારણ કે,

- સામયિકની લોકાભિમુખ નીતિ,
- સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

જેમાં,

- નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

એનુ પરિણામ છે...

- લોકોનો અદમ્ય ઉત્સાહ,
- વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

અને ફેલાવામાં અગ્રહરોળમાં...

- ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- સમસ્યા અને સંવેદનાની વાતો...
- જનકલ્યાણની યોજનાની વાતો...
- લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો...

● લવાજમ ●

કોઈપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ
ઓફિસમાં અથવા જિલ્લા માહિતી
કચેરીઓ ખાતે ભરી શકાશે

વાર્ષિક લવાજમ
રૂ. ૫૦-૦૦

ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, આમ જનતાને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત

ગુજરાત રોજગાર સમાચાર

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૦

ગુજરાત રોજગાર સમાચાર

કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૦

તંત્રી	:	અશોક કાલરીયા
સહતંત્રી	:	અરવિંદ પટેલ
કાર્યવાહક તંત્રી	:	પુલક ત્રિવેદી
સંપાદક	:	જગદીશ આચાર્ય
ઉપસંપાદક	:	ઉર્વિ રાવલ, શિરીન સૈયદ, બેલા મહેતા
વિતરણ વ્યવસ્થા	:	ઈશ્વર ઠાકોર, જયેશ દવે, કીર્તિ પરમાર, જે. બી. મુનિયા, ગીતાબહેન દેસાઈ પ્રકાશન શાખા, ગાંધીનગર તથા જિલ્લા કચેરીઓ
પ્રકાશક	:	માહિતી નિયામક, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત રાજ્ય
પ્રોસેસિંગ અને મુદ્રણ	:	સરકારી ફોટો લિથો પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૪

કિંમત : ₹ ૨૦-૦૦

વિદ્યાર્થીઓને કારકિર્દી અંગેની જાણકારી અને માર્ગદર્શન મળી રહે એ આશયથી કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. અનુભવી અને વ્યવસાયિક તજજ્ઞો દ્વારા સંપૂર્ણ ચોકસાઈ રાખીને વિગતો પ્રસ્તુત કરવામાં આવી છે. આમ છતાં વિદ્યાર્થી મિત્રો કે વાલી મિત્રોને તેમાં કોઈ હકીકત અંગે વધુ જાણકારી પ્રાપ્ત કરવી હોય તો સંબંધિત લેખક / સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી છે.

આ વિશેષાંકમાં પ્રસિધ્ધ થયેલા લેખોનાં પુનઃ મુદ્રણ માટે માહિતી નિયામકશ્રીની પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે.

सत्यमेव जयते

‘‘આજની મહેનત એ આવતીકાલનું પરિણામ છે’’

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ સફળતાપૂર્વક પસાર કર્યા બાદ કારકિર્દી અંગે યોગ્ય નિર્ણય લેવા માટે યોગ્ય માર્ગદર્શન અતિ મહત્ત્વની બાબત છે. સમજી વિચારીને લીધેલો યોગ્ય નિર્ણય, સફળતાના શિખરો સર કરાવે છે.

ગુજરાતની વિકાસયાત્રાના પાયામાં રાજ્યના યુવાનોનું મહત્ત્વનું યોગદાન છે. અદ્યતન ટેકનોલોજી અને બદલાતા વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં રોજગારીના ક્ષેત્રે ઘણી નવી તકો અને સંભાવના વિકસી છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓ યોગ્ય વિકલ્પ પસંદ કરી શકે તે માટેનો આ સુવર્ણ અવસર છે.

યુવા વયે જોયેલાં સ્વપ્નાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ આવનારા સમયમાં દેશના વિકાસને નવી ઊંચાઈએ લઈ જવામાં સહાયક બનશે. કારકિર્દીની યોગ્ય દિશા નક્કી કરવામાં **‘ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૦’** અંક દિવાદાંડીરૂપ બની વિદ્યાર્થી અને વાલીઓની મૂંઝવણ દૂર કરવામાં સહાયભૂત બનશે. અનુભવી લેખકોની નીવડેલી કલમે લખાયેલા માર્ગદર્શક લેખો કારકિર્દીનો માર્ગ પસંદ કરવામાં સહાયરૂપ બનશે. આ વિશેષાંક તૈયાર કરવામાં સહાયભૂત એવા માહિતી ખાતાના સર્વ કર્મયોગીઓને અભિનંદન પાઠવું છું.

મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યના નિર્માતા સૌ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે આ વિશેષાંક સહાયભૂત થશે.

આપનો,

(વિજય રૂપાણી)
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

સંદેશ

યુવાન એટલે નવું જોશ, નવી વિચારધારા અને શક્તિનો અખૂટ ભંડાર. ગુજરાત યુવાધનની બાબતમાં ખૂબ જ ભાગ્યશાળી છે. ગુજરાત પાસે કૌશલ્યવાન, ઊર્જાવાન અને યશસ્વી યુવાનો છે. આજના સ્પર્ધાત્મક યુગમાં પોતાની યોગ્યતા અને અભિરુચિ મુજબ વ્યવસાય કે સેવા પસંદ કરે તો તેમાં યુવાવર્ગને આગળ આવવાની વિશાળ તકો ઉપલબ્ધ છે.

કારકિર્દીના એવા તબક્કામાં તમે આવી ગયાં છો કે જ્યાં ઉચ્ચ અભ્યાસ માટેની સાચી દિશા નક્કી કરવી જરૂરી છે. તમારા રસ, રૂચિને ધ્યાનમાં રાખી એવી કારકિર્દી પસંદ કરવાની છે, જેના થકી આગળ જતાં આપ ઉચ્ચ શિખરો સર કરી શકો. જીવનના મહત્ત્વપૂર્ણ તબક્કે યોગ્ય નિર્ણય લેવામાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત **'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - ૨૦૨૦'** આપના માટે પથદર્શક નીવડશે.

નવતર શોધ – સંશોધનો અને પહેલ કરનારા યુવાનોના વિચારોને વિશ્વ સમક્ષ મૂકવા રાજ્ય સરકારે અનેક અવસરો પ્રદાન કર્યા છે. ગુજરાતમાં દરેક મહત્ત્વના વિષય અને ઉજ્જવળ કારકિર્દીને અનુલક્ષીને વિવિધ યુનિવર્સિટીઓનું નિર્માણ કરાયું છે. જેમાં યુવાનો નવતર વિષયોનો અભ્યાસ કરી અલગ જ ક્ષેત્રમાં કારકિર્દીનું નિર્માણ કરે છે.

આપ સૌ ઉત્કૃષ્ટ કારકિર્દી પસંદ કરી પુરુષાર્થના બળે સુખી અને ઉજ્જવળ ભવિષ્ય બનાવો તેવી અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

(નીતિનભાઈ પટેલ)
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

सत्यमेव जयते

સંદેશ

આજનો યુવાવર્ગ આપણું ઉજ્જવળ ભવિષ્ય છે. શિક્ષણ અને જ્ઞાન વચ્ચે સમજણનો સીધો જ સેતુ છે. રસ, રૂચિ અને આવડતનો સુમેળ સાધી રાજ્યના યુવક-યુવતીઓ પોતાના અર્થ ઉપાર્જનના ક્ષેત્રની પસંદગી કરે અને ગુજરાતની અવિરત વિકાસયાત્રામાં પોતાનું યોગદાન આપે તે સ્વર્ણિમ ગુજરાતની યશગાથા ગણાય. કારકિર્દી ઘડતરમાં વિદ્યાર્થી સમુદાયને અનુભવાતી મુઝવણ દૂર કરવા તેમજ યોગ્ય દિશાની પસંદગી કરવા તજજ્ઞો સાથે ચર્ચા – મુલાકાત અને કારકિર્દી પસંદગી વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક નીવડે છે.

કૌશલ્ય અને શિક્ષણ ગુજરાતના અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચાડવામાં સફળ થયા છે ત્યારે આદિવાસી યુવાવર્ગ પણ રમત-ગમત ક્ષેત્રે વૈશ્વિક નામના મેળવી રહ્યો છે. ધ્યેય સુનિશ્ચિત કરતા પહેલા કારકિર્દી ઘડતર પ્રક્રિયામાં ખોટી ઉતાવળ, ઓછી જાણકારી તેમજ એક જ પાસા તરફનું આકર્ષણ જેવી બાબતોને સમજવામાં યોગ્ય સમય ફાળવી નિર્ણય કરવો જરૂરી બને છે. પસંદગી કરેલા ક્ષેત્ર પર અંતિમ નિર્ણય લેતા પહેલા યુવાવર્ગ માતા-પિતાના સ્વપ્નોને પ્રાથમિકતા આપવા વિશે ક્યારેક દબાણ અનુભવતા હોય છે, ક્યારેક મિત્રએ કરેલી પસંદગીને જ યોગ્ય ગણી તેમના ચીલે ચાલવાનું પસંદ કરતા હોય છે. સમગ્ર જીવન જે નિર્ણયના કારણે અસર પામવાનું છે તે નિર્ણય તમામ પાસાઓથી ચકાસાયેલા હોય તે આવશ્યક છે. આવડત, રસ, રૂચિ, શોખ તેમજ પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખી કારકિર્દી ઘડતર થવું જોઈએ.

માહિતી વિભાગ દ્વારા ધોરણ ૧૦, ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ વિજ્ઞાન- વિનિયન અને વાણિજ્ય પ્રવાહના સ્નાતક – અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીગણ અને પ્રોફેશનલ કોર્સમાં આગળ વધવાની મહત્વકાંક્ષા ધરાવતા અભ્યાસુઓ માટે **'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૦'** પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. વ્યક્તિગત પ્રગતિને વ્યવસાય, ભણતર થકી તેમજ યોગ્ય જાણકારી થકી આગળ ધપાવવાની અભિલાષા ધરાવનાર તમામ જિજ્ઞાસુ વર્ગને આ રોજગાર કારકિર્દી પુસ્તિકા થકી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં સફળ રહેશે તેવી પૂર્ણ શ્રદ્ધા ધરાવું છું.

(ભૂપેન્દ્રસિંહ ચુડાસમા)
શિક્ષણ મંત્રી, ગુજરાત રાજ્ય

સંદેશ

ગુજરાત એ ગૌરવવંતુ રાજ્ય છે, જેને ગૌરવવંતુ બનાવવામાં ગુજરાતીઓનો મોટો મહત્ત્વનો ફાળો છે. ગુજરાતના ગુજરાતીઓ આપત્તિને અવસરમાં ફેરવવાની તાકાત ધરાવે છે. કોઈપણ મુશ્કેલી હોય તેમાંથી માર્ગ કાઢવો એ ગુજરાતીઓના લોહીમાં ભળેલું છે. ગુજરાતીઓ શિક્ષણ મેળવે છે અને સાથે સાથે રોજગારલક્ષી તાલીમ પણ મેળવે તેવો અદ્‌ભુત સમન્વય ગુજરાત સરકાર આજના વડાપ્રધાન જેઓ ગુજરાતનું નેતૃત્વ કરી ચૂક્યા છે તે શ્રી નરેન્દ્રભાઈ મોદીથી આજના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવે છે.

ગુજરાતના શ્રમ અને રોજગાર વિભાગ રોજગાર વાંચ્છુઓને યોગ્ય રોજગાર મળે તે માટે પ્રયત્નશીલ હોય છે, પરંતુ ગુજરાતનો ઉચ્ચ શિક્ષણ વિભાગ પણ ''પ્લેસમેન્ટ'' આયોજન કરે અને શિક્ષણ દરમિયાન રોજગાર પ્રાપ્તિની તકો ઉપલબ્ધ કરાવે છે જેથી ગુજરાત સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય બની શક્યું છે.

ગુજરાતના ગુજરાતીઓ જ નહીં અન્ય રાજ્યના લોકોને પણ ગુજરાત રોજગાર આપે છે. જે બાબતે કોવીડ-૧૯ કોરોના સમયે ગુજરાતમાં રોજગાર પામનાર પરપ્રાંતીઓ પોતાના રાજ્યમાં મોકલનાર સૌથી મોટી (લાખોની) સંખ્યામાં ગુજરાત રહ્યું છે.

ગુજરાતીઓ માત્ર નોકરીને જ નહીં સ્વરોજગારને પણ મહત્ત્વ આપે છે, પોતે ''જોબ સીકર નહીં જોબ ગીવર'' બનવા કટીબદ્ધ બને છે.

ગુજરાતના માહિતી વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત રોજગાર સમાચાર ''કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૦'' પ્રસિદ્ધ થાય છે ત્યારે આ વિશેષાંક આપ સર્વેને વિશેષ રીતે રોજગારી પ્રાપ્ત કરાવવામાં સફળ બને અને ગુજરાતનો એક યુવાન આજે દેશનું નેતૃત્વ કરે છે. તેમ આપ પણ રાષ્ટ્ર ભાવના સાથે આપની રોજગારી પ્રાપ્ત કરો. રાજ્ય અને રાષ્ટ્રના હિતમાં યોગદાન આપો તેવી શુભેચ્છા સાથે.

(વિભાવરીબહેન દવે)
શિક્ષણ રાજ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

सत्यमेव जयते

સંદેશ

મનુષ્યના વિકાસમાં શિક્ષણ અત્યંત આવશ્યક પરિબળ છે. આપણા ભવ્ય ભૂતકાળમાં વૈદિક શિક્ષણ વ્યવસ્થા એક મહત્ત્વનું પરિબળ રહ્યું છે. ભારત સાંપ્રત સમયમાં સૌથી યુવાન દેશ છે. ભારતનું ભવિષ્ય યુવાનોના હાથમાં છે. આપણા ભવ્ય ભૂતકાળને નજર સમક્ષ રાખી દિવ્ય વર્તમાનમાં પ્રયત્નો કરીને સર્વોત્તમ ભવિષ્ય માટે યુવાવર્ગને શિક્ષિત અને દિક્ષિત બનાવવા માટેના પરિણામલક્ષી પગલાં લેવાઈ રહ્યા છે.

ધોરણ ૧૦, ૧૨ અને સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે યોગ્ય કારકિર્દીનું ઘડતર અને પ્રાપ્ત વિકલ્પોમાંથી મનપસંદ ક્ષેત્રની પસંદગી એ ખૂબ જ અગત્યનો નિર્ણય બની રહે છે. પસંદગીની પ્રક્રિયામાં અનુભવ, માર્ગદર્શન અને દિશાસૂચન અગત્યનું બની રહે છે. નવું આકાશ નવી ઉડાનોની રાહ જોઈ રહ્યું છે. ભરપૂર આત્મવિશ્વાસથી પાંખો પ્રસારી આકાશમાં ઉડાન ભરવા સજ્જ થઈ ગુજરાતનો વિદ્યાર્થી ભારતની વિકાસયાત્રામાં પોતાનું આગવું યોગદાન આપશે.

યુવાનોને રોજગાર અને કારકિર્દીક્ષેત્રે માર્ગદર્શન મળી રહે તે હેતુથી માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષની પરંપરા અનુસાર પ્રસિદ્ધ કરવામાં આવતો 'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' વિદ્યાર્થીઓ માટે રાહબર પૂરવાર થતો હોય છે. **'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શક વિશેષાંક-૨૦૨૦'** પરંપરા મુજબ આ વર્ષે પણ વાલીઓ, શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને સહયોગી નીવડશે તેવી શુભેચ્છા પાઠવું છું.

ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ સહ...

(અશ્વિની કુમાર આઈ.એ.એસ.)
અગ્રસચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ

સંદેશ

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટે ખૂબ અગત્યની હોય છે. આજના આધુનિક સમયમાં કારકિર્દી ઘડતર માટે અનેક નવા ક્ષેત્રો ઉપલબ્ધ છે. પરંપરાગત અભ્યાસક્રમની સાથે નવા વિકસતા ક્ષેત્રોમાં કારકિર્દી ઘડતર કરવાથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ સરળ બન્યું છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી પ્રાપ્ત અભ્યાસક્રમો અને વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની અનેક તકો ઉપલબ્ધ છે તે માટે પ્રસિદ્ધ થઈ રહેલો **'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શક વિશેષાંક-૨૦૨૦'** ખરા અર્થમાં પથદર્શક બની રહેશે એવી મને આશા છે.

જ્યારે વિદ્યાર્થીઓ સામે અનેક વિકલ્પો હોય ત્યારે કયો વિકલ્પ પસંદ કરવો તે ક્યારેક મુઝવણનો વિષય બની રહેતો હોય છે. વિદ્યાર્થીઓની આવી મુઝવણને દૂર કરવા તેમજ ઉપલબ્ધ તમામ વિકલ્પોની સરળ સમજૂતી તેમજ સંલગ્ન કારકિર્દી ઘડતરના વિવિધ ક્ષેત્રોની વિગતો વિદ્યાર્થીઓને એક જ સ્થાને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ચોક્કસપણે આવકાર્ય ગણાય. હવે વિદ્યાર્થીઓ પોતાની રસ, રૂચિ અને આવડતને ધ્યાનમાં રાખી ઉચ્ચ અભ્યાસ માટેના ક્ષેત્રો પસંદ કરતા થયા છે જેમાં વાલીઓનો સાથ સહકાર પ્રેરકબળ બની રહે છે.

પોતાની આવડત અને રસરૂચિ અનુસાર શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર કરવાની ઇચ્છા ધરાવતા વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ માટે આ વિશેષાંક ઉપયોગી બની રહેશે તેવી મને શ્રદ્ધા છે.

અશોક કાલરીયા

(અશોક કાલરીયા આઈ.એ.એસ.)
માહિતી નિયામક

અનુક્રમણિકા

મોટીવેશનલ લેખ

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૧	કરિઅર : એક રાસ્તા હૈ જીંદગી, જો થમ ગયે... તો કુછ નહીં !	– જય વસાવડા	૩
૨	પરીક્ષાની મોસમમાં 'આઉટ ઓફ બોક્સ' એટલે જરા હટકે વિચારો...	– પુલક ત્રિવેદી	૫
૩	અભ્યાસ કે કારકિર્દીઃ સંતાનની પસંદગી પહેલી !	– રમેશ તન્ના	૮
૪	જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાનું રહસ્ય... હકારાત્મક અભિગમ	– મૌલિક સોની	૧૦

ધોરણ-૧૦ પછી કારકિર્દીના વિકલ્પો

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૧	ધોરણ-૧૦ પછીના વિકલ્પો	– કુલસુમ ઘાંચી	૧૫
૨	આઈ.ટી.આઈ.ના રોજગારલક્ષી વિવિધ અભ્યાસક્રમો	– એસ. આર. વિજયવર્ગીય	૧૯
૩	જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી	– લીનાબહેન એમ. ચૌહાણ	૩૨
૪	ફાયર ટેકનોલોજી અભ્યાસક્રમમાં કારકિર્દીની ઉજ્જવળ તકો	– ડો. એચ.એલ. રાઠવા	૩૪
૫	સી-ડેકના ડિજિટલ માર્કેટિંગ કોર્સ દ્વારા કારકિર્દી બનાવવાની ઉજ્જવળ તકો	– જગદીશ પટેલ	૩૬
૬	નીટ એટલે "નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રેન્સ ટેસ્ટ"	– એસ. આર. વિજયવર્ગીય	૩૮
૭	વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસની ઉજ્જવળ તકો	– એસ. આર. વિજયવર્ગીય	૪૦
૮	શું તમે વિદેશમાં MBBS કરવાનું વિચારી રહ્યા છો?	– ચાંદની રાયઠઠ્ઠા	૪૪

ધોરણ-૧૨ પછી કારકિર્દીના વિકલ્પો

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૧	ધોરણ : ૧૨ સામાન્ય પ્રવાહ બાદ કારકિર્દીની તકો	– રાજેન્દ્ર ઉપાધ્યાય	૪૭
૨	પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે કારકિર્દીની તક	– દ્રોણિક શ્રીમાળી	૫૪
૩	ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી શું ?	– પી. આઇ. રબારી	૫૭
૪	ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ગુજરાત ખાતે ઉપલબ્ધ ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો	– પ્રો. (ડો.) રાજુલ ગજ્જર	૬૧

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૫	એન્જિનિયરિંગ ડિગ્રી/ડિપ્લોમા અને ફાર્મસીના અભ્યાસક્રમનું કટ ઓફ લિસ્ટ	–	૬૪
૬	એન્જિનિયરિંગ એડમિશનની પ્રક્રિયા અને તેના નિયમો	– પ્રકાશભાઈ ગોકાણી	૮૨
૭	મેડિકલ અને પેરામેડિકલ	– જીતુભાઈ મહેતા	૮૯
૮	મેડિકલ અભ્યાસક્રમોનું કટ ઓફ લિસ્ટ	–	૯૬
૯	ફેશન ડિઝાઈનિંગ	– લીનાબહેન ચૌહાણ	૧૦૩
૧૦	ધોરણ ૧૨ સાયન્સમાં ઓછા ટકા આવે તો....	– પી. આઇ. રબારી	૧૦૮
૧૧	માત્ર આયુર્વેદને સમર્પિત વિશ્વની સૌ પ્રથમ યુનિવર્સિટી : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી	– વૈદ્ય ધનંજય પટેલ	૧૧૧
૧૨	કૃષિ, પશુપાલન અને સમાજસેવા - પરંપરાગત ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિર્દી	– જીતુભાઈ મહેતા	૧૧૭
૧૩	હોટલ મેનેજમેન્ટ-કેટરિંગ-ટ્રાવેલ અને ટૂરિઝમ સેવા ક્ષેત્રે કારકિર્દીની સુવર્ણ તકો	– ધવલભાઈ ગોકાણી	૧૨૪
૧૪	ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના આગવા અભ્યાસક્રમો	– હિતેશ સંઘવી	૧૨૯
૧૫	રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં ચાલતા રોજગારલક્ષી અભ્યાસક્રમો	– પવન સોની	૧૩૩
૧૬	સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી : ગાંધીનગર શારીરિક શિક્ષણ અને રમત ક્ષેત્રે કારકિર્દીની તકો	– દીપ મહેતા	૧૩૭
૧૭	કામધેનુ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી	– એમ. જે. દવે	૧૪૨
૧૮	માર્કેટિંગની દિશા બદલતું ક્ષેત્ર અને એક સારો કરીઅર વિકલ્પ એટલે : Social Media	– કિશન જોષી	૧૪૮
૧૯	વૈશ્વિક કક્ષાએ શિક્ષક તરીકે પ્રસ્થાપિત થવાય તેવું પ્રશિક્ષણ આપતી સંસ્થા : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન	– પારસ જહા	૧૫૧
૨૦	બાળ ઘડતર ક્ષેત્રે નાવીન્યસભર અભ્યાસક્રમો ચલાવતી ચિલ્ડ્રન યુનિવર્સિટી	– હર્ષદ પ્ર. શાહ	૧૫૪
૨૧	પ્રોફેશનલ અભ્યાસક્રમો - ICWA/CA/CSમાં શ્રેષ્ઠ કારકિર્દી	– ડો. એચ. એલ. રાઠવા	૧૫૭

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૨૨	વિજ્ઞાનીક તરીકેની શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર વૈશ્વિક સ્તરના વિજ્ઞાન શિક્ષણ-સંશોધનની શ્રેષ્ઠ સંસ્થા - IISER	– નિસર્ગ દેસાઈ	૧૬૦
૨૩	કમ્પ્યૂટર સોફ્ટવેર ડેવલપમેન્ટમાં વિશાળ તકો	– વિકાસ વર્તુળ ટ્રસ્ટ	૧૬૨
૨૪	બાયો ટેકનોલોજી - નેનો ટેકનોલોજી	– વિકાસ વર્તુળ ટ્રસ્ટ	૧૬૫
૨૫	દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ (ડિસ્ટન્સ લર્નિંગ)	– તુષાર કરેલકર	૧૬૯
૨૬	રેલ વિશ્વવિદ્યાલયમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો	– પ્રશાંત કે. ત્રિવેદી	૧૭૫
૨૭	શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ	– રજિસ્ટ્રારશ્રી	૧૭૭
૨૮	જનસંપર્કના સંદર્ભે ગ્રામ વ્યવસ્થાપન ક્ષેત્રે રોજગારીના અવસરો	– ડો. પુનિતા હર્ણે	૧૮૦
૨૯	એનીમેશન–ગ્રાફિક્સ–ફિલ્મ–વીડિઓ એડિટિંગના કોર્સ અને કોલેજ	– ધવલ ગોકાણી	૧૮૩
૩૦	હોટેલ મેનેજમેન્ટમાં પણ કારકિર્દી બનાવી શકાય	– વિકાસ વર્તુળ ટ્રસ્ટ	૧૮૮
૩૧	જળ સામુદ્રિક વિજ્ઞાન (મરીન સાયન્સ) ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસની તકો	– રમેશચંદ્ર ભાયાણી	૧૯૩
૩૨	ક્રિએટિવ કરીઅર એટલે ગ્રાફિક્સ ડિઝાઈનિંગ	– કિશન જોષી	૧૯૭
૩૩	ફિલ્મ અને ડોક્યુમેન્ટરી મેકિંગ – ઉજ્જવળ ભવિષ્યની તકો	– યોગેશ પંડ્યા	૨૦૦
૩૪	TOP ENGINEERING COLLEGES ALL OVER INDIA	–	૨૦૩
૩૫	સપનું : સરકારી નોકરી	– જયેશ વાઘેલા	૨૦૮
૩૬	બોર્ડના પરિણામો બાદ મહત્ત્વની વેબસાઈટ્સ	–	૨૧૧
૩૭	અગત્યની વેબસાઈટ્સ	–	૨૧૨





મોટિવેશનલ લેખ

- કારકિર્દી ઘડતર સમજણ સાથે વધુ બહેતર

- સુવર્ણ ભવિષ્યનો આવ્યો છે અવસર,
  સપના થશે સાકાર મળશે જીવનને આકાર

- સપનાંઓને મળી છે પાંખ,
  યુવાનીએ દીધો છે સાદ
  ચાલને સર્જીએ વિશ્વ નવું,
  ઉજ્જવળ વિકાસથી છલકતું

- મુઝવણ, હતાશાને આપો વિદાય,
  ગમતા ક્ષેત્રે આગળ વધી જીવનને કહો હલ્લો હાઈ

- નવી દિશા, નવા છે અરમાન,
  યુવાનીમાં હોય થનગનાટ, કરીએ સપના સાકાર....

અનુક્રમણિકા

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૧	કરિઅર : એક રાસ્તા હૈ જીંદગી, જો થમ ગયે... તો કુછ નહીં !	– જય વસાવડા	૩
૨	પરીક્ષાની મોસમમાં 'આઉટ ઓફ બોક્સ' એટલે જરા હટકે વિચારો...	– પુલક ત્રિવેદી	૫
૩	અભ્યાસ કે કારકિર્દીઃ સંતાનની પસંદગી પહેલી !	– રમેશ તન્ના	૮
૪	જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાનું રહસ્ય... હકારાત્મક અભિગમ	– મૌલિક સોની	૧૦

૧ કરિઅર : એક રાસ્તા હૈ જીંદગી, જો થમ ગયે... તો કુછ નહીં!

– જય વસાવડા

એક મુસાફર બરફીલા પર્વતના શિખરે ચડવા માટે યાત્રા કરતો હતો. રસ્તામાં બરફનું તોફાન હતું. મુસાફર થાક્યો હતો, વસ્ત્રો ફાટ્યા હતા. ખોરાક ઓછો હતો, અને જોખમ વધુ હતું. રસ્તામાં એક વિરામ સ્થળે એ રોકાયો, એને પૂછવામાં આવ્યું કે, આ બધી વિપત્તિઓ વચ્ચે એ પર્વતની ટોચે કઈ રીતે પહોંચશે ?

''હું પહોંચીશ.'' મુસાફરે ખુમારીથી જવાબ આપ્યો, ''કારણ કે મારું હૃદય તો મારી મંઝિલે પહેલાં જ પહોંચી ગયું છે. હવે બાકીના શરીરે તો એને અનુસરવાનું છે.''

★ ★ ★

કરિઅર એટલે કારકિર્દી અને એમ્પ્લોયમેન્ટ એટલે રોજગાર. બંનેમાં ફરક શો ? અત્યારે તો જેમાં વધુ કમાણી એ કરિઅર, એવું સાદું સમીકરણ બેસી ગયું છે પણ વાત આટલી સીધી સાદી નથી. આ તો રોજગારની વ્યાખ્યા થઈ કામ કરો ને દામ મેળવો. કરિઅરમાં આ બંને ઉપરાંત પણ એક ચીજ છે એ છે નામ. રેપ્યુટેશન. આ ગીત તો સોનું નિગમ સિવાય બીજું કોઈ ગાઇ જ શકે નહિ - એવું જ્યારે કહેવાય, ત્યારે સોનુની કરિઅર બની કહેવાય ! કરિઅર સેલ્ફ આઈડેન્ટિટીનું રિફ્લેક્શન છે. એમાં શ્રેષ્ઠ પ્રયત્નો અને શ્રેષ્ઠ પરિણામોની સાધના છે. કરિઅરમાં પાસિંગ માર્કસ હોતા નથી, આ 'ધ બેસ્ટ' લોકોની ક્લબ છે. જ્યાં ૧૦૦% નહિ, ૧૧૦%, ૧૫૦% પરફોર્મન્સ આપવું પડે છે. નહિ તો પબ્લિક શાહરૂખખાનથી લઈને મહેન્દ્રસિંહ ધોનીને દરવાજો બતાવી શકે છે !

પરિણામોની રાહ જોયા વિના જ પરીક્ષાઓ પૂરી થાય કે વાલીઓ ઊંચાનીચા થાય છે. ઊંચા પરિણામને કારણે 'ચિત્રકૂટ કે ઘાટ પે ભઈ ભક્તન કી ભીડ' જેવો ઘાટ સર્જાયો છે. પેરન્ટસ એમના સંતાનોને લઈને એડમિશન માટે રેસ લગાવે છે વેકેશનમાં જ કોર્સીઝ અને ઈન્સ્ટિટ્યૂટ્સના પ્રોસ્પેક્ટસ મંગાવે છે. તગડી ફી ચૂપચાપ ચૂકવી દે છે. 'અહીંથી ભણ્યા પછી નોકરી મળી જશે ?', 'કેટલો પગાર મળશે ?' એવા સવાલો સ્કૂલ- કોલેજના કાર્યાલયોમાં પૂછવામાં આવે છે પણ કેટલા સ્ટુડન્ટ્સ કે પેરન્ટસ પોતે જે કોર્સ કરવા માંગે છે એનો ત્રણ- ચાર- પાંચ વર્ષનો કરિક્યુલમ (અભ્યાસક્રમ) મેળવીને રજાઓમાં વાંચે છે ?

એમાનું શું સહેલું કે અઘરું લાગે છે - એનું સેલ્ફ એનાલિસિસ કરે છે, અને પછી જે- તે કોર્સ કરવાનો નિર્ણય લે છે ? તેજસ્વી વિદ્યાર્થીના પ્રત્યક્ષ કે પરોક્ષ ઈન્ટરવ્યૂઝ લેવાય છે પણ તેજસ્વી તારલાઓ કેમ એવી માંગ નથી કરતા કે, 'અમને જે ભણાવવાના છે, એ શિક્ષકોને અમારે મળવું છે. એમની ગુણવત્તા પારખવી છે. અમારે ટ્રાયલ માટે કેટલાક લેક્ચર્સ ભરીને ડિસિશન લેવું છે !' ધક્કામુક્કીમાં બધાને પૈસા ચૂકવી દેવા છે, પણ સંગઠિત બનીને આવી વાજબી માંગણીઓ કરવી નથી, બેગર્સ આર નો ચૂઝર્સ ! કરિઅર શિયાળવાની લાળીથી નથી બનતી, સિંહની ડણકથી બને છે !

કરિઅર પસંદ કરવાના આપણા કારણો અને તારણો વિચિત્ર છે. શેરબજારની માફક આજના પગાર અને તકોના આધારે કોર્સનો નિર્ણય લેવાઈ જાય છે. પાંચ વર્ષ પછીની સ્થિતિનો કોઈ અંદાજ મૂકતું નથી. બહેનપણી કે ભાઈબંધને પૂછીને એની પાછળ- પાછળ એ જ કોર્સ કે સંસ્થામાં દાખલ થવાના નિર્ણય લેવાઈ જાય છે. (એ બહેનપણી કે ભાઈબંધે વળી વડીલોના આંગળી ચિંધામણથી બીજા કોઈને પૂછ્યું હોય છે !) કોઈ જાગૃત માતા-પિતા વળી સાહેબ લોકોને પૂછીને સર્વેક્ષણ કરે છે. પોતે ધારેલા અનુમાન પર એમને બીજા લોકોનો સ્ટેમ્પ મરાવવો હોય છે, જેથી ભવિષ્યમાં પ્રોબ્લેમ્સ થાય તો એમની કશી જવાબદારી જ નહિ ! સવાલ એ થાય તો વળી કરિઅર ચોઈસ માટે કોને પૂછવું ?

એને, જેને આપણે સૌથી ઓછી સાંભળીએ છીએ! મતલબ, જાતને ! જેલમાં જન્મટીપ હોય તો ૧૪ વર્ષે બહાર આવી શકાય છે. કરિઅરમાં જીવો ત્યાં સુધીનો સમય વીતાવવાનો રહે છે. આપણી સ્ટ્રેન્થ અને વિકનેસને ઓળખો. પ્લે ઑન યોર સ્ટ્રેન્થ તમારા પ્લસ પોઈન્ટ મુજબ સપનાઓ સિલેક્ટ કરો !

બેસ્ટ કરિઅર ચોઈસ માટે બંદાની 'ફોર-ટી' ફોર્મ્યુલા છે. 'ફોર ટી' યાને ટાઈમ, ટેસ્ટ, ટ્રેઝર, ટેલેન્ટ. જે તે કરિઅર જમાવવા માટે જેટલો સમય આપવો પડે એ આપણી પાસે છે કે નહિ ? એટલી ધીરજ છે ? બીજા કશા પરિબળો નડે એમ નથી ને ? ભવિષ્યમાં કંટાળો નહિ આવે ને ? ભવિષ્યનો સમય આ કરિઅરમાં આનંદમાં જશે ને ? પાછળથી સમયની

'તાણ' મનનો સ્ટ્રેસ નહિ વધારે ને ?

બીજી અને સૌથી મહત્ત્વની વાત. ટેસ્ટ. એટલે પરીક્ષાની વાત નથી. આ વાત છે ટેસ્ટ યાને સ્વાદની. આપણા રસ અને રૂચિની. ન ગમતા ક્ષેત્રમાં રસ ન પડે. રસ ન પડે તો સમય ન અપાય. સમય ન અપાય તો ગુણવત્તા ન જળવાય. ગુણવત્તા ન હોય તો કશું યાદ ન રહે. યાદ ન રહે તો નિષ્ણાત ન બનાય. નિષ્ણાત ન બનો તો કરિઅર ન બને! અને તમને ગમતું કામ કરો, તો થાક ન લાગે !

ત્રીજું, ટ્રેઝર. યાને ખજાનો. જે- તે કારકિર્દી ઘડવા માટે કેટલા રૂપિયા રોકી શકાય તેમ છે ? કરિઅર રિસોર્સીસ વિના બનતી નથી. બૂક્સ, સીડી, કોમ્પ્યુટર, ટ્રાવેલિંગ... આ બધો બેસ્ટ કરિઅર માટેનો ખર્ચ નથી. રોકાણ છે, જેટલું વધુ ઇન્વેસ્ટમેન્ટ એટલું સારું રિટર્ન અને વધુ વળતર જોઈએ, તો રોકાણ ટૂંકા ગાળાનું નહિ, પણ લાંબા ગાળાનું જોઈએ. સદ્નસીબે, ટેલેન્ટેડ વ્યક્તિ પૈસાના અભાવે ભણી ન શકે એ યુગ ગાડાઓ અને ફાનસોની સાથે જ આથમી ગયો છે.

ચોથું, ટેલેન્ટ. સિંગર બનવું હોય તો નેચરલ વોકલ કોડ્સ જોઈએ. સોલ્જર બનવું હોય તો ફિટનેસ. ચિત્રકાર બનવા માટે કલ્પનાના રંગો અને એક્ટર બનવા માટે મિમિક્રીની આવડત. ચેક કરી લો. ફિલ્મ ડાયરેક્ટર બનવું હોય તો મોબાઈલમાં મૂવી ઉતારી જૂઓ અને ક્રિકેટર બનવા માટે સીઝન બોલથી રમવા જાવ. લિમિટ ખબર પડે તો ખ્યાલ આવે કે સપના જેટલી ક્ષમતા છે કે નહિ !

તો યારો, પૂછો તમારી જાતને ! તમે આજથી ૧૦ વર્ષ પછી તમારી જાતને ક્યાં જોવા માંગો છો ? આંખો મીચો અને વિચારો ! તમારી અવસાન નોંધમાં તમે શું કરી ગયા, એવું લખાય તો તમને સંતોષ થાય ? બધા પાસે ફક્ત એક જ જિંદગી હોય છે. એમાં તમને મજા પણ આવે અને કંઈક જગત નોંધ લે એવું કરી બતાવો એવો ઉપયોગ કેમ કરી શકાય ? જે જવાબ મળે, એમાં કરિઅર શોધવાનો પ્રયત્ન કરો !

કરિઅર ખોળામાં ટપકી પડતું પાકું ફળ નથી. એનું વાવેતર કરી એને ઉછેરવું પડે છે, પકાવવું પડે છે. 'આઈ એમ ધ બેસ્ટ'ના ગીતો ગાવાથી શાહરૂખખાનની પણ કેરિયર બની શકે ટોપ ઉપર જગ્યા હંમેશા ખાલી હોય છે. શિખર હોવું જોઈએ ! અને શિખર પર પહોંચવા માટે એક- એક પગથિયાં ચડવા પડે.

૨૧મી સદીનો કરિઅર મંત્ર ૨૫ વર્ષ અગાઉ વિચાર્યો હતો : અર્ન ફાસ્ટ, લર્ન ફાસ્ટ ! બધાને ઝટપટ અર્નિંગ (કમાણી) જોઈએ છે, પણ કોઈને લર્નિંગ (શીખવા) માટે સ્પીડ પકડવી નથી ! લાગવગની ચિઠ્ઠીઓ કે નસીબના જોરે તક મળે છે, પણ તક જાળવી શકાતી નથી. ઈનામમાં મળેલી કારને પણ ચલાવવા માટે ડ્રાઈવિંગ શીખવું પડે છે. કાર મફત મળી શકે, ડ્રાઈવિંગની સ્કિલ અર્થાત્ આવડત નહિ !

દુનિયામાં 'ધ બેસ્ટ કરિઅર' જેવી કોઈ ચીજ નથી, હોય છે 'ધ બેસ્ટ' માણસો. એ જે કરિઅરમાં - ઝુકાવે, તેને નવી ઊંચાઈએ લઈ જાય છે. કુદરતે ગુલાબ અને ગલગોટા બંને બનાવ્યા છે. કોયલ અને કાગડા બંનેનું એને મન મહત્ત્વ છે. પરાણે કોઈ ગલગોટો ગુલાબ થવા જાય કે કાગડો કોયલ થવા જાય તો... યસ, યુ નો ઈટ. બાવાના બેઉ બગડે. એટલે જ આસપાસ બીજાઓ સાથે સરખામણી કરવાને બદલે સ્પર્ધા જાત સાથે કરો. આપણે ગઈકાલે હતા, એનાથી આજે વધુ બહેતર બન્યા ? ગયા વર્ષ કરતાં આ વર્ષે આપણા બાયોડેટામાં કશું ઉમેર્યું ? આપણી પાસે ગયા મહિના કરતા આ મહિને થોડા નવા વિચારો આવ્યા ? ઈફ યસ, યુ આર ઓન રાઈટ ટ્રેક.

'મૈ ખિલાડી, તુ અનાડી' ફિલ્મમાં અક્ષયકુમારનો એક ડાઈલોગ બહુ ગાજ્યો હતો, જેમાં શુટિંગમાં રિહર્સલ કરી, રિટેક આપી આપી એક્ટિંગ કરતા હીરો સૈફ અલીને એ રિયલ ઈન્સ્પેક્ટર કહે છે. આ જિંદગી છે, ફિલ્મનું શુટિંગ નથી. યહાં પે હમે સિર્ફ એક ટેક મિલતા હૈ !

પહેલા કરતા આજે કરિઅર સ્વીચઓવર બેશક વધુ આસાન છે. ડોક્ટર સિંગર બની શકે છે, અને એન્જિનિયર પોલિટિશિયન. ટીચર ઈન્ડસ્ટ્રિયાલીસ્ટ બને અને એકાઉન્ટન્ટ એજ્યુકેશનીસ્ટ ! પણ અગેઈન ફિલ્મી ડાયલોગ ફટકારીએ તો સૈફ અલી 'રેસ'માં બોલે છે તેમ, 'મૈ સૌચ કર ફૈંસલા કરતા હૂં, ફૈસલા કર કે સૌચતા નહીં !'

રજાઓમાં મજા કરતા કરતા દિમાગની બત્તી જલાવતા જાવ. કયો કોર્સ સારો ! કઈ ઈન્સ્ટિટ્યૂટમાં પ્લેસમેન્ટ મળશે? કઈ કરિઅરનું ફ્યુચર બ્રાઈટ છે - આવું બધુ પૂછવાને બદલે એક લિસ્ટ બનાવો. જે આવડે છે જેમાં રસ છે એ બાબતો પ્લસ સાઈડમાં, જે નથી આવડતું, નથી ફાવતું એ માઈનસ સાઈડમાં. કમ્પેર કરી નક્કી કરો કે થોડી મહેનત, માર્ગદર્શન, મુદત પછી કેટલા ઉધાર પાસાઓ જમા બાજુએ આવી શકશે ? અને પછી જે કરિઅર ગમતી હોય એના લાંબા ગાળાના ફિચર્સ વિચારો. આપણી કેટલી એસેટ્સ (પ્લસ પોઈન્ટ્સ) એમાં ફિટ થશે, અને કેટલી નબળાઈઓ સ્પીડબ્રેકર બનશે, એ નક્કી કરો. વન્સ યુ મેઈક ડિસિશન... જસ્ટ ગો ફોર ઈટ...! ઓલ ધ બેસ્ટ !

૨ પરીક્ષાની મોસમમાં 'આઉટ ઓફ બોક્સ' એટલે જરા હટકે વિચારો...

– પુલક ત્રિવેદી

આખા વર્ષમાં માર્ચ અને એપ્રિલ, આ બે મહિના એટલે પરીક્ષાના મહિના. વર્ષ દરમિયાન જેટલું પણ વાંચ્યું, લખ્યું અને વિચાર્યું હોય એને પુરબહારમાં પ્રૉપર્લી પ્રેઝન્ટ કરીને ખીલવવાની મોસમ. માર્ચ મહિનાની ૧૪મીને 'જીનિયસ ડે' તરીકે દુનિયા ઉજવે છે. માર્ચ મહિનો પરીક્ષાનો મહિનો છે અને એના મધ્યમાં આવતો ચૌદમો દિવસ એટલે એને 'જીનિયસ ડે' તરીકે ઉજવવામાં આવે છે એવું નથી. દુનિયાના મહાન વિજ્ઞાનીઓમાં જેની ગણના થાય છે એવા આલ્બર્ટ આઈન્સ્ટાઈનના જન્મદિવસને આખું વિશ્વ 'જીનિયસ ડે' તરીકે ઉજવે છે.

- **સમસ્યાના સમાધાનના પ્રયત્નો છોડીને એની આજુબાજુ ચકરાવા મારવામાં સમય ન બગાડાય...**
- **જ્યારે શીખવાનું અટકે ત્યારે સમજી લેવું કે મૃત્યુ આવી રહ્યું છે**
- **લગન, ધૈર્ય અને નિયમિતતા જ્ઞાનના પાયાના ત્રણ પીલર છે**
- **ઈશ્વરે દરેક મનુષ્યના મસ્તિષ્કમાં એક સરખી ક્ષમતાવાળું હજારો હોર્સપાવરનું મન આપ્યું છે**

પરીક્ષાઓના માહોલમાં જો એવું લાગે કે, મારું મગજ બરાબર કામ નથી કરતું, ચોપડીમાં લખેલી વાત યાદ નથી રહેતી, બીજા લોકો જેટલી ઝડપથી યાદ રાખી શકે છે એટલું ઝડપથી યાદ રહેતું નથી, યાદ રાખવા માટે વારંવાર વાંચવું પડે છે વગેરે વગેરે... આવા વિચારો આવે તો બિલકુલ નાસીપાસ થયા વગર વટથી વિચારવું કે, તમારું મગજ બીજાઓથી અલગ પ્રકારનું જ છે. તમે દુનિયાને કંઈક અલગ આપવા સર્જાયા છો. આવા સમયે યાદ કરવા પડે અસાધારણ પ્રતિભા ધરાવતા આલ્બર્ટ આઈન્સ્ટાઈનને.

હર્મન આઈન્સ્ટાઈન નામનો એક સેલ્સમેન જર્મનીના યુમ શહેરમાં રહે. મૂળ ઈજનેર એવા હર્મન આઈન્સ્ટાઈનને ત્યાં ૧૪ માર્ચ, ૧૮૭૯માં પુત્ર અવતર્યો. એનું નામ આલ્બર્ટ. જન્મ વખતે આલ્બર્ટનું માથું શરીરના પ્રમાણમાં ઘણું મોટું હતું. ચાર વર્ષે માંડ એ બોલતા શીખ્યો અને નવ વર્ષ સુધી તો આલ્બર્ટ બરાબર બોલી પણ શકતો ન હતો. બાળપણમાં આલ્બર્ટ બીજા બાળકોની માફક ધમાલ-મસ્તી કરતો ન હતો. એક ખૂણામાં શાંત બેસી રહી હંમેશાં એ કંઈકને કાંઈક વિચારતો રહેતો. એની શારીરિક તકલીફોના કારણે એને શાળામાં પણ સામાન્ય બાળકો કરતાં મોડો દાખલ કરવામાં આવ્યો. પિતા હર્મન અને એની પત્નીને આલ્બર્ટની ચિંતા થતી હતી.

માર્ચ-એપ્રિલમાં ગરમીના ઉકળાટ કરતાં પરીક્ષાઓના કકળાટમાં અજંપો અને ડર રાખતા વિદ્યાર્થીઓ માટે આઈન્સ્ટાઈનની લાઈફ આઈકોનિક છે. મેધાવી બુદ્ધિના માલિક જીનિયસ આલ્બર્ટ આઈન્સ્ટાઈનની શાળાજીવનની કેટલીક રોચક વાતો જ્યાં નિરાશા હશે ત્યાં આશાનું કિરણ બનશે અને જ્યાં અજંપો હશે ત્યાં રાજીપો રેલાવશે.

વિદ્યાર્થી આલ્બર્ટને પહેલેથી જ શાળા જેલ જેવી લાગતી. એ હંમેશાં રવિવારના દિવસનો ઈન્તેજાર કરતો. રવિવારે પિતા હર્મન આલ્બર્ટને શહેરની શાંત જગ્યાએ ફરવા લઈ જતા. એ ત્યાં બેસી ઝાડ-પાન અને કુદરતી વાતાવરણ કલાકો સુધી જોઈ રહેતો. બ્રહ્માંડની ઉત્પત્તિના વિચારો કરતાં રહેતા એના બાળમાનસમાં સતત ગડમથલ ચાલતી કે આ વિશ્વ કેવી રીતે ચાલે છે ?

વિદ્યાર્થીકાળમાં આલ્બર્ટ આઈન્સ્ટાઈનને સતત એવું લાગતું કે, એ શિક્ષકો પાસેથી જે અભ્યાસ કરી રહ્યો છે તેમાં કંઈક ખૂટે છે. એ હંમેશાં ટીચરને અલગ અલગ એન્ગલથી પ્રશ્નો પૂછતો રહેતો. શિક્ષકોને આના પરિણામે ખૂબ કંટાળો આવતો. શાળાના શિક્ષકોએ એને મંદબુદ્ધિના બાળક તરીકે સંબોધતા. વારંવાર મંદબુદ્ધિનો બાળક કહેવાના કારણે બાળ આલ્બર્ટ પણ સમજવા લાગ્યો કે એની બુદ્ધિ ક્ષમતા કમજોર છે. એકવાર એણે શિક્ષકને પૂછ્યું કે, 'મારી બુદ્ધિનો વિકાસ કેવી રીતે હું કરી શકું ?' શિક્ષકે એક લીટીમાં જવાબ આપ્યો કે, 'કોઈપણ બાબતમાં સફળતા મેળવવા માટે સતત નિષ્ઠાપૂર્વક અભ્યાસ જ મૂળ મંત્ર છે.' ટીચરની આ વાત આલ્બર્ટના મનમાં ચોંટી ગઈ. અભ્યાસની તાકાતથી સૌથી આગળ આવવાનું એણે મનોમન નક્કી કરી દીધું.

બાળપણમાં મંદબુદ્ધિનો કહેવાતો બાળક મહેનત, લગન અને હિંમતથી મેથ્સ અને ફિઝિક્સના વિષયોનો મહારથી બન્યો. એકવાર ગણિતના શિક્ષકે જે છોકરાને

'આળસુનો પીર' કહ્યો હતો એ આલ્બર્ટ આઈન્સ્ટાઇન $e=mc^2$ પુંજ અને તુલ્ય ઉપર શોધ નિબંધ રજૂ કર્યો ત્યારે આખી દુનિયા મોંમાં આંગળા નાખી ગઈ હતી. જાપાન ઉપર અમેરિકા દ્વારા ઝીકાયેલા અણુબોમ્બની બેઝિક ફોર્મ્યુલા આઈન્સ્ટાઈનની આજ શોધ નિબંધ ઉપર આધારિત હતી. જોકે જાપાન ઉપર નાખવામાં આવેલા અણુ બોમ્બના કારણે આઇન્સ્ટાઇન જીવ્યા ત્યાં સુધી વ્યથિત રહ્યા હતા.

એકવાર આલ્બર્ટ આઈન્સ્ટાઇન પાસે એના સાથીએ ટેલિફોન નંબર માંગ્યો. આઈન્સ્ટાઇને બાજુમાં પડેલી ટેલિફોન ડિરેક્ટરી ઉપાડી તેમાંથી નંબર જોઈને મિત્રને આપ્યો. પેલો મિત્ર આશ્ચર્યચકિત થઈને પૂછવા લાગ્યો, 'તમને તમારો ટેલિફોન નંબર પણ ખબર નથી.' ત્યારે આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું, 'દોસ્ત, મને જે વાત બે મિનિટમાં શોધવાથી મળી જાય એને યાદ રાખવા માટે મહેનત નથી કરતો.' આલ્બર્ટ આઇન્સ્ટાઇનની ભૂલી જવાની વાતો પણ અજીબ છે. એકવાર કૉલેજથી ઘરે જતી વખતે એ ઘરનો રસ્તો જ ભૂલી ગયા. એમણે રિક્ષા ડ્રાઈવરને કહ્યું, 'હું આલ્બર્ટ આઇન્સ્ટાઇન છું, તમને મારા ઘરનો રસ્તો ખબર હોય તો મારા ઘરે લઇ જાવ.' રિક્ષા-ડ્રાઇવરને આલ્બર્ટ આઇન્સ્ટાઇનના ઘરની ખબર હતી પણ તેણે આઇન્સ્ટાઇનને ક્યારેય જોયા ન હતા. આઇન્સ્ટાઇનને મળીને એ રિક્ષા ડ્રાઈવર રાજી થઇ ગયો. રિક્ષા-ડ્રાઇવરે તેમને ઘરે પહોંચાડી દીધા. નાની-નાની વાતોમાં ભૂલક્કડ લાગતા આલ્બર્ટ આઈન્સ્ટાઈને સાપેક્ષવાદ દૃશ્યમાન ઊર્જાના અદ્‌ભુત સમીકરણો આપીને આજના વિકસિત અને ડિજિટલ લાગતા યુગનો મજબૂત પાયો નાખ્યો. એમના ફિઝિક્સનાં સંશોધનોને વિશ્વવિખ્યાત નોબેલ પારિતોષિકથી નવાજાયા. આઇન્સ્ટાઇન સરસ વાયોલિન વગાડતા. એમને નાવિક બની હોડી હંકારવી ગમતી. જોકે એમને તરતાં નહોતું આવડતું.

બાળપણમાં તેમના મોટા માથાને કારણે એમની માતાને એમ લાગતું કે, મારું બાળક વિકૃત બનશે. પરંતુ આજ બાળક મોટો થઈને વિશ્વવિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇન બનતા એમના મગજને લેબોરેટરીમાં સાચવવામાં આવ્યું. અજીબ વાત તો એ છે કે, એક નોર્મલ માણસના મગજ કરતાં આઈન્સ્ટાઈનના મગજનું વજન ઘણું ઓછું હતું. એક સામાન્ય માણસના મગજનું વજન ચૌદસો ગ્રામની આસપાસ હોય છે જ્યારે આઇન્સ્ટાઇનના મગજનું વજન ૧૨૩૦ ગ્રામ હતું. હિટલરને કારણે આલ્બર્ટ આઈન્સ્ટાઈને જર્મનીને અલવિદા કરી. આઇન્સ્ટાઇન અમેરિકા આવીને વસ્યા. આઈન્સ્ટાઈનની પ્રતિભાને કારણે અમેરિકાની જાસૂસી કંપની સી.આઇ. એ.ના એજન્ટો એમની ઉપર સતત નજર રાખતા.

આઇન્સ્ટાઇન કહેતા કે, જ્યારે શીખવાનું અટકે ત્યારે સમજી લેવું કે મૃત્યુ આવી રહ્યું છે. એ જીવ્યા ત્યાં સુધી પ્રશ્નો પૂછ્યા કરતા. જાણકારી અને માહિતી કોઈ પણ મૂર્ખ માણસ મેળવી લે, પણ જરૂર હોય છે આલ્બર્ટ આઇન્સ્ટાઇનની જેમ સાચી સમજ વિકસાવવાની. એ કહેતા કે, ત્રીજું વિશ્વ યુદ્ધ શેનાથી લડાશે એ ખબર નથી પણ ચોથું વિશ્વયુદ્ધ લાઠીઓ અને પથ્થરથી જ લડાશે. આઇન્સ્ટાઇનના આ વિચાર ઉપરથી વિશ્વની વરવી વાસ્તવિકતાનો આબેહૂબ ચિતાર સ્પષ્ટ થાય છે. એમના આ વિચાર ઉપર અનેક પુસ્તકો લખાયાં અને પરિસંવાદોમાં કલાકો સુધી પ્રબુદ્ધોએ ચર્ચાઓ કરી છે. આ જિનિયસ સાયન્ટિસ્ટને ૧૯૫૨માં અમેરિકાએ ઇઝરાયેલના રાષ્ટ્રપતિ બનવાની ઓફર કરેલી. 'હું રાજકારણ માટે નથી સર્જાયો' કહીને નમ્રતાપૂર્વક આ ઓફરને એમણે નકારી દીધી હતી. વિશ્વના દાદુ બ્રેઈન આઈન્સ્ટાઈનની આ રોચક વાતો પરીક્ષાની મોસમમાં મમળાવીને વિદ્યાર્થીઓ આઉટ ઓફ બોક્સ... જરા હટકે વિચારે તો ઘણું.

જીવનના પ્રત્યેક પડાવ ઉપર એક નવી સમસ્યા જડબું ફાડીને ઊભી જ હોય. સમસ્યાનું સ્વરૂપ મનઃસ્થિતિ ઉપર અવલંબિત હોય છે. કોઇ વાર મોટી સમસ્યા ગુડ મૂડમાં ખૂબ નાની લાગે અને કોઇ વાર નાની અમથી મુશ્કેલી પહાડ જેવી ભાસે. નાની કે મોટી સમસ્યાનો સામનો માણસ એની કલ્પનાશક્તિ, અંદરની તાકાત અને દૃઢનિશ્ચયથી કરતો હોય છે. ક્યારેક તો ખૂબ મોટી સમસ્યાઓ વિચાર્યું ન હોય એવા નાના અને સરળ માર્ગે હલ થઈ જતી હોય છે. સમસ્યાથી ડરી જઈને સંતાઈ જવાનો સૌથી આસાન માર્ગ છે. સમસ્યાથી ડરનારાના હાથ હંમેશાં ખાલી રહે છે. મુશ્કેલી સામે બાથ ભીડનારાને માર્ગ મળે છે.

મુશ્કેલી એ કેવળ સક્ષમ અને યોગ્ય વ્યક્તિઓના દ્વારે જ દસ્તક દેતી હોય છે કારણ એને ખબર હોય છે કે, આ મજબૂત લોકો જ સમસ્યાનું ઉત્તમ રીતે સમાધાન મેળવી શકતા હોય છે. આમ પણ સમસ્યાઓનું કોઈ માપ કે કદ હોતું નથી. સમસ્યા તો હલ કરવાની ક્ષમતા ઉપરથી તે નાની કે મોટી પુરવાર થતી હોય છે. તત્ત્વચિંતક રોબર્ટ

કિઓસ્કીના મતે પ્રત્યેક સમસ્યા પાછળ એક અવસર પડેલો હોય છે. સમસ્યાના પડદાને ચીરીને અવસરને ઝડપવાનો હોય છે. જીવનમાં મુશ્કેલીઓની જરૂર છે. જો મુશ્કેલી છે તો તેને હલ કરીને સફળતા મેળવવાનો આનંદ છે. કાળી ડિબાંગ રાત્રી છે, તો સવારના સોનેરી કિરણોની કિંમત છે. જો સમસ્યાનો હલ આવે એમ છે તો ચિંતા કરવાની જરૂર જ નથી અને જો સમસ્યાનો કોઈ હલ તમારી પાસે છે જ નહીં તો નકામી ચિંતા કરવાનો કોઈ અર્થ જ નથી. મોટા ભાગના લોકો સમસ્યાના સમાધાન મેળવવાના પ્રયત્નો કરતા સમસ્યાની આજુબાજુ ચકરાવા મારવામાં સમય વધુ બગાડતા હોય છે.

ફ્રાન્સિસ બેકનનાં લખાણો યુરોપિયન દેશોમાં લોકો ખૂબ રસપૂર્વક વાંચે છે. આમ તો બેકન એક ચિંતક હોવા ઉપરાંત રાજનીતિજ્ઞ પણ હતા. એ કહે છે કે, 'જ્ઞાન એ જ સાચી શક્તિ છે.' બેકનની વાતમાં દમ છે. જ્ઞાની વ્યક્તિ જ સાચા અર્થમાં શક્તિશાળી હોય છે. પોતાની દરેક સમસ્યા અને સમાજની આસપાસના લોકોની સમસ્યાઓ જ્ઞાનના બળથી ઉકેલી શકાય છે. જ્ઞાન એક એવો પ્રકાશ છે કે, જેને પૃથ્વી પરના કોઈપણ પ્રગાઢ અંધકારથી દબાવી શકાતો નથી. જ્ઞાનની શક્તિને ડિગ્રીઓથી ક્યારેય તોળી શકાતી નથી. જ્ઞાનને અભ્યાસની જુદી જુદી ડિગ્રીઓ સાથે બહુ સંબંધ હોતો નથી.

જ્ઞાન એટલે અનુભવ અને અધ્યયન બન્નેનો સમન્વય. વિશ્વના મહાન વિજ્ઞાની આઈઝેક ન્યુટન તેના શાળાકીય અભ્યાસકાળમાં હંમેશાં નપાસ થયા કરતા. ન્યુટનને ક્યારેય ૩૦-૩૫ ટકાથી વધુ માર્ક્સ મળ્યા જ નથી. શાળાના શિક્ષકોએ કંટાળીને એમને સ્કૂલમાંથી રૂખસદ આપી દીધી. શાળાના દરવાજા બંધ થયા, એ પછી ન્યુટનના દિમાગના દરવાજા ખૂલી ગયા. એણે ઝાડ ઉપરથી પડતું સફરજન જોયું અને વિશ્વને ગુરુત્વાકર્ષણનો પાયાનો સિદ્ધાંત મળ્યો. જે વ્યક્તિને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો એ વ્યક્તિના જ્ઞાન અને વિજ્ઞાન ઉપર આજે દુનિયામાં સેંકડો પ્રબુદ્ધો પીએચડીનો અભ્યાસ કરી રહ્યા છે. અભ્યાસમાં ફેલ થવું કે સારા માર્ક્સ મેળવવા ઉપર જ્ઞાનની પરિભાષાને ઝાઝો સંબંધ નથી.

ભારતના ધીરુભાઈ અંબાણીની વાત પણ અજાણી નથી. નવમી ચોપડી પાસ ધીરુભાઈએ તરુણ અવસ્થામાં પેટ્રોલ પંપ પર નોકરીથી જીવનની શરૂઆત કરી. સમય જતાં સાડા ચાર લાખ કરોડનું રિલાયન્સ એમ્પાયર ઊભું કરીને પાવરફુલ વ્યક્તિ તરીકે દુનિયામાંથી વિદાય થયા. ભારતના એક બીજા વિરલા ઘનશ્યામદાસ બિરલાની કથા પણ એવી જ છે. ચાર ચોપડી પાસ બિરલા ગામ અને શાળા છોડીને દોરી-લોટો લઈ કલકત્તા પહોંચી ગયા હતા. ત્યાં નવા ખ્યાલો સાથે બિઝનેસ શરૂ કર્યો. એમણે બિરલા બિઝનેસ એમ્પાયર ઊભું કર્યું. ઘનશ્યામદાસ બિરલા કહેતા કે, 'જીવનની સફળતામાં શાળા-કોલેજની ડિગ્રીઓનું ખાસ મહત્ત્વ નથી હોતુ.' ડિગ્રીઓ કરતાં જ્ઞાનનું મહત્ત્વ વિશેષ હોય. પરીક્ષાનું મહત્ત્વ ન હોય. મહત્ત્વ તો શીખવાનું હોય. જેમાંથી જીવનને જીવવાનો અર્થ અને માર્ગ મળે એ સાચું શિક્ષણ.

મનુષ્ય પાસે જ્ઞાનથી ભરેલું મસ્તિષ્ક છે. એટલે જ એ પૃથ્વી પરના અન્ય પ્રાણીઓ કરતાં વિશિષ્ટ અને શક્તિશાળી છે. જ્ઞાન જ મનુષ્યને જીવનના ઉતાર-ચઢાવમાં સફળ બનાવે છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વય કે ઉંમરના કોઈ સીમાડા હોતા નથી. લગન, ધૈર્ય અને નિયમિતતા જ્ઞાનના પાયાના ત્રણ પીલર છે. ઈશ્વરે દરેક મનુષ્યના મસ્તિષ્કમાં એક સરખી ક્ષમતાવાળું હજારો હોર્સપાવરનું મન આપ્યું છે. પૃથ્વી પર જન્મ લેતાંની સાથે જ આ પાવરહાઉસ એક્ટિવેટ થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ નથી કે શિક્ષણ અને ડિગ્રી મેળવવા નિરર્થક છે અને શાળા કોલેજમાં જવાનો કોઈ અર્થ નથી. શિક્ષણ અને ડિગ્રી તેના સ્થાને યોગ્ય જ છે. જરૂર છે ડિગ્રી અને શિક્ષણ સાથે તેનાથી પણ ઉપર ઊઠીને અનુભવ, વાંચન અને શ્રવણના આધારે કંઈક વિશેષ કરવાની. જ્યારે આ વિશેષ શોધ સાર્થક થાય ત્યારે એ જ્ઞાનનો પ્રકાશ બની જતો હોય છે.

3 અભ્યાસ કે કારકિર્દીઃ સંતાનની પસંદગી પહેલી !

– રમેશ તન્ના

બે સત્યઘટનાઓ સાથે આ લેખનો પ્રારંભ કરીએ.

પહેલી વાત અમદાવાદની છે.

એક દીકરી ધોરણ ૧૨માં પાસ થઈ. તેમના ઘરમાં દાદીમાએ જીદ કરી કે હવે તેને અંગ્રેજી મીડિયમમાં જ ભણાવો. દીકરી પોતે, તેનાં માતા-પિતા કહેતાં હતાં કે તેને અંગ્રેજી માધ્યમમાં નહીં ફાવે. અલબત્ત, દાદીમા અડગ રહ્યાં અને છેવટે એ દીકરીને અમદાવાદની એક કૉલેજમાં અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ અપાવાયો. તેને કૉલેજમાં અંગ્રેજી માધ્યમ ના ફાવ્યું. માંડ-માંડ પાસ થઈ. તેની કારકિર્દીની દિશા જ ફંટાઈ ગઈ. દાદીમાને એવું હતું કે, જમાનો અંગ્રેજી ભાષાનો છે તો છોકરીની કેરિયર બની જશે.

છોકરીને આજે પણ અફસોસ છે કે તેણે શા માટે માધ્યમ બદલ્યું ? એ માંડ માંડ કારકિર્દી બનાવી શકી છે. તેનું કહેવું હતું કે તેને ગુજરાતી માધ્યમમાં ભણવા દીધી હોત તો તે પોતાના મનગમતા ક્ષેત્રમાં આગળ વધી શકી હોત.

હવે જોઈએ બીજી સત્ય ઘટના :

એક વિદ્યાર્થી અમેરિકા જઈને ચોક્કસ અભ્યાસક્રમ કરવા માગતો હતો. તેના પિતા સાથે વિગતવાર ચર્ચા કરવાનું પણ તેને યોગ્ય ના લાગ્યું. એણે તો પ્રોસિઝર શરૂ કરી દીધી. તેના પિતા પરિપક્વ અને શાણા હતા. તેમણે જોઈ લીધું કે દીકરો મિત્રો સાથેની દેખાદેખીમાં આ ગંભીર ભૂલ કરી રહ્યો છે. ધોરણ-૧૨ પછી વિદેશ ભણવા જવાને બદલે ગ્રેજ્યુએશન કર્યા પછી અમેરિકા ભણવા જવું હિતાવહ હતું તેવું તેમને લાગ્યું.

તેમણે દીકરાને બરાબર સમજાવ્યો. બે-ત્રણ વીઝા કન્સલ્ટન્સીની ઑફિસે લઈ ગયા. ક્યાં અને કેવા અભ્યાસક્રમો ચાલે છે, તેની ફી, અને એ કોર્સ કર્યા પછી નોકરી/રોજગારીની શક્યતાઓ વગેરે વિશે ચર્ચા કરી-કરાવી. ધોરણ-૧૨ પછી કેટલાક છોકરાઓ અમદાવાદ પરત આવ્યા હતા. તેમાંથી એક છોકરાને ત્યાં મળવા પણ ગયા. દીકરાને લાગ્યું કે મારે ઉતાવળ કરીને જવાની જરૂર નથી. તેણે ગ્રેજ્યુએશન ભારતમાં કર્યું અને અત્યારે તે અમેરિકામાં ભણી રહ્યો છે. યોગ્ય નિર્ણય કરવામાં મદદ કરવા બદલ તે પોતાના પિતાનો આભાર માને છે.

આમ તો 'પસંદગી' કરવાની ભૂમિ દરેક ક્ષેત્રમાં જોખમી, નાજૂક અને લપસણી હોય છે, પરંતુ તેમાંય જ્યારે કારકિર્દીની વાત આવે ત્યારે તો વાત ગંભીર થઈ જતી હોય છે. તમે કોઈ એક માર્ગ પર ચાલતાં-ચાલતાં કે વાહન લઈને જતા હો અને અચાનક એ રસ્તામાંથી દસ-બાર રસ્તા ફૂટે ત્યારે તમને થાય કે હવે જવું કયા રસ્તે? ક્યાં જવું છે એ નક્કી હોય તો પસંદગી કરવામાં સરળતા રહે, પણ ખાલી એટલી જ ખબર હોય કે 'કોઈ સારી જગ્યાએ જવું છે' તો પસંદગીમાં તકલીફ પડે. આગળ વધતાં રસ્તો કેવો હશે, એ રસ્તા પર આપણું વાહન બરાબર ચાલી શકશે કે નહીં, સફર કરીને ત્યાં પહોંચીશું ત્યારે ત્યાં ફાવશે કે નહીં... આવા અનેક પ્રશ્નો થાય.

કારકિર્દીની પસંદગીમાં લગભગ આવું જ બનતું હોય છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછી એટલા બધા વિકલ્પો હોય છે કે કઈ લાઈનમાં જવું એ માટે મોટી દ્વિધા થાય.

આ દ્વિધામાં પાછી એક સ્થિતિ ઉમેરો કરે. એ કઈ સ્થિતિ ?

માતા-પિતા અને સંતાનનો જુદો જુદો મત. સંતાનને જે ભણવું હોય તેના કરતાં પિતા જુદી વાત કરતા હોય

અને માતાની ઈચ્છા વળી ત્રીજી જ હોય. હવે, એક સાથે ત્રણ સ્ટ્રીમમાં ભણી શકાય તેવું તો હોય નહીં ! કરવું શું ?

બધાં પોતપોતાના મતને વળગી જ રહે. સમાજમાં એવા અનેક દાખલા જોવા મળે છે કે માતા-પિતા આગ્રહ કરીને સંતાનને, પોતાની પસંદગીની લાઈન લેવડાવે અને સંતાન નિષ્ફળ જાય. જ્યારે સંતાનને ભણવા માટે કોઈ સ્ટ્રીમ લેવાની નિર્ણાયક ઘડી આવે ત્યારે નીચેની આચાર સંહિતાનું પાલન કરવું જોઈએ.

૧. પહેલી તક સંતાનને જ મળે, કારણકે ભણવાનું સંતાનને છે. સંતાન જે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છુક હોય તે લાઈનમાં જવા દેવું યોગ્ય ગણાશે.

૨. મોટા ભાગે ઘણાં માતા-પિતા પોતાનાં અધૂરાં રહી ગયેલા સ્વપ્નને સંતાનો દ્વારા પૂરાં કરવા માગતાં હોય છે. આ સ્થિતિ અત્યંત જોખમી છે. ભૂલે-ચૂકે પણ આવું ના થવું જોઈએ.

૩. સંતાને જે ક્ષેત્રમાં આગળ વધવાનો નિર્ણય કર્યો હોય તેની બરાબર ચકાસણી કરવાનો માતા-પિતાને પૂરો હક્ક છે. હક્ક કરતાં પણ ફરજ છે. સ્માર્ટ ફોન વાપરતી આજની નવી પેઢી આમ તો 'સ્માર્ટ' છે જ, પણ શિક્ષણ ક્ષેત્રમાં એટલું બધું ખોટું ચાલી રહ્યું છે કે ગમે તેટલી કાળજી રાખો તો પણ છેતરાઈ જવાના ચાન્સ હોય છે. અમારા એક મિત્રના દીકરાને દ.ભારતની કોઈ યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો. છ મહિનામાં માલૂમ પડ્યું કે કાયદેસર નથી. સમય અને પૈસા બન્ને ગયા. ગુજરાત બહાર કે ભારત બહાર સંતાન ભણવા જતું હોય ત્યારે પાકી તપાસ કરવી જોઈએ. જરૂર પડે તો એકવાર પિતા કે માતાએ રૂબરૂ જઈને તપાસ કરવી જોઈએ. ઘણાં માતા-પિતા આવું કરે છે. અમારા એક મિત્ર પોતાના સંતાન માટે મુંબઈ-હૈદરાબાદ અને બેંગ્લોર જાતે ગયા. જુદી જુદી યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓમાં પુત્ર સાથે ફરીને તપાસ કરી. ક્યા ક્યા અભ્યાસક્રમો છે? તેની ગુણવત્તા કેવી છે? ફેકલ્ટી કેવી છે? ભવિષ્યમાં તેની તક કેવી છે? આ બધાનો અભ્યાસ કર્યો. એક અઠવાડિયું અને ૪૦-૫૦ હજારનો ખર્ચ થયો પણ એ જરૂરી હતું.

૪. જો સંતાન મિત્રોની દેખાદેખીમાં, ઉતાવળમાં, ઉત્સાહમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય કરતું હોય તેવું માતા-પિતાને લાગે તો તેમણે ધીરજ અને શાંતિથી સ્થિતિને બદલવી જોઈએ. બિનજરૂરી દલીલોને બદલે તર્કબદ્ધ માહિતી સાથે ચર્ચા કરવી જોઈએ.

૫. આપણે ત્યાં તકલીફ એક જ છે કે કારકિર્દી પસંદગીના નાજુક મોડ પર સંતાનો અને માતા-પિતા સજાગતા અને સક્રિયતા બતાવતાં નથી. કારકિર્દી પસંદગી વખતે સતર્ક રહીને જુદા જુદા પ્રવાહો અને શૈક્ષણિક સંસ્થાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ.

૬. આપણે ત્યાં યોગ્ય રીતે કાઉન્સેલિંગ પણ થતું નથી. એવી સંસ્થાઓ પણ નથી. યોગ્ય વ્યક્તિને મળીને કાઉન્સેલિંગનો લાભ લેવો જોઈએ.

૭. ઓનલાઈન યુનિવર્સિટીમાં પ્રવેશ લેતી વખતે સતર્ક રહેવું જોઈએ. જેમ 'પીળું એટલું સોનું નથી હોતું, બિલકુલ એ જ રીતે ઓનલાઈન બધુ સાચું નથી હોતું.

આખી ચર્ચાનો સાર એટલો જ કે સંતાનનાં રુચિ-પસંદગીને પ્રથમ ક્રમ આપવો. પણ હા, તેની સાથે સંબંધિત તમામ મુદ્દાઓ તટસ્થ રીતે તપાસવા. તેમાં મોડા કે મોળા પડો તો મોટું નુકસાન થઈ શકે.

---

૩૦૨ યશ એકવા.
વિજય ચાર રસ્તા,
નવરંગપુરા, અમદાવાદ-૯
મો-૯૮૨૪૦૩૪૪૧૫

૪ જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવાનું રહસ્ય... હકારાત્મક અભિગમ

– મૌલિક સોની

જ્યારે મને આ રહસ્ય સમજાયું ત્યારે હું માત્ર એક જ શબ્દ બોલ્યો હતો.. વાઉવ..! તે રહસ્ય હતું, કે જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે મુખ્ય ત્રણ બાબતો જ ઉપયોગી હોય છેઃ જ્ઞાન, આવડત અને વલણ.

૧. જ્ઞાન એટલે તમારે શું મેળવવું છે, કેમ મેળવવું છે અને ક્યારે મેળવવું છે..? તેનું ચોક્કસ જ્ઞાન.

૨. આવડત એટલે જે મેળવવું છે તે કેવી રીતે મળે અને તે માટે કઈ આવડતો કેળવવી..? અને

૩. વલણ એટલે ચોક્કસ જ્ઞાન દ્વારા જરૂરી આવડતને અમલમાં મૂકીને પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટેની તીવ્ર ઈચ્છા.. જો આ ત્રણ બાબતોને લઈને એક ત્રિકોણની કલ્પના કરીએ તો **સફળતાનો ત્રિકોણ** બને, જે નીચે મુજબ છેઃ



જરા વિચારી જુઓ કે જો ત્રિકોણનો પાયો એટલે કે માત્ર જ્ઞાન વધારવામાં આવે તો શું સફળતાનો ત્રિકોણ મોટો થાય ? 'ના' જ થાય. યુ આર રાઇટ ! એટલે કે માત્ર જ્ઞાન વધારવાથી ક્યારેય સફળતા મળતી જ નથી. સફળતા મેળવવા માટે જ્ઞાનની સાથે-સાથે યોગ્ય આવડત અને હકારાત્મક વલણ પણ કેળવવાની જરૂર હોય છે. આ માટેનું એક સુંદર ઉદાહરણ મને યાદ આવે છે..:

રમેશ એક કરિયાણાની દુકાનમાં નોકરી કરતો યુવાન છે. તે ખૂબ જ લગન અને મહેનતથી કરિયાણાની દુકાનમાં બે વર્ષથી નોકરી કરી રહ્યો છે. આ દરમ્યાન તેનામાં કરિયાણાની દુકાનને સફળતાપૂર્વક ચલાવવાનું જ્ઞાન અને આવડત પૂરતા પ્રમાણમાં આવી ગયાં છે. હવે તેના પિતાજી તેને પોતાની કરિયાણાની દુકાન શરૂ કરવાનું કહે છે. રમેશને તો નોકરી કરવામાં જ રસ છે, પોતાની કરિયાણાની દુકાન શરૂ કરવામાં જરાય રસ નથી. આમ છતાં તેના પિતાજી તેને કરિયાણાની દુકાન કરી આપે છે. શું આપને લાગે છે, કે રમેશ પોતાની દુકાન સફળતાપૂર્વક સંભાળી શક્યો હશે ? 'ના', કારણ કે તેનામાં દુકાન સંભાળવાનું સંપૂર્ણ જ્ઞાન અને આવડત તો હતાં જ, પરંતુ તેની આંતરિક ઈચ્છા એટલે કે તે માટેનું હકારાત્મક વલણ ન હતું. પરિણામે સફળતા મળવાના ચાન્સ ખૂબ જ ઓછા થઈ જાય છે.

જ્યારે બીજી તરફ, મહેશ એક ખૂબ જ ઉત્સાહી અને હકારાત્મક વિચારસરણીવાળો યુવાન છે. તેને પોતાની એક કરિયાણાની દુકાન શરૂ કરવાની તીવ્ર ઈચ્છા છે. આ માટેનું જ્ઞાન અને આવડત તેનામાં સામાન્ય જ છે. તે પોતાની કરિયાણાની દુકાન શરૂ કરે છે. શું આપને લાગે છે કે મહેશ પોતાની દુકાન સફળતાપૂર્વક સંભાળી શક્યો હશે ? યસ, યુ આર રાઇટ ! એ દુકાન સંભાળી જ શક્યો અને સફળ પણ રહ્યો, કારણ કે એક મનોવિજ્ઞાનિક તારણ અનુસાર જો હકારાત્મક વલણ સાથે કોઈ નવું કામ શરૂ કરવામાં આવે તો તે કામને લગતું જ્ઞાન અને જરૂરી આવડતો આપણામાં આપોઆપ જ આવી જાય છે.

શું તમે ક્યારેય કોઈના માટે, એ પછી તમારો દીકરો હોય કે અન્ય કોઈ, એવું બોલ્યા છો કે "આનામાં ખૂબ જ જ્ઞાન છે, ખૂબ જ આવડત છે, પરંતુ ઉપયોગ કરે તો સફળ થાય." હું જાણું છું તમે અત્યારે વિચારી રહ્યા હશો, કે આવું તો તમે ઘણી વખત બોલ્યા હશો. આપણે જો આ વાક્યને સફળતાના ત્રિકોણ સાથે સરખાવીએ તો ખ્યાલ આવશે કે મોટા ભાગની વ્યક્તિઓમાં જ્ઞાન અને આવડતની કમી હોતી જ નથી. કમી હોય છે, તો માત્ર 'હકારાત્મક વલણ'ની ! જો ફક્ત હકારાત્મક વલણ કેળવવામાં આવે તો સફળતા મેળવવા માટેનું ચોક્કસ જ્ઞાન અને જરૂરી આવડત આપણામાં આપોઆપ જ વધી જતુ હોય છે.

હાર્વર્ડ યુનિવર્સિટીમાં હાથ ધરાયેલા એક સર્વે અનુસાર, જ્યારે કોઈ યુવાન ગ્રેજ્યુએટ થઈને નોકરી મેળવે છે ત્યારે તેમાં ૮૫ % મહત્ત્વ તો માત્ર વલણ અને આવડતનું હોય છે. જ્યારે માત્ર ૧૫ % જ મહત્ત્વ તેનામાં રહેલા જ્ઞાનનું હોય છે, મોટા ભાગે આપણે કૉલેજ સુધીના અભ્યાસમાં બધો જ સમય અને પૈસા ફક્ત 'જ્ઞાન' મેળવવા પાછળ ખર્ચ્યા હોય છે, જે સફળતામાં માત્ર ૧૫

% જ મહત્ત્વ ધરાવે છે. જ્યારે જીવનમાં સફળતા મેળવવા માટે 'હકારાત્મક વલણ' એ સૌથી અગત્યની બાબત છે. તે અંગત અને વ્યાવસાયિક ક્ષેત્રે પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આ બાબતને વધુ સ્પષ્ટ કરતું ઉદાહરણ આ પ્રમાણે છેઃ

એક વખત એક વિદ્યાર્થીએ વિજ્ઞાની બ્લેઇઝ પાસ્કલ (૧૬૨૩ - ૧૬૬૨)ને પૂછ્યું, "સર, જો હું તમારા જેટલું સારું જ્ઞાન અને સારી આવડતો ધરાવતો હોત તો હું પણ સારો માણસ હોત." ત્યારે બ્લેઇઝ પાસ્કલે હસતાં હસતાં ખૂબ જ શાંતિથી જવાબ આપ્યો, કે જો દીકરા, તું પહેલાં સારો માણસ બની જા, ત્યારબાદ તારામાં પણ મારા જેટલું જ્ઞાન અને આવડત આપોઆપ જ આવી જશે!

આ ઉદાહરણ પરથી સ્પષ્ટ રીતે સમજાય છે, કે જો આપણું વલણ હકારાત્મક હોય તો જ્ઞાન અને આવડત મેળવવાં કે કેળવવાં પડતાં જ નથી. તે તો આપોઆપ જ કેળવાઈ અને મેળવાઈ જાય છે.

જરા કલ્પના કરી જુઓ કે...

શું કોઈ વિદ્યાર્થી હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો વિદ્યાર્થી હોઈ શકે?

- શું કોઈ કર્મચારી કે અધિકારી હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો કર્મચારી કે અધિકારી હોઈ શકે?

- શું કોઈ બિઝનેસમેન હકારાત્મક વલણ સિવાય સફળ અને સારો બિઝનેસમેન બની શકે?

- શું કોઈ પરિવારનો સભ્ય, શિક્ષક, ડૉક્ટર કે પાડોશી હકારાત્મક વલણ ધરાવતા ન હોય તો તેઓ પોતે સારી વ્યક્તિ તરીકેની છાપ પાડી શકે? આપનો જવાબ ચોક્કસ 'ના' જ હશે. તો શું દરેક વ્યક્તિએ પોતાના વલણમાં જરૂરી પરિવર્તન લાવવું જોઈએ?

'હા'..! તો આ રહ્યા તેના બે ઉકેલ..

૧. રોજ સવારે જાગતાં સાથે જ માઈન્ડને હકારાત્મક સૂચનો આપો. જેવાં કે,

- આજે મારો દિવસ ખૂબ જ સારો જશે.

- ગઈકાલ કરતાં આજે હું વધારે સારું પર્ફોર્મ કરી શકીશ.

- દિવસે ને દિવસે મારી આધ્યાત્મિક, માનસિક અને આર્થિક પ્રગતિ થઈ રહી છે.

- જીવન ખૂબ જ સુંદર છે અને મને જીવનમાં ખૂબ જ મજા આવે છે.

- હું દિવસે ને દિવસે જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સફળતા અને તંદુરસ્તી મેળવી રહ્યો છું.

આવા શક્તિશાળી હકારાત્મક સૂચનો પોતાના મનને વારંવાર અને નિયમિત આપવાથી તમે જોશો કે તમારાં વિચારો અને વલણ હકારાત્મક થતાં જ જશે.

૨. આ ઉપરાંત આ **'સાત દિવસની ચેલેન્જ'** પણ આપને ખૂબ જ હકારાત્મક કરી દેશે.

સાત દિવસની ચેલેન્જઃ આજથી સાત દિવસ સુધી તમે દરેક પરિસ્થિતિમાં, દરેક વ્યક્તિમાં અને પોતાનામાં માત્ર હકારાત્મક બાજુઓ જ જોવાનું શરૂ કરી દો. આ ઉપરાંત તમે જેને પણ મળો તેની સાથે માત્ર સુખ, શાંતિ, સમૃદ્ધિ અને તંદુરસ્તીની જ વાતો કરો. ધીમે-ધીમે તમારાં વિચારો અને વલણ હકારાત્મક થતાં જશે, પરિણામે આમ કરવું એ તમારી મજબૂત ટેવ બની જશે. આમ કરવાથી તમારા જીવનમાં એક જબરદસ્ત હકારાત્મક પરિવર્તન આવી જશે. જે દ્વારા તમે જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવી જ શકશો.

(માસ્ટર ટ્રેનર, માઈન્ડ પાવર કોચ,
લેખક અને મોટિવેશનલ સ્પીકર)
E-mail: mauliksoni8@yahoo.co.in

ધોરણ-૧૦ પછી કારકિર્દીના વિકલ્પો

વિદ્યાર્થી જીવનનો મહત્ત્વનો પડાવ એટલે ધોરણ-૧૦. ઉન્નત ભવિષ્ય તરફ પ્રયાણ કરવા અહીંથી જ યાત્રા શરૂ થાય છે. આગળ વધવાના માર્ગો તો અનેક છે. લક્ષ્ય નક્કી છે, માત્ર સચોટ રસ્તો જ પસંદ કરવાનો બાકી છે.

આ તબક્કે કોઈની દેખાદેખીમાં ભૂલ-ભૂલામણી વાળો માર્ગ પસંદ ન થઈ જાય તે ખાસ જોવું પડે. આ માટે કોઈ અભ્યાસુ ભોમિયાની સલાહ લેવી યોગ્ય છે. આધુનિક ટેકનોલોજીવાળા આજના ઝડપી યુગમાં વિષય તજજ્ઞો આપને માર્ગદર્શન આપવા તૈયાર છે. તમારે માત્ર આત્મસૂઝ અને દૃઢનિશ્ચય સાથે કારકિર્દીની મંઝિલ પ્રશસ્ત કરવાની છે.

અનુક્રમણિકા

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૧	ધોરણ-૧૦ પછીના વિકલ્પો	– ફુલસુમ ઘાંચી	૧૫
૨	આઈ.ટી.આઈ.ના રોજગારલક્ષી વિવિધ અભ્યાસક્રમો	– એસ. આર. વિજયવર્ગીય	૧૯
૩	જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી	– લીનાબહેન એમ. ચૌહાણ	૩૨
૪	ફાયર ટેકનોલોજી અભ્યાસક્રમમાં કારકિર્દીની ઉજ્જવળ તકો	– ડો. એચ.એલ. રાઠવા	૩૪
૫	સી-ડેકના ડિજિટલ માર્કેટિંગ કોર્સ દ્વારા કારકિર્દી બનાવવાની ઉજ્જવળ તકો	– જગદીશ પટેલ	૩૬
૬	નીટ એટલે "નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રસ ટેસ્ટ"	– એસ. આર. વિજયવર્ગીય	૩૮
૭	વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસની ઉજ્જવળ તકો	– એસ. આર. વિજયવર્ગીય	૪૦
૮	શું તમે વિદેશમાં MBBS કરવાનું વિચારી રહ્યા છો?	– ચાંદની રાયઠઠ્ઠા	૪૪

૧ ધોરણ-૧૦ પછીના વિકલ્પો

– કુલસુમ ઘાંચી

ધોરણ – ૧૦ પછી શું કરવું? આ પ્રશ્નના જવાબમાં ઘણા વિકલ્પો છે. બધા વિકલ્પોને જાણી સમજી તેની વિસ્તૃત જાણકારી મેળવી વિવિધ વિકલ્પોની ભવિષ્યના સંદર્ભમાં તુલના કરી તજજ્ઞોનું માર્ગદર્શન મેળવી અને પોતાના સંદર્ભમાં ક્ષમતા પ્રમાણે પસંદ નાપસંદગીની સ્પષ્ટતા ઊભી કરી સ્વયં નિર્ણય કરવો અતિ આવશ્યક છે

ધોરણ-૧૦ પછીના મુખ્ય વિકલ્પો

- ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ
- ડિપ્લોમા અભ્યાસક્રમ
- ITI અભ્યાસક્રમ
- કૃષિ વિષયક અભ્યાસક્રમ
- અન્ય અભ્યાસક્રમો
- સંરક્ષણ દળ ક્ષેત્રે કારકિર્દી

ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ :

ધોરણ ૧૦ પછી ધો. ૧૧, ૧૨ માં પ્રવેશ લઈ શકાય છે. તેમાં વિજ્ઞાન પ્રવાહમાં A GROUP, B GROUP, AB GROUP, મેડિકલ, પેરા મેડિકલ, એન્જિનિયરિંગ, બી.એસ.સી. વગેરે અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

સામાન્ય પ્રવાહમાં B.A., B.COM, C.A., વગેરે અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.સ્નાતક થઈને G.P.S.C. તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી શકાય છે.

ડિપ્લોમા અભ્યાસક્રમો :

ધોરણ ૧૦ પછીના વ્યવસાયિક અભ્યાસક્રમોમા ડિપ્લોમા એન્જિનિયરિંગ મોખરે છે ડિપ્લોમા સરકારી કોલેજમાં અને સ્વનિર્ભર કોલેજોમાં ઉપલબ્ધ અભ્યાસક્રમ છે. રેગ્યુલર આશરે ૩૧ જેટલા અભ્યાસક્રમો છે જ્યારે ડિસ્ટન્સ લર્નિંગમાં સિવિલ ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ અભ્યાસક્રમોમાં જ ઉપલબ્ધ છે

વધુ માહિતી માટે સંપર્ક કરો

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ, એડ્મિશન બિલ્ડિંગ, સરકારી પોલિટેકનિક, પાંજરાપોળ પાસે,આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ અથવા GTU ગાંધીનગર હાઈવે અમદાવાદ.

વેબસાઈટઃ- www.cdacgujarat.org/ www.gujacpc.nic.in

ફાઈન આર્ટ્સ ડિપ્લોમા અને મલ્ટિમીડિયાના અભ્યાસક્રમો :

- ડિઝાઈનનું ફિલ્ડ
- જાહેરાતની દુનિયા
- ફાઈન આર્ટ ડિપ્લોમા
- ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ
- સ્કલ્પચર એન્ડ મોડેલિંગ
- એપ્લાઈડ/કોમર્શિયલ આર્ટ

I.T.I. **કક્ષાના અભ્યાસક્રમો :**

આજના ટેકનિકલ યુગમાં તાલીમ પામેલા ટેકનિશિયનોની ડીમાન્ડ હોય એ સ્વાભાવિક છે. આ પ્રકારની કારકિર્દી ઘડવા માટે I.T.I.ના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.આ અભ્યાસક્રમોને મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચી શકાય.

૧. N.C.V.T.ના રાષ્ટ્રીય કક્ષાના અભ્યાસક્રમો.

૨. G.C.V.T. પેટર્નના રાજ્ય કક્ષાના અભ્યાસક્રમો

ઉપરોક્ત અભ્યાસક્રમો પૈકી N.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરનારને નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ અને G.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરનારને સ્ટેટ સર્ટિફિકેટ આપવામાં આવે છે.અત્યારે આપણા રાજ્યમાં દરેક તાલુકા મથકે I.T.I.ની સંસ્થા છે. સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓ છે. આ I.T.I. સંસ્થામાં ઘણા લાંબા અને ટૂંકા ગાળાના અભ્યાસક્રમો ચાલે છે. સરકારી ધારા-ધોરણ મુજબ તેમાં પ્રવેશ અપાય છે. I.T.I.માં લગભગ ૧૨૫ પ્રકારના કોર્સ ચાલે છે. રોજગાર મેળવવા માગતા યુવાનો માટે I.T.I. આશીર્વાદરૂપ છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો. રોજગાર તાલીમ નિયામકશ્રીની કચેરી, ૧/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર. www.talimrojgar.org www.itiadmission.guj.nic.in

કૃષિ વિષયક અભ્યાસક્રમો :

આપણા દેશમાં કૃષિ અને પશુપાલન સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. પશુપાલન ક્ષેત્રે તો ગુજરાત કદાચ સૌથી મોખરે છે.

ડિપ્લોમા અભ્યાસક્રમો	સર્ટિફિકેટ અભ્યાસક્રમો
● કૃષિ ડિપ્લોમા	● પશુધન નિરીક્ષક તાલીમ
● બાગાયત ડિપ્લોમા	● ગૃહવિજ્ઞાન તાલીમ
● કૃષિ ઈજનેરી	● બેકરી તાલીમ
● કૃષિ સહકાર, બેન્કિંગ અને માર્કેટિંગ	● બેકિંગ ટેક્નોલોજી
● ગૃહ વિજ્ઞાન (બહેનો માટે)	● મરઘા ઉછેર તાલીમ
● ચિકિત્સા અને પશુપાલન	● ગ્રામ્ય કારીગર તાલીમ
● ન્યુટ્રિશન એન્ડ ડાયટેટિક્સ	● માળી તાલીમ

- કામધેનુ યુનિવર્સિટી – ગાંધીનગર- www.ku_guj.org
- સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા - www.sdau.edu.in
- આણંદ કૃષિ યુનિવર્સિટી- www.aau.in
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી- www.jau.in
- નવસારી કૃષિ યુનિવર્સિટી- www.nau.in

સર્ટિફિકેટ અભ્યાસક્રમોઃ

● **પશુધન નિરીક્ષકઃ (લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર)**

લાયકાતઃ-ધોરણ ૧૦ પાસ અંગ્રેજી સાથે. ખેડૂત પુત્રને ૫% વેઈટેજ આપવામાં આવે છે.

● ગૃહ વિજ્ઞાન તાલીમઃ ધોરણ ૧૦ પાસ. બે વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ.

● **બેકરી તાલીમઃ**

ધોરણ ૧૦ પાસ. બેકરી સંસ્થામાંથી બે વર્ષનો બેકરી ઉદ્યોગનો અનુભવ ધરાવનાર માટે ધોરણ-૯ પાસ. ઉમર - ૧૫ થી ૩૫ વર્ષ

મુદતઃ-૨૦ અઠવાડિયાનો કોર્સ

● **બેકિંગ ટેક્નોલોજીઃ-**

મુદતઃ- ૨૦ અઠવાડિયા (૨૫ બેઠકો)

પ્રવેશ લાયકાતઃ- ધોરણ-૧૦ પાસ

● **મરઘા ઉછેર તાલીમઃ-ધોરણ-૭ પાસ**

મુદતઃ- ૧૦ અઠવાડિયાનો કોર્સ

● **ગ્રામ્ય કારીગર તાલીમઃ- ધોરણ-૭ પાસ**

મુદતઃ- ૯ માસ

ખેતીવાડીમાં વપરાતાં ઓજારો બનાવવા, રિપેર કરવા અંગેનો ધંધો શરૂ કરી સ્વરોજગારી મેળવી શકાય છે.

● **માળી તાલીમઃ- ધોરણ- ૭ પાસ**

મુદતઃ- છ માસનો પ્રમાણપત્ર કોર્સ

બાગ-બગીચા, ફાર્મ તેમજ પાર્કમાં સુપરવાઈઝરની જોબ મળે. ઈચ્છુક સ્વતંત્ર કામ કરી શકાય છે.

ડિપ્લોમા અભ્યાસક્રમોઃ-

અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૦ પાસ. અથવા માન્ય સમકક્ષ બોર્ડની પરીક્ષા સાથે પાસ કરેલ હોય તેવા ઉમેદવારો આ કોર્સ માટે અરજી કરી શકે છે.

● **કૃષિ ડિપ્લોમા :- અંગ્રેજી વિષય સાથે ધોરણ -૧૦ પાસ**

મુદતઃ- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **બાગાયત ડિપ્લોમાઃ-ધોરણ -૧૦ પાસ**

મુદતઃ- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **કૃષિ ઈજનેરી :-ધોરણ -૧૦ પાસ**

મુદતઃ- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **કૃષિ સહકાર, બેન્કિંગ અને માર્કેટિંગઃ-**

અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ

● **ગૃહ વિજ્ઞાન ડિપ્લોમા (બહેનો માટે)**

અંગ્રેજી વિષય સાથે ધોરણઃ-૧૦ પાસ

મુદતઃ- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **ચિકિત્સા અને પશુપાલન :-**

અંગ્રેજી વિષય સાથે ધોરણઃ-૧૦ પાસ

મુદતઃ- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

● **ન્યુટ્રિશન એન્ડ ડાયટેટિક્સઃ-**

અંગેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ

મુદતઃ- ૩ વર્ષ (છ સેમેસ્ટર)

સંસ્થાઃ- ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સ, આણંદ.

સ્વરોજગારીની તકો :

કૃષિક્ષેત્રે નિપુણ ઉમેદવારો પોતાની આવડત, કુશળતા અને અનુભવના આધારે ખેતીવાડી ક્ષેત્રે સ્વ-રોજગારી ઊભી કરી શકે છે. જેવી કે જંતુ નાશક દવાઓ બનાવવી અને ખેતીવાડીમાં વપરાતા ઓજારો બનાવવા તેમજ જથ્થાબંધ અને છૂટક વેચાણ કરી સ્વ-રોજગારી ઊભી કરી શકે છે. વેટરનરી તથા ડેરી ઉદ્યોગ શરૂ કરીને

સ્વ-રોજગારી મેળવી શકે છે.

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે મળતા અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવેલો છે. જે અંગે વધુ વિગતો તેમજ અદ્યતન માહિતી માટે જે-તે કૃષિ યુનિવર્સિટીનો સંપર્ક સાધવા વિનંતી.

IGNOU (ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી)ના અભ્યાસક્રમો :

ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીમાં સર્ટીફિકેટ તેમજ અન્ય અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમોનું માધ્યમ હિંદી અથવા અંગ્રેજી રહે છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો :

S. G. હાઈવે, છારોડી- અમદાવાદ

વેબસાઈટઃ- www.ignou.ac.in

BAOU (ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)ના અભ્યાસક્રમો :

ધોરણ-૧૦ પછી જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ તેમજ ૧૨ની પરીક્ષા આપી શક્યા નથી અથવા અભ્યાસ છોડી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ જો વધુ અભ્યાસ કરવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ BPEની પરીક્ષા પાસ કરી ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં સીધો સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત અન્ય અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ છે.

માહિતી માટે સંપર્ક કરો : નિરમા યુનિવર્સિટીની બાજુમાં, S. G. હાઈવે, છારોડી- અમદાવાદ

વેબસાઈટઃ-www.baou.org

અન્ય અભ્યાસક્રમો :

ઈન્ડો-જર્મન ટૂલ રૂમના જોબ ઓરિએન્ટેડ કોર્સ

ઈન્ડો-જર્મન ટુલરૂમ નામની સંસ્થા અમદાવાદમાં વટવા જી.આઈ.ડી.સી. ખાતે આવેલ છે. ભારત સરકારની Ministry Of Small.. ISO ૯૦૦૧-૨૦૦૦ સર્ટિફાઈડ ટ્રેનિંગ સેન્ટર છે. આ સંસ્થાના પ્રોફેશનલ અભ્યાસક્રમોની Industryમાં ડિમાન્ડ સારી છે. Indo-German Tool Room-IGTR ખાતે ઉપલબ્ધ છે.

- ડિપ્લોમા ઈન ટૂલરૂમ એન્ડ ડાયમેકિંગ -(DMT)
- સર્ટિફિકેટ ઈન ટૂલરૂમ એન્ડ ડાયમેકિંગ
- પોસ્ટ ડિપ્લોમા ઈન CAD/CAM વગેરે અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

મુદતઃ- ૩ માસથી ૪ વર્ષ- કોર્સ મુજબ ફુલ ટાઈમ

વધુ માહિતી માટે સંપર્ક કરો : ઈન્ડો-જર્મન ટૂલ રૂમ, ૫૦૦૩, ફેઝ-૪, GIDC-વટવા, અમદાવાદ વેબ સાઈટ www.igtrahd.com

ડી-ફાર્મસી (આયુર્વેદ) :

મુદતઃ- બે વર્ષ

સંસ્થાઃ- IPS (INSTITUTE OF PHARMACEUTICAL SCIENCE)

C/O ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, એ. કે. જમાલ બિલ્ડિંગ, ગુરુ નાનક રોડ, જામનગર.

વેબસાઈટઃ ayurveduniversity.com

ફિમેલ હેલ્થ વર્કર :

વિવિધ જિલ્લાઓમાં આવેલી જિલ્લા પંચાયત હેઠળની સરકારી હોસ્પિટલોમાં ફિમેલ હેલ્થ વર્કરનો અભ્યાસ ચાલતો હોય છે.

મુદતઃ- ૧૮ માસ, વયઃ- ૨૫ થી ૩૫ વર્ષની બહેનો માટે.

વધુ માહિતી માટે સંપર્ક કરો.

આ અંગે જિલ્લા પંચાયત દ્વારા જાહેરાત બહાર પાડવામાં આવે છે. આ માટે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયતનો સંપર્ક કરવો.

આયુર્વેદ કમ્પાઉન્ડર :

સંસ્કૃત વિષય સાથે ધોરણઃ- ૧૦ પાસ.

મુદતઃ- એક વર્ષ

વયઃ- ૧૬ થી ૨૩ વર્ષ

સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, આજવા રોડ, વડોદરા.

સેનેટરી ઇન્સ્પેક્ટર ડિપ્લોમા :

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ (LSG) રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદ ખાતે સેનેટરી ઈન્સ્પેક્ટર ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલે છે.

ધોરણઃ- ૧૦ પાસ. મુદતઃ- ૧૮ માસ

સંસ્થાઃ- ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સેલ્ફ ગવર્નમેન્ટ, બરફીવાલા ભવન, કામા હોટેલની સામે, ખાનપુર, અમદાવાદ. વેબસાઈટઃ www.aiilsg.org

ફાયરમેન કોર્સ :

ધોરણઃ- ૧૦ પાસ.

મુદતઃ- ૧ વર્ષ

જે ઉમેદવારમાં સાહસિક વૃતિ, શારીરિક ક્ષમતા હોય અને રોમાંચક કારકિર્દી બનાવવી હોય તેવા લોકો આ અભ્યાસક્રમ પસંદ કરે છે.

સંસ્થાઃ- ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા G.C.V.T. માન્ય ઔદ્યોગિક તાલીમ

સંસ્થા. વેબ સાઈટઃ.www.talimrojgar.org/ www.itiadmission.guj.nic.in

રોજગારીની તકો : સરકારી ક્ષેત્રોમાં, મ્યુનિસિપાલિટી તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતનાં ફાયર સ્ટેશન, સંરક્ષણ ક્ષેત્રે, રેલવે, એરપોર્ટ, જીઈબી વગેરેમાં નોકરીની સારી તકો છે.

સંરક્ષણદળ

સ્પર્ધાત્મક પરીક્ષાઓ : ભારતીય ભૂમિદળમાં જોડાવવાની સ્પર્ધાત્મક પરીક્ષાઓ સુવર્ણ તક પૂરી પાડે છે. આ ભરતી પ્રક્રિયા ગુજરાતમાં લશ્કરી ભરતી કાર્યાલય દ્વારા જિલ્લા અથવા તાલુકા મથકોએ થાય છે. તેમાં જિલ્લાની રોજગાર કચેરીઓ મદદરૂપ બને છે. વધુ માહિતી માટે સંપર્ક કરોઃ-

૧. આર્મી રિક્રુટમેન્ટ કચેરી, કેમ્પના હનુમાન મંદિરની સામે, કેન્ટોન્મેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.

૨. આર્મી રિક્રુટમેન્ટ કાર્યાલય, સેનેટોરિયમ પાસે, જી.જી. હોસ્પિટલ રોડ, જામનગર

વેબસાઈટઃ-www.joinindianarmy.nic.in

વિવિધ જગ્યાઓ માટે યુવાનોની ભરતીઃ-

૧. સોલ્જર જનરલ ડ્યૂટીઃ-

ધોરણઃ- ૧૦ પાસ.

સોલ્જર ટેકનિકલ અને નર્સિંગ આસિસ્ટન્ટ

ધોરણઃ- ૧૦ પાસ. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સાથે.

૨. સોલ્જર (ટ્રેડ્સ મેન)ઃ- લાયકાતઃ- નોન મેટ્રિક.

ઈન્ડિયન એરફોર્સ :

ઈન્ડિયન એરફોર્સમાં એરમેનઈન ડ્રાઈવર મિકેનિકલ ટ્રાન્સપોર્ટ (MTD) ટ્રેડ, એરમેન નોન ટેક્નિકલ ટ્રેડ વગેરેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ ભરતી પ્રક્રિયા ગુજરાતમાં લશ્કરી ભરતી કાર્યાલય દ્વારા જિલ્લા અથવા તાલુકા મથકોએ થાય છે. તેમાં જિલ્લાની રોજગાર કચેરીઓ મદદરૂપ બને છે. તેથી જે-તે જિલ્લામાં આ કચેરીનો સંપર્ક કરવાથી માહિતી અને માર્ગદર્શન મળે છે.

સંપર્ક સ્થાનઃ- એરમેન ભરતી કાર્યાલય (પશ્ચિમ વિભાગ) મુંબઈ

કમાન્ડિંગ ઓફિસર-૬, એરમેન સિલેક્સન સેન્ટર, કોટન ગ્રીન એરફોર્સ સ્ટેશન, મુંબઈ-૪૦૦ ૦૩૩. ફોનઃ (૦૨૨) ૨૩૭૧૪૯૮૨ (એક્સટેન્શન ૩૧૬)

વધુ માહિતી માટે સંપર્ક :

www.airmenselection.gov.in

ઈન્ડિયન નેવીમાં સેઈલર

ભારતીય નૌકાદળમાં સેઈલરનું સ્થાન મહત્ત્વનું છે. નૌકાદળની મશીનરી, શસ્ત્રો, વીજાણુ "સેન્સર્સ" અને જહાજ પરના સાધનોને કાર્યાન્વિત કરવાનું અને યોગ્ય રીતે જાળવવાનું કાર્ય સેઈલર દ્વારા થાય છે. વળી નાવિકોને નૌકાદળમાંથી છૂટા કરતા પહેલાં તેમને પ્રિ-રીલીઝ અભ્યાસ દ્વારા નાગરિક જીવનમાં ગોઠવાઈ શકે તેની તાલીમ પણ આપવામાં આવે છે. ફક્ત અપરિણીત ભારતીય પુરુષ નાગરિક જ અરજીપાત્ર છે.

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ-

ઈન્ડિયન નેવી, C/O INS, વાલસુરા- જામનગર

વેબસાઈટઃ-www.indiannavy.nic.in

સંરક્ષણ દળ ક્ષેત્રે ભરતી અને તાલીમ માટે સંબંધિત ક્ષેત્રની વેબસાઈટ,રોજગાર સમાચાર,એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, વર્તમાનપત્રો વગેરેમાં લાયકાત, વય અને ફિઝિકલ ટેસ્ટ અંગેની વિગતે માહિતી આવે છે.

CRPF માં કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી) અને BSF (બોર્ડર સિક્યોરિટી ફોર્સ) માં કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી)

ઉપરોક્ત પોસ્ટ માટે ભરતી અને તાલીમ માટે સંબંધિત ક્ષેત્રની વેબસાઈટ, રોજગાર સમાચાર, એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ, વર્તમાનપત્રો વગેરેમાં વિગતે માહિતી આવે છે.

રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ :

રેલવે સુરક્ષા દળમાં વોટર કેરિયર, સફાઈ વાળા, માળી, ધોબી, દરજી, મોચી જેવા ગૌણ કર્મચારીઓની ભરતી પણ થાય છે. આ પદો માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ-૮ પાસ છે. અને વય મર્યાદાઃ- ૧૮ થી ૨૫ વર્ષ છે. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ તથા લેખિત કસોટી અને મૌખિક કસોટીમાં પાસ થવું ફરજિયાત છે.

રેલવેમાં ગ્રૂપ "ડી" પોસ્ટ અંતર્ગત ગેંગમેન, ટ્રેકમેન, ખલાસી, પ્લેટફોર્મ પોર્ટર, પાર્સલ પોર્ટર, સફાઈ વાલા જેવી પોસ્ટ પર પણ ભરતી થાય છે. લેખિત પરીક્ષા અને શારીરિક ક્ષમતા કસોટી ફરજિયાત છે. તો વિદ્યાર્થીમિત્રો, આ રીતે ધો. ૧૦ પછી યોગ્ય અભ્યાસક્રમ પસંદ કરીને સમયના યોગ્ય આયોજન દ્વારા કારકિર્દીની ગાડી સફળતાના ટ્રેક પર પૂરપાટ ઝડપથી દોડાવી શકાય છે.

નોંધઃ- પ્રસ્તુત લેખમાં આપેલ વિગતો જાણકારી અને દિશાસૂચન માટે છે. તેને આખરી ન ગણતા ચોક્કસ અને આખરી માહિતી માટે જે તે સંસ્થાનો સંપર્ક સાધવો તેમજ પ્રવેશ ફોર્મ સાથે અપાતી માહિતીપુસ્તિકા તથા ફોર્મ સાથેની સૂચનાનો અભ્યાસ કરવો.

વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા
રાયખડ,
અમદાવાદ.

૨ આઈ.ટી.આઈ.ના રોજગારલક્ષી વિવિધ અભ્યાસક્રમો

– એસ. આર. વિજયવર્ગીય

આઈ.ટી.આઈની તુલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઈ.આઈ.ટી એટલે કે, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીસ સાથે કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દીર્ઘદૃષ્ટિનું પરિણામ ઈન્ડસ્ટ્રિઅલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટને આઈ.ટી.આઈના થ્રી ટાયર સિસ્ટમથી મહત્ત્વની બનાવી છે. જેમાં હર હાથ કો કામ ને સાકાર કરવા માટે હર હાથ કો હુન્નર એટલે કે કૌશલ્ય આપવાનું કાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થાને કૌશલ્ય આપવાનું પહેલું ટાયર, એપ્રેન્ટિસશીપ કરવાનું બીજું ટાયર અને ત્યારબાદ કંપનીમાં કૌશલ્યનાં આધારે રોજગારીનું ત્રીજું ટાયર આમ, ગ્રેજ્યુએટની તુલનામાં ધોરણ ૧૦ પાસ થયા પછી બે વર્ષનો કે ત્રણ વર્ષનો આઈ.ટી.આઈ. સર્ટિફિકેટનો કોર્સ કરવાથી રોજગારી સરળતાથી મળી શકે છે. ગુજરાતમાં દરેક તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ ની સ્થાપના કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા થકી શિક્ષણ મેળવ્યા બાદ તેમજ પોતે ધરાવતું કૌશલ્ય પ્રમાણિત કર્યા બાદ રોજગાર અને સ્વ-રોજગાર થકી આત્મનિર્ભર બની શકાય છે. મલ્ટી નેશનલ કંપની તેમજ મધ્યમ કદના એકમો બી.ઈ કે ડિપ્લોમા કરતા આઈ.ટી.આઈ. થયેલ યુવાનોને રોજગારી આપવા માટે પ્રથમ પસંદગી કરે છે, વર્તમાન સમયમાં આઈ.ટી.આઈ થયેલ યુવાનને ખૂબજ ઝડપથી રોજગારી મળી રહે છે. તો આવો આપણે સૌ રાજ્યના અને રાષ્ટ્રના કૌશલ્યને માર્ગદર્શિત કરીએ.

5Gના શરૂ થવા અને ફૂડ ડિલિવરીમાં ડ્રોન્સનો ઉપયોગ કરવાના સમાચારો આવી રહ્યા છે જે ક્રિએટિવ સ્કીલ અને વર્તમાન જરૂરિયાતનાં અંતરને દૂર કરી શકે છે. આવો આપણે કૌશલ્યથી સરકારી ખાનગી અને કોર્પોરેટ ક્ષેત્રમાં રોજગારીની ઝડપથી તક મેળવવા આઈ. ટી.આઈના અભ્યાસક્રમો વિશે માહિતગાર થઈએ.

વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યમાં આઈ.ટી.આઈની લાયકાત ધરાવતા યુવાનોને ડિગ્રી કે ડિપ્લોમાની શૈક્ષણિક લાયકાતની સરખામણીએ રોજગારનો અવસર ખૂબ જ ઝડપથી પ્રાપ્ત થાય છે. આઈ.ટી.આઈ એટલે ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટના હુલામણા નામથી ઓળખાતી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના નેજા હેઠળ ધો. ૧૦ અથવા ધો. ૧૨ અથવા અમુક કોર્સીસ એવા છે કે જેમાં ધો. ૧૦ થી ઓછું ભણેલા પણ કૌશલ્ય પ્રાપ્ત કરી આઈ. ટી.આઈનું પ્રમાણપત્ર જે-તે ટ્રેડના કોર્સની મુદત પ્રમાણે એક વર્ષ, બે વર્ષની યોગ્યતા પ્રાપ્ત કરી કૌશલમ્ બલમ્ના સિદ્ધાંતને ચરિતાર્થ કરવામાં સફળ નીવડ્યા છે. આઈ. ટી.આઈમાં એન.સી.વી.ટી અને જી.સી.વી.ટી એમ બે પ્રકારના તાલીમ સર્ટિફિકેટ કોર્સ ઉપલબ્ધ છે. એન. સી.વી.ટી એટલે નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ જે ભારત સરકાર દ્વારા ઓલ ઈન્ડિયા લેવલે માન્યતા પ્રાપ્ત હોય છે. જી.સી.વી.ટી એટલે ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ જે ગુજરાત સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે. બન્ને પ્રકારના સર્ટિફિકેટ

કોર્સમાં તફાવત એ છે કે એન.સી.વી.ટી કોર્સ ભારત સરકાર દ્વારા ઓલ ઈન્ડિયા લેવલનો કોર્સ હોઈ અંગ્રેજીમાં પ્રશ્નપત્ર આપવામાં આવે છે અને માન્યતા ભારતની તમામ સંસ્થાઓ જ્યા રોજગાર ઉપલબ્ધ છે ત્યાં પ્રાથમિક્તા અપાય છે. જી.સી.વી.ટી પેટર્નનાં કોર્સીસ પણ એટલી જ યોગ્યતા ધરાવે છે પરંતુ ગુજરાત રાજ્યમાં આવા કોર્સીસના માધ્યમથી રોજગાર/સ્વરોજગાર પ્રાપ્ત કરવામાં સરળતા રહે છે. ગુજરાતમાં આઈ.ટી.આઈ એ રોજગાર મેળવવા માટે સૌથી લોકપ્રિય સર્ટિફિકેટ કોર્સ બનવા પામ્યું છે. ગુજરાત રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે તેને ધ્યાનમાં લેતા આઈ.ટી.આઈના ટ્રેડ જેવા કે ફીટર, ટર્નર, વેલ્ડર, મશીનીસ્ટ, ડીઝલ મિકેનિક, કોપા, ઈલેક્ટ્રિશિયન, વાયરમેન,આર.એફ.એમ તેમજ અન્ય કેટલાંક ટ્રેડ જેવા કે ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક, કોમ્પ્યૂટર પ્રોગામિંગ, સ્ટેનોગ્રાફીની લાયકાતવાળા અસંખ્ય કોર્સીસ ખૂબ જ લોકપ્રિય બન્યા છે.

ઝડપથી બદલાઈ રહેલી ટેકનોલોજી અને કોર્પોરેટ વર્લ્ડની જરૂરિયાતોને જોતાં એ મહત્ત્વપૂર્ણ છે કે, તમે જે કામ કરી રહ્યા છો તેની સાથે નવી સ્કીલ શીખો એક તરફ અનેક કંપનીઓ પોતાના એમ્પ્લોઇઝની ફોર્મલ ટ્રેનિંગની સુવિધા ઊભી કરે છે, સરકારી ઈન્ડસ્ટ્રિયલ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટયૂટ રોજગાર આપવા માટેની સ્કીલ આપે છે. જે આજના ઉચ્ચ શિક્ષણના યુગમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી જેને ટૂંકમાં આઈ.આઈ.ટી. (IIT) કહેવામાં આવે છે તેના બદલે આઈ.ટી.આઈ. (ITI) ઈન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટની જરૂરિયાત મધ્યમવર્ગના પરિવારો તેમજ રોજગારની તલાશમાં ઝડપથી રોજગારી મેળવવા માટે યુવાનોને આકર્ષી રહી છે, જે સમયની સાથે જ્યાં ઝડપથી સર્ટિફિકેટ કોર્સ રોજગાર અને સ્વ-રોજગાર પ્રાપ્ત કરવાના સબંધ સાથે ઝડપથી આગળ વધી રહ્યું છે તેવા ઓટોમેશન, રોબોટીક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સના ટ્રેન્ડ(પ્રવાહ)ને જોતા એવું લાગે છે કે, વિશ્વકક્ષાએ આપણે આપણી જોબને સુરક્ષિત કરવા અથવા કોઈક ખાસ વિષયના ક્ષેત્રનો અભ્યાસ કરવા માટે વોકેશનલ કોર્સીસ અથવા આઈ.ટી.આઈના કોર્સીસ કેરિયરની યોગ્ય દિશા નક્કી કરવા મહત્ત્વના છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટની અપ્રતિમ સફળતાએ સિદ્ધ કર્યુ છે કે, ગુજરાતે આરંભેલી વિકાસકૂચને વિશ્વભરના પ્રતિષ્ઠિત ઉદ્યોગોએ શ્રદ્ધા અને સન્માન સહિત વધાવી લીધી છે. ગુજરાતમાં ઠલવાઈ રહેલા નાણાકીય રોકાણો આ વધામણીની ઝળહળતી શાખ પૂરી કરી રહ્યા છે. રાજ્ય વિકાસની પ્રતિતિ હવે જનસાધારણને પણ થઈ રહી છે. સર્વાંગી વિકાસની આ અનુભૂતિએ રાજ્યમાં વસતા દરેક માનવીને પોતાની પ્રભાવક અસર તળે આવરી લીધો છે. રાજ્યના આ સર્વાંગી વિકાસની સાથોસાથ વ્યક્તિ વિકાસની સમીક્ષા થાય એ પણ જરૂરી છે. આપણે આપણી કેળવણી વ્યવસ્થામાં યુવાનોની સમસ્યાઓના ઉકેલોને આવરી લઈને કૌશલ્ય વિકાસ દ્વારા વ્યક્તિ વિકાસની નવી વ્યાખ્યાનું નિર્માણ કર્યુ છે અને તેમાં વિકાસના ચાર મૂળભૂત પરિમાણો એટલે કે શારીરિક વિકાસ (ફિઝિકલ ક્વોશન્ટ), ચૈતસિક વિકાસ (ઈન્ટેલીજન્ટ ક્વોશન્ટ), ભાવનાત્મક વિકાસ (ઈમોશનલ ક્વોશન્ટ) તથા આધ્યાત્મિક વિકાસ (સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ)ને આવરી લેવામાં આવ્યા છે.

સાંપ્રત સમયગાળામાં રાજ્ય તથા રાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રોના ઔદ્યોગિકિકરણનો વ્યાપ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ દેશમાં ઉદ્યોગો સ્થાપી રહી છે, નવાં નવાં ક્ષેત્રો ઊભરી રહ્યા છે તે સંજોગોમાં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઉમેદવાર માટે રોજગારી/સ્વરોજગારી મેળવવાની વધુ ઉજળી તકો રહેલી છે, તેવું ચોક્કસપણે કહી શકાય. રાજ્યમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફતે અપાતી વ્યવસાયલક્ષી તાલીમ દ્વારા કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઘણા ઉમેદવારો આજે માત્ર રાષ્ટ્રમાં જ નહી પણ વિદેશમાં પણ સારી એવી રોજગારી મેળવી રહ્યા છે. આથી સરળતાથી રોજગારી/સ્વરોજગારી પ્રાપ્ત કરવા માટે વ્યવસાયલક્ષી શિક્ષણ અપનાવવું એ જ શ્રેષ્ઠ છે. ગુજરાત રાજ્યની પ્રજાના સદભાગ્યે રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળ રાજ્યના તમામ તાલુકાઓમાં/અંતરિયાળ વિસ્તારો સુધી સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.) કાર્યરત છે. આમ, રાજ્યમાં વ્યવસાયલક્ષી તાલીમ ઉપલબ્ધ કરાવવા માટે વિસ્તૃત અને વ્યાપક તાલીમી સુવિધાઓ ઉપલબ્ધ છે, જેનો પરિચય નીચે મુજબ છે.

ગુજરાત રાજ્યમાં દરેક તાલુકામાં સરકારી આઈ. ટી.આઈ ઉપલબ્ધ છે. આઈ.ટી.આઈમાં મેરીટનાં ધોરણે પ્રવેશ અપાય છે. મધ્યમ વર્ગના તેમજ અભ્યાસ સાથે રોજગાર મેળવવા માંગતા યુવાનો માટે આઈ.ટી.આઈ આશીર્વાદરૂપ છે. પ્લમ્બિંગ, કારપેન્ટ્રી, બ્લેકસ્મિથ તેમજ

કોમ્પ્યૂટરનું કૌશલ્ય ધરાવતાં યુવાનો ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા તેમજ મેક ઈન ઈન્ડિયામાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યાં છે. આવો આઈ.ટી.આઈ વિશે વિવિધ પ્રકારના તાલીમ કૌશલ્ય વિશે માહિતી મેળવીએ.

એન.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમો :

વ્યવસાયનો ક્રમ નં.	વ્યવસાયનું નામ	ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત	અભ્યાસક્રમની મુદત અને પ્રકાર
ધોરણ : ૧૦ની લાયકાતવાળા અભ્યાસક્રમો			
૦૧	મશીનીસ્ટ ગ્રાઈન્ડર	વ્યવસાય ક્રમ નં. ૦૧ થી ૨૪ માટે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	૨ વર્ષ (એન્જિ.)
૦૨	મિકનિક (રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશનર)		૨ વર્ષ (એન્જિ.)
૦૩	ડ્રાફ્ટસમેન મિકેનિક		૨ વર્ષ (એન્જિ.)
૦૪	ડ્રાફ્ટસમેન સિવિલ		૨ વર્ષ (એન્જિ.)
૦૫	ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક		૨ વર્ષ (એન્જિ.)
૦૬	સર્વેયર		૧ વર્ષ (એન્જિ.)
૦૭	મરીન ફીટર		૧ વર્ષ (એન્જિ.)
૦૮	ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ)		૨ વર્ષ (એન્જિ.)
૦૯	એટેન્ડેન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ)		૨ વર્ષ (એન્જિ.)
૧૦	લેબોરેટરી આસિસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ)		૨ વર્ષ (એન્જિ.)
૧૧	મેન્ટેનન્સ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ)		૨ વર્ષ (એન્જિ.)
૧૨	ઈલેક્ટ્રિશિયન		૨ વર્ષ (એન્જિ.)
૧૩	ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક		૨ વર્ષ (એન્જિ.)
૧૪	ટુલ એન્ડ ડાઈ મેકર(પ્રેસ ટુલ્સ,જીગ્સ એન્ડ ફિક્ચરર્સ)		૨ વર્ષ (એન્જિ.)
૧૫	ઈન્ફોરમેશન કોમ્યુનિકેશન ટેક્નોલોજી સિસ્ટિમ મેન્ટેનન્સ		૨ વર્ષ (એન્જિ.)
૧૬	મિકેનિક મોટર વ્હીકલ		૨ વર્ષ (એન્જિ.)
૧૭	પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઓપરેટર		૧ વર્ષ (એન્જિ.)
૧૮	મિકેનિક ડીઝલ એન્જિ.ન		૧ વર્ષ (એન્જિ.)
૧૯	ફીટર		૨ વર્ષ (એન્જિ.)
૨૦	ટર્નર		૨ વર્ષ (એન્જિ.)
૨૧	મશીનીસ્ટ		૨ વર્ષ (એન્જિ.)
૨૨	લીફ્ટ એન્ડ એસ્કલેટર મિકેનિક		૨ વર્ષ (એન્જિ.)
૨૩	ઈન્ટિરીયર ડેકોરેશન એન્ડ ડિઝાઈન		૧ વર્ષ (એન્જિ.)

૨૪	મિકેનિક ઓટો ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ		૧ વર્ષ (એન્જિ.)
૨૫	ફિઝિયોથેરાપી ટેકનિશિયન	વ્યવસાય ક્રમ નં. ૨૫ થી ૪૪ માટે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૨૬	ફાયનાન્સ એક્ઝિક્યુટિવ		૧ વર્ષ (નોન એન્જિ.)
૨૭	મલ્ટીમીડિયા એનિમેશન એન્ડ સ્પેશિયલ ઈફેક્ટ		૧ વર્ષ (નોન એન્જિ.)
૨૮	સ્ટેનોગ્રાફર સેક્રેટરીયલ આસિસ્ટન્ટ		૧ વર્ષ (નોન એન્જિ.)
૨૯	ડેસ્ક ટોપ પબ્લિશિંગ ઓપરેટર		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૦	હોર્ટીકલ્ચર		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૧	હોસ્પિટલ હાઉસ કીપિંગ		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૨	હેલ્થ સેનેટરી ઈન્સપેક્ટર		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૩	આસિસ્ટન્ટ ટુરીસ્ટ ગાઈડ		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૪	કોમ્પ્યૂટર ઓપરેટર કમ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૫	ડ્રેસ મેકિંગ		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૬	બેઝિક કોસ્મોટોલોજી		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૭	ફ્રન્ટ ઓફિસ આસિસ્ટન્ટ		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૮	પ્રિ-પ્રિપેટરી સ્કૂલ મેનેજમેન્ટ આસિસ્ટન્ટ		૧ વર્ષ (નોન એન્જિ.)
૩૯	ડેરીગ		૧ વર્ષ (નોન એન્જિ.)
૪૦	ફેશન ડિઝાઈન ટેક્નોલોજી		૧ વર્ષ (નોન એન્જિ.)
૪૧	ડેન્ટલ લેબોરેટરી ટેક્નિશિયન		૨ વર્ષ (નોન એન્જિ.)
૪૨	ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રોસેસિંગ		૧ વર્ષ (નોન એન્જિ.)
૪૩	હેલ્થ સેફ્ટી એન્ડ એન્વાયરમેન્ટ	ઊંચાઈ-૧૬૫ સેમી, છાતી-૮૧ સે.મી, ફુલાવીને-૮૫ સે.મી., વજન-૫૨ કિ.ગ્રા, MBBS ડૉક્ટરનું મેડિકલ ફીટનેસ સર્ટિફિકેટ	૧ વર્ષ (નોન એન્જિ.)
૪૪	હોસ્પિટાલિટી મેનેજમેન્ટ બેઝિક ટ્રેનિંગ (HMBT) (હોટલ મેનેજમેન્ટ કોર્સીસ)		૧ વર્ષ (નોન એન્જિ.)
૪૫	ફાયર ટેક્નોલોજી એન્ડ ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી મેનેજમેન્ટ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૨ પાસ ઊંચાઈ-૧૬૫ સેમી, છાતી-૮૧ સે.મી, ફુલાવીને-૮૫ સે.મી., વજન-૫૨ કિ.ગ્રા, MBBS ડૉક્ટરનું મેડિકલ ફીટનેસ સર્ટિફિકેટ	૧ વર્ષ (નોન એન્જિ.)

૪૬	પ્લમ્બર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૪૭	સ્યુઈંગ ટેક્નોલોજી	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
ધોરણઃ ૮ની લાયકાતવાળા અભ્યાસક્રમો			
૪૮	ફાઉન્ડ્રીમેન ટેક્નિશિયન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૪૯	વાયરમેન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૨ વર્ષ (એન્જિ.)
૫૦	મિકેનિક ટ્રેક્ટર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૫૧	સરફેસ ઓરનામેન્ટેશન ટેક્નિ.(એમ્બ્રોયડરી)	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૫૨	પેન્ટર જનરલ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૨ વર્ષ (એન્જિ.)
૫૩	ઓલ્ડ એઈજ કેર આસિસ્ટન્ટ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૫૪	શીટ મેટલ વર્કર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૫૫	જનરલ કારપેન્ટર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૫૬	વેલ્ડર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૫૭	મેશન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)

જી.સી.વી.ટી. પેટર્નના (રાજ્ય કક્ષા) અભ્યાસક્રમો

ધોરણઃ ૧૦ ની લાયકાતવાળા અભ્યાસક્રમો			
ક્રમ	વ્યવસાયનું નામ	ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત	અભ્યાસક્રમની મુદત અને પ્રકાર
૫૮	સર્ટિફિકેટ કોર્સ ઈન લેબોરેટરી આસિસ્ટન્ટ (પેથોલોજી)	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (સાયન્સ અંગ્રેજી વિષય સાથે)	૬ માસ (નોન એન્જિ.)
૫૯	સર્ટિફિકેટ કોર્સ ઈન મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી(પેથોલોજી)	B.sc. (Chemistry/Micro Biology/ Bio chemistry / zoology/Botony)	૧ વર્ષ

૬૦	સર્ટિફિકેટ કોર્સ ઈન બિલ્ડીગ એન્ડ આર્કિટેક્ચર ડિઝાઈન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	૧ વર્ષ
૬૧	સર્ટિફિકેટ કોર્સ ઈન સિવિલ પ્લાનીગ એન્ડ ડ્રાફ્ટિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	૨ વર્ષ
૬૨	મિકેનિક રેડીયો એન્ડ ટી.વી.	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	૨ વર્ષ (એન્જિ.)
૬૩	સર્ટિફિકેટ કોર્સ ઈન કોમ્પ્યૂટર ટીચર્સ ટ્રેનિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૬ માસ (નોન એન્જિ.)
૬૪	સર્ટિફિકેટ કોર્સ ઈન ઈ-કોમર્સ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૬૫	સર્ટિફિકેટ કોર્સ ઈન વેબ ડિઝાઈન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૬૬	સર્ટિફિકેટ કોર્સ ઈન મલ્ટીમીડિયા ટેક્નોલોજી એન્ડ ડી.ટી.પી	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ અથવા ધો. ૧૦ પછીનો AICTE માન્ય ઈજનેરી ડિપ્લોમા અથવા ડિપ્લોમા ઈન ફાઈન આર્ટ્સ	૧ વર્ષ (નોન એન્જિ.)
૬૭	સર્ટિફિકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નો. નેટવર્ક એન્ડ એડમિનિસ્ટ્રેશન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૬૮	સર્ટિફિકેટ કોર્સ ઈન કોમ્પ્યૂ. એડેડ ડિઝાઈન એન્ડ ઓટો કેડ-૨૦૦૦	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (સાયન્સ) અથવા I.T.I /D.C/ D.M.ટ્રેડ અથવા AICTE માન્ય ઈજનેરી ડિપ્લોમા	છ માસ
૬૯	સર્ટિફિકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૭૦	સર્ટિફિકેટ કોર્સ ઈન ફાઈનાન્સિયલ એડવાઈઝિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ અથવા પોલિટેકનિક ડીપ્લોમા પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૭૧	સર્ટિફિકેટ કોર્સ ઈન ટૂલ ટેક્નોલોજી	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૨ વર્ષ (એન્જિ.)
૭૨	ટેલિફોન મોબાઈલ ફોન રિપેરિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	છ માસ (એન્જિ.)
૭૩	ઓફસેટ પ્રિન્ટર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૭૪	સ્ટેનો કમ કોમ્પ્યૂ. ઓપરેટર (અંગ્રેજી)	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે)	૧ વર્ષ (નોન એન્જિ.)
૭૫	પ્લેટ મેકર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન વિષય સાથે)	૧ વર્ષ (નોન એન્જિ.)

૭૬	સ્ટેનો કમ કોમ્પ્યૂ. ઓપરેટર (ગુજરાતી)	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગુજરાતી વિષય સાથે)	૧ વર્ષ (નોન એન્જિ.)
૭૭	કોમ્પ્યૂ. એડેડ ક્વાર્ટઝ વોચ કમ મોબાઈલ ફોન મીકે.	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૭૮	કોમ્પ્યૂ. એડેડ ડ્રેસ મેકિંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૭૯	મેડિકલ ઈક્વીપમેન્ટ મિકેનિક	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ તથા N.C.V.T. પેટર્નના R.M.T.V/ELECTRO. MECH./ELECTRICIAN ટ્રેડ પૈકી કોઈપણ એક ટ્રેડ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૮૦	સ્ટેનોગ્રાફી ગુજરાતી	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગુજરાતી વિષય સાથે)	૧ વર્ષ
૮૧	ફૂડ એન્ડ બેવરેજીસ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે) અથવા તેની સમકક્ષ	છ માસ
૮૨	ફૂડ પ્રોડક્શન(કોન્ટીનેન્ટલ/ઈન્ડિયન/પંજાબી/ચાઈનીઝ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે)અથવા તેની સમકક્ષ	છ માસ
૮૩	હાઉસ કીપિંગ એન્ડ બેકરી	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે)અથવા તેની સમકક્ષ	છ માસ
૮૪	સર્ટિફિકેટ કોર્સ ઈન મશીન ટૂલરૂમ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ (ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષય સાથે)(૫૦ ટકા ગુણ આવશ્યક અને અનામત કેટેગરી માટે ૪૦ ટકા ગુણ)	૨ વર્ષ (એન્જિ.)
૮૮	ઓફસેટ પ્રિન્ટર એન્ડ પેકેજર્સ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૮૯	ઈલેક્ટ્રિકલ એપ્લાયન્સીસ રીપેરર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૯૦	કોમ્યૂનિકેશન એન્ડ સ્પોકન ઈંગ્લિશ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૩ માસ
૯૧	ઓટોમાઈલ બોડી રિપેરર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૯૨	ઓટોમાઈલ પેઈન્ટ રિપેરર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (એન્જિ.)

૯૩	સેલ્સ આસિસ્ટન્ટ(રીટેઈલ)	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૧ વર્ષ (નોન એન્જિ.)
૯૪	શીપ બિલ્ડિંગ ટેકનિશિયન	ધો. ૧૦ પાસ+ITI વેલ્ડર, ફીટર પાસ	છ માસ
૯૫	મરીન ઈલેક્ટ્રિશિયન એડવાન્સ	ધો. ૧૦ પાસ+ITI ઈલેક્ટ્રિશિયન, વાયરમેન પાસ	છ માસ
૯૬	પાઈપ ફીટર મરીન	ધો. ૧૦ પાસ+ITI ફીટર, પ્લમ્બર પાસ	છ માસ
૯૭	સ્પેશ્યલ પરપઝ વ્હીકલ એન્ડ ક્રેઈન ઓપરેટર	ધો. ૧૦ પાસ+ITI મોટર મિકે., મિકે. ડીઝલ પાસ	છ માસ
૯૮	શીટ મેટલ ટેકનિશિયન	ધો. ૧૦ પાસ+ITI શીટ મેટલ પાસ	છ માસ
૯૯	કાર પેન્ટર એન્ડ જોઈનર	ધો. ૧૦ પાસ+ITI કાર પેન્ટર પાસ	છ માસ
૧૦૦	શીપ બિલ્ડિંગ ટેકનિશિયન એડવાન્સ	ધો. ૧૦ પાસ+ITI વેલ્ડર, ફીટર પાસ	છ માસ
૧૦૧	ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક પાવર પ્લાન્ટ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૨ વર્ષ (એન્જિ.)
૧૦૨	ઈલેક્ટ્રિશિયન પાવર પ્લાન્ટ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ ૧૦ પાસ	૨ વર્ષ (એન્જિ.)
૧૦૩	ફાર્માસ્યુટિકલ મશીનરી મિકેનિક	ધોરણઃ ૧૦ પાસ+ITI FT/ET/ RFM/IM પાસ	છ માસ (એન્જિ.)
૧૦૪	ડોમેસ્ટિક હોમ એપ્લાયન્સ રિપેરિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૧૦ પાસ	૧વર્ષ(નોન એન્જિ.)
ધોરણઃ૭ તથા ૮ ની લાયકાતવાળા અભ્યાસક્રમો			
૧૦૫	પ્લમ્બિંગ આસિસ્ટન્ટ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૧૦૬	મરીન એન્જિનિયરીગ ટેકનિશિયન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૧૦૭	ટુ વ્હીલર ઓટો રિપેરર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૧૦૮	સ્યુઈંગ મશીન ઓપરેટર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૩ માસ
૧૦૯	આર્મેચર મોટર રિવાઈન્ડિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૭ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૧૧૦	મેન્સ એન્ડ વુમન ગારમેન્ટ મેકિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૭ પાસ	૧ વર્ષ(નોન એન્જિ.)
૧૧૧	જનરલ મિકેનિક	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૭ પાસ	૨ વર્ષ (એન્જિ.)
૧૧૨	વેલ્ડર કમ ફેબ્રિકેટર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૭ પાસ	૧ વર્ષ (એન્જિ.)
૧૧૩	સર્ટિ કોર્સ ઈન ડાયમન્ડ ગ્રેડિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૭ પાસ	૩ માસ

૧૧૩-એ	કન્સ્ટ્રકશન ટેકનિશિયન	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ(નોન એન્જિ.)
અંધ અપંગ ઉમેદવારો માટે વિશિષ્ટ અભ્યાસક્રમો			
૧૧૪	કોમ્પ્યૂટર ઓપરેટર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૧૦ પાસ	૧ વર્ષ
૧૧૫	સ્ટેનોગ્રાફી અંગ્રેજી	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૧૦ પાસ(અંગ્રેજી વિષય સાથે)	૧ વર્ષ
૧૧૬	ઓફસેટ પ્રિન્ટર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૧૦ પાસ	૧ વર્ષ
૧૧૭	એમ્બ્રોડયરી એન્ડ નીડલ વર્ક	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ
૧૧૮	કટિંગ એન્ડ ટેલરિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ
૧૧૯	ઓફસેટ પ્રિન્ટિંગ એન્ડ બુક બાઈન્ડિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ
૧૨૦	આર્મેચર મોટર રિવાઈન્ડિંગ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૭ પાસ (સૂચિત)	૧ વર્ષ
૧૨૧	ડેસ્ક ટોપ પબ્લીશીગ ઓપરેટર (ડીટીપી)	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ
૧૨૨	પ્લમ્બિંગ આસિસ્ટન્ટ	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ
૧૨૩	ટુ વ્હીલર ઓટો રિપેરર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ
૧૨૪	હેર એન્ડ સ્કીનકેર	ધોરણઃ ૧૦+૨ની પદ્ધતિમાં ધોરણઃ૮ પાસ	૧ વર્ષ
૧૨૫	ટેલિફોન ઓપરેટર કમ રિસેપ્સનીસ્ટ	ધોરણઃ ૧૦ (અંગ્રેજી વિષય સાથે)	૬ માસ

કૌશલ્ય તાલીમને મુખ્ય શિક્ષણ ધારા સાથે જોડાણ અંગેની નીતિઃ

શિક્ષણ વિભાગના તારીખઃ ૨/૬/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ મશબ/૧૨૧૧/૫૯૦/છ થી જે વિદ્યાર્થીઓએ ધોરણઃ૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી) અથવા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી)ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની અથવા ગુજરાત ઓપન સ્કૂલ એક્ઝામિનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણઃ૧૦ની સમકક્ષ ગણવા ઠરાવ કરવામાં આવ્યા છે.

જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (I.T.I)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી) અથવા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી)ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ની

અથવા ગુજરાત ઓપન સ્કૂલ એક્ઝામિનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તે વિદ્યાર્થીઓને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશના હેતુસર ધોરણ-૧૨ની સમકક્ષ ગણવા ઠરાવ કરવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગના તારીખઃ ૩/૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૨/યુઓઆર-૧/સ તથા તારીખઃ ૧૦/૫/૨૦૧૨ના સુધારા ઠરાવમાં જણાવ્યા મુજબ ધોરણ-૧૦ પછીના આઈ.ટી.આઈ. પેટર્નના અભ્યાસક્રમો પાસ કરેલ તાલીમાર્થીઓને ડિપ્લોમા એન્જિનિયરીગના અભ્યાસક્રમોમાં ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ આપવા ઠરાવ કરવામાં આવ્યો છે. પ્રવેશ અંગેનો કાર્યક્રમ તથા પ્રવેશ અંગેની માહિતી www.acpdc.in પરથી મળી શકશે.

સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ ૧૫/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ રવભ/૧૦૨૦૧૧/ યુ.ઓ./૧૯૦/કથી જે વિદ્યાર્થીઓએ ધોરણઃ૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (I.T.I)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન. સી.વી.ટી) અથવા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી)ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની અથવા ગુજરાત ઓપન સ્કૂલ એક્ઝામિનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુસર ધોરણઃ૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવા ઠરાવ કરવામાં આવ્યો છે.

જે વિદ્યાર્થીઓએ ધોરણઃ૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (I.T.I)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કરેલ હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી. ટી) અથવા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી)ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ની અથવા ગુજરાત ઓપન સ્કૂલ એક્ઝામિનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુસર ધોરણઃ૧૨ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવા ઠરાવ કરવામાં આવ્યો છે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ, ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગના રોજગાર અને તાલીમ ખાતાની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ મારફતે રાજ્યના યુવાધનને વિવિધ વ્યવસાયોને લગતા કૌશલ્યની તાલીમ આપવાની પ્રવૃત્તિ કરવામાં આવે છે. રાજ્યના ઉદ્યોગગૃહોની કુશળ માનવબળની વધતી જતી જરૂરિયાતોને ધ્યાને લઈને ગુણવત્તાસભર અને જરૂરિયાતલક્ષી તાલીમી પ્રશિક્ષણ રાજ્યના યુવાધનને મળી રહે તે માટે રોજગાર અને તાલીમ ખાતાએ બહુઆયામી યોજનાઓ અમલમાં મૂકીને

જનસાધારણ માટે રોજગારી અને સ્વરોજગારીના દ્વાર ખોલી આપ્યા છે. જેની રૂપરેખા નીચે મુજબ છે.

(૧) ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (ગ્રાન્ટ ઈન એઈડ) સંસ્થાઓ :

રાજ્ય સરકાર હસ્તકની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોના ધસારાને ધ્યાનમાં લઈ તથા સરકારી સંસ્થાઓમાંની હાલની મર્યાદિત પ્રવેશ ક્ષમતાને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે સહાયક અનુદાનના ધોરણે ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ચલાવવાની યોજના અમલમાં મૂકી છે. તે અન્વયે જે ખાનગી સંસ્થા, ટ્રસ્ટ વગેરેને આ કારીગર તાલીમ યોજના હેઠળના અભ્યાસક્રમો ચલાવવાની મંજૂરી આપવામાં આવે છે અને આવી સંસ્થાઓને આવર્તક ખર્ચના ૧૦૦ ટકા પ્રમાણે ગ્રાન્ટ આપવામાં આવે છે. હાલ, રાજ્યમાં ૧૧૩ ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે. જેમાં ૧૩૮૪૪ બેઠકો ઉપર તાલીમ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

(૨) સુપિરિયર ટેક્નોલોજીના અભ્યાસક્રમો :

રાજ્યના નવયુવાનોને અદ્યતન ટેક્નોલોજીથી તાલીમબદ્ધ કરવા માટે અને ઉદ્યોગ ગૃહોની માંગ અનુસાર આધુનિક ટેક્નોલોજીના સુપિરિયર ટેક્નોલોજીના નવા અભ્યાસક્રમો નિરંતર બદલાતી ટેક્નોલોજીને ધ્યાને લઈ નવીન ટેક્નોલોજીને અનુરૂપ માનવબળની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે જે માટે આ ખાતા દ્વારા ઓટોમોબાઈલ ક્ષેત્રે, સી.એન.સી. ટેક્નોલોજી, સોલાર ટેક્નોલોજી, કેમિકલ, એન્વાયરમેન્ટ વગેરે સેક્ટરોમાં કુલ ૨૯ સંસ્થાઓ ખાતે નવીન સુપિરિયર ટેક્નોલોજીના વિવિધ સેક્ટરોમાં કુલ ૯૮૪૦ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે.

(૩) વ્યવસાયલક્ષી શિક્ષણ અને તાલીમનું મહત્ત્વ:

રાષ્ટ્ર તથા રાજ્યનું યુવાધન રોજગારી, સ્વરોજગારી મેળવવા માટે પગભર થાય અને ગૌરવપૂર્ણ આજીવિકા મેળવી શકે તે માટે પર્યાપ્ત શિક્ષણની આવશ્યકતા છે. જેમાં સાહજિક રીતે યુવાધન એસ.એસ.સી, એચ.એસ. સી. અને ત્યારબાદ મહદઅંશે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અથવા અન્ય વિદ્યાશાખાના સ્નાતક/અનુસ્નાતકની લાયકાત હાંસલ કરી સરકારી, ખાનગી ક્ષેત્રમાં નોકરી/ રોજગારી મેળવવાની અપેક્ષા રાખતું હોય છે. પરંતુ, આ પ્રકારની રાબેતા મુજબની શૈક્ષણિક લાયકાતોના સહારે રોજગારી મેળવવાની તકો મર્યાદિત છે અથવા તો ઉચ્ચાંક સાથે ઉચ્ચ લાયકાતો મેળવ્યા બાદ પણ રોજગારીની સિમિત તકોનું નિર્માણ થાય છે. જ્યારે બીજી બાજુ ઓછી લાયકાત ધરાવતા, અર્ધશિક્ષિત, સ્કૂલડ્રોપ આઉટ, સામાન્ય શિક્ષણમાં સરેરાશ દેખાવ કરનારા, ટેકનિકલ જ્ઞાનમાં રુચિ ધરાવતા તેમજ વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરી ઉદ્યોગ જગતમાં, જીવન જરૂરી વ્યવસાયોમાં, કૌશલ્ય દ્વારા રોજગારી/સ્વરોજગારી મેળવવાની અપેક્ષા સેવતો વર્ગ પણ છે અને જે ગતિએ વિશ્વમાં ઔદ્યોગિકીકરણનો વ્યાપ વધી રહેલ છે, ટેક્નોલોજીમાં પરિવર્તન આવી રહેલ છે તે જોતાં આવા કૌશલ્યબદ્ધ વર્ગની/ કુશળ માનવબળની રાજ્ય, રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સ્તરે પણ વિપુલ પ્રમાણમાં માંગ/જરૂરિયાત ઉપસ્થિત થાય છે. આ તમામ બાબતોની સમતુલા અને સમન્વય રૂપે કૌશલ્ય તાલીમનું અનોખું મહત્ત્વ છે.

(૪) કારીગર તાલીમ યોજના (સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા) :

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવા ક્ષેત્રને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેક્નોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપી, રોજગારી/ સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે. આ યોજનાના નિયમન માટે રાષ્ટ્રીય કક્ષાએ ભારત સરકારની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી) કાર્યરત છે.

મુખ્યત્વે ભારત સરકારના શ્રમ મંત્રાલયની કારીગર તાલીમ યોજના હેઠળ, ગુજરાત રાજ્યની વિવિધ સરકારી/ ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં છ માસ, એક વર્ષ, બે વર્ષ કે ત્રણ વર્ષ સુધીની, લાંબા ગાળાની મુદતના વિવિધ વ્યવસાયના અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે.

રાજ્યમાં વ્યવસાયિક તાલીમ માટે વ્યાપક સુવિધાનું નિર્માણ કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે હાલમાં, ૨૮૨ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (૧૩૦૭૭૨ બેઠકો), ૧૧૩ ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (૧૩૮૪૪ બેઠકો) તથા ૩૮૪ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (૨૬૭૧૫ બેઠકો) મળી કુલ ૭૭૯ સંસ્થાઓમાં કુલ ૧,૭૧,૩૩૧ બેઠકો પ્રાપ્ય છે.

આ યોજના હેઠળ ૧૧૧ એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયોની તેમજ રાજ્ય કક્ષાની ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.) પેટર્ન હેઠળના ૬૫ વ્યવસાયોની તાલીમ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.), ગ્રાન્ટ ઈન એઈડ/ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ, સરકારી ટેકનિકલ હાઈસ્કૂલો વગેરે સંસ્થાઓ ખાતે આપવામાં આવે છે.

આ યોજના અન્વયે એન.સી.વી.ટી. પેટર્નના તેમજ જી.સી.વી.ટી. પેટર્નના ઉપલબ્ધ વ્યવસાયો અને તેના ટ્રેડ કોડ તથા જરૂરી ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત, તાલીમનો સમયગાળો વગેરેની વિગતો વેબસાઈટ ઉપર દર્શાવેલ છે. તદઅનુસાર, ઓછામાં ઓછી ૧૪ વર્ષની વય ધરાવતો કોઈપણ ઉમેદવાર કે જે ધો. ૭ થી ૧૨ સુધીની લાયકાત ધરાવતો હોય તે લાયકાત અનુસારના વ્યવસાયમાં મેરિટના આધારે પ્રવેશ મેળવી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વ્યવસાયિક તાલીમ પ્રાપ્ત કરી શકે છે.

સામાન્ય રીતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું પ્રવેશ સત્ર ઓગસ્ટ માસથી શરૂ થતું હોય છે. જે અંતર્ગત, રોજગાર અને તાલીમ ખાતા દ્વારા દર વર્ષના મે-જૂન માસમાં એસ.એસ.સી.ના પરિણામના એકાદ સપ્તાહમાં વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. સંબંધિત પ્રવેશ સત્રમાં વિવિધ વ્યવસાયમાં ભરવાપાત્ર બેઠકો, સંસ્થાઓ તેમજ વ્યવસાયોની યાદી, પ્રવેશ લાયકાત તેમજ વ્યવસાયિક તાલીમ સંબંધિત અન્ય બાબતોની વિગતવાર માહિતી સંબંધિત માહિતી પુસ્તિકા રોજગાર અને તાલીમ ખાતા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. રોજગાર અને તાલીમ ખાતાની વેબસાઈટ (૧) http://www.talimrojgar.org (2) http://itiadmission.guj.nic.in (૩) http://itiadmission1.guj.nic.in ઉપર ઓનલાઈન એપ્લિકેશન માંગવામાં આવે છે, આવેલ એપ્લીકેશનનું પૃથક્કરણ કરી મેરિટ તૈયાર કરવામાં આવે છે. મેરિટના આધારે પ્રવેશ મેળવવાપાત્ર ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે છે અને મેરિટના આધારે મળવાપાત્ર વ્યવસાયની ઉપલબ્ધ ખાલી બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવે છે.

અપંગ ઉમેદવારો, મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને ટ્યૂશન ફી ભરવામાં મુક્તિ આપવામાં આવે છે. તદઉપરાંત આવક મર્યાદાને ધ્યાને લઈને સંસ્થા ખાતે મંજૂર બેઠકોના ૩૩.૦૩ ટકા તાલીમાર્થીઓને પ્રવર્તમાન નિયમોનુસાર વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) પણ આપવામાં આવે છે. તેમજ અ.જ.જા/ અ.જા/સા.શૈ.પ. વગેરે કેટેગરીના તાલીમાર્થીઓને રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ/ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત અનુક્રમે અનુસૂચિત જાતિ કલ્યાણ/વિ.જા. કલ્યાણ/અનુ. જનજાતિ કલ્યાણ ખાતાઓ દ્વારા પણ નિયત દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

છાત્રાલયની સુવિધાઓ :

રાજ્યની ૪૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે છાત્રાલયની સગવડ છે. જેમાં રૂ. ૨૫૦/- અનામત રકમ તથા રૂ. ૫૦/- છ માસિક સર્વિસ ચાર્જ સાથે તાલીમાર્થીને પ્રવેશ આપવામાં આવે છે. અનામતની રકમ તાલીમાર્થીઓ હોસ્ટેલ છોડી જાય ત્યારે પરત કરવામાં આવે છે.

તાલીમ અને સલામતી :

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે મુખ્યત્વે, એન.સી.વી.ટી/ જી.સી.વી.ટી માન્ય અભ્યાસક્રમોમાં નિયત કર્યા અનુસાર સૈદ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. જે પૈકી વિવિધ વ્યવસાયોની પ્રાયોગિક તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને વિવિધ યંત્રો તથા ઉપકરણો સાથે કામ કરવું પડે છે. જે દરમ્યાન અકસ્માતની સંભાવના વધી જતી હોય છે. જેના કારણે તાલીમાર્થીને જીવ ગુમાવવો પડે અથવા તો સમગ્ર જીવન અપંગ/અશક્ત તરીકે વિતાવવું પડે. આવા સંજોગોમાં ઉપરોક્ત જોખમ સામે રક્ષણ આપવા અને યોગ્ય વીમા કવચ પૂરું પાડવા માટે ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના રૂપિયા એક લાખની મર્યાદામાં ૧લી એપ્રિલ, ૨૦૦૮થી સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે આપવામાં આવતી વિવિધ વ્યવસાયોની પ્રાયોગિક તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને કાચો માલ-સામાન પૂરો પાડવામાં આવે છે. તાલીમ દરમ્યાન જરૂરી સાધનો તાલીમાર્થીઓને આપવામાં આવે છે. જે તાલીમ પૂર્ણ થયે સંસ્થામાં પરત જમા કરાવવાના રહે છે.

(૫) બાંધકામ ક્ષેત્રની તાલીમ :

બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા અસંગઠિત ક્ષેત્રના કામદારોને તાલીમ માટે કુલ ૨૫ સંસ્થાઓમાં કન્સ્ટ્રક્શન સ્કીલ તાલીમ કેન્દ્રો સ્થાપવામાં આવેલો છે. જેમાં આ પ્રકારના ટૂંકાગાળાના વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવે છે. જે (૧) બાર બેન્ડિંગ (૨) સ્કે ફોલ્ડિંગ (૩) પ્લમ્બિંગ અને સેનિટેશન (૪) ફોર્મ વર્ક કારપેન્ટરી (૫) કન્સ્ટ્રક્શન ઈલેક્ટ્રિશિયન અને વાયરમેનના વ્યવસાયોમાં અસંગઠિત ક્ષેત્રના કામદારોને અદ્યતન તાલીમ આપવા માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

(૬) સ્વનિર્ભર તાલીમ સંસ્થાઓ માટેની યોજના :

રાજ્યમાં વ્યવસાયિક તાલીમની સુવિધાઓનું વિસ્તૃતીકરણ કરવા સારુ સ્વરોકાણથી એન.સી.વી.ટી./જી.સી.વી.ટી. અભ્યાસક્રમો સ્વનિર્ભર ધોરણે ચલાવવા જાહેર ટ્રસ્ટો/પબ્લિક લિ. કંપનીઓને વર્ષ ૧૯૯૯-૨૦૦૦ના વર્ષથી માન્યતા આપવાનું શરૂ કરેલ છે. હાલમાં ૩૮૪ સંસ્થાઓમાં સ્વનિર્ભર ધોરણે ૨૬૭૧૫ બેઠકો ઉપર તાલીમ સુવિધા મંજૂર થયેલ છે.

(૭) મોડ્યુલ એમ્પ્લોયેબલ સ્કીમ MES **:**

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય (DGET) , નવી દિલ્હી દ્વારા કૌશલ્ય વિકાસ પહેલ શક્તિ યોજના (SDIS) આધારિત મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીલ (MES) યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી શરૂ કરેલ છે. રાજ્યમાં અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલ કામદારો, શાળાકીય શિક્ષણ અધવચ્ચે છોડી જનાર કારખાનામાં કામ કરતા કામદારો કે જેઓ તે પૂરતું કૌશલ્ય ધરાવતા નથી તેવા ઉમેદવારો આ યોજના હેઠળ તાલીમ મેળવી એન.સી.વી.ટી. પ્રમાણપત્ર મેળવી શકે. આ માટે ગુજરાતમાં હાલમાં ૭૬૮ વોકેશનલ ટ્રેનિંગ પ્રોવાઈડર (VTP)ને માન્યતા આપવામાં આવેલ છે. હાલમાં આ યોજના માટે ગુજરાત ખાતે ડીજીઈટી, નવી દિલ્હી દ્વારા પ્રમાણિત કરેલ ૬૧ સેક્ટર અને ૫૭૮ વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવેલ છે.

(૮) મોટર ડ્રાઈવિંગ સ્કૂલઃ

રાજ્યની ૪૪ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સરકારી મોટર ડ્રાઈવિંગ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલી છે. તદુપરાંત ૪૫ કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રોમાં પણ મોટર ડ્રાઈવિંગ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલ છે. આમ કુલ ૮૯ મોટર ડ્રાઈવિંગ સ્કૂલોમાં યોગ્ય, સલામત અને પદ્ધતિસરનું મોટર ડ્રાઈવિંગ શીખવવામાં આવે છે.

જાપાનીઝ ટેક્નોલોજી, કોરિયન ટેકનોલોજી,જર્મન ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે ડિગ્રી કે ડિપ્લોમા હોલ્ડર્સ કરતા આઈ.ટી.આઈ.નો કોર્સ કરેલા યુવાનો મલ્ટી નેશનલ કંપનીમાં જેવી કે, સુઝુકી મોટર્સ, હોન્ડા મોટર સાયકલ, ફોર્ડ, હીનોલ્ટ મોટર્સ અને અન્ય ટેકનોલોજી ધરાવતી બહુ રાષ્ટ્રીય કંપનીઓ અભ્યાસ દરમિયાન આઈ.ટી.આઈ.ના યુવાનોને ઓન ટ્રેનિંગ જોબના ભાગરૂપે અભ્યાસ દરમિયાન ટ્રેનિંગ આપવાની પ્રવૃત્તિ કરતી થઇ છે. જેથી આવા યુવાનો સરળતાથી રોજગારી માટે તે જ કંપનીમાં ગોઠવાઈ જતા હોય છે. જેથી આઈ.ટી.આઈનું મહત્ત્વ વધવા લાગ્યું છે.

ઈ/ચા મદદનીશ નિયામક (રોજગાર)
અમદાવાદ.

3 જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી

– લીનાબહેન એમ. ચૌહાણ

રત્નો અને ઝવેરાત સાથે ભારતનું આકર્ષણ સિંધુ ખીણની સંસ્કૃતિના સમયનું છે. પરંપરાગત રીતે ભારત હીરા, અર્ધકિમતી પથ્થરો અને સોનાનું ઘર છે. ભારતીય ઘરોમાં રત્ન અને સોનાને સામાજિક અને આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે હજુ પણ આવશ્યક માનવામાં આવે છે. જેનું મૂલ્ય ક્યારેય ઘટી શકે નહિ. સદીઓ પૂર્વેથી હીરા અને તેમાંથી બનતા ઘરેણાં મહિલાઓને આકર્ષતા આવ્યા છે. રાજા-મહારાજાઓ પણ હીરાના આભૂષણોના શોખીન હતા. બદલાતા સમયની સાથે હવે ડાયમંડ ઉદ્યોગ ફૂલ્યો ફાલ્યો છે.

ભારત ઉપરાંત રત્ન અને આભૂષણો વિશ્વની અન્ય ઘણી સંસ્કૃતિઓ અને રિવાજોનો ભાગ છે. સૌંદર્યલક્ષી તેમજ રોકાણના હેતુઓ માટે તેઓ એક મહત્ત્વપૂર્ણ ભાગ રહ્યા છે. જેમ્સ અને જ્વેલરી ઉદ્યોગ ધીરે ધીરે ભારતીય અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ બની ગયો છે.

જ્વેલરી ડિઝાઈનર બનવા માટે આવશ્યક જ્ઞાન હોવું જરૂરી છે. આ રીતે આ ક્ષેત્રમાં સફળ થવા માટે ઉમેદવારો પાસેની કેટલીક લાક્ષણિકતાઓ હોવી જોઈએ.

સારી વાતચીત, કુશળતા, સર્જનાત્મકતા, વિઝ્યુઅલ કલ્પના, નવીનતા, હાલના બજારના વલણોનું પૂરતું જ્ઞાન, વિવિધ ધાતુઓ અને રત્નોનું જતન જેવા કૌશલ્ય હોવા જોઈએ.

મિત્રો, આપ સૌ જાણતા જ હશો કે સુરત આજે ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝનું વૈશ્વિક હબ બન્યું છે. ટૂંક સમયમાં અહીં વિશ્વકક્ષાનું વિશાળ ડાયમંડ બુર્સ આકાર લેવા જઈ રહ્યું છે. તેથી સ્વાભાવિક રીતે તેને આનુષંગિક ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝને પ્રોફેશનલોની જરૂર પડવાની છે. તેથી જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રે કારકિર્દીની ઉજળી શક્યતાઓ રહેલી છે.

જેમ્સ અને જ્વલેરીમાં ઝળહળતી કારકિર્દી :

- ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ - સુરત :

ધ જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (JIEPC) દ્વારા સુરત ખાતે ૧૯૭૮માં સ્થાપિત ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટને કેન્દ્ર સરકારનાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સ્પોન્સર્ડ કરવામાં આવી છે. અહીં જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રે મહત્ત્વના અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે. અહીં હોસ્ટેલની પણ સુવિધા ઉપલબ્ધ છે.

- કોર્સની વિગતો :

ડાયમંડ ક્ષેત્રે : ડિપ્લોમા ઈન પ્રોફેશનલ ડાયમંડ મેન્યુફેક્ચર (૨૪ સપ્તાહ)

પાત્રતા : ૧૦+૨

ડિપ્લોમા ઈન પ્રોફેશનલ ડાયમંડ ગ્રેડર (૨૦ સપ્તાહ)

પાત્રતા : ૧૦+૨

જ્વેલરી ક્ષેત્રે : ગ્રેજ્યુએટ જ્વેલરી પ્રોફેશનલ (૩ વર્ષ)

પાત્રતા : સ્નાતક અથવા તેને સમકક્ષ

હાયર ડિપ્લોમા ઈન જ્વેલરી ડિઝાઈન એન્ડ મેન્યુફેક્ચરિંગ (૩ વર્ષ - ૬ સેમેસ્ટર)

પાત્રતા : ધો. ૧૨ અથવા તેને સમકક્ષ

ડિપ્લોમા ઈન જ્વેલરી ડિઝાઈન પ્રોફેશનલ (૨૦ સપ્તાહ)

પાત્રતા : ૧૦+૨ અથવા તેને સમકક્ષ

પ્રમાણપત્ર અભ્યાસક્રમો

- ફાઉન્ડેશન કોર્સ :

૧. જ્વેલરી ડિઝાઈન (૬ સપ્તાહ)
પ્રવેશ લાયકાત : ધો. ૧૦ પાસ

૨ CAD જ્વેલરી ડિઝાઈન (૮ સપ્તાહ)
પ્રવેશ લાયકાત : ધો. ૧૦ પાસ

૩ જ્વેલરી મેકિંગ : (૪ સપ્તાહ)
પ્રવેશ લાયકાત : ધો. ૧૦ પાસ

૪ જ્વેલરી કાસ્ટિંગ : (૪ સપ્તાહ)
પ્રવેશ લાયકાત : ધો. ૧૦ પાસ

૫ સ્ટોન સેટિંગ (૪ સપ્તાહ)
પ્રવેશ લાયકાત : ધો. ૧૦ પાસ

જેમોલોજીને લગતા અભ્યાસક્રમો :

૧. ડિપ્લોમા ઈન જેમોલોજી પ્રોફેશનલ(૧૬ સપ્તાહ)
પ્રવેશ લાયકાત : ૧૦+૨ અથવા તેને સમકક્ષ

૨. ફાઉન્ડેશન કોર્સ ઈન જેમોલોજી (૮ સપ્તાહ)
પ્રવેશ લાયકાત : ધો. ૧૦ પાસ

૩ પત્રાચાર દ્વારા ડિપ્લોમા ઈન જેમોલોજી (૩૬ સપ્તાહ)

પ્રવેશ લાયકાત : ધો. ૧૨

- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી : જયપુર

આ સંસ્થા દ્વારા જેમ્સ એન્ડ જ્વેલરી તથા જેમોલોજી ક્ષેત્રમાં વિવિધ અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે.

ટૂંકાગાળાના અભ્યાસક્રમો :

કોર્સ	મુદત
સર્ટિફિકેટ ઈન ડિઝાઈન ઈન્ટરપ્રિટેશન ફોર જ્વેલરી મેન્યુફેક્ચર્સ	૧ માસ
પ્રોફેશનલ સર્ટિફિકેટ ઈન જ્વેલરી ડિઝાઈ	૧ વર્ષ
ડિપ્લોમા ઈન જ્વેલરી ડિઝાઈન	૨ વર્ષ
ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જ્વેલરી ડિઝાઈન	૩ વર્ષ
પ્રોફેશનલ સર્ટિફિકેટ ઈન એડવાન્સ જ્વેલરી રેન્ડરીંગ એન્ડ પ્રેઝન્ટેશન મેથડ	૨ માસ

ટેકનોલોજી જેમોલોજી, જેમ્સ સ્ટોન પૉલિશિંગ એન્ડ કટિંગને લગતા ટૂંકાગાળાના અભ્યાસક્રમ ચાલે છે.

ડિગ્રી કક્ષાના અભ્યાસક્રમો :

કોર્સ	મુદત
જેમ્સ એન્ડ જ્વેલરી ડિગ્રી ફેઝ (ઓનર્સ)	૩ વર્ષ
ડિપ્લોમા ઈન જેમ્સ એન્ડ જ્વેલરી સ્ટડીઝ	૨ વર્ષ
પ્રોફેશનલ સર્ટિફિકેટ ઈન જેમ્સ એન્ડ જ્વેલરી ફાઉન્ડેશન સ્ટડીઝ	૧ વર્ષ
જેમ્સ એન્ડ જ્વેલરી ટેકનોલોજી ફેઝ	૪ વર્ષ
ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જેમ્સ એન્ડ જ્વેલરી ટેકનોલોજી ૩ વર્ષ	
ડિપ્લોમા ઈન જેમ્સ એન્ડ જ્વેલરી ટેકનોલોજી	૨ વર્ષ
ઈન્ટિગ્રેટેડ પી.જી. રિસર્ચ ઈનિશિએટીવ ઈન જેમ્સ એન્ડ જ્વેલરી	૪ વર્ષ
માસ્ટર ઈન જેમ્સ એન્ડ જ્વેલરી સ્ટડીઝ	૩ વર્ષ
પી.જી. ડિપ્લોમા ઈન જેમ્સ એન્ડ જ્વેલરી સ્ટડીઝ	૨ વર્ષ
પીએચ.ડી/ ડૉક્ટરલ ઈન જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર	૩ વર્ષ

સરનામુ : મુખ્ય કેમ્પસ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ જેમ્સ એન્ડ જ્વેલરી, આર.કે. ડેરેવાલા ટાવર, KGK કેમ્પસ, સીતાપુરા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, જયપુર, રાજસ્થાન

વેબસાઈટ : www.iigjjaipur.com

ગુજરાત ડાયમંડ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ :

અમદાવાદમાં રખિયાલ ખાતે નિયામક રોજગાર અને તાલીમ વિભાગ, ગાંધીનગર દ્વારા સંચાલિત સંસ્થામાં હીરા ઉદ્યોગ અને જ્વેલરી ડિઝાઈનિંગની તાલીમ આપવામાં આવે છે.

અભ્યાસક્રમ :

૧ રફ ડાયમંડ એસોર્ટમેન્ટ

૨ રફ ડાયમંડ પ્લાનિંગ અને માર્કિંગ (કોમ્પ્યૂટર પર)

૩ પોલિશ ડાયમંડ ગ્રેડિંગ

૪ જ્વેલરી ડિઝાઈનિંગ (મેન્યુઅલ અને કોમ્પ્યૂટર પર)

૫ ઘાટ વિભાગ

૬ પૉલિશિંગ

શૈક્ષણિક લાયકાત

અભ્યાસક્રમ નં ૧થી ૪ માટે ધો. ૮ પાસ

અભ્યાસક્રમ નં ૫,૬ માટે ધો. ૪ પાસ

તાલીમનો સમયગાળો

અભ્યાસક્રમ ૧ થી ૪ માટે - ૩ માસ

૫-૬ માટે ૪ માસ

વયમર્યાદા - ૧૪ થી ૪૦ વર્ષ

સંપર્ક : ગુજરાત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ.

રખિયાલ પોલીસ સ્ટેશન સામે, રખિયાલ, અમદાવાદ-૨૩

આ ઉપરાંત ભાવનગર, મહુવા અને પાલનપુર ખાતે પણ ટ્રેનિંગ આપવામાં આવે છે.

મદદનીશ.
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
રાયખડ, અમદાવાદ.

૪ ફાયર ટેકનોલોજી અભ્યાસક્રમમાં કારકિર્દીની ઉજ્જવળ તકો

– ડૉ. એચ.એલ. રાઠવા

કોઈ પણ કુદરતી કે માનવસર્જીત આફત વખતે સૌ પ્રથમ આપણને મદદ કરવા આવતું કોઈ તંત્ર હોય તો તે છે ફાયરબ્રિગેડનું. અતિવૃષ્ટિ હોય, ધરતીકંપ હોય - આ પ્રકારની આફતોમાં બચાવની કામગીરીમાં ફાયરબ્રિગેડ મોખરે જ હોય. વળી પ્રગતિ અને વિકાસના આડ પરિણામ રૂપે કે માનવસર્જિત ભૂલોના કારણે આગના ભયસ્થાનો વધ્યાં છે. ઈલેક્ટ્રિકલ સાધનોનો ઉપયોગ આપણા ઘરો-ઓફિસોમાં વધવાની સાથે સાથે આ ભયસ્થાનો વધ્યાં છે. આપણી ઓફિસોનું આધુનિકીકરણ, Cooling systems અને આગ લાગી શકે તેવાં સાધનોનો બેજવાબદારીપૂર્વક ઉપયોગ આ બધું જ આગ નામની આફત ત્રાટકવાની શક્યતાઓમાં વધારો કરે છે. આથી સ્વાભાવિક રીતે જ 'આફત વ્યવસ્થાપન' (Disaster Management) નું મહત્ત્વ આપણે વધુ સારી રીતે સ્વીકારતા થયા છીએ.

આજના યુગમાં સુરક્ષા અને સલામતીની જરૂરિયાતોને લક્ષ્યમાં લઈ ફાયર ટેકનોલોજી ક્ષેત્રને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતની કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સી. એફ.ટી.) દેશની એવી પ્રથમ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ છે. જે ફાયરમાં બી.એસસી.નો કોર્સ ચલાવે છે. આ ઈન્સ્ટિટ્યૂટ ફાયરમેન સેફટી સિક્યુરિટીમાં સ્પેશિયલાઈઝ્ડ કોર્સ પણ ચલાવે છે. ફાયરમાં ત્રણ વર્ષનો બી.એસસી. કોર્સ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત છે. આ કોર્સ દરમિયાન વિદ્યાર્થીઓને ફાયર ટેકનોલોજી તેમજ ઈક્વિપમેન્ટમાં નવીનતમ વસ્તુઓ શીખવવામાં આવે છે.

(૧) સેફ્ટી એન્ડ સિક્યુરિટી કોર્સ (ITI)

લાયકાત : એસ.એસ.સી. કે તેની સમક્ષ

મુદત : ૧ વર્ષ

સંસ્થાનું નામ : ચંપાબેન ભગત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી

સરનામું : ૮૬, ખોડા ગામ, સાણંદ-વિરમગામ હાઈવે, અમદાવાદ (અમદાવાદથી ૩૦ કિ.મિ.)

મો. ૯૮૭૯૫૫૪૮૪૭, ૯૪૨૮૭૩૫૦૩૪

ફોન નં-(૦૨૭૧૭)૨૭૩૨૦૬

વેબસાઈટ : www.collegeoffire.co.in

ઈ-મેઈલ : info@collegeoffiretechnology.com

(૨) આઈ.ટી.આઈ. ફાયરમેન :

લાયકાત- ધો. ૧૦ પાસ

શારીરિક રીતે સશક્ત તેમજ જરૂરી શારીરિક ક્ષમતા ધરાવનાર ૧૭થી ૨૮ વર્ષના ઉમેદવાર આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.

ગુજરાતી માધ્યમમમાં ચાલતા ૦૧ વર્ષના આ અભ્યાસક્રમમાં ૨૫% થિયરી અને ૭૫% પ્રેક્ટિકલ શિક્ષણ અપાય છે. જેમાં ૯ માસ સંસ્થાની ટ્રેનિંગ અને ત્રણ(૩) માસ પ્રેક્ટિકલ એટેચમેન્ટ અલગ અલગ ફાયર સ્ટેશનની અંદર કરવામાં આવે છે. ૪૦ પ્રકારની તાલીમ અપાય છે.

(૩) એન્ટી ફાયર એન્ડ ડિઝાસ્ટર રિસ્પોન્સ કોર્સ :

આ કોર્સની કામગીરીમાં અલગ અલગ સ્થળે જઈને ડિઝાસ્ટર મેનેજમેન્ટની પ્રાથમિક તાલીમ અપાય છે. એકથી માંડીને પાંચ દિવસ સુધીનો ટ્રેનિંગ પ્રોગ્રામ હોય છે.

સરનામું : ઉમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર ટેકનોલોજી

બાવળા-બગોદરા હાઈ-વે રોડ, રામનગર, બાવળા, જિ. અમદાવાદ

ફોન નં. (૦૨૭૧૪) ૨૩૦૧૬૫

નેશનલ ફાયર એકેડેમી : (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ)

(૪) ફાયરમેન ટ્રેનિંગ કોર્સ :

લાયકાત : ધોરણ ૧૦ પાસ (SSC)

આ કોર્સ માટે ૧૮ વર્ષની ઉપરથી વય અને શારીરિક ક્ષમતા ધરાવતા ઉમેદવારને પ્રવેશ મળે છે. ૦૬(છ) માસ ફાયર મેનેજમેન્ટનો થિયરી, પ્રેક્ટિકલ, ડેમોન્સ્ટ્રેશન અને પ્રેક્ટિકલ એટેચમેન્ટની ટ્રેનિંગ અપાય છે. કોર્સ પૂર્ણ થયા પછી ડ્રાઈવર કમ ઓપરેટર કોર્સની ટ્રેનિંગ પણ અપાય છે. જાન્યુ.થી જૂન અને જુલાઈથી ડિસેમ્બર એમ બે મુદતમાં ચાલે છે.

(૫) સબ ફાયર ઓફિસર કોર્સ :

લાયકાત : ધો. ૧૨ પાસ(સાયન્સ-અંગ્રેજી પાસ)

આ કોર્સ માટે ૧૮ વર્ષથી ઉપરની વય અને શારીરિક ક્ષમતા ધરાવતા ઉમેદવારને પ્રવેશ મળે છે. ૯ માસના કોર્સમાં થિયરી-પ્રેક્ટિકલ ઉપરાંત પ્રેક્ટિકલ એટેચમેન્ટ તેમજ ડ્રાઈવર કમ ઓપરેટર ટ્રેનિંગ પણ અપાય છે. કોર્સ સફળતાપૂર્વક પૂરો કરનારને ઈન્ડસ્ટ્રિયલ, હાઉસિંગ કોમ્પ્લેક્સ, એરપોર્ટ, નેવલ અને ઘણાં બધા સેકટરોમાં નોકરી મળી શકે છે.

(૬) સિક્યુરિટી ગાર્ડ કોર્સ :

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) (મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા) દ્વારા ચાલતા ૩(ત્રણ) માસના આ કોર્સમાં ધોરણ-૮ પાસ કોઈપણ ઉમેદવારને પ્રવેશ અપાય છે.

રાજકોટ : માત્ર ફાયરમેન ટ્રેનિંગ કોર્સ ચાલે છે.

સંપર્ક : મહુડી ફાયર ઈન્સ્ટિટ્યૂટ (નેશનલ ફાયર એકેડેમી) મેઈન રોડ, રાજકોટ.

મો. ૯૨૨૭૬૦૩૭૧૫, ૯૭૧૪૭૦૩૭૧૫.

વડોદરા : વડોદરા ખાતે ત્રણેય અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

સંપર્ક : નેશનલ ફાયર એકેડેમી, સરદાર પટેલ એસ્ટેટ પાસે, આજવા, વાઘોડિયા રિંગ રોડ, વડોદરા.

(૭) ફાયર ટેકનોલોજી B.Sc.નો કોર્સ :

લાયકાત : (૧) ધોરણ -૧૨ સાયન્સ પાસ

(૨) એન્જિનિયરિંગનો કોઈપણ બ્રાંચનો ડિપ્લોમા કોર્સ પાસ કરેલ હોય.

સમયગાળો : (૦૩) ત્રણ વર્ષ

સંસ્થાનું નામ : કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી

એ-૫, જયમંગલ હાઉસ, ગાંધીગ્રામ રેલવે સ્ટેશનની પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં. ૦૭૯-૨૬૫૮૪૦૮૦

(૮) નેશનલ ફાયર સર્વિસ કોલેજ :

નેશનલ ફાયર સર્વિસ કોલેજ (નાગપુર) અને મિનિસ્ટ્રી ઓફ હોમ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે સબ ઓફિસર કોર્સ ચલાવાય છે.

લાયકાત : ધોરણ -૧૨ પાસ, ૨૦ થી ૪૫ વર્ષની વય, ૫૦ કિ.ગ્રા. વજન, ૧૬૫ ઊંચાઈ અને ૭૬ સે.મી. છાતી (૫'' સે.મી. ફૂલેલી) ધરાવનારને પ્રવેશ પરીક્ષાને આધારે પ્રવેશ અપાય છે. વર્ષમાં બે વાર પ્રવેશ અપાય છે.

સંપર્ક :

National Fire Service College,
Nr. GPO, Civil Lines, Palm Road.
Nagpur-440001,(Maharashtra)
Ph. (0712) 2565074 / 2560476

અન્ય સંસ્થાઓ :

- ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગોત્રી રોડ, વડોદરા.
- ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પોર, વડોદરા.
- ફાયર એકેડેમી, નંદેસરી, ગોધરા.

રોજગારીની તકો :

વધતી જતી વસ્તી, ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણને લીધે આગ લાગવાનાં જોખમો વધતા જાય છે. આ ક્ષેત્રે અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીને સંરક્ષણ ક્ષેત્રે, રેલવે, એરપોર્ટ ઓથોરિટી જુદા જુદા રાજ્યોમાં વિદ્યુત બોર્ડ તેમજ ઈલેક્ટ્રિક કંપનીઓ, ઓ.એન.જી.સી., તમામ મ્યુ. કોર્પોરેશન, નગરપાલિકાઓ તેમજ જિલ્લા પંચાયતો, ખાણ ખનિજ ક્ષેત્રે, રિફાઈનરી ક્ષેત્રે, ગેસ પ્લાન્ટ, સરકારી નિગમો વગેરેમાં નોકરીની તકો ઉપલબ્ધ બને છે.

આગ અકસ્માતથી થયેલા નુકસાનનો અંદાજ મેળવવા તજજ્ઞોની જરૂર પડે છે. ભારતમાં સંરક્ષણ રેલવે, એરપોર્ટ, પેટ્રોકેમિકલ્સ સંકુલો, ઓઈલ કંપનીઓ, ઓ.એન.જી.સી., કેન્દ્રિય ઈન્ડસ્ટ્રિયલ ફોર્સ વગેરેમાં અગ્નિશમનની પદવી ધરાવતા યુવાનોને આકર્ષક પગારથી નોકરી મળી શકે છે. ફાયર સર્વેયર તરીકે ફાયર કન્સલટન્સી, પેટ્રોલિયમ કંપનીઓમાં લાયઝન ઓફિસર તરીકે તેમજ ફાયર ફાઈટિંગ ઉપકરણોનાં ઉત્પાદન ક્ષેત્રે પણ પ્રેક્ટિસ કરીને વિપુલ આવક ઊભી કરી શકાય છે.

મદદનીશ, વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યાશાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ-૩૮૦૦૦૧

૫ સી-ડેકના ડિજિટલ માર્કેટિંગ કોર્સ દ્વારા કારકિર્દી બનાવવાની ઉજ્જવળ તકો

– જગદીશ પટેલ

વાલીગણ તથા વિદ્યાથી મિત્રો, આપ સર્વેને સી-ડેક ભારત સરકારની વિજ્ઞાનિક સંસ્થાનો પરિચય અને તેમાં ચાલતા કોમ્પ્યૂટરના કોર્સની સઘન માહિતી આપીશું.

સી-ડેકની સ્થાપના ૧૯૮૮ માં સુપર કોમ્પ્યૂટર બનાવવા માટે કરવામાં આવી હતી. સી-ડેકના વિજ્ઞાનિકો એન્જિનિયરોએ પરમ સુપર કોમ્પ્યૂટરની સિરીઝ બનાવી દેશનું નામ દુનિયામાં રોશન કર્યું છે. સી-ડેકની મુખ્ય પ્રવૃત્તિઓ જેવી કે હાઇ પરફોર્મિંગ કોમ્પ્યુટિંગ, ગ્રીડ કોમ્પ્યુટિંગ, લેંગ્વેજ ટેકનોલોજી, સાયબર સિક્યોરિટી ઇ-ગવર્નન્સ અને એડવાન્સ એજ્યુકેશન છે.

સી-ડેકના પેસ પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર ભારતમાં કોમ્પ્યૂટરના કારકિર્દીલક્ષી વિવિધ કોર્સ ચલાવવામાં આવે છે. સમગ્ર ભારતમાં સી-ડેક ના ૩૦૦ થી વધારે કેન્દ્રો આવેલાં છે અને ગુજરાતમાં ૮૦ થી વધારે કેન્દ્રો ઉપર કોમ્પ્યૂટરનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. સી-ડેક દ્વારા સર્ટિફિકેટ, ડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા અને પોસ્ટ ગ્રેજયુએટ લેવલના અલગ અલગ કોર્સની તાલીમ આપવામાં આવે છે.

સી-ડેકના ડિજિટલ માર્કેટિંગ કોર્સની વધુમાં વધુ માહિતી આપવા પ્રયત્ન કર્યો છે. જેના દ્વારા આપને ડિજિટલ માર્કેટિંગના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવામાં ઉપયોગી થશે.

આપ સૌ જાણો છો કે, આપણા વડાપ્રધાનશ્રીએ ડિજિટલ અને ઇ-ગવર્નન્સ જેવી પોલિસીને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે અને તે દિશામાં નોકરીની પણ વધુ તકો સર્જાયેલ છે.

આજે નવી ટેકનોલોજી અને ઇલેકટ્રોનિક ગેજેટ્સના ધસારાના કારણે આખું વિશ્વ આજે ડિજિટલ બની ગયું છે. અત્યારના આ આધુનિક સમયમાં બધા જ ધંધાકીય એકમો અને વેપારીઓ પોતાના ધંધાના બ્રાન્ડિંગ માટે ઇન્ટરનેટ દ્વારા થતી ડિજિટલ સેવાઓનો વપરાશ કરતા થયા છે.

ડિજિટલ માર્કેટિંગ એ કોઇપણ પ્રોડક્ટ અથવા સર્વિસીસના માર્કેટિંગ માટે મહત્ત્વનો સ્રોત છે. જેમાં ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે અને ઇન્ટરનેટ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, પરંતુ સાથે સાથે મોબાઇલ ફોન, ડીસ્પ્લે જાહેરાતો, અને અન્ય ડિજિટલ માધ્યમોનું પણ એટલુ જ યોગદાન છે. ૧૯૯૦ અને ૨૦૦૦ ના દાયકાથી જેમ જેમ ડિજિટલ માર્કેટિંગનો વિકાસ થયો છે તેમ તેમ બ્રાન્ડ અને વ્યવસાયોએ પણ તેમના માર્કેટિંગ માટે ડિજિટલ માર્કેટિંગની વિશિષ્ટ ટેકનિકનો ઉપયોગ અમલમાં મૂક્યો છે. દિવસે ને દિવસે ડિજિટલ પ્લેટફોર્મ્સનો ઉપયોગ વધવાને કારણે લોકો દ્વારા ડિજિટલ ઉપકરણોનો ઉપયોગ પણ વધ્યો છે અને લોકો ખરીદી માટે પણ માર્કેટમાં ફરવાની જગ્યાએ આવાં ઉપકરણોનો ઉપયોગ કરતા થયા છે તેથી ડિજિટલ માર્કેટિંગ પણ વધારે પ્રચલિત થતું ગયું છે.

ડિજિટલ માર્કેટિંગ પ્રવૃત્તિઓમાં સર્ચ એન્જિન ઓપ્ટિમાઇઝેશન (એસઇઓ), સર્ચ એન્જિન માર્કેટિંગ (એસઇએમ), કન્ટેન્ટ માર્કેટિંગ, પ્રભાવશાળી માર્કેટિંગ, કન્ટેન્ટ ઓટોમેશન, કેમ્પેઇન માર્કેટિંગ, ઇ-કોમર્સ માર્કેટિંગ, સોશિયલ મીડિયા માર્કેટિંગ, સોશિયલ મીડિયા ઓપ્ટિમાઇઝેશન, ડાયરેક્ટ ઇ-મેલ માર્કેટિંગ, ડિસ્પલે એડવર્ટાઇઝિંગ, ઇ-બુક, ઓપ્ટિકલ ડિસ્ક્સ અને ગેમ્સ તથા ડિજિટલ મીડિયાના અન્ય કોઇપણ સ્વરૂપોનો સમાવેશ થાય છે. મોબાઇલ ફોન્સ(એસએમએસ અને એમએમએસ), કૉલબૅક અને ઑન-હોલ્ડ મોબાઇલ રિંગ ટોન જેવાં બિન-ઇન્ટરનેટ ઉપકરણોમાં પણ વિસ્તરી રહ્યું છે જે ડિજિટલ મીડિયાનો ઉપયોગ કરે છે.

શા માટે ડિજિટલ માર્કેટિંગ જરૂરી છે?

- વિશ્વની કુલ ૬૦% વસતી ઑનલાઇન છે અને તેથી કોઇ આશ્ચર્ય નથી કે મોટાભાગની કંપનીઓએ તેમના માર્કેટિંગ પ્રયાસ માટે ડિજિટલ સ્થાનને અપનાવ્યું છે.
- છેલ્લાં ૫ વર્ષોમાં, માર્કેટિંગ બજેટની ડિજિટલ સ્પેસમાં વિકાસ થયો છે. આ સંજોગોમાં ગુણવત્તાયુક્ત ડિજિટલ માર્કેટિંગ વ્યાવસાયિકોની અચાનક જરૂરિયાત ઊભી થઇ છે.
- પરંપરાગત માર્કેટિંગ કરતાં ડિજિટલ માર્કેટિંગ વધુ સસ્તું છે.
- ડિજિટલ માર્કેટિંગ એ ન્યૂ માર્કેટિંગ ટ્રેન્ડ્સનું ભાવિ છે જે સીધા જ યોગ્ય પ્રેક્ષકો સાથે જોડાય છે, વિશ્વભરમાં ગમે ત્યાં યોગ્ય સમયે યોગ્ય સંદેશ પહોંચાડે છે.
- ડિજિટલ માર્કેટિંગ એ અધિકારીઓ માટે લઘુતમ ખર્ચે યોગ્ય લક્ષ્ય જૂથને તેમની તકોનું પ્રદર્શન કરવા માટે એક સરસ રીત છે.
- ડિજિટલ માર્કેટિંગ એ નવા ઉદ્યોગ સાહસિકો માટે લઘુતમ ખર્ચે ટાર્ગેટેડ ઓડિયન્સ સુધી પહોંચવાનો ઉત્તમ ઉપાય છે.
- સારી ડિજિટલ માર્કેટિંગ વ્યૂહરચનાને અમલમાં મૂકવા માટે તેની સાથે સંકળાયેલા કોન્સેપ્ટ્સનું વ્યાપક જ્ઞાન જરૂરી છે.

સી-ડેક દ્વારા ડિજિટલ માર્કેટિંગનો ડિપ્લોમા લેવલનો કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ૬ માસ સુધી થીયરી અને પ્રેક્ટિકલની ટ્રેનિંગ આપવામા આવે છે. તાલીમ પૂર્ણ થયા બાદ સી-ડેક દ્વારા પરીક્ષા લેવામાં આવે છે અને પાસ થયેલ વિદ્યાર્થીને સર્ટિફિકેટ એનાયત કવામાં આવે છે. સી-ડેક ના સર્ટિફિકેટની આંતરરાષ્ટ્રીય સ્તરે માંગ ઘણી સારી છે જેથી દેશ કે વિદેશમાં નોકરી મેળવવાની તક ઘણી વધી જાય છે. તેમજ સી-ડેકના ઓથોરાઇઝ્ડ ટ્રેનિંગ સેન્ટર દ્વારા પણ ઘણી વખત પ્લેસમેન્ટ આપવામાં આવતું હોય છે. આ કોર્સમાં નીચે જણાવેલ વિષયનો અભ્યાસ કરાવવામાં આવે છે.

DIPLOMA IN DIGITAL MARKETING (DDM)

Course Contents

- Introduction to Digital Marketing
- Search Engine Optimization
- Fundamentals of Search
- Advanced Search Engine Marketing
- Advanced Digital Display Marketing (Paid Advertising)
- Social Media Marketing
- Mobile Marketing
- Email Marketing
- Digital Analysis
- Internship Program in Android

ડિજિટલ માર્કેટિંગ નોકરી વિષયક ભરતી અને કારકિર્દીની ઉજ્જવળ તકોનો મહાસાગર ઊભો કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

આ ઉપરાંત સી-ડેક દ્વારા "CCC"ના કોર્સની તાલીમ પણ આપવામાં આવે છે. ગુજરાત સરકારની ભરતી સમયે સી-ડેક નું "CCC"નું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવે છે, આ ઉપરાંત સી-ડેક દ્વારા Tally ERP9 with GST, ગ્રાફિક્સ, એકાઉન્ટિંગ, મલ્ટીમીડિયા એનિમેશન, વેબ ડિઝાઇનિંગ, હાર્ડવેર નેટવર્કિંગ અને પ્રોગ્રામિંગના કોર્સની તાલીમ પણ આપવામાં આવે છે.

સી-ડેક PACE પ્રોગ્રામ અંતર્ગત ચાલતા માન્યતા પ્રાપ્ત સેન્ટરો ગુજરાતના બધા જ જિલ્લા અને તાલુકામાં ચાલે છે. જેની વધુ માહિતી મેળવવા માટે નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો.

૪૦૨, સમાન કોમ્પલેક્ષ, સત્યમ મોલની સામે,
કામેશ્વર સ્કૂલ નજીક, સેટેલાઇટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫
મો-૯૮૨૪૦૨૫૭૪૫

૬ નીટ એટલે "નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રસ ટેસ્ટ"

– એસ. આર. વિજયવર્ગીય

NATIONAL ELIGIBILITY CUM ENTERANCE TEST "NEET" તરીકે ઓળખાય છે. જે રાષ્ટ્રીય સ્તરે યોજવામાં આવે છે, આ પરીક્ષા ૨૦૧૨થી અંડર ગ્રેજ્યુએટ માટે શરૂ કરવામાં આવી હતી જેનો આંધ્રપ્રદેશ, કર્ણાટક, વેસ્ટ બંગાળ, અને તમિલનાડુ દ્વારા ભાષાના કારણે તેમજ જે અભ્યાસક્રમ મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા પ્રપોઝ કરવામાં આવ્યો છે. તે પ્રમાણે સિલેબસ ઈંગ્લિશ અથવા હિન્દીમાં જ પરીક્ષા આપી શકાતી હતી. જે વિવિધ રાજ્ય સરકારોના વિરોધ બાદ વર્ષ ૨૦૧૬થી અંગ્રેજી, હિન્દી ઉપરાંત વર્ષ ૨૦૧૭થી આ પરીક્ષાનું માધ્યમ તમિલ, તેલુગુ, મરાઠી, બંગાળી, આસામી અને ગુજરાતી ભાષા ઉપરાંત કન્નડ અને ઉડિયામાં પરીક્ષા આપી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ઓલ ઈન્ડિયા મેરિટ લીસ્ટ અંડર ગ્રેજ્યુએટનું લીસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં થયેલ પિટિશન અન્વયે મેરિટ લીસ્ટ અને વેઈટિંગ લીસ્ટ ૨૦૧૩માં ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યું હતું. ૧૧ એપ્રિલ ૨૦૧૬માં ૫ જજોની બંધારણીય બેન્ચે ઓલ ઈન્ડિયા મેડિકલ કાઉન્સિલ અને ભારત સરકારને કોમન એન્ટ્રેસ ટેસ્ટ લેવા અંગે સૂચવ્યું હતું.

ઓલ ઈન્ડિયા પ્રિ મેડિકલ ટેસ્ટ (AIPMT) ને NEETના પહેલા ભાગ તરીકે સ્વીકારવામાં આવી હતી. આમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ઝુઓલોજી, બોટનીના પ્રશ્નપત્રો ઉપર દરેક સેક્શનમાં ૪૫ પ્રશ્નો રાખવામાં આવ્યા હતા અને સાચા ઉત્તરના ૧ પ્રશ્નના ચાર માર્ક્સ અને ખોટા જવાબ માટે ૧ માર્કસ કટ કરવાનું મૂલ્યાંકન કરવા સૂચવ્યું હતું. જે પ્રશ્નનો જવાબ ન આપ્યો હોય તેના કોઈ માર્ક્સ કપાશે નહિ તેવી પદ્ધતિ હેઠળ NEETની શરૂઆત કરવામાં આવી હતી.

NEET-૨૦૨૦ની પરામર્શ એક ઓનલાઈન પ્રક્રિયા છે અને તે બે રાઉન્ડમાં લેવામાં આવશે. નીટ ૨૦૨૦ પરામર્શનું સમયપત્ર બહાર પાડવામાં આવશે. પરામર્શના બીજા રાઉન્ડ પછી ખાલી રહેલી બેઠકો મોપ-અપ રાઉન્ડમાં ભરાશે. NEET પરામર્શનો છેલ્લો રાઉન્ડ અથવા મોપ-રાઉન્ડ ઓફ લાઈન લેવામાં આવે છે.

આવો, નીટની વિગતવાર માહિતી જાણીએ

વ્યવસાયિક અંડરગ્રેજ્યુએટ મેડિકલ શૈક્ષણિક અભ્યાસક્રમો માટે પ્રવેશ સમિતિ દ્વારા નીટ કાઉન્સલિંગ ૨૦૨૦ હાથ ધરવામાં આવશે. નીટ ૨૦૨૦ની પરામર્શથી અન્ય રાજ્યના ઉમેદવારોને આ રાજ્યમાં યુનિવર્સિટીઓ દ્વારા આપવામાં આવતા અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવાની તક મળશે. આ પરામર્શ ઉમેદવારો દ્વારા રાષ્ટ્રીય પાત્રતા કમ પ્રવેશ પરીક્ષણ (NEET ૨૦૨૦)માં મેળવેલા રેન્કના આધારે થશે.

મેડિકલ / ડેન્ટલ કોર્સમાં સરકારી, મેનેજમેન્ટ અને એનઆરઆઈ બેઠકોમાં પ્રવેશ માટે કાઉન્સલિંગ કરવામાં આવશે. એમબીબીએસ / બીડીએસ / બીએએમએસ / બીએચએમએસ અભ્યાસક્રમોમાં પ્રવેશ કેન્દ્રીયકૃત સિંગલ વિંડો સ્ટેટ કોમન કાઉન્સલિંગ દ્વારા આપવામાં આવશે. બિન-સરકારી કોલેજો તેમના પ્રતિનિધિને પરામર્શ સ્થળ પર મોકલશે.

પરામર્શના ૨ રાઉન્ડ થશે. પરામર્શ પ્રવેશ સમિતિ

દ્વારા કરવામાં આવશે અને જો બેઠકો કાઉન્સિલિંગના ૨ રાઉન્ડ બાદ બાકી હોય તો બેઠક સમિતિ દ્વારા બનાવવામાં આવેલા મેરિટ લિસ્ટના આધારે ભરવામાં આવશે. ઉમેદવારોએ એમબીબીએસ / બીડીએસ કોર્સમાં પ્રવેશ માટે પાત્ર થવા માટે બોર્ડ, સીબીએસઇ અને આઈસીએસઈ બોર્ડમાંથી પીસીબી અને પીસીએમબી વિષયો સાથે ૧૨ મા ધોરણની પરીક્ષા ક્લીઅર કરવાની રહેશે.

NEET **પરામર્શ ૨૦૨૦ દ્વારા પ્રશિક્ષિત અભ્યાસક્રમો**

- બેચલર ઓફ મેડિસિન અને બેચલર ઓફ સર્જરી (MBBS)
- ડેન્ટલ સર્જરી સ્નાતક (બીડીએસ)
- આયુર્વેદ, મેડિસિન અને સર્જરી (બીએએમએસ) ના સ્નાતક
- હોમિયોપેથિક મેડિસિન અને સર્જરી (બીએચએમએસ) ના સ્નાતક
- ફિઝિયોથેરાપી સ્નાતક (બીપીટી)
- નર્સિંગમાં વિજ્ઞાન સ્નાતક (બી.એસસી.નર્સિંગ)
- ઓર્થોટિક્સ અને પ્રોસ્થેટિક્સ (બી.ઓ.પી.) ના સ્નાતક
- ઓપ્ટોમેટ્રી (BO)
- ઓક્યુપેશનલ થેરેપી (BOT)ની સ્નાતક
- નેચરોપથીના સ્નાતક (બીએનએટી)
- બેચલર ઓડિઓલોજી અને સ્પીચ-લેંગ્વેજ પેથોલોજી (બીએએસએલપી)

NEET **પરામર્શ માટે વર્ષ ૨૦૨૦ની મહત્ત્વપૂર્ણ તારીખો માટે સરકાર દ્વારા વર્તમાનપત્રો અને વેબસાઈટ ઉપર અપાતી વિગતો જોતા રહેવું.**

નીટ કાઉન્સેલિંગ ૨૦૨૦ માટેની પસંદગી અને પ્રવેશ પ્રક્રિયા

- **પિન મેળવો :** ઉમેદવારોએ ફી ભરવા અને અરજી ફોર્મનો પિન મેળવવા માટે એક્સિસ બેંક શાખામાં જવાની જરૂર છે. પિન registration ઓનલાઈન નોંધણી માટે છે અને તે કામના સમય દરમિયાન સત્તા દ્વારા માન્ય એક્સિસ બેંકની શાખાઓ પર ઉપલબ્ધ છે.
- **ઓનલાઈન નોંધણી :** એકવાર ઉમેદવારના પિન આવે, ત્યારે તેમણે રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલું અરજી ફોર્મ ભરવું પડશે. રાજ્ય ક્વોટા પરામર્શમાં ભાગ લેવા, ઉમેદવારોએ ઓનલાઈન મોડ દ્વારા અરજી ફોર્મ ભરવું આવશ્યક છે.
- **ચોઈસ ફિલિંગ :** નોંધણી સમયે ઉમેદવારોએ college કોલેજની પસંદગીઓ અને અભ્યાસક્રમો ભરવાના હોય છે, તેઓ બેઠક મેળવવાની તકો વધારવા માટે ઘણી પસંદગીઓ ભરી શકે છે. ઉમેદવારોને અરજીપત્રક અને ભરેલી પસંદગીઓનું પ્રિન્ટઆઉટ લેવાની સલાહ આપવામાં આવે છે.
- **દસ્તાવેજ ચકાસણી :** ફોર્મ ભર્યા પછી ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે સહાય કેન્દ્ર પર બોલાવવામાં આવશે. ઉમેદવારના દસ્તાવેજોની સત્તા દ્વારા ચકાસણી કરવામાં આવશે. જો કોઈ દસ્તાવેજો ખોટા જોવા મળે છે તો ઉમેદવારનું પ્રવેશ રદ કરવામાં આવશે.
- **મેરિટ લિસ્ટ :** એકવાર દસ્તાવેજોની ચકાસણી થઈ જાય પછી પ્રવેશ માટે અરજી કરનારા ઉમેદવારો માટે ઓથોરિટી દ્વારા મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે. મેરિટ લિસ્ટ, ઉમેદવારની NEETમાં ક્વોલિફાઇ થયેલ, ઓલ ઇન્ડિયા ઓવરઓલ રેન્કના આધારે તૈયાર કરવામાં આવે છે.
- **અંતિમ બેઠક ફાળવણી :** ઓથોરિટી વેબસાઇટ પર સીટ ફાળવણીની સૂચના પ્રકાશિત કરાશે. આ બેઠક ઉમેદવારોને ઓલ ઈન્ડિયા મેરિટ, કેટેગરી અને સીટ ઉપલબ્ધતાના આધારે ફાળવવામાં આવશે.
- **રિપોર્ટિંગ :** જેમને બેઠક મળે છે, તેઓએ તેમના પ્રવેશની પુષ્ટિ કરવા માટે ફાળવેલી કોલેજમાં જાણ કરવાની રહેશે. સંબંધિત કોલેજમાં ટ્યૂશન ફી ચૂકવવા પર પ્રવેશની પુષ્ટિ કરવામાં આવશે. જો ઉમેદવાર નિર્ધારિત સમયગાળામાં ફી ચૂકવવામાં નિષ્ફળ જાય, તો ઉમેદવારને ફાળવવામાં આવેલી બેઠકો સત્તા દ્વારા રદ કરવામાં આવશે.

મદદનીશ નિયામક, રોજગાર
અમદાવાદ

૭ વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસની ઉજ્જવળ તકો

– એસ. આર. વિજયવર્ગીય

ગુજરાત સરકારના શ્રમ રોજગાર વિભાગ દ્વારા ઓવરસીસ એજ્યુકેશન સેન્ટર હેઠળ ૪ ઝોનમાં વહેચાયેલું છે.(૧) અમદાવાદ,(૨) બરોડા,(૩) રાજકોટ,(૪) સુરત ઝોનમાં ઓવરસીસ એમ્પ્લોયમેન્ટ અને કરિયર ઈન્ફોર્મેશન સેન્ટર જે નિયામક શ્રી રોજગાર અને તાલીમ, શ્રમ રોજગાર વિભાગ ગુજરાત સરકાર દ્વારા કાર્યરત છે.

વિદેશમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના લોકો જવાની ઈચ્છા ધરાવે છે. એક છે વિદ્યાભ્યાસ કરીને વિદેશમાં સ્થાયી થવા માંગતા વિદ્યાર્થીઓ, સીધા પી.આર. પ્રક્રિયા દ્વારા વિદેશમાં સેટલ થવા માંગતા નાગરિકો અને બિઝનેસના ઈરાદા માટે ઈન્ટરકોન્ટિનલ ટ્રાવેલિંગ કરતા બિઝનેસ એક્ઝિક્યુટિવ. આ ત્રણેય બાબતો માટે સમગ્ર દુનિયામાં લોકપ્રિય દેશો છે યુ.કે., સિંગાપુર, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને યુ.એસ.એ. વિદેશમાં અભ્યાસ અને વસવાટ કરવા માટે દેશના ઘણા વિદ્યાર્થીઓ ઉત્સુક હોય છે. જો કે વિદેશમાં અભ્યાસ કરવા જવું આટલું નક્કી કરી લેવું પૂરતું નથી. વિદેશમાં કયો દેશ, કઈ યુનિવર્સિટી અને કયા બિઝનેસ સ્ટ્રીમમાં જોડાવું તેનું વિશ્લેષણ જરૂરી છે. અલગ અલગ દેશમાં અભ્યાસ કરવાની અને સ્થાયી થવાની ફી પણ અલગ અલગ હોય છે. આ ફી માટેના રૂલ્સ અને રેગ્યુલેશન પણ અલગ હોય છે. જે તે દેશની ફોરેન એમ્બસીમાં બીજા દેશના નાગરિકોને પ્રવેશવા દેવા માટેના ક્રાયટેરિયાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. વિદેશમાં અભ્યાસ કરતાં-કરતાં વિદ્યાર્થી નાની ઉમરમાં કમાતો પણ થઈ જાય છે. જેથી તે જીવનમાં નાની ઉમરે જલ્દીથી સેટલ પણ થઈ શકે છે.

વિદેશમાં અભ્યાસ કરવા માટે આજના યુગમાં મુંઝવતા પ્રશ્નો ઘણા છે.

● **પાસપોર્ટ એટલે શું ?**

પાસપોર્ટ એ એક મુસાફરી દસ્તાવેજ છે, જે સામાન્ય રીતે દેશની સરકાર તેના નાગરિકોને જારી કરે છે, જે આંતરરાષ્ટ્રીય મુસાફરીના હેતુસર તેના ધારકની ઓળખ અને રાષ્ટ્રીયતાને પ્રમાણિત કરે છે.

● **પાસપોર્ટ કઢાવવા માટે શું કરવું?**

પગલું ૧: પાસપોર્ટ સેવા લોગ ઈન.

● પાસપોર્ટ સેવાની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લો WWW.PASSPORTINDIA.GOV.IN અને 'અરજી કરો' વિભાગ પર ક્લિક કરો.

● જો તમે હાલના વપરાશકર્તા છો, તો તમે વપરાશકર્તા ID અને પાસવર્ડનો ઉપયોગ કરીને લોગ ઈન કરી શકો છો.

● જો તમે પ્રથમ વખતના વપરાશકર્તા છો, તો તમારે રજિસ્ટર કરીને એકાઉન્ટ બનાવવું પડશે. રજિસ્ટર કરવા માટે નીચે આપેલાં પગલાંને અનુસરોઃ

● REGISTER NOW પર ક્લિક કરો.

● લોગ ઈન આઈ ડી અને પાસવર્ડ દાખલ કરો. કેપ્ચા કોડ દાખલ કરો અને 'નોંધણી' પર ક્લિક કરો.

● **એપ્લિકેશનના પ્રકાર પસંદ કરો**

● લોગ ઈન કર્યા પછી, તમારે પૂરા પાડવામાં આવેલા વિકલ્પોમાંથી સંબંધિત સેવા પસંદ કરવી પડશે. તમે આ માટે અરજી કરવાનું પસંદ કરી શકો છોઃ

- તાજા પાસપોર્ટ / પાસપોર્ટ ફરીથી કઢાવો
- રાજદ્વારી પાસપોર્ટ / સત્તાવાર પાસપોર્ટ
- પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (પીસીસી)
- ઓળખ પ્રમાણપત્ર

● **એપ્લિકેશન ફોર્મ ભરવું**

● **એપોઇન્ટમેન્ટનું શેડ્યુલ, પે અને એપોઇન્ટમેન્ટ બુક કરો**

● વિદેશમાં અભ્યાસ કરવા માટે કેમ જવું ?

મોટા ભાગના યુવાનો વિદેશી હુંડિયામણ કમાવાના હેતુથી વિદેશ જવાનું વિચારે છે. વિદેશમાં અભ્યાસ કરવાથી નોકરી સરળતાથી મળે છે એવું નથી પરંતુ જે તે દેશમાં રોજગારી હેતુથી સ્થાયી થવામાં ત્યાં મળેલું શિક્ષણ ઉપયોગી થાય છે. ભારતની ડિગ્રી વિદેશમાં બહુ ઉપયોગી થતી નથી. તેથી આજનો યુવા ધોરણ ૧૨ પછી ગ્રેજ્યુએટ થવા વિદેશ અભ્યાસ કરવા પ્રેરાય છે. પરંતુ ધોરણ ૧૨માં અભ્યાસ કરતો યુવાન માનસિક રીતે અને શારીરિક રીતે પરિપક્વ ન હોવાના કારણે વાલીને વિદેશની ધરતી પર મોકલવા માટે ખચકાટ થાય છે. તેથી મોટાભાગના યુવાનો ગ્રેજ્યુએશન કરીને વિદેશ જવાનું વિચારતા હોય છે.

- સામાન્ય રીતે એજ્યુકેશનના વિઝા મેળવવામાં સરળતા રહે છે.

ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, યુ.કે, યુ.એસ.એ. જેવા દેશોમાં અભ્યાસ માટે IELTSની પરીક્ષા અગત્યની હોય છે. ઈમિગ્રેશન માટે ભાષા બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદેશમાં અભ્યાસ કરવાથી વિદેશમાં સેલ્ફ-એમ્પ્લોયમેન્ટ, ઈન્વેસ્ટર વિઝા, તેમજ ત્યાંની ડિગ્રી મેળવ્યા પછી તે જ દેશમાં રોજગારના અવસર મેળવવા ઉપરાંત દર અઠવાડિયે ૨૦ કલાક યુવાનોને રોજગાર કરવાની છૂટ હોય છે.તેથી પાર્ટ-ટાઈમ જોબ કરીને ઉચ્ચ અભ્યાસની ફીનો ખર્ચ યુવાનો જે તે દેશમાં અનુભવ મેળવી અભ્યાસનું આર્થિક ભારણ ઘટાડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

વિદેશમાં અભ્યાસ કરવા માટે જુદી જુદી કેટેગરીમાં IELTS ઉપરાંત, TOEFL, GRE, GMAT, SAT અને PTEની પરીક્ષા ઉત્તીર્ણ કરવાની જરૂર જણાય છે. અંગ્રેજી ભાષાની ૬ થી વધુ બેન્ડ વાળા યુવાનોને સારી યુનિવર્સિટીમાં એજ્યુકેશન માટે પ્રવેશ મળતો હોય છે.

ગુજરાતના યુવાનો વિદેશમાં અભ્યાસ કરવા ઉપરાંત કૌશલ્યને આધીન નાણાકીય ઉપાર્જન કરવાની ગજબની શક્તિ ધરાવે છે. તેથી જ USAમાં NEW JERSEY, WEMBLEY, CALIFORNIA, જેવાં શહેરોમાં આપણે ગુજરાતમાં ફરતા હોય તેવું લાગે છે.

કેનેડા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, એજ્યુકેશન માટે મોખરે છે. કારણકે ત્યાં સરળતાથી એજ્યુકેશનના બીજા વિઝા મળી રહે છે.

● વિદેશમાં અભ્યાસ કરવા માટે કઈ કઈ માનસિક તૈયારી કરવી જોઈએ ?

(અ) વિદેશમાં જુદા-જુદા વિષય માટે અલગ-અલગ યુનિવર્સિટીઓ પ્રખ્યાત છે જેમ કે કાયદાશાસ્ત્ર અને બિઝનેસ મેનેજમેન્ટ માટે લંડન મોખરે છે. કમ્પ્યૂટર માટે યુ.એસ.એ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને આયર્લેન્ડ મોખરે છે. કૃષિ અને હોસ્પિટાલિટી માટે ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ઉચિત દેશો છે. ઓટોમોબાઈલ માટે જર્મની અને જાપાન, હેલ્થ સાયન્સ માટે યુએસએ અને કેનેડા જાણીતા દેશો છે. આ દર્શાવેલ દેશોમાં સામાન્ય રીતે ભારત દેશના લોકો ઓછામાં ઓછું ૧૨ પાસ કે ડિપ્લોમા પાસ કર્યા પછી બેચલર ડિગ્રી કરવા માટે વિદેશ અભ્યાસ અર્થે જતા હોય છે.

(બ) જે યુવાનોએ ભારતીય બેચલર ડિગ્રી પ્રાપ્ત કરી હોય તેવો માસ્ટર ડિગ્રી માટે વિદેશમાં જઈ ટેકનોલોજી અને ત્યાંની શૈક્ષણિક સવલતોને આધીન પોતાની કારકિર્દી ઘડતર કરતા હોય છે. તેથી શહેર દેશની પસંદગી તેમજ યુનિવર્સિટી પસંદગી અતિ મહત્ત્વની ગણાય છે. વિદેશમાં અભ્યાસ કરવા માટે ફાઈનાન્સિયલ સ્ટેટસ મહત્ત્વનું છે. મધ્યમવર્ગના પરિવારના લોકો ૧૦ થી ૧૫ લાખ રૂપિયા ખર્ચ માટે બેંકની લોન લેવાનું વિચારતા હોય છે .પરંતુ આવી લોન સરળતાથી મળતી નથી તેથી ગુજરાત સરકાર વિદેશ અભ્યાસ માટે બિન અનામત લોકો માટે પંદર લાખ રૂપિયા સુધીની લોન આપે છે.

બિનઅનામત વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે ૧૫ લાખ અને દેશમાં ૧૦ લાખની લોન યોજના

ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા બિનઅનામત જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ અને ધંધો-રોજગાર કરવા માંગતા લોકો માટે વિવિધ યોજનાઓ લોન અને સહાય સાથે જાહેર કરાઈ છે. વિદ્યાર્થીઓને સૌથી વધુ ૧૫ લાખ રૂપિયાની લોન ધોરણ-૧૨ પછી વિદેશમાં અભ્યાસ કરવા માટે જવું હોય તો આપવાની મહત્ત્વની જાહેરાત કરાઈ છે. તે માટે વાર્ષિક આવક મર્યાદા પણ ૬ લાખ રૂપિયા સુધીની રાખવામાં આવી છે. બિનઅનામત વિદ્યાર્થી અને તેમના કુટુંબને સેલ્ફ ફાઈનાન્સમાં ઉચ્ચ અભ્યાસક્રમનો પણ મોટો આર્થિક બોજો પડતો હોય, તેને ધ્યાનમાં રાખીને મેડિકલ/ઈજનેરી વગેરેમાં ૧૦ લાખ સુધીની ટ્યૂશન ફીની લોન ચાર ટકાના સાદા વ્યાજ દરે આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

શૈક્ષણિક યોજનાઓની પાત્રતા અને ધિરાણના માપદંડ નક્કી કરાયા છે. જેમાં પાંચ લાખ સુધીની કુલ લોનના

કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યાના એક વર્ષ પછી પાંચ વર્ષના એક સરખા માસિક હપ્તા ભરવાના રહેશે. જ્યારે નાના વ્યવસાય લોન મેળવવાના ત્રણ માસ પછી પાંચ વર્ષના એક સરખા હપ્તામાં લોનની વસૂલાત કરવાની રહેશે.

શૈક્ષણિક અને સ્વરોજગારલક્ષી યોજનાની કુલ રકમ ૭.૫૦ લાખ રૂપિયા કે તેથી ઓછી હોય તો તેટલી રકમ ભરી શકે તેવા બે સદ્ધર જામીનનું જામીનખત રજૂ કરવાનું રહેશે. તે સાથે ૭.૫૦ લાખથી વધુ હોય તો તે તેટલી રકમની પોતાના કે સગા-સંબંધીની સ્થાવર મિલકત નિગમની તરફેણમાં ગીરો કરવી પડશે. જે લોન ભરપાઈ થશે તેના નાણાં પહેલા વ્યાજ પેટે જમા ગણાશે તેમજ અગાઉથી પણ પરત ચૂકવણી થઈ શકશે.

તાજેતરમાં ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના વતની હોય તેવા બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓ/લાભાર્થીઓ માટે અગત્યની જાહેરાત કરવામાં આવી છે જે નીચે મુજબ છે.

ગુજરાત રાજ્યના વતની હોય તેવા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ/લાભાર્થીઓ માટે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ નીચે મુજબની સહાય/લોન યોજનાઓના અન્વયે અરજીઓ મંગાવવામાં આવે છે નીચેની યોજનાઓ માટે કુટુંબની વાર્ષિક આવક મર્યાદા અનુ. ૧ થી ૪ (સહાય માટે) રૂપિયા ૪.૫૦ લાખ અને અનુ. ૫ થી ૬ ની યોજનાઓ માટે રૂપિયા ૬ લાખની રાખવામાં આવી છે

ક્રમ	યોજનાનું નામ	સહાયનું ધોરણ	પાત્રતા
૧	ભોજન બીલ સહાય	માસિક રૂ. ૧૨૦૦ લેખે ૧૦ મહિના માટે	સ્નાતક કક્ષાના મેડિકલ, ડેન્ટલ, ટેકનિકલ, પેરા મેડિકલ જેવા અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા સરકારી-અનુદાનિત છાત્રાલય સિવાયનાં છાત્રાલયમાં રહીને ભણતા વિદ્યાર્થીઓ માટે
૨	ટ્યૂશન	વાર્ષિક રૂ. ૧૫૦૦૦ લેખે ૧૦ મહિના માટે	ધો.૧૦ માં ૭૦% થી વધુ હોય તેવા ધો.૧૧, ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે
૩	JEE, GUJCET, NEET પરીક્ષા માટે કોચિંગ સહાય	વાર્ષિક રૂ.૨૦૦૦૦	ધો.૧૦ માં ૭૦% થી વધુ હોય તેવા ધો.૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે
૪	સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય	રૂ.૨૦૦૦૦ સુધી	સરકારશ્રીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે
૫	શૈક્ષણિક અભ્યાસ યોજના (લોન) (ધો.૧૨ માં ૬૦% કે તેથી વધુ)	રૂ. ૧૦ લાખ સુધીની લોન (૪ ટકા વ્યાજ)	રાજ્યમાં ચાલતા મેડિકલ, ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, આયુર્વેદ, હોમિયોપેથી,વેટરીનરી અને ફિઝિયોથેરાપી જેવા સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે
૬	વિદેશ અભ્યાસ લોન (ધો.૧૨ માં ૬૦% કે તેથી વધુ)	રૂ. ૧૫ લાખ સુધીની લોન (૪ ટકા વ્યાજ)	ધો.૧૨ પછી MBBS માટે અનુસ્નાતક માટે (રિસર્ચ,ટેકનિકલ,પેરા મેડિકલ અને પ્રોફેશનલ પ્રકારના) વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે
૭	તબીબ, સ્નાતક, વકીલ, ટેકનિકલ સ્નાતક માટે બેંક ધિરાણ સામે વ્યાજ સહાય	બેંક પાસેથી લીધેલી ૧૦ લાખ સુધીની લોન પર ૫ ટકા વ્યાજ સહાય	તબીબ, સ્નાતક,વકીલ, ટેકનિકલ સ્નાતક થયેલ લાભાર્થીને પોતાનું કિલનિક, લેબોરેટરી, રેડિયોલોજી કિલનિક કે ઓફીસ ખોલવા.

લાભાર્થીઓને નિગમની વેબસાઈટ www.gueedc.gujarat.gov.in ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ત્યારબાદ લાભાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ કાઢીને અપલોડ કરેલા જરૂરી ડોક્યુમેન્ટની પ્રમાણિત કરેલ (નોટરી, આચાર્ય, ગેઝેટેડ અધિકારી દ્વારા) નકલો સાથે સંબંધિત જિલ્લાના જિલ્લા મેનેજરશ્રીની કચેરીમાં રૂબરૂ અથવા ટપાલ કે કુરિયરથી મોકલી આપવાની રહેશે જિલ્લા મેનેજરશ્રીની કચેરીના સરનામા વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

બિનઅનામત વર્ગમાં જુદી-જુદી સહાય અને લોન શૈક્ષણિક અને આર્થિક બિનઅનામત વર્ગના ઉમેદવારોને રાજ્ય સરકાર દ્વારા સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને નિર્ણયો લેવાની સત્તા અને સહાય આપવાની કામગીરી જિલ્લા સ્તરે સમાજ કલ્યાણ અધિકારીને આ કામગીરી સોંપવામાં આવી છે. સામાજિક ન્યાય અધિકારિતા વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાઓનો તાજેતરમાં એક મહત્ત્વનો નિર્ણય લઇ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને નિગમની સત્તા બિનઅનામત વર્ગના વિવિધ સમાજના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભોજન બિલ સહાય, ઉચ્ચ અભ્યાસ માટે કોચિંગની સહાય, JEE, GUJCET, NEET માટે કોચિંગ સહાય અને UPSC સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ સહાયની અરજીઓ મંજૂર કરવા માટેની સત્તાની વહેંચણી જે તે જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારીને સોંપવામાં આવી છે. જેથી લાભાર્થીઓએ ગાંધીનગર સુધી અરજી કરવા કે લાભ લેવા લાંબુ નહીં થવું પડે. જે ગુજરાતના યુવકો માટે લાભદાયક છે.

વિદેશમાં અભ્યાસ માટે ખૂબ જ તેજસ્વી યુવાનોને સ્કોલરશીપ આપતી સંસ્થાઓ.

- Fulbright-Nehru Fellowships
- Tata Scholarship
- Commonwealth Scholarship and Fellowship
- Vice Chancellor's International Scholarships
- Chevening Scholarships
- Inlaks Scholarship
- Erasmus Mundus Scholarships for International Students
- UBC International Leader of Tomrorow Award

વિદેશમાં અભ્યાસ બાદ રોજગારી ક્યાં મળી શકે છે?

વિદેશમાં અભ્યાસ બાદ યુવાન એક વર્ષથી ત્રણ વર્ષ સુધી આર્થિક ઉપાર્જન કરી શકે છે. ત્યાંની સ્થાનિક સરકાર પરવાનગી આપે તો વિદ્યાર્થી પોતાના ક્ષેત્રમાં ૧ વર્ષથી વધારે સમયનો અનુભવ મેળવ્યા બાદ સ્થાનિક અને દેશના નીતિ નિયમને આધીન PR (permenant resident) મેળવી શકે છે.

ભારત દેશમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ, ડૉ. બાબા સાહેબ આંબેડકર જેવા નામાંકિત વ્યક્તિઓ, મુકેશ અંબાણી, અનિલ અંબાણી, રતન તાતા જેવા અગ્રણી ઉદ્યોગપતિ વિદેશમાં અભ્યાસ કરી ભારત દેશમાં વિશ્વ કક્ષાના નામાંકિત વ્યક્તિ બન્યા છે.

આપણા દેશના જાણીતા એન્જિનિયર, વિજ્ઞાની, ડૉક્ટર, કલાકારો , ધારાશાસ્ત્રી, જાહેર જીવનની ઉચ્ચ હોદ્દા પર કાર્ય કરતી વ્યક્તિઓ વિદેશમાં અભ્યાસ કરીને વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે કારકિર્દીનું ઘડતર કરે છે. આપણા દેશનું શિક્ષણ સારું છે. પણ વિદેશમાં શિક્ષણ મેળવવાથી વિશ્વ કક્ષાની વૈશ્વિક માનસિકતા, કાર્યપ્રણાલી, અને આર્થિક ઉપાર્જનના સ્રોત ઉત્પન થાય છે. પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ બેરિસ્ટર ડિગ્રી લેવા લંડન ગયા હતા. સ્વામી વિવેકાનંદ વિદેશની ધરતી પર યુવા નેતા તરીકે વિદેશમાં તેમના વકતવ્ય દ્વારા ખ્યાતિ પામ્યા. વિદેશ વૈશ્વિક વાતાવરણના પરિણામે આપણા યુવાનોમાં જીવન માટેના દર્ષ્ટિકોણ અને અભિગમ બદલાય છે. વિદેશના યુવાનો ગુજરાતમાં યોગ, પ્રાણાયામ, અને ઉચ્ચ અભ્યાસ માટે આવે છે. પરંતુ વિકસિત દેશોની સરખામણીમાં ભારતને વિદેશ ટેકનોલોજી, ઉચ્ચ સ્કીલ, મેન પાવરની તાલીમ માટે અમેરિકા, ન્યુઝીલેન્ડ, યુકે, યુરોપ તથા ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં વિદેશી હુંડિયામણ ઉપરાંત વર્લ્ડ લીડર બનવા માટે સમયની સાથે ટેકનોલોજીના તાલે શિક્ષણ માટેની તાતી જરૂરિયાત છે. વિદેશમાં ઓટોમોબાઇલ, હેલ્થ સાયન્સ, એન્વાયરમેન્ટ, મેનેજમેન્ટ, સાયન્સ અને ટેકનોલોજી તથા કોમ્પ્યૂટર ટેકનોલોજીનો વિકાસ થયો છે. જેને પ્રાપ્ત કરીને આપણા દેશના યુવાનો માતૃભૂમિનું ઋણ અદા કરી શકે છે. સાથે સાથે વર્લ્ડ લેવલે ભારતનું નામ રોશન કરી શકે છે. તેથી જ વિદેશમાં અભ્યાસ માટે જવું જોઈએ.

ઈ/ચા મદદનીશ નિયામક (રોજગાર),
અમદાવાદ.

૮ શું તમે વિદેશમાં MBBS કરવાનું વિચારી રહ્યા છો?

– ચાંદની રાયઠઠ્ઠા

MCI SCREENING TEST

જે વિદ્યાર્થીઓ MBBSના અભ્યાસ માટે વિદેશ જવાની ઈચ્છા રાખે છે તેઓએ એ જાણવું જરૂરી છે કે જો તમે વિદેશથી MBBSની ડિગ્રી લઈને ભારતમાં આવશો તો પ્રેક્ટિસ કરવા માટે તમારે (MEDICAL COUNCIL OF INDIA) MCI SCREENING TEST, જે FOREIGN MEDICAL GRADUATES EXAMINATION (FMGE) તરીકે પણ ઓળખાય છે, પાસ કરવી ફરજિયાત છે.

સમસ્યા એ છે કે આ પરીક્ષાનું રિઝલ્ટ ફક્ત ૧૦-૨૦% જ આવે છે. વિદેશમાં MBBS થયેલા ૧૦૦૦ વિદ્યાર્થીઓમાંથી સરેરાશ ૧૦૦-૨૦૦ વિદ્યાર્થી પરીક્ષા પાસ કરી શકે છે; તો બાકીના વિદ્યાર્થીઓનું શું?

બીજી વખત પરીક્ષા આવે તેની રાહ જોવાની અને ફરીથી તે ટેસ્ટ આપવાની...!!!

તેથી જો તમે વિદેશમાં જ જે-તે દેશમાં પ્રેક્ટિસ કરવા ઈચ્છતા હો તો જ ત્યાં MBBS કરવાનો નિર્ણય લો. અહીં પરત થઈ ભારત દેશમાં તમારે કોઈ પણ જગ્યાએ પ્રેક્ટિસ કરવી હોય તો પહેલાં MCIની પરીક્ષા પાસ કરીને જ તમે તેનું લાઈસન્સ મેળવી શકશો.

નોંધ : ગુજરાત તથા સમગ્ર ભારતમાં હાલ તેવો કોઈ નિયમ નથી કે અહીં ભારતમાં MBBS પૂરું કરેલું હોય તે વિદ્યાર્થીએ પણ MCIની સ્ક્રીનિંગ ટેસ્ટ આપવી પડશે. ઘણાં લોકો તેવી વાત કરીને અહીંના વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરે છે કે હવે અહીં MBBS કરેલ વિદ્યાર્થીએ પણ તે પરીક્ષા આપવી જ પડશે; પણ હાલ તેઓ કોઈ નિયમ નથી અને તે લાગુ કરવામાં આવે તેની શક્યતા નહીવત છે. આ પ્રકારની વાત કરતી એજન્સી પાસે તેનો પુરાવો અથવા દસ્તાવેજ માંગવો જે સરકાર દ્વારા બહાર પડયો હોય.

તો પછી મેડિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ MBBSમાં એડમિશન ન મળે તો શું કરવું ?

એક વાતની ખાસ નોંધ લેવી કે વર્તમાન સમયમાં લોકો એલોપથીની દવાઓને (જે MBBS ડૉક્ટર આપે છે) ની જગ્યાએ હોમિયોપથી અને આયુર્વેદિક દવાઓ (જે અનુક્રમે BHMS અને BAMS ડૉક્ટર આપે છે) મહત્ત્વ આપવા લાગ્યા છે. જેથી મેડિકલ ક્ષેત્રમાં BHMS અને BAMSની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે.

ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સિવાયના બધા જ રાજ્યોમાં ૧૫% સીટ નિયમ મુજબ પસંદ કરેલ કોલેજમાં મેડિકલ કોર્સમાં એડમિશન માટે હોય છે. તો તમે NEETના માર્ક્સના આધાર પરથી ભારતભરમાં મેડિકલ કોલેજમાં ચાલતાં કોર્સમાં ભણી શકો છો.

All over India Medical Colleges Admission Website ->https://www.mcc.nic.in

Gujarat Medical Colleges Admission Website ->www.medadmgujarat.org

એ-૧૦૦૬, ટિટેનિયમ સિટી સેન્ટર,
સીમા હોલ સામે,
શ્યામલ ક્રોસ રોડ,
અમદાવાદ.
મો-૭૭૭૯૦૫૭૫૪૧

ધોરણ-૧૨ પછી કારકિર્દીના વિકલ્પો

ધો.૧૨ પછી યુવાઓને કારકિર્દીમાં નવો ચીલો ચાતરવાની એક તક મળે છે. જેના પર ભાવિ જીવનનો અને જીવનની સફળતાનો બહુ મોટો આધાર રહેલો છે. સ્વયંના સ્વપ્નો, લક્ષ્યો અને ક્ષમતા પ્રમાણે સામે ઉપલબ્ધ વિકલ્પોનું સમગ્રતયા અધ્યયન-મૂલ્યાંકન એ પણ એક પરીક્ષા છે. સંપૂર્ણ સજાગતા, સાવધાની અને સમજદારીપૂર્વક આગળ વધવાનું છે. વિદ્યાર્થીઓને તેમના જીવનના મહત્ત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશના સમયે તેમને ઉપયોગી એવી માહિતી આપવાનો અહીં નમ્ર પ્રયાસ કર્યો છે.

અનુક્રમણિકા

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૧	ધોરણ : ૧૨ સામાન્ય પ્રવાહ બાદ કારકિર્દીની તકો	– રાજેન્દ્ર ઉપાધ્યાય	૪૭
૨	પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે કારકિર્દીની તક	– દ્રોણિક શ્રીમાળી	૫૪
૩	ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી શું ?	– પી. આઇ. રબારી	૫૭
૪	ધો.-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ગુજરાત ખાતે ઉપલબ્ધ ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો	– પ્રો. (ડો.) રાજુલ ગજ્જર	૬૧
૫	એન્જિનિયરિંગ ડિગ્રી/ડિપ્લોમા અને ફાર્મસીના અભ્યાસક્રમનું કટ ઓફ લિસ્ટ	–	૬૪
૬	એન્જિનિયરિંગ એડ્મિશનની પ્રક્રિયા અને તેના નિયમો	– પ્રકાશભાઈ ગોકાણી	૮૨
૭	મેડિકલ અને પેરામેડિકલ	– જીતુભાઈ મહેતા	૮૯
૮	મેડિકલ અભ્યાસક્રમોનું કટ ઓફ લિસ્ટ	–	૯૬
૯	ફેશન ડિઝાઈનિંગ	– લીનાબહેન ચૌહાણ	૧૦૩

ક્રમ	વિષય	લેખક	પેજ નં.
૧૦	ધોરણ ૧૨ સાયન્સમાં ઓછા ટકા આવે તો....	– પી. આઇ. રબારી	૧૦૮
૧૧	માત્ર આયુર્વેદને સમર્પિત વિશ્વની સૌ પ્રથમ યુનિવર્સિટી : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી	– વૈદ્ય ધનંજય પટેલ	૧૧૧
૧૨	કૃષિ, પશુપાલન અને સમાજસેવા - પરંપરાગત ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિર્દી	– જીતુભાઈ મહેતા	૧૧૭
૧૩	હોટલ મેનેજમેન્ટ-કેટરિંગ-ટ્રાવેલ અને ટૂરિઝમ સેવા ક્ષેત્રે કારકિર્દીની સુવર્ણ તકો	– ધવલભાઈ ગોકાણી	૧૨૪
૧૪	ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના આગવા અભ્યાસક્રમો	– હિતેશ સંઘવી	૧૨૯
૧૫	રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં ચાલતા રોજગારલક્ષી અભ્યાસક્રમો	– પવન સોની	૧૩૩
૧૬	સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર શારીરિક શિક્ષણ અને રમત ક્ષેત્રે કારકિર્દીની તકો	– દીપ મહેતા	૧૩૭
૧૭	કામધેનુ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોની માહિતી	– એમ. જે. દવે	૧૪૨
૧૮	માર્કેટિંગની દિશા બદલતું ક્ષેત્ર અને એક સારો કરીઅર વિકલ્પ એટલે : Social Media	– કિશન જોષી	૧૪૮
૧૯	વૈશ્વિક કક્ષાએ શિક્ષક તરીકે પ્રસ્થાપિત થવાય તેવું પ્રશિક્ષણ આપતી સંસ્થા : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન	– પારસ જહા	૧૫૧
૨૦	બાળ ઘડતર ક્ષેત્રે નાવીન્યસભર અભ્યાસક્રમો ચલાવતી ચિલ્ડ્રન યુનિવર્સિટી	– હર્ષદ પ્ર. શાહ	૧૫૪
૨૧	પ્રોફેશનલ અભ્યાસક્રમો - ICWA/CA/CSમાં શ્રેષ્ઠ કારકિર્દી	– ડો. એચ. એલ. રાઠવા	૧૫૭
૨૨	વિજ્ઞાનીક તરીકેની શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર વૈશ્વિક સ્તરના વિજ્ઞાન શિક્ષણ-સંશોધનની શ્રેષ્ઠ સંસ્થા IISER	– નિસર્ગ દેસાઈ	૧૬૦
૨૩	કમ્પ્યૂટર સોફ્ટવેર ડેવલપમેન્ટમાં વિશાળ તકો	– વિકાસ વર્તુળ ટ્રસ્ટ	૧૬૨
૨૪	બાયો ટેકનોલોજી - નેનો ટેકનોલોજી	– વિકાસ વર્તુળ ટ્રસ્ટ	૧૬૫
૨૫	દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ (ડિસ્ટન્સ લર્નિંગ)	– તુષાર કરેલકર	૧૬૯
૨૬	રેલ વિશ્વવિદ્યાલયમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો	– પ્રશાંત કે. ત્રિવેદી	૧૭૫
૨૭	શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ	– રજિસ્ટ્રારશ્રી	૧૭૭
૨૮	જનસંપર્કના સંદર્ભે ગ્રામ વ્યવસ્થાપન ક્ષેત્રે રોજગારીના અવસરો	– ડો. પુનિતા હર્ણે	૧૮૦
૨૯	એનીમેશન–ગ્રાફિક્સ–ફિલ્મ–વીડિઓ એડિટિંગના કોર્સ અને કોલેજ	– ધવલ ગોકાણી	૧૮૩
૩૦	હોટેલ મેનેજમેન્ટમાં પણ કારકિર્દી બનાવી શકાય	– વિકાસ વર્તુળ ટ્રસ્ટ	૧૮૮
૩૧	જળ સામુદ્રિક વિજ્ઞાન (મરીન સાયન્સ) ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસની તકો	– રમેશચંદ્ર ભાયાણી	૧૯૩
૩૨	ક્રિએટિવ કરીઅર એટલે ગ્રાફિક્સ ડિઝાઈનિંગ	– કિશન જોષી	૧૯૭
૩૩	ફિલ્મ અને ડોક્યુમેન્ટરી મેકિંગ – ઉજ્જવળ ભવિષ્યની તકો	– યોગેશ પંડ્યા	૨૦૦
૩૪	TOP ENGINEERING COLLEGES ALL OVER INDIA	–	૨૦૩
૩૫	સપનું : સરકારી નોકરી	– જયેશ વાઘેલા	૨૦૮
૩૬	બોર્ડના પરિણામો બાદ મહત્ત્વની વેબસાઈટ્સ	–	૨૧૧
૩૭	અગત્યની વેબસાઈટ્સ	–	૨૧૨

૧ ધોરણ : ૧૨ સામાન્ય પ્રવાહ બાદ કારકિર્દીની તકો

– રાજેન્દ્ર ઉપાધ્યાય

ધોરણ : ૧૨ સામાન્ય પ્રવાહ બાદ ઘણા વિદ્યાર્થી મિત્રો 'હવે શું કરવું ?'ની મીઠી મુંઝવણ અનુભવતા હોય છે, આશા છે, કે આ લેખ તેમની મીઠી મુંઝવણનો ઉકેલ આપશે.

સૌ પ્રથમ તો ધોરણ : ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને I. વાણિજ્ય પ્રવાહ (કોમર્સ સ્ટ્રીમ)

II. વિનયન પ્રવાહ (આર્ટ્સ સ્ટ્રીમ) એમ મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચી શકાય. બન્ને પ્રકારના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના (ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો, ઈન્ટિગ્રેટેડ (પોસ્ટ ગ્રેજ્યુએશન / ડબલ ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો, ડિપ્લોમા અભ્યાસક્રમો, તેમજ સર્ટિફિકેટ અભ્યાસક્રમોના વિકલ્પો પ્રાપ્ત થતા હોય છે.

I. **વાણિજ્ય પ્રવાહ (કોમર્સ સ્ટ્રીમ) :**

ધોરણ : ૧૨ વાણિજ્ય પ્રવાહ (કોમર્સ સ્ટ્રીમ) બાદ પ્રાપ્ત થતા અભ્યાસક્રમોને નીચે મુજબ પેટા પ્રકારમાં વહેંચી શકાય.

A. સ્નાતક કક્ષાના (ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો

B. ઈન્ટિગ્રેટેડ (પોસ્ટ ગ્રેજ્યુએશન / ડબલ ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો

C. પ્રોફેશનલ / વ્યાવસાયિક અભ્યાસક્રમો

D. અન્ય પ્રકારના અભ્યાસક્રમો

(૧) ડિપ્લોમા અભ્યાસક્રમો

(૨) ITI ના રોજગારલક્ષી અભ્યાસક્રમો

(૩) સર્ટિફિકેટ અભ્યાસક્રમો

A. સ્નાતક કક્ષાના (ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો

૧. B.Com. (બેચલર ઓફ કોમર્સ) :

આ અભ્યાસક્રમ વાણિજ્ય / કોમર્સ સ્ટ્રીમનો સૌથી વધુ સંખ્યા ધરાવતો સૌથી વધુ લોકપ્રિય અભ્યાસક્રમ છે. આ અભ્યાસક્રમ કર્યા બાદ વાણિજ્ય / કોમર્સ સ્ટ્રીમની મોટાભાગની કારકિર્દીના વિકલ્પો ખુલ્લા રહે છે. સામાન્ય રીતે ૩ વર્ષની મુદત ધરાવતો આ અભ્યાસક્રમ ઓનર્સ (Hons.) ની પદવી સાથે કેટલીક યુનિવર્સિટીમાં ૪ વર્ષની મુદત પણ ધરાવે છે.

કોના માટે ઉપયોગી : ભવિષ્યમાં કે ગ્રેજ્યુએશનની સાથોસાથ C.A., C.S., C.M.A. કરવા ઈચ્છુક વિદ્યાર્થી માટે ★ બેન્ક, ઈન્સ્યોરન્સ, ફાઈનાન્સ, કોર્પોરેટ સેક્ટરમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવકો માટે ★ ગ્રેજ્યુએશન બાદ સ્પર્ધાત્મક પરીક્ષા આપીને સરકારી નોકરી કરવા ઈચ્છતા યુવકો માટે

સંપર્ક : પ્રણાલિકાગત અભ્યાસક્રમો ચલાવતી સરકારી તેમજ ખાનગી યુનિવર્સિટીઓની ગ્રાન્ટેડ તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો.

૨. B.B.A. (બેચલર ઓફ બિઝનેસ મેનેજમેન્ટ) :

આ અભ્યાસક્રમમાં ફાઈનાન્સ, માર્કેટિંગ, H.R., પ્રોડક્શન જેવા પ્રણાલિકાગત વિષયો ઉપરાંત બેન્કિંગ, ઈન્સ્યોરન્સ, ઈન્ટરનેશનલ માર્કેટિંગ, ટૂર્સ ટ્રાવેલ્સ, ઈન્ટરપ્રિનીયોરશીપ જેવા વિષયોનો સમાવેશ થાય છે.

કોના માટે ઉપયોગી : ભવિષ્યમાં M.B.A. કરવા ઈચ્છતા યુવકો માટે ★ કોર્પોરેટ હાઉસમાં રાજગારીની તકો મેળવવાની ઈચ્છા ધરાવનારાઓ માટે ★ ભવિષ્યમાં સ્વતંત્ર રોજગાર કરવા ઈચ્છતા યુવકો માટે ★ પોતાનો કૌટુંબિક ધંધો કરવા ઈચ્છૂકો માટે

સંપર્ક : ગુજરાત રાજ્યની સરકારી / ખાનગી યુનિવર્સિટીઓની કોલેજોમાં મેરિટને આધારે / પ્રવેશ પરીક્ષાના આધારે આ અભ્યાસક્રમમાં પ્રવેશ મળી શકે છે.

૩. B.C.A. (બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન) :

આ અભ્યાસક્રમ રોજગારલક્ષી હોવા ઉપરાંત આધુનિક જમાનાની માંગ ધરાવતો પણ છે.

કોના માટે ઉપયોગી : કમ્પ્યૂટર ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ★ કમ્પ્યૂટર ક્ષેત્રમાં રસ ધરાવનારાઓ માટે ★ ઝડપથી રોજગારી મેળવવા માટે

સંપર્ક : રાજ્યની ઘણી ખરી મોટી અને જાણીતી યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચલાવવામાં આવતો હોવાથી તેનો સંપર્ક કરવો.

૪. B.Sc. (I.T.) (બેચલર ઓફ સાયન્સ - ઈન્ફર્મેશન ટેક્નોલોજી) :

'ડિજિટલ ઈન્ડિયા' તેમજ 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા'ના આ યુગમાં આ અભ્યાસક્રમ મહત્ત્વનો બન્યો છે.

કોના માટે ઉપયોગી : ભવિષ્યમાં કમ્પ્યૂટર કે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે ★ હાર્ડવેર / સોફ્ટવેર/ એથીકલ હેકિંગ / સાઈબર ક્રાઈમ જેવા વિષયોમાં કારકિર્દી બનાવવા માટે.

સંપર્ક : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર ખાતે આવેલી કોલેજો વિવિધ યુનિવર્સિટીના ૫ વર્ષીય ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમમાં M.Sc. (C.A. & I.T.) ચલાવતી વિવિધ કોલેજો

૫. B.Sc. (યોગા) (બેચલર ઓફ સાયન્સ ઈન યોગા) :

આ પ્રકારનો અભ્યાસક્રમ કર્યા બાદ શાળા, કોલેજો, હોટલ – રિસોર્ટ, જીમ્નેશિયમ વગેરેમાં કામ મળી શકે છે. વિદેશોમાં યોગ નિષ્ણાતોની ખાસ્સી માંગ રહે છે.

કોના માટે ઉપયોગી : યોગમાં રસ ધરાવનારાઓ માટે ★ ભવિષ્યમાં યોગ શિક્ષક / ઈન્સ્ટ્રક્ટર /

કો-ઓર્ડિનેટર કે યોગ થેરાપીસ્ટ બનવા ઇચ્છૂકો માટે.

સંપર્ક : લકુલીશ યોગ યુનિવર્સિટી, છારોડી, એસ.જી.હાઈવે, અમદાવાદ ★ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ★ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ★ મહર્ષિ પતંજલિ ઈન્સ્ટિટ્યૂટ (MPIYNER)

૬. B.J.M.C. (બેચલર ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન) : અને

૭. B.A. (એડવાન્સ જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન) :

ઉપરોક્ત બન્ને અભ્યાસક્રમો મહદ્‌અંશે સરખુ મહત્ત્વ ધરાવે છે. આ અભ્યાસક્રમ કર્યા બાદ ઝડપથી રોજગારી મળવાની તક રહે છે. અહીં પ્રિન્ટ મીડીયા, ઈલેક્ટ્રોનિકમીડિયા, પબ્લિક રિલેશન્સ, વેબ પોર્ટલ વગેરે પેટા પ્રકારનો સમાવેશ થાય છે.

કોના માટે ઉપયોગી : રેડિયો, T.V., ન્યૂઝ પેપર્સ ડિજિટલ મીડિયામાં કામ કરવાની ઇચ્છા ધરાવનારાઓ માટે અને સર્જનાત્મકતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે.

સંપર્ક : પ્રેસિડેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ, શાયોના કેમ્પસ, R.C. ટેકનિકલ રોડ, ઘાટલોડિયા, અમદાવાદ. ★ નેશનલ ઈન્ટિટ્યૂટ ઓફ માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ (NIMCJ), ચોથોમાળ, શપથ -૧, રાજપથ કલબ સામે, એસ.જી. હાઈવે, અમદાવાદ (www.nimcj.org) ★ ઈન્ટિટ્યૂટ ઓફ જર્નાલિઝમ એન્ડ કમ્યુનિકેશન, કર્ણાવતી કલબની સામે, પ્રહલાદનગર, અમદાવાદ. ★ એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. ★ ઓરો યુનિવર્સિટી, સુરત.

★ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ★ ILSASS, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૮. B.R.S. (બેચલર ઓફ રૂરલ સ્ટડીઝ) : અને

૯. B.S.W. (બેચલર ઓફ સોશિયલ વર્ક):

સામાન્ય રીતે ગ્રામીણ કક્ષાએ કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ ઉપરોક્ત બન્ને પ્રકારના અભ્યાસક્રમોની પસંદગી કરતા હોય છે.

કોના માટે ઉપયોગી : ભવિષ્યમાં સમાજ સેવાનો વ્યવસાય કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે

★ NGO ના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઇચ્છુકો માટે ★ ગ્રામીણ જીવન જીવવામાં રસ ધરાવનારાઓ માટે

સંપર્ક : ગૂજરાત વિદ્યાપીઠ ★ ગુજરાત યુનિવર્સિટી ★ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

★ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ★ સરદાર પટેલ યુનિવર્સિટી (આણંદ) ★ ગ્રામ ભારતી વિદ્યાપીઠ ★ લોક ભારતી (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૧૦. B.B.A. (હોટલ મેનેજમેન્ટ) : અને

૧૧. B.Sc. (ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ મેનેજમેન્ટ) :

હોટલ મેનેજમેન્ટ તેમજ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ મેનેજમેન્ટના અભ્યાસક્રમોનું ભાવિ સરકારી નીતિ ઉપર આધારિત છે. ઘણા વિદ્યાર્થીઓ આવા અભ્યાસક્રમો તરફ ખેંચાઈ રહ્યા છે.

કોના માટે ઉપયોગી : ભવિષ્યમાં હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં રોજગારી મેળવવા ઇચ્છુકો માટે

★ ભવિષ્યમાં સ્વતંત્ર રીતે હોટલ કે ટૂર્સ ટ્રાવેલ્સનો વ્યવસાય કરવા ઇચ્છુકો માટે

સંપર્ક : IHM (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ) (JEE પાસ કરવી જરૂરી) ★ ધ તાજ ગ્રૂપની હોટલ્સ (IHM-A પાસ કરવી જરૂરી) ★

ઓબેરોય ગ્રૂપની હોટેલ્સ (STEP પાસ કરવી જરૂરી) ★ સીમ્બાયોસીસ (SET – GEN પાસ કરવી જરૂરી) ★ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. ★ ઓરો યુનિવરર્સિટી, સુરત. ★ રાય યુનિવર્સિટી, ધોળકા

૧૨. B.P.A. (બેચલર ઈન પરફોર્મિંગ આર્ટ્સ) અને

૧૩. B.Music (બેચલર ઈન મ્યુઝિક) :

ઉપરોક્ત બન્ને અભ્યાસક્રમો વિશેની જાણકારીના અભાવે કલાના નિષ્ણાત એવા ઘણા વિદ્યાર્થીઓ પરંપરાગત અભ્યાસક્રમો તરફ ખેંચાઈ જાય છે.

કોના માટે ઉપયોગી : ભવિષ્યમાં સંગીત, ગાયન, નૃત્ય, અભિનય જેવી કલાઓમાં કારકિર્દી બનાવવા માટે પરફોર્મિંગ આર્ટમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે

સંપર્ક : ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ, GIET કેમ્પસ, હેલ્મેટ ચાર રસ્તા પાસે અમદાવાદ (ગુજરાત યુનિવર્સિટી) ★ જે.જી.કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, અમદાવાદ ★ ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ, વડોદરા (એમ.એસ. યુનિવર્સિટી) ★ ધોળકિયા મ્યુઝિક કોલેજ, શિહોર, ભાવનગર યુનિવર્સિટી ★ અર્જુનલાલ હિરાણી કોલેજ, રાજકોટ (સૌરાષ્ટ યુનિવર્સિટી) ★ વલ્લભ વિદ્યાનગર (સરદાર પટેલ યુનિવર્સિટી) (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૧૪. B.P.Ed. / B.P.E.S (બેચલર ઈન ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ) : અને

૧૫. B.Sc. (સ્પોર્ટ્સ કોચિંગ / સ્પોર્ટ્સ ન્યૂટ્રિશિયન): તથા

૧૬. B.B.A. (સ્પોર્ટ્સ ઈવેન્ટ મેનેજમેન્ટ) :

શારીરિક શિક્ષણ તેમજ રમત – ગમતના ક્ષેત્રના ઉપરોક્ત ત્રણેય અભ્યાસક્રમો ઝડપથી લોકપ્રિય બની રહ્યા છે.

કોના માટે ઉપયોગી ? : ભવિષ્યમાં વિવિધ રમતોમાં ખેલાડી, કોચ, ટ્રેનર, કોમેન્ટેટર, એમ્પાયર, રેફરી, સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ બનવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ★ શારિરીક શિક્ષણના શિક્ષક કે અધ્યાપક બનવા ઈચ્છુકો માટે ★ શારીરિક શિક્ષણ / રમતોમાં રિસર્ચ કરવા ઈચ્છુકો માટે

સંપર્ક : સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, મહાત્મા મંદિર પાસે, યુથ હોસ્ટેલ સામે, ગ -૪, સેક્ટર -૧૫, ગાંધીનગર (www.sgsu.edu.in)

૧૭. B.Com / B.A. (ઓનર્સ) / B.B.A. (લિબરલ સ્ટડીઝ) : અને

૧૮. B.B.A. (લિબરલ આર્ટ્સ):

કોના માટે ઉપયોગી : ક્રિએટીવ તેમજ મલ્ટીટેલેન્ટેડ વિદ્યાર્થીઓ માટે

સંપર્ક : પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU), ગાંધીનગર (www.sls.pdpu.ac.in)

★ ઓરો યુનિવર્સિટી, સુરત. ★ કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ. (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૧૯. B.B.A. (ઓનર્સ) (I.T. + મેનેજમેન્ટ) :

કોના માટે ઉપયોગી : ઈ-કોમર્સ તેમજ ITમાં રસ ધરાવતા અને તેમાં કારકિર્દી બનાવવાર્ણ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે સંપર્ક : SEMCOM, વલ્લભ વિદ્યાનગર (www.semcom.ac.in)

૨૦. B.I.D. (બેચરલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ): અને

૨૧. B.Sc. (ફેશન કમ્યુનિટી) : તથા

૨૨. B.Design (બેચલર ઓફ ડિઝાઈન) :

કોના માટે ઉપયોગી : એપ્લાઈડ આર્ટ્સ કે ડિઝાઈનિંગ ફિલ્ડમાં કારકિર્દી બનાવવા માટે.

સંપર્ક : સ્કૂલ ઓફ ઈન્ટિરિયર ડિઝાઈન, CEPT, અમદાવાદ. ★ એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. ★ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. ★ ઓરો

યુનિવર્સિટી, સુરત. ★ ગણપત યુનિવર્સિટી, ખેરવા. ★ સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ ઈનોવેશન યુનિવર્સિટી. (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૨૩. B.Sc. (F.C. Sci.) (ફેમેલી એન્ડ કમ્યુનિકેશન સાયન્સ) : અને

૨૪. B.Sc. (F. & N.) (ફૂડ એન્ડ ન્યૂટ્રિશિયન) :

ઉપરોક્ત બન્ને પ્રકારના અભ્યાસક્રમો ડિપ્લોમાથી Ph.D. સુધી કરવા માટે સંપર્ક : એમ.એસ. યુનિવર્સિટી, ફતેહગંજ, વડોદરા. (www.msubaroda.ac.in)

૨૫. B.F.A. (બેચલર ઓફ ફાઈન આર્ટ્સ) :

૪ થી ૫ વર્ષની મુદત ધરાવતો આ અભ્યાસક્રમ કરવા માટે સંપર્ક : સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સ, આંબાવાડી, અમદાવાદ. ★ એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.

★ એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. ★ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

★ ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર. (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૨૬. B.L.I.S. (બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફોર્મેશન સાયન્સ) :

સંપર્ક : એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. (www.msubaroda.ac.in) તથા સરકારમાન્ય અન્ય યુનિવર્સિટીઓનો સંપર્ક કરવો.

૨૭. B.Voc. (બેચલર ઓફ વોકેશનલ) :

ઝડપથી વ્યવસાયલક્ષી રોજગારી મેળવવા માટે આ અભ્યાસક્રમ કરવા માટે સંપર્ક : UGC માન્ય કમ્યુનિટી કોલેજો. (www.ugc.ac.in) ★ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (TISS)ની સ્કૂલ ઓફ વોકેશનલ એજ્યુકેશન (www.sev.tiss.edu)

૨૮. B.A. (ફિલ્મ સ્ટડીઝ / પબ્લિક પૉલિસી) :

સંપર્ક : ઓરો યુનિવર્સિટી, સુરત.

૨૯. B.A. (એપ્લાઈડ ઈકોનોમિક્સ) : અને

૩૦. B.A. (પોલિટિકલ એન્ડ ઈન્ટરનેશનલ રિલેશન્સ)

સંપર્ક : ILSASS (ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ સ્ટડીઝ એન્ડ એપ્લાઈડ સોશિયલ સાયન્સ), વલ્લભવિદ્યાનગર.

૩૧. B.A. (ફોરેન લેંગ્વેજીસ) :

જર્મન, રશિયન, પર્શિયન જેવી વિદેશી ભાષાઓમાં ડિપ્લોમાંથી શરૂ કરીને Ph.D. સુધી તેમજ ફ્રેન્ચ ભાષામાં ડિપ્લોમાંથી શરૂ કરીને માસ્ટર ડિગ્રી સુધીના અભ્યાસક્રમો કરવા માટે સંપર્ક : એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા.

૩૨. B.A. (સિક્યુરિટી મેનેજમેન્ટ) :

ભવિષ્યમાં પોલિસ બનવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ આ અભ્યાસક્રમ કરવા માટે સંપર્ક : રક્ષાશક્તિ યુનિવર્સિટી, પોસ્ટ : લવાડ, તા. દહેગામ, જિ. ગાંધીનગર. (www.rsu.ac.in)

૩૩. B.E.M. (બેચલર ઈન ઈવેન્ટ મેનેજમેન્ટ) :

સંપર્ક : સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર.

૩૪. B.Sc. (નર્સિંગ) :

સંપર્ક : સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર. ★ માન્યતા પ્રાપ્ત ખાનગી નર્સિંગ કોલેજો.

૩૫. ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમો :

(૧) IGNOU (ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી) :

IGNOU દ્વારા ૧૦ જેટલા ડિગ્રી કોર્સીસ ચલાવવામાં આવે છે, જે માટે સંપર્ક : ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU), નિરમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીની સામે, એસ.જી. હાઈ-વે, છારોડી, અમદાવાદ.

(૨) BAOU (ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી) :

BAOU દ્વારા ૧૩ જેટલા ડિગ્રી કોર્સીસ ચલાવવામાં આવે છે, જે માટે સંપર્ક :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU), બાલાજી મંદિરની સામે, એસ.જી. હાઈ-વે, છારોડી, અમદાવાદ.

B. **ઈન્ટિગ્રેટેડ (પોસ્ટ ગ્રેજ્યુએશન / ડબલ ગ્રેજ્યુ-એશન) અભ્યાસક્રમો :**

૧. M.B.A. (માસ્ટર ઓફ બિઝનેસ એડ્મિનિસ્ટ્રેશન) :

ધોરણ : ૧૨ / HSC પછી સીધા જ ૫ વર્ષમાં M.B.A. બનવા માટે સંપર્ક : કે.એસ. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ★ GLS યુનિવર્સિટી, અમદાવાદ. ★ ગણપત યુનિવર્સિટી, ખેરવા ★ એસ.પી. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર. ★ એમ.

એસ. યુનિવર્સિટી, વડોદરા. ★ નિરમા યુનિવર્સિટી, અમદાવાદ. ★ અમદાવાદ યુનિવર્સિટી (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૨. M.Sc. (C.A.I.T.) (M.Sc. ઈન કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી) :

M.Sc. (I.T.) ના નામે ઓળખાતો આ અભ્યાસક્રમ કરવા માટે સંપર્ક : કે.એસ. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ★ GLS યુનિવર્સિટી, અમદાવાદ. ★ ઈન્ડસ યુનિવર્સિટી, રાંચરડા ★ નિરમા યુનિવર્સિટી, અમદાવાદ. ★ એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા ★ ગણપત યુનિવર્સિટી, ખેરવા, (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૩. B.Com. + LL.B : અને

૪. B.A. + LL.B. : તથા

૫. B.B.A. + LL.B. :

ઉપરોક્ત અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે CLAT ની એન્ટ્રસ ટેસ્ટ પાસ કરવી પડે છે. જોકે કેટલીક ખાનગી યુનિવર્સિટીઓ CLAT વગર પણ એડમિશન આપતી હોય છે. સંપર્ક : નેશનલ લૉ યુનિવર્સિટી ★ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ★ એમ. એસ. યુનિવર્સિટી ★ નિરમા યુનિવર્સિટી ★ GLS યુનિવર્સિટી ★ ઓરો યુનિવર્સિટી ★ કર્ણાવતી યુનિવર્સિટી. (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૬. B.B.A. / B.Com. (Hons.) + M.B.A. (માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન) :

આ અભ્યાસક્રમના કુલ ૫ વર્ષ પૈકી ૩ વર્ષ ભારતમાં (B.B.A./B.Com.) અને બાકીના ૨ વર્ષ (MBA) વિદેશમાં ભણવાનું હોય છે. સંપર્ક : ગણપત યુનિવર્સિટી, ખેરવા.

૭. M.Com. (માસ્ટર ઓફ કોમર્સ) :

સંપર્ક : સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગર. ★ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

૮. M.C.A. (માસ્ટર ઈન કમ્પ્યૂટર એપ્લિકેશન)

સંપર્ક : ગણપત યુનિવર્સિટી

૯. M.Sc. (A.S.), ૧૦. M.Sc. (A.I.) અને ૧૧. M.Sc. (D.S.) (માસ્ટર ઓફ સાયન્સ ઈન એકચ્યુરિયલ સાયન્સ / આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ / ડેટા સાયન્સ) :

સંપર્ક : ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

૧૨. M.Sc. - I.T. (સાયબર સિક્યોરિટી): &

૧૩. M.Sc. - I.T. (IMS) (ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટ સર્વિસ) :

ઉપરોક્ત બન્ને અભ્યાસક્રમો માટે સંપર્ક : ગણપત યુનિવર્સિટી, ખેરવા.

૧૪. M.P.A. (માસ્ટર ઓફ પરફોર્મિંગ આર્ટ્સ) :

સંપર્ક : ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, GIET કેમ્પસ, હેલ્મેટ ચાર રસ્તા, અમદાવાદ.

૧૫. M.Sc. (Hospitality) (હોસ્પિટાલિટી મેનેજમેન્ટ) :

૧૬. M.S.W. (માસ્ટર ઓફ સોશિયલ વેલફેર) :

ગણપત યુનિવર્સિટી, ખેરવામાં ધોરણ : ૧૨ / HSC બાદ ડાયરેક્ટ ૫ વર્ષના ઉપરોક્ત બન્ને અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

૧૭. M.Design (માસ્ટર ઈન ડિઝાઈન) :

સંપર્ક : ઓરો યુનિવર્સિટી, સુરત

C. **પ્રોફેશનલ અભ્યાસક્રમો :**

૧. C.A. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) : અભ્યાસક્રમની વિગતો : આ અભ્યાસક્રમના મુખ્યત્વે ત્રણ તબક્કા ૧. C.A Foundation,

૨. CA Inter અને ૩. C.A. ફાઈનલ છે. દરેક તબક્કાઓની પરીક્ષા ક્રમશઃ અઘરી બનતી જાય છે. વધુ માહિતી માટે સંપર્ક : ICAI 'અન્વેક્ષક' ૨૭, કફ પરેડ, મુંબઈ - ૪૦૦૦૦૫ અથવા ICAI, ૧૨૩, સરદાર પટેલ કોલોની, સરદાર પટેલ સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪, વેબસાઈટ : www.icai.rog

૨. C.S. (કંપની સેક્રેટરી) :

આ અભ્યાસક્રમના મુખ્યત્વે ત્રણ તબક્કા ૧) C.S. ફાઉન્ડેશન ૨) ઈન્ટર અથવા એક્ઝિક્યુટિવ અને ૩) ફાઈનલ અથવા પ્રોફેશનલ હતા. જ્યારે હવે તાજેતરમાં આવેલા અદ્યતન સુધારા મુજબ હવે ધોરણ :૧૨ / HSC બાદ C.S.E.E.T.ની ૪ વિષયોની M.C.Q. બેઈઝ્ડ પરીક્ષા આપીને સીધા જ C.S. ના બીજા તબક્કા (C.S. એક્ઝિક્યૂટિવ)માં પહોંચી શકાય છે. વધુ માહિતી માટે સંપર્ક : ICSI હાઉસ, ૨૨, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, લોદી રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૩, વેબસાઈટ : www.icsi.org

૩. C.M.A. (કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ):

અગાઉ I.C.W.A. તરીકે ઓળખાતો આ પ્રોફેશનલ અભ્યાસક્રમ હવે C.M.A. તરીકે ઓળખાય છે. આ અભ્યાસક્રમના મુખ્યત્વે ત્રણ તબક્કા છે. ૧) ફાઉન્ડેશન, ૨) ઈન્ટરમીડિયેટ અને ૩) ફાઈનલ છે. વધુ માહિતી માટે સંપર્ક : ICAI, ૩૦૩, સારપ, ગૂજરાત વિદ્યાપીઠ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. વેબસાઈટ : www.icmai.in

૪. C.F.A. (ચાર્ટડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ) :

અમેરિકાના ચાર્ટડ એકાઉન્ટન્ટ પ્રકારના આ અભ્યાસક્રમના ત્રણ લેવલ છે. CFAની રજિસ્ટ્રેશન ફી $ ૪૫૦ અને લેવલ દીઠ ફી $ ૯૫૦ છે. વધુ માહિતી માટે સંપર્ક : www.cfainstitute.org

૫. C.I.M.A. (ચાર્ટડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એકાઉન્ટસ) :

યુ.કે.ના એકાઉન્ટિંગ અને મેનેજમેન્ટ પ્રકારના આ અભ્યાસક્રમના ચાર લેવલ છે. CIMA, U.K.નું જોડાણ USAની AICPA સાથે થયું હોવાથી CIMA પાસ કરનાર વિદ્યાર્થીઓને CGMAની ડિગ્રી પણ મળશે. CIMA ના કોર્સની કુલ ફી આશરે ૩ લાખની છે. વધુ માહિતી માટે સંપર્ક : www.cimaglobal.com

૬. A.C.C.A. (એસોસિએશન ઓફ ચાર્ટડ સર્ટિફાઈડ એકાઉન્ટસ) :

U.K. ના ચાર્ટડ સર્ટિફાઈડ એકાઉન્ટસ કોર્સની કુલ ફી આશરે ૩ લાખની છે. વધુ માહિતી માટે સંપર્ક : www.accaglobal.com.

૭. B.Com. (Hons.) + A.C.C.A. (U.K.) :

સંપર્ક : ઈન્ડસ યુનિવર્સિટી, રાંચરડા, અમદાવાદ.

૮. C.P.A. (સર્ટિફાઈડ પબ્લિક એકાઉન્ટન્ટ) :

અમેરિકાની AICPA (અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સર્ટિફાઈડ પબ્લિક એકાઉન્ટસ) દ્વારા ચલાવાતા વૈશ્વિક એકાઉન્ટસી અભ્યાસક્રમની વધુ માહિતી માટે સંપર્ક : www.aicpa.org

૯. C.F.P. (સર્ટિફાઈડ ફાઈનાન્સીયલ પ્લાનર) :

ભારતનો આ કોર્સ FPSB (ફાઈનાન્સિયલ પ્લાનિંગ સ્ટાન્ડર્ડ બોર્ડ) દ્વારા ચલાવવામાં આવે છે. જેનું જોડાણ FPSB – USA સાથે થયેલ છે. વિશ્વના ૨૮ દેશોની માન્યતા પ્રાપ્ત આ અભ્યાસક્રમની વધુ માહિતી માટે સંપર્ક : http://India.fpsh.org

૧૦. એક્ચ્યૂરિયલ સાયન્સ :

ભારતમાં આ અભ્યાસક્રમ IAI (ઈન્સ્ટિટ્યૂટ ઓફ એક્ચ્યૂરિઝ ઓફ ઈન્ડિયા) તેમજ IFOA (ઈન્સ્ટિટ્યૂટ એન્ડ ફેકલ્ટી ઓફ એક્ચ્યૂરિઝ) U.K. દ્વારા ચલાવવામાં આવે છે. પ્રમાણમાં કઠિન એવા આ અભ્યાસક્રમનું પરિણામ માંડ ૫% થી ૧૦% આવે છે.

D. **અન્ય કક્ષાના અભ્યાસક્રમો :**

૧. ડિપ્લોમા પ્રકારના અભ્યાસક્રમો :

વિવિધ પ્રકારના ૨૦૦ થી વધુ ડિપ્લોમા અભ્યાસક્રમો પૈકી (૧) DIPS (ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ) સંપર્ક: રક્ષા શક્તિ યુનિવર્સિટી (૨) ડિપ્લોમા ઈન એપ્લાઈડ આર્ટ – ડાન્સ, ડ્રામા

સંપર્ક : ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, (૩) A.T.D. (આર્ટ ટીચર ડિપ્લોમા)

સંપર્ક : એમ.એસ. યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, (૪) ડિપ્લોમા ઈન ડાયમંડ એન્ડ જ્વેલેરીઝ સંપર્ક : ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટ, સુરત, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જ્વેલરી ડિઝાઈન, અમદાવાદ. (૫) IGNOUના ૧૦થી વધુ ડિપ્લોમા કોર્સીસ, (૬) BAOUના ૧૧ થી વધુ ડિપ્લોમા કોર્સીસ વગેરે મુખ્ય છે.

૨. ITI ના રોજગારલક્ષી અભ્યાસક્રમો :

NCVT તેમજ GCVT પેટર્નના ITI કોર્સીસની માહિતી માટે સંપર્ક : http://itiadmission.guj.in અને www.talimrojgar.org

૩. સર્ટિફાઈડ અભ્યાસક્રમ :

અનેક સર્ટિફિકેશન અભ્યાસક્રમો પૈકી રક્ષાશક્તિ યુનિવર્સિટીના પ્રિવેન્શન એન્ડ ઈન્વેસ્ટીગેશન ફોટોગ્રાફી, NSE સર્ટિફિકેશન (www.nseindia.com), BSE સર્ટિફિકેશન (www.bseindia.com), CSB સર્ટિફાઈડ સ્ટોક બ્રોકર, CIB સર્ટિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ બેંન્કર, સર્ટિફાઈડ એક્ચ્યૂરિઝ, IGNOUના ૨૧ થી વધુ સર્ટિફિકેટ કોર્સીસ તેમજ BAOUના ૧૯થી વધુ સર્ટિફિકેટ કોર્સીસ વગેરેનો સમાવેશ થાય છે.

II. **વિનયન પ્રવાહ (આર્ટ્સ) બાદના અભ્યાસક્રમો :**

ધોરણ : ૧૨ વિનયન પ્રવાહ (આર્ટ્સ સ્ટ્રીમ) બાદ પ્રાપ્ત થતા અભ્યાસક્રમોને નીચે મુજબ પેટા પ્રકારમાં વહેંચી શકાય.

A. સ્નાતક કક્ષાના (ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો

B. ઈન્ટિગ્રેટેડ કક્ષાના (પોસ્ટ ગ્રેજ્યુએશન / ડબલ ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો

C. અન્ય કક્ષાના અભ્યાસક્રમો

A. સ્નાતક કક્ષાના (ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો :

૧. B.A. (બેચરલ ઓફ આર્ટ્સ) :

આ અભ્યાસક્રમ વિનયન / આર્ટ્સ સ્ટ્રીમનો સૌથી વધુ સંખ્યા ધરાવતો, સૌથી વધુ લોકપ્રિય અભ્યાસક્રમ છે. સામાન્ય રીતે ૩ વર્ષની મુદત ધરાવતો આ અભ્યાસક્રમ ઓનર્સ (Hons.)ની પદવી સાથે કેટલીક યુનિવર્સિટીમાં ૪ વર્ષની મુદત પણ ધરાવે છે. આ અભ્યાસક્રમમાં વિવિધ વિષયોરૂપી અનેક વિકલ્પો મળી શકે છે.

કોના માટે ઉપયોગી ? : ભવિષ્યમાં કે ગ્રેજ્યુએશન બાદ સ્પર્ધાત્મક પરીક્ષા આપીને સરકારી / અર્ધસરકારી નોકરી મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ★ શાળા / કોલેજ / યુનિવર્સિટી કક્ષાએ શૈક્ષણિક - બિન શૈક્ષણિક કર્મચારી તરીકે રોજગારી મેળવવા માટે

આ અભ્યાસક્રમમાં મળતા વિવિધ વિષયો પૈકી અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન જેવા વિષયો ઈન ડિમાન્ડ છે.

સંપર્ક : પ્રણાલિકાગત અભ્યાસક્રમો ચલાવતી સરકારી તેમજ ખાનગી યુનિવર્સિટીઓની ગ્રાન્ટેડ તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો.

૨. B.A. /B.Sc. (હોમ સાયન્સ) :

આ અભ્યાસક્રમ 'ભણતર'ને બદલે 'ગણતર' પર ભાર મૂકે છે. આ અભ્યાસક્રમ કરનારાઓ આદર્શ ગૃહિણી બની શકે છે.

સંપર્ક : બી.ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદ. ★ S.L.U. કોલેજ ફોર વીમેન, અમદાવાદ. ★ ફેકલ્ટી ઓફ હોમ સાયન્સ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. ★ શેઠ પી.ટી. મહિલા કોલેજ, વનિતા આશ્રમ, અઠવા લાઈન્સ, સુરત. ★ Z.F. વિમેન્સ કોલેજ, સુરત. ★ શામળદાસ કોલેજ, ભાવનગર. ★ A.K. દોશી કોલેજ, જામનગર. ★ કોલેજ ઓફ હોમ સાયન્સ, ફૂડ એન્ડ ન્યુટ્રિશન, સરદાર કૃષિનગર, દાંતીવાડા (આ સિવાય અન્ય માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમ ચાલે છે.)

૩. B.B.A., ૪. B.C.A., ૫. B.Sc. (I.T.), ૬. B.Sc. (યોગા), 7. B.J.M.C. / B.A. (જર્નાલિઝમ), ૮. B.R.S. અને B.S.W., 9. B.B.A. / B.Sc. (હોટલ મેનેજમેન્ટ / ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ), ૧૦. B.P.A. / B. Music, ૧૧. B.P.Ed. / B.P.E.S., ૧૨. B.Sc. / B.B.A. (સ્પોર્ટ્સ મેનેજમેન્ટ), ૧૩. B.A. (ઓનર્સ) (લિબરલ સ્ટડીઝ / લિબરલ આર્ટ્સ), ૧૪. B.I.D. (ફેશન કમ્યૂનિટી), ૧૫. B.Sc. (F. & N.), ૧૬. B.L.I.S., ૧૭. B.F.A., ૧૮. B.Voc., ૧૯. B.A. (ફિલ્મ સ્ટડીઝ / પબ્લિક પોલિસી / એપ્લાઈડ ઈકોનોમિક્સ / પોલિટીક્સ એન્ડ I.R. / સિક્યોરિટી મેનેજમેન્ટ), ૨૦. B.Sc. નર્સિંગ), ૨૧. ઓપન યુનિવર્સિટી - IGNOU અને B.A.O.U.ના ડિગ્રી અભ્યાસક્રમો વગેરે.

(અભ્યાસક્રમ ૩ થી ૨૦ની વિગતો વાણિજ્ય પ્રવાહમાં આપેલ છે.)

B. **ઈન્ટિગ્રેટેડ કક્ષાના (પોસ્ટ ગ્રેજ્યુએશન / ડબલ ગ્રેજ્યુએશન) અભ્યાસક્રમો :**

૧. M.A. (માસ્ટર ઓફ આર્ટ્સ) અને ૨. M.A. (સોસાયટી એન્ડ ડેવલપમેન્ટ પોલિટિક્સ) :

સંપર્ક : સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, સેક્ટર - ૩૦, ગાંધીનગર.

૩. B.A. + B.Ed. : (બેચલર ઓફ આર્ટ્સ એન્ડ બેચલર ઓફ એજ્યુકેશન) :

સંપર્ક : ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (ITTE), સેક્ટર -૧૫, મહાત્મા મંદિર પાસે, ગાંધીનગર - ૩૮૨૦૧૬. ★ કેલોરેક્સ ટીચર્સ યુનિવર્સિટી, બોપલ, અમદાવાદ. ★ રિજીયોનલ કોલેજ (એજ્યુકેશન) ભોપાલ, મધ્યપ્રદેશ (યાદી અપૂર્ણ છે.)

૪. M.Sc. (C.A. & I.T.), 5. B.A. + LL.B. /B.B.A. + LL.B., 6. M.P.A. : ૭. ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમો : (અભ્યાસક્રમ નંબર ૪ થી ૭ ની વિગતો આગળ વાણિજ્ય પ્રવાહમાં આપેલ છે.)

C. **અન્ય કક્ષાના અભ્યાસક્રમો :**

૧. ડિપ્લોમા પ્રકારના અભ્યાસક્રમ (અગાઉ વાણિજ્ય પ્રવાહમાં કરેલ ચર્ચા મુજબ)

૨. રોજગારલક્ષી અભ્યાસક્રમ (અગાઉ વાણિજ્ય પ્રવાહમાં કરેલ ચર્ચા મુજબ)

૩. સર્ટિફિકેશન અભ્યાસક્રમ (અગાઉ વાણિજ્ય પ્રવાહમાં કરેલ ચર્ચા મુજબ)

૩-બી, જીવન સ્મૃતિ સોસાયટી, મીરાબ્રિકા માર્ગ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
મોબાઈલ નં. ૯૩૨૭૦૧૪૦૭૭)

૨ પરફોર્મિંગ આર્ટ્સ ક્ષેત્રે કારકિર્દીની તક

– દ્રોણિક શ્રીમાળી

જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી તે સારી વાત છે પણ આવા કિસ્સા આપણને જૂજ જોવા મળે છે. આજના સમયમાં યુવાનોને રોજગારી મેળવવા પોતાના શોખ સાથે સમાધાન કરી ના ગમતી નોકરી પણ સ્વીકારવી પડતી હોય છે. એવું જરૂરી નથી કે જે ક્ષેત્રમાં રસ હોય તે જ ક્ષેત્રમાંથી રોજગારી પણ મળી શકે.

ઘણા યુવાનોને ભણવાની સાથે સાથે અભિનય, ગાયન અને નૃત્ય કરવાનો શોખ હોય છે. કેટલીક વખત સ્કૂલ કોલેજમાં યોજાતી હરિફાઈમાં તેઓ ભાગ પણ લે છે અને નંબર પણ લાવે છે. તે જ વિદ્યાર્થીઓને અમુક સમય બાદ આ પ્રકારની ઈતર પ્રવૃત્તિઓમાંથી બાજુ પર હટી જઈ સંપૂર્ણ સમય ભણવા પાછળ ખર્ચવો પડતો હોય છે. ઈચ્છા કંઈક અલગ કરવાની હોય છે પણ પરિસ્થિતિને વશ થઈ કરવું કંઈક અલગ પડે છે. આ સમય હોય છે જીવનના એવા વળાંક પરનો કે ત્યારબાદ લોકો આજ યુવાનોની રાહ જોવાના છે સમાજના ભણેલાગણેલા અને કમાતા સભ્ય વ્યક્તિ તરીકે. પરિવારના સભ્યો ઘરના યુવાન પાસે અમુક ઉંમર પછી સારી નોકરી અને સ્થાયી જીવનની અપેક્ષા રાખીને બેસે તે વાત પણ સહજ છે.

રસ, રુચિ હોવી અને તે જ ક્ષેત્રમાં નોકરી મળવી તે નસીબની વાત છે. હા પણ દરેક વાત માત્ર નસીબ પર છોડી દેવાથી નહીં ચાલે. કારણ કે દુનિયામાં કોઈ જ વસ્તુ અશક્ય નથી. યોગ્ય માર્ગદર્શન, પૂરતી મહેનત અને જાત સાથેની વફાદારી હશે તો જરૂર ઈચ્છિત મંજિલ સુધી પહોંચી શકાય છે. અને વર્ષોનું રોકાણ કરીને રસ ધરાવતા વિષયમાં પ્રાપ્ત કરેલી તાલીમ અને શૈક્ષણિક યોગ્યતા વાળી ડિગ્રીના આધાર પર રોજગારી પણ મેળવી શકાય છે.

આપણે અહી જે વાત કરવાની છે તે છે મનોરંજન ક્ષેત્રે શૈક્ષણિક કારકિર્દી બનાવવા અંગેની. વર્તમાન સમયમાં ગીત-સંગીત અને ફિલ્મોની દુનિયા ખૂબજ આકર્ષક રીતે આગળ વધી રહી છે. બોલિવુડની ફિલ્મો બોક્સ ઓફિસ પર કરોડોનો નફો કરે છે. તો સંગીતની દુનિયામાં એક પછી એક અવનવા સીંગર લોન્ચ થાય છે. આ ઉપરાંત મહાનગરોમાં નવા વિષયો સાથે નાટકો આવે છે અને પ્રેક્ષકો તેને પણ હાઉસફૂલની દાદ આપે છે. ટૂંકમાં કહીએ તો મનોરંજન ક્ષેત્ર આજે પુરબહારમાં અને સોળે કળાએ ખીલ્યું છે.

રૂપેરી પડદે દેખાતા હીરો - હીરોઈન અને તેમને મળતી સવલતો તથા તેમના ચાહકોને જોતાં દરેકને તેમના જેવા બનવાનું મન થાય તે સ્વાભાવિક છે. અથાગ પરિશ્રમ અને ચોક્કસ દિશામાં કરેલી મહેનત દરેક વ્યક્તિને યોગ્ય ફળ જરૂર આપે છે.

ફિલ્મ અને સંગીતની દુનિયામાં આજે પહેલાની સરખામણીએ ઘણી તક રહેલી છે. આપ પણ આ ક્ષેત્રમાં પદ્ધતિસરનું શિક્ષણ મેળવી કારકિર્દી બનાવી શકો છો.આ ક્ષેત્ર આપનામાં રહેલી સુષુપ્ત કળાની રજૂઆતનું ક્ષેત્ર છે. આપની રજૂઆત જેટલી સારી અને હૃદયસ્પર્શી હશે તેટલી જ વધુ લોકચાહના તમે આ ક્ષેત્રમાં મેળવી શકશો. આપણે વાત કરી રહ્યા છીએ બેચલર ઓફ પરફોર્મિંગ આર્ટ્સની ડિગ્રી અંગેની.

બેચલર ઓફ પરફોર્મિંગ આર્ટ્સની ડિગ્રી મુખ્યત્વે મનોરંજનના ક્ષેત્રમાં શિક્ષણ મેળવવા ઈચ્છતા લોકો માટે છે. જેમાં ઝાકઝમાવટ અને ભવ્યતા છે. જો તમે આ ભવ્યતાને પચાવી શકો તો સમાજમાં અને જાહેર ક્ષેત્રે ખૂબ માન સન્માન કમાઈ શકો છો.

મ્યુઝિકલ ટેલેન્ટ હંટ શૉ, RJ-VJ (રેડિયો જોકી અને વીડિયો જોકી) તથા ફિલ્મ ક્ષેત્રે કલાકારોનો અભિનય જોઈ ઘણા યુવાનો હવે આ ક્ષેત્રને કરીયરના રૂપમાં જોવા લાગ્યા છે. આ ક્ષેત્રમાં ભણવાનું શરૂ કર્યા બાદ અભિનેતા, દિગ્દર્શક, નૃત્યકાર અને પાર્શ્વગાયકની સાથે-સાથે, રીધમીસ્ટ, પ્લેરાઈટર, સાઉન્ડ રેકોર્ડિસ્ટ, ડ્રામા થેરાપીસ્ટ, એન્કર, ટેકનિશિયન, પ્રોડક્શન, લાઈન પ્રોડ્યુસર, આર્ટ ડિરેક્ટર, લાઈટ ઓપરેટર, ફ્લોર મેનેજર વગેરે જેવા સર્જનાત્મક ક્ષેત્રમાં આગળ વધી શકાય છે.

પરફોર્મિંગ આર્ટ્સ એક એવો વિષય છે કે જેમાં ગાયન, વાદન, નર્તન અને ડ્રામાનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં મળતી ડિગ્રીને બેચલર ઓફ પરફોર્મિંગ આર્ટ્સ કહેવામાં આવે છે. આ કોર્સ કરવાથી તમને ડાન્સ, ડ્રામા અને મ્યુઝિકમાં બી.પી.એ. (બેચલર ઓફ પરફોર્મિંગ આર્ટ્સ)ની ડિગ્રી મળે છે. ક્ષેત્ર તમારે નક્કી કરવાનું છે કે તમારે કયા ક્ષેત્રમાં આગળ વધવું છે. કારણ કે દરેક ક્ષેત્રમાં ભણવાના વિષયો અલગ અલગ હશે. પણ તમારા કોર્સને કહેવાશે પરફોર્મિંગ આર્ટ્સ. સરળ ભાષામાં સમજીએ તો ડિગ્રીનું નામ (બેચલર ઓફ પરફોર્મિંગ આર્ટ્સ) છે. જેમાં સંગીત, ગાયન, નૃત્ય અને ડ્રામા એટલેકે નાટ્યના વિષયોની અલગ અલગ પ્રકારે તાલીમ મેળવી શકાશે. તમારા રસ પ્રમાણે તમે નક્કી કરી જે ક્ષેત્રમાં આગળ વધશો તે વિષય અંગેની ડિગ્રી તમે પ્રાપ્ત કરી શકશો. ઉપરાંત જો તમે આજ ક્ષેત્રમાં વધારે અભ્યાસ કરવા ઈચ્છતા હો તો તેમાં માસ્ટર ડિગ્રી અને પીએચ. ડી.નો પણ અવકાશ છે.

પરફોર્મિંગ આર્ટ્સની ડિગ્રી અંતર્ગત મુખ્યત્વે પ્રેક્ટિકલ અને થિયરી એમ બન્ને પ્રકારે ભણાવવામાં આવે છે. જે અંતર્ગત અભ્યાસક્રમમાં આવતા દરેક વિષયની ઊંડી સમજ આપવામાં આવે છે. આ સમજને પરીક્ષા દરમ્યાન તમારે પ્રેક્ટીકલ અને થિયરી રૂપે રજૂઆત કરવાની હોય છે. જેમાં મુખ્યત્વે

- સંગીત ક્ષેત્રે– તબલાં, સીતાર, વીણા, વાયોલિન, હાર્મોનિયમ, વાંસળી વગેરે જેવા વાદ્યો
- ગાયન ક્ષેત્રે – ઈન્ડિયન ક્લાસિકલ વોકલ(સ્વર, રાગ, તાલ,સપ્તક વગેરેની સમજ)
- નૃત્ય ક્ષેત્રે – કથ્થક, ભરત નાટ્યમ (પ્રેક્ટિકલ અને થિયરી)
- ડ્રામા ક્ષેત્રે– અભિનય, નાટ્ય નિર્માણ,રંગમંચ વ્યવસ્થાપન, ભારતનો સાંસ્કૃતિક વારસો, પ્રકાશ આયોજન, સૌંદર્ય શાસ્ત્ર વગેરે વિષયો ભણાવવામાં આવે છે.

સામાન્ય રીતે પરફોર્મિંગ આર્ટ્સનો કોર્સ ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ છે. પરંતુ ઘણી જગ્યાએ કોર્સની અલગ પ્રકારે તૈયાર કરવામાં આવેલી ડિઝાઈનને કારણે આ કોર્સ ચાર વર્ષનો પણ હોય છે. આ કોર્સ ગુજરાત અને દેશની વિવિધ યુનિવર્સિટી ઉપરાંત વિદેશની કેટલીક નામાંકિત યુનિવર્સિટીમાં પણ ચાલે છે. આ કોર્સમાં પરીક્ષા મુખ્યત્વે સેમેસ્ટર પ્રમાણે લેવામાં આવે છે. સામાન્ય રીતે કોઈપણ પ્રવાહમાં ધોરણ ૧૨ પાસ કર્યા બાદ તેમાં પ્રવેશ મેળવી શકાય છે. પ્રવેશ મેળવવા પ્રવેશ પરીક્ષા ફરજિયાત પાસ કરવી પડતી હોય છે. જોકે પ્રવેશ આપવાની રીત દરેક કોલેજની અલગ અલગ હોય છે. પરંતુ સામાન્ય રીતે તમે જે ક્ષેત્રમાં આગળ વધવા માંગતા હો તે ક્ષેત્રની પાયાની અને પ્રાથમિક માહિતી તથા તમારું ટેલેન્ટ બન્નેનું આકલન પ્રવેશ પરીક્ષા આપવા માટે મહત્ત્વનું અને પૂરતું છે.

આ ક્ષેત્રમાં જોડાવા માંગતા લોકો માટે મોટા શહેરોમાં વિવિધ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા શોર્ટ ટર્મ, ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ પણ ચાલાવવામાં આવતા હોય છે. પરંતુ જો ડિગ્રી કોર્સ કરવામાં આવશે તો તેની ઉપયોગિતા ડિપ્લોમા કરતા વધુ થશે. તેથી ડિગ્રી કોર્સ કરવો તે વધુ સારું અને સમજણભર્યું ગણાશે.

ડિગ્રી કોર્સ કરવાથી મુખ્ય ફાયદો એ થશે કે જો તમે ઈન્ડસ્ટ્રીમાં ચાલતી હરિફાઈના કારણે ભવિષ્યમાં આ ક્ષેત્રમાંથી વ્યાવસાયિક રીતે આગળ વધવાનું માંડી

વાળી સરકારી નોકરી અથવા સ્કૂલ કોલેજમાં શિક્ષક કે પ્રાધ્યાપક તરીકે જોડાવા ઇચ્છતા હશો તો તમે મેળવેલી ડિગ્રી તમને ઉપયોગી થશે. આ ઉપરાંત જાહેર ક્ષેત્રમાં સ્પર્ધાત્મક પરીક્ષા આપી નોકરી મેળવવાની તક તો ઊભી જ રહેશે.

વર્ષ ૨૦૧૬-૧૭માં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે જીપીએસસી દ્વારા લેવાયેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી વર્ગ-૨ ની જગ્યા માટે દર્શાવાયેલા ધારાધોરણમાં પરફોર્મિંગ આર્ટ્સને પણ એક ધોરણ તરીકે નક્કી કરવામાં આવ્યું હતું. આ ભરતીમાં ઉત્તીર્ણ થઈ ઘણા યુવાનો રાજ્યના વિવિધ જિલ્લામાં આજે ફરજ બજાવે છે.

ગુજરાતમાં આ કોર્સ

- એમ.એસ.યુનિવર્સિટી, પ્રતાપગંજ, વડોદરા
- ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, એલિસબ્રીજ, અમદાવાદ.
- ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ –GIET કેમ્પસ, હેલમેટ ચાર રસ્તા, અમદાવાદ.
- જે.જી. કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, એશિયા કોમ્પલેક્સ, અમદાવાદ.
- સાર્વજનીક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ (સ્કોપા), નાનપુરા હાઈસ્કૂલ પરિસર, સુરત.
- અર્જુનલાલ હિરાણી કોલેજ, હેમુ ગઢવી હોલની સામે, ટાગોર માર્ગ, રાજકોટ.
- એમ.એ.પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ, પાલનપુર ખાતેથી કરી શકાય છે.

જ્યારે ભારતમાં આ કોર્સ

- નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, નવી દિલ્હી
- ભાતખંડે મ્યુઝિક ડીમ્ડ યુનિવર્સિટી, લખનઉ, ઉત્તર પ્રદેશ
- કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ, મહારાષ્ટ્ર એજ્યુકેશન સોસાયટી (સાવિત્રીબાઈ ફૂલે, પુણે યુનિવર્સિટીની માન્યતા પ્રાપ્ત)
- ડિપાર્ટમેન્ટ ઓફ મ્યુઝિક (દિલ્હી યુનિવર્સિટી)
- ઈન્દિરા કલા સંગીત વિશ્વ વિદ્યાલય, ખેરાગઢ, - છત્તીસગઢ
- બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી, ઉત્તર પ્રદેશ ખાતે કરી શકાય છે.

આ ઉપરાંત રાજ્ય અને દેશમાં વિવિધ યુનિવર્સિટી અને ખાનગી કોલેજોએ યુજીસીની માન્યતા લઈને આ કોર્સ શરૂ કર્યા છે. ભારતમાં મોટા ભાગના શહેરોમાં આવેલી યુનિવર્સિટીઓમાં આ કોર્સ ઉપલબ્ધ છે. તેમ છતા આ ક્ષેત્ર અંગેની વધુ જાણકારી માટે તમે ગુગલમાં જઈ ડિગ્રી કોર્સ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ એમ સર્ચ કરશો એટલે રાજ્ય અને દેશ-વિદેશની યુનિવર્સિટીની યાદી તથા ફી, એડમિશનની તારીખ, તેમાં ભણાવવામાં આવતા વિષયો, પરીક્ષાની પદ્ધતિ જેવી કોર્સને સંલગ્ન તમામ માહિતી મળી શકશે.

જનસંપર્ક અધિકારી
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર.

3 ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી શું ?

– પી. આઈ. રબારી

આજના હાઈટેક યુગમાં ધોરણ ૧૦ પછી ધોરણ – ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ સાથે અભ્યાસ કરી ઉચ્ચ કારકિર્દી બનાવવાનો વિકલ્પ ઉત્તમ છે.

ધોરણ – ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા બાદ પોતાના વિષય મુજબ NEET,GUJ-CET,PMT,AIEE,IITE,AIMS, પ્રિ- વેટરનરી પરીક્ષા આપવી જરૂરી છે.

ધોરણ – ૧૨ વિજ્ઞાન પ્રવાહ ગ્રૂપ એ ,બી તથા એબી પાસ કર્યા બાદ નીચે મુજબના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

૧. મેડિકલ / પેરા મેડિકલ
૨. ડિગ્રી એન્જિનિયરિંગ
૩. આર્કિટેક
૪. ડિપ્લોમા અભ્યાસક્રમો
૫. ફાર્મસી અભ્યાસક્રમો
૬. આઈ.ટી.આઈ
૭. નર્સિંગ
૮. શિક્ષણક્ષેત્રે
૯. સ્નાતક અભ્યાસક્રમો
૧૦. કૃષિક્ષેત્ર
૧૧. અન્ય.

(૧) મેડિકલ / પેરા મેડિકલ

પ્રવેશ લાયકાત

- પ્રવેશાર્થી પાસે ગુજરાત રાજ્યનું ડોમિસાઈલ સર્ટિફિકેટ
- પ્રવેશાર્થી ગુજરાત બોર્ડ (GSHSEB),સેન્ટ્રલ બોર્ડ(CBSE),ઈન્ડિયન સ્કૂલ સર્ટિફાઈડ એજ્યુકેશન બોર્ડ (ISCE)ની ગુજરાતમાં આવેલ શાળામાંથી ગ્રૂપ B અથવા ગ્રૂપ AB સાથે ધોરણ ૧૨ પાસ
- પ્રવેશાર્થીએ પ્રવેશ પરીક્ષા NEET/GUJ-CET આપેલ હોવી જોઈએ.
- જે –તે વર્ષે પ્રવેશ લેનાર પ્રવેશાર્થીએ તે વર્ષના ડિસેમ્બર માસમાં ૧૭ વર્ષ પૂરાં કરેલ હોવા જોઈએ.

જો પ્રવેશાર્થીએ ઉપર દર્શાવેલ લાયકાત ધરાવતા હોય તો તેઓ ગુજરાત રાજ્યની મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

પ્રવેશાર્થીએ NEET ના મિનિમમ માર્ક તથા (PCB + પ્રેક્ટિકલ)ના ૫૦%ગુણ મેળવેલ હોવા જોઈએ.

ગુજરાત રાજ્યની બહાર MBBS/BDS માં પ્રવેશ મેળવવાની કસોટી યાદી

તબીબી અભ્યાસક્રમો

ક્રમ	કોર્સનું નામ	પૂરું નામ	અભ્યાસક્રમની મુદત
૧	MBBS	બેચલર ઓફ મેડિસિન, બેચલર ઓફ સર્જરી	૪.૫ + ૧
૨	BDS	બેચલર ઓફ ડેન્ટલ સર્જરી	૪ + ૧
22	MBA in Cyber Security Management	Bachelor Degree Computer Science/ Computer Applications or relevant discipline. Bachelor in any stream with computer as a specialization at Graduation level from a recognized university with a minimum of 55% marks in aggregate. (For SC/ST / SEBC category, minimum of 50% marks in aggregate)	02 Years (04 Semesters)	30

● **સેન્ટર ઓફ એકસેલન્સ ઇન નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ**

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જી.એફ.એસ.યુ. ખાતે નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્લેષણ, સંશોધન, તાલીમ અને કન્સલ્ટન્સીના હેતુ માટે સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવા માટે પસંદગી કરવામાં આવી છે.

● **સેન્ટર ઓફ એકસેલન્સ ઇન હોમલેન્ડ સિક્યોરીટી**

યુનિવર્સિટી દ્વારા સેન્ટર ઓફ એકસેલન્સ ઇન હોમલેન્ડ સિક્યોરીટીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટીગેશન, ડિટેકશન અને પ્રિવેન્શન માટેની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ થશે.

● **જી. એફ. એસ. યુ. ખાતે કંડકટર ટેસ્ટીંગ લેબોરેટરીની સ્થાપના**

કેનેડા સ્થિત કાઈનેટ્રીક્સ ઇન્ટરનેશનલ કંપનીએ જીએફએસયુ સાથે એમઓયુ સાઇન કર્યા છે જે અંતર્ગત બંને સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે હાઈ કેપેસિટી કંડકટરની ચકાસણી માટેની વિશ્વની સૌ પ્રથમ કંડકટર ટેસ્ટિંગ લેબોરેટરી જીએફએસયુ ખાતે સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

સેકટર - ૯, ગાંધીનગર - ૩૮૨ ૦૦૭,
ફોન નં - ૦૭૯-૨૩૯૭૭૧૦૨/૧૦૩,
ફેક્સ નં- ૦૭૯-૨૩૨૪૭૪૬૫/ ૨૩૨૫૬૨૫૧
ઈમેલ-registrar@gfsu.edu.in
mailto:registrar@gfsu.edu.in
વેબસાઇટ www.gfsu.edu.in
http://www.gfsu.edu.in

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી,
સેકટર - ૯, ગાંધીનગર - ૩૮૨ ૦૦૭,

૧૫ રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં ચાલતા રોજગારલક્ષી અભ્યાસક્રમો

– પવન સોની

કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને સમાજમાં શાંતિ અને સુમેળ સુનિશ્ચિત કરવા માટે પોલીસ અને સુરક્ષા વહીવટ મહત્ત્વપૂર્ણ છે. પોલીસ અને અન્ય સુરક્ષા દળોની માંગને પહોંચી વળવા માટે કાર્યક્ષમ, પ્રશિક્ષિત અને વ્યાવસાયિક માનવશક્તિ પ્રદાન કરવાની સમયની જરૂરિયાત છે. રાજ્ય સરકારે તેથી સુરક્ષા દળોની જરૂરિયાતને પહોંચી વળવા રાજ્યના યુવાનોને તૈયાર કરવા રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરી છે.રાજ્યના યુવાનોને પોલીસ અને અન્ય સુરક્ષા દળોમાં તેમની કારકિર્દી બનાવવા માટે અનન્ય તક પૂરી પાડવી જરૂરી માનવામાં આવે છે અને આમ રક્ષાશક્તિ યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ હેઠળ રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. પોલીસ અને અન્ય સુરક્ષા દળોની પ્રશિક્ષિત નિષ્ણાત માનવશક્તિની ભરતીમાં રક્ષાશક્તિ યુનિવર્સિટીનો મહત્ત્વનો ફાળો છે. આ ઉપરાંત, આતંકવાદ, આર્થિક ગુનાઓ, સાયબર ક્રાઇમ, ટેલિકમ્યુનિકેશન ગુનાઓ અને ફોરેન્સિક વિજ્ઞાનમાં કુશળતા જરૂરી એવા વિવિધ પ્રકારના ગુનાઓથી થતા આગામી પડકારોનો સામનો કરવા માટે માનવશક્તિને તાલીમ આપવા અને તૈયાર કરવા જરૂરી છે. આવા પ્રકારના નિષ્ણાત ઉપલબ્ધ કરાવવા માટે રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરવી જરૂરી હતી.

રક્ષાશક્તિ યુનિવર્સિટી આપણા દેશ અને ગુજરાતમાં તેના પ્રકારની અનોખી યુનિવર્સિટી છે. યુનિવર્સિટી ડિગ્રી, ડિપ્લોમા અને 'સર્વિસ' અભ્યાસક્રમો ચલાવે છે. યુનિવર્સિટી આંતરિક સુરક્ષા, આતંકવાદ, સંગઠિત ગુનાઓ, સાયબર ગુનાઓ, આર્થિક ગુનાઓ અને કિશોરોને લગતા ગુનાઓથી સંબંધિત મુદ્દાઓ તેમજ તેના નિરાકરણ માટેનું જ્ઞાન અભ્યાસક્રમો દ્વારા આપવામાં આવે છે.

યુનિવર્સિટી સુરક્ષા દળો માટે કાર્યક્ષમ વ્યક્તિઓ પ્રદાન કરવાની સાથે સરકારને દેશના લોકોની સુરક્ષા અને સલામતી વધારવામાં પણ મદદ કરે છે. તે જ સમયે યુનિવર્સિટી પોલીસ વહીવટ અને દેશની સુરક્ષા વ્યવસ્થાપનના વિવિધ ક્ષેત્રોમાં સંશોધન કાર્ય પણ કરે છે.

યુનિવર્સિટી પોલીસ કાર્યમાં વિવિધ પરિમાણો છે જેમ કે કાયદો અને વ્યવસ્થા વ્યવસ્થાપન, ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન, ફોરેન્સિક સાયન્સ, વિકટિમોલોજી, ક્રાઇમનોલોજી, ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ, જિઓ ઇન્ફોર્મેટિક્સ, ઇન્ફર્મેશન ટેકનોલોજી, ટેલિકમ્યુનિકેશન, સાયબર ક્રાઇમ અને સાયબર ફોરેન્સિક, ફોરેન્સિક ઓડિટિંગ અને એકાઉન્ટન્સી, વિજ્ઞાનિક તપાસ, વીડિયો એનાલ્ટીક્સ, ટ્રાફિક અને માર્ગ સલામતી, ગુના અને સુરક્ષાના કાયદા, દરિયાઇ સુરક્ષા વગેરે. રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો, વિસ્તરણ પ્રવૃત્તિઓ અને સંશોધન દ્વારા હોમલેન્ડ સિક્યુરિટીની ચિંતાના આ તમામ મહત્ત્વપૂર્ણ તત્ત્વોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સંશોધન દ્વારા સુરક્ષા વ્યવસ્થાપનમાં નવીનતા લાવવાની સાથે સાથે આંતરિક સુરક્ષા ક્ષેત્રે ઉચ્ચ ગુણવત્તાનું સંશોધન, અધ્યાપન, તાલીમ અને પ્રશિક્ષિત માટે રક્ષાશક્તિ યુનિવર્સિટીએ કાયમી માળખું સ્થાપિત કર્યું છે અને સહભાગી સંસ્થાઓ વચ્ચે સહકાર સ્થાપ્યો છે. રક્ષાશક્તિ યુનિવર્સિટીએ ઇચ્છિત ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા માટે ભારતની અંદર અને વિદેશમાં અગ્રણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ સાથે ૨૪ એમઓયુ કર્યા છે. આ એમઓયુઓ માહિતી સુરક્ષા, વ્યવસ્થાપન, આંતરિક સુરક્ષા, મનોવિજ્ઞાનમાં પ્રગત સંશોધન, રાસાયણિક વિજ્ઞાન, પોલીસ તાલીમ, ક્રાઇમ માહિતી તપાસ, વીઆઈપી સુરક્ષા, લાઇબ્રેરી સાયન્સ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, વગેરેનાં વ્યૂહાત્મક ક્ષેત્રોમાં છે.

વર્ષ ૨૦૧૦ માં ૩ પ્રોગ્રામ અને ૧૫૯ વિદ્યાર્થીઓ સાથે આ યુનિવર્સિટીમાં અભ્યાસક્રમો શરૂ થયા. હવે આરએસયુમાં ૭૦૦ વિદ્યાર્થીઓ વિવિધ કોર્સમાં અભ્યાસ કરે છે.

રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનારા ૩૮ સંશોધન વિદ્વાનો પીએચ.ડી. કરી રહ્યા છે. આંતરિક સુરક્ષાને લગતા સંશોધનનાં વિવિધ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓ સઘન અભ્યાસ કરી રહ્યા છે. ફોજદારી પરીક્ષણો, ફિંગરપ્રિન્ટ્સ, નાર્કોટિક ડ્રગ્સ અને ઝેર, વ્યવસાયિક તાણ, હસ્તલેખનમાં કંપન, સુરક્ષિત ડિજિટલ વોટરમાર્ક, ઓપન સ્પેસ ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી કમ્યુનિકેશન, પોલીસ કર્મચારીમાં તણાવ, માન્યતા અને મગજ ફિંગરપ્રિન્ટિંગ, ન્યુરો ક્રિમિનોલોજી, લાઇ ડિટેક્શન, માલવેર એનાલિસિસ, ડીએનએ ફિંગરપ્રિન્ટિંગ, ફોરેન્સિક ઓડોન્ટોલોજી, ફોરેન્સિક સ્પીકર આઇડેન્ટિફિકેશન, વીડિઓ સર્વેલન્સ, એસસીએડીએ સિસ્ટિમ્સ, નેટવર્ક એટેક અને ટ્રાફિક પોલીસ કર્મચારી પર શ્વસન કાર્ય પર હવા પ્રદૂષણની અસર જેવા વિષયો પર સંશોધનો થઈ રહ્યા છે.

રક્ષાશક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય કક્ષાએ "Institute of Strategic or Security Related Interest" તરીકે જાહેર કરવામાં આવી રહી છે.

રક્ષાશક્તિ યુનિવર્સિટી અંતર્ગત વિવિધ શાળાઓની સૂચિઃ -

1. School of Internal Security and Police Administration (SISPA)
2. School of Counter-Insurgency and Counter-Terrroism (SCICT)
3. School of Infromation Technology and Cyber Security (SITCS)
4. School of Forensic Science and Risk Management (SFSRM)
5. School of Criminology and Crime Science (SCCS)
6. School of Foreign Languages and Security Culture (SFLSC)
7. School of Security Law, Policy and Governance (SSLPG)
8. School of Physical Education and Sports (SPES)
9. School of Maritime, Air and Space Studies (SMASS)
10. School of Neighbourhood Foreign and Military Affairs (SNFMA)
11. School of Strategic Learning and Joint Logistics (SSLJL)
12. School of Security Procurement, Manufacturing and Exports (SSPME)
13. School of Military Affairs, Histroy and Strategies (SMAHS)
14. School of Border Management and Intelligence (SBMI)
15. School of Security Technology and Management (SSTM)

યુનિવર્સિટીમાં ઉપલબ્ધ અભ્યાસક્રમ અને યોગ્યતા

ક્રમ	અભ્યાસક્રમ	લાયકાત
૧	સર્ટિફિકેટ કોર્સ ઈન ફોટોગ્રાફી	કોઈપણ પ્રવાહમાં ધોરણ – ૧૨પાસ અથવા સમકક્ષ
૨	ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ	કોઈપણ પ્રવાહમાં ધોરણ – ૧૨પાસ અથવા સમકક્ષ
૩	બી.ટેક. (કોમ્પ્યૂટર સાયન્સ અને એન્જિનિયરિંગ)	ACPCએ નક્કી કરેલ પ્રમાણે
૪	બી.એ- સિક્યોરિટી મેનેજમેન્ટ	કોઈપણ પ્રવાહમાં ધોરણ – ૧૨ પાસ
૫	પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ	કોઈપણ પ્રવાહમાં વિદ્યાશાખાના સ્નાતક (૧૦+૨+૩)
૬	પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સાયબર સિક્યુરીટી એન્ડ સાયબર ફોરેન્સિક	કોઈપણ પ્રવાહમાં વિદ્યાશાખાના સ્નાતક (આર્ટ્સ સિવાય) (૧૦ + ૨ + ૩) અથવાસમકક્ષ
૭	પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરીટી	કોઈપણ પ્રવાહમાં વિદ્યાશાખાના સ્નાતક (૧૦ + ૨ + ૩) અથવા સમકક્ષ
૮	એમ.એ. ઈન ક્રિમીનોલોજી	કોઈપણ પ્રવાહમાં સ્નાતક
૯	એમ.એ. ઈન પોલીસ એડમિનિસ્ટ્રેશન	કોઈપણ પ્રવાહમાં વિદ્યાશાખાના સ્નાતક
૧૦	એમ.ટેક ઈન સાયબર સિક્યોરિટી	ACPCએ નક્કી કરેલ પ્રમાણે
૧૧	એલ.એલ.એમ. ઈન ક્રાઈમ એન્ડ સિક્યોરિટી લો	સ્નાતક
૧૨	માસ્ટર ઓફ સાયન્સ ઈન ફોરેન્સિક સાયન્સ	કોઈપણ સંલગ્ન પ્રવાહમાં

૧૩	માસ્ટર ઓફ ફિલોસોફી (ક્રિમીનોલોજી, પોલીસ એડમિનિસ્ટ્રેશન કાયદો, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ન્યાય સહાયક વિજ્ઞાન, શારીરિક શિક્ષણ)	કોઈપણ સંલગ્ન પ્રવાહમાં વિદ્યાશાખાના અનુસ્નાતક
૧૪	સંશોધન પીએચ.ડી. (વધુ માહિતી માટે યુનિવર્સિટી વેબાઈટની મુલાકાત લેવી.)	

- વર્તણૂક અને ન્યાય સહાયક વિજ્ઞાન (Behavioural & Forensic Science)
- આઈ.ટી એન્ડ સાયબર સિક્યોરિટી (Information Technology and Cyber Security)
- કાયદો (Law)
- અપરાધ શાસ્ત્ર (Criminology)
- પોલીસ વહીવટ (Police Administration)
- આંતરિક સુરક્ષા અને વ્યવસ્થાપન (Internal Security & Management)
- શારીરિક શિક્ષણ (Physical Education & Sports)

તેમજ નવા કોર્સ જેવા કે બી. એ. (એલ.એલ. બી.), બી.એસસી. (એલ.એલ.બી.), એમ.એસસી. ઈન ફોરેન્સિક ઓડિટિંગ એન્ડ એકાઉન્ટસી ચાલુ કરવાની વિચારણા છે.

પ્રવેશ પ્રક્રિયા

- પ્રવેશ પ્રક્રિયા એપ્રિલ-મે માસમાં પ્રારંભ થાય છે. તેની વિગતો વેબસાઈટ પર તેમજ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં (પીએચ.ડી. અને એમ.ફીલ સિવાય) એન.સી.સી ઉમેદવારો, રમતવીર ઉમેદવારોને પ્રવેશમાં અગ્રીમતા આપવામાં આવે છે.
- પ્રવેશ તથા કોર્સને લગતી માહિતી માટે યુનિવર્સિટીનો સંપર્ક કરી શકાશે. ફોન - ૦૭૯-૬૮૧૨ ૬૮૦૦ મો-૯૯૭૮૪૪૬૯૧૨ (કામકાજના સમય દરમ્યાન)

ઈ-મેઈલ : academicbr@rsu.ac.in ફેક્સ : ૦૭૯ -૬૮૧૨૬૮૨૦ વેબસાઈટ : www.rsu.ac.in

કારકિર્દીની તકો

આ યુનિવર્સિટીમાંથી સફળતાપૂર્વક અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને ગુજરાત સરકાર દ્વારા પોલીસ કોન્સ્ટેબલ, પોલીસ સબઈન્સ્પેકટરની ભરતીમાં નીચે દર્શાવ્યા મુજબના વધારાના ગુણ આપીને અગ્રતા આપવામાં આવે છે.

ડિપ્લોમા/ડિગ્રી કોર્સમાં પ્રાપ્તાંક	પી.એસ.આઈ/ આઈ.ઓ/ એ.એસ. આઈ. ભરતી પરીક્ષામાં ઉમેરવાના ગુણ	કોન્સ્ટેબલની ભરતી પરીક્ષામાં ઉમેરવાના ગુણ
ડિસ્ટીંકશન	૧૫ ગુણ	૫ ગુણ
પ્રથમવર્ગ	૧૨ ગુણ	૪ ગુણ
દ્વિતીયવર્ગ	૯ ગુણ	૩ ગુણ
અન્ય ઉત્તીર્ણ	૫ ગુણ	૨ ગુણ

- ગુજરાત ઔદ્યોગિક સુરક્ષાદળની નોકરીમાં રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે રોજગારીની તક
- ખાનગી IT અને બીજી કંપનીમાં રોજગારીની તકો.

પ્લેસમેન્ટ

● અત્યાર સુધીમાં પોલીસ ભરતીમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ પોલીસ વિભાગમાં (પોલીસ કોન્સ્ટેબલ, પોલીસ સબઈન્સ્પેકટર તેમજ આસિસ્ટન્ટ સબઈન્સ્પેકટર) પસંદગી પામેલ છે.

● યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે જોબફેરનું આયોજન કરવામાં આવે છે.

● આ ઉપરાંત, રક્ષાશક્તિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ગુજરાત ઔદ્યોગિક સુરક્ષા દળ તેમજ ખાનગી સુરક્ષા સંસ્થામાં, સામાજિક સેવા સંસ્થામાં, આઈ.ટી. ક્ષેત્રની ખાનગી કંપનીઓમાં અને શૈક્ષણિક સંસ્થામાં સેવા આપી રહ્યા છે.

● રક્ષાશક્તિ યુનિ.ના વિવિધ કોર્સના વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ માટે ગયેલ છે.

પ્રો. બિમલ એન. પટેલ, મહાનિયામકશ્રીના માર્ગદર્શન હેઠળ આ યુનિવર્સિટીના તજજ્ઞો વિદ્યાર્થીઓને જ્ઞાન આપી રહ્યા છે. યુનિવર્સિટી રાષ્ટ્રીય સ્તરે સેવા આપવા માટે જ્ઞાન, સંશોધન, તાલીમનું આયોજન પર ભાર મૂકવામાં આવેલ છે અને સમાજની તેમજ ગુજરાત રાજય અને ભારતની સારી છબીને આ યુનિવર્સિટીના હેતુ સાથે સમગ્ર વિશ્વમાં અગ્રેસર કરશે.

શિષ્યવૃત્તિ

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને અન્ય અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારના નિયમ મુજબ સ્કોલરશીપ યોજનાનો લાભ મળવાપાત્ર છે. આ ઉપરાંત, પીએચ. ડી. અને એમ. ફીલના વિદ્યાર્થીઓને ફેલોશીપ પણ આપવામાં આવે છે.

વ્યવસ્થા

આ નવીન યુનિવર્સિટીમાં હોસ્ટેલ, જીમ અને ફીટનેસ, ઈન્ટરનેટ, મેડિકલ અને wi-fi તેમજ જમવાની સુવ્યવસ્થા છે.

સંપર્કઃ-

રક્ષાશક્તિ યુનિવર્સિટી, લવાડ કેમ્પસ

મુ. લવાજ, તા. દહેગામ, જિ. ગાંધીનગર -૩૮૨૩૦૫

ફોન નં- ૦૭૯- ૬૮૧૨ ૬૮૦૦

મો-૯૯૭૮૪૪૬૯૧૨(કામકાજના સમય દરમિયાન) ઈ- મેઈલ : academicbr@rsu.ac.in

ફેકસ : ૦૭૯-૬૮૧૨૬૮૨૦

વેબસાઈટ : www.rsu.ac.in

ઈન્ચાર્જ રજિસ્ટ્રાર તથા આસી. રજિસ્ટ્રાર
રક્ષાશક્તિ યુનિવર્સિટી.

૧૬ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી : ગાંધીનગર શારીરિક શિક્ષણ અને રમત ક્ષેત્રે કારકિર્દીની તકો

– દીપ મહેતા

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) દ્વારા માન્ય સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની વર્ષ ૨૦૧૧માં ગુજરાત સરકાર દ્વારા સ્થાપના કરવામાં આવી છે. યુનિવર્સિટી શારીરિક શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે વિવિધ સર્ટિફિકેટ, સ્નાતક, અનુસ્નાતક તેમજ સંશોધનના અભ્યાસક્રમો ચલાવે છે. શારીરિક શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે વિશ્વસ્તરની અનેક ખ્યાતનામ યુનિવર્સિટીઓ જેમનું સભ્યપદ ધરાવે છે, તેવા International Association of Physical Education and Sports Universities નામના સંગઠનમાં સભ્યપદ ધરાવતી ભારતની સર્વ પ્રથમ યુનિવર્સિટીનું ગૌરવ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીને પ્રાપ્ત છે.

આજના યુગમાં રમત પ્રદર્શનને સર્વોચ્ચ સ્તરે લઇ જવા માટે રમતગમત સાથે સંકળાયેલા દરેક ક્ષેત્રને પાયાથી મજબૂત અને સમૃદ્ધ કરવાની જરૂરિયાત છે. રમત વિજ્ઞાન અને અન્ય દરેક સંલગ્ન ક્ષેત્ર માટે વિવિધ અભ્યાસક્રમો તૈયાર કરી તથા તે ક્ષેત્રે માનવ સંસાધનોનો વિકાસ કરવા શૈક્ષણિક સંસ્થાઓ અને વિશ્વ વિદ્યાલયોએ ઉત્કૃષ્ટ યોગદાન આપવું જરૂરી છે. આ ક્ષેત્રે રુચિ ધરાવતા યુવાનોએ તેમજ રમતવીરોએ રમતોનો બહોળો અનુભવ અને સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા પછી આ પ્રકારના ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

રમતગમત ક્ષેત્રે યોગ્ય કુશળતા ધરાવતા માનવ સંસાધનની અછત વર્તાઈ રહી છે. એક તરફ શાળા અને કૉલેજોની શિક્ષણ પ્રણાલી રમતગમત ક્ષેત્રે રસ ધરાવતા યુવાનો માટે પ્રોત્સાહક નથી. તો બીજી બાજુ રમતગમત ક્ષેત્રે રસ ધરાવતા ખેલાડીઓ તૈયાર કરવા માટે વિવિધ ક્ષેત્રે કુશળતા અને ઉચ્ચ જ્ઞાન ધરાવતા મહત્ત્વાકાંક્ષી યુવાનો રમતના ક્ષેત્ર તરફ રહેલી વ્યાવસાયિક સંભાવનાઓથી અવગત નથી. આજના સમયમાં માત્ર શારીરિક શિક્ષણ અને સ્વાસ્થ્ય જ નહીં પરંતુ ઉચ્ચ રમત પ્રદર્શન પ્રાપ્ત કરવા રમત ક્ષેત્રે ઉચ્ચ કક્ષાના રાહબરો, રમત મનોવિજ્ઞાનિકો, રમત જૈવયંત્રશાસ્ત્રના વિદ્વાનો, રમત ટેકનોલોજીના નિષ્ણાતો, રમત દેખાવ વિશ્લેષક અને આંકડાશાસ્ત્રી, રમત આહાર અને આરોગ્યશાસ્ત્રના વિદ્વાનોની તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

રમત ક્ષેત્રે વર્તમાન સમયમાં અને ભવિષ્યમાં ઊભી થનારી સંભાવનાઓ સામે માનવ સંસાધનોનું ઘડતર કરવું જરૂરી બની રહ્યું છે. રમત ક્ષેત્રે વિવિધ સંભાવનાઓને જોતાં સામાન્ય રીતે નીચે જણાવેલા વિવિધ જૂથોમાં માનવ સંસાધનની જરૂરિયાત રહે છે.

સ્પોર્ટ્સ સાયન્સ :

આ ક્ષેત્રે સ્પોર્ટ્સ ફિઝિઓલોજી, સ્પોર્ટ્સ બાયોમિકેનિક્સ, સ્પોર્ટ્સ સાયકોલોજી, સ્પોર્ટ્સ એન્થોપોમેટ્રી, સ્પોર્ટ્સ ટેકનોલોજી, સ્પોર્ટ્સ પરફોર્મન્સ એનાલીસીસ, સ્પોર્ટ્સ ઇન્ફોર્મેશન ટેકનોલોજી તજજ્ઞ, સ્પોર્ટ્સ લેબોરેટરી ટેકનિશિયન,, કોચિંગ માટે વિશિષ્ઠ પ્રકારના સોફ્ટવેર ડેવલપર્સ વગેરે જેવાં ક્ષેત્રો હજુ પણ વણ ખેડાયેલાં છે.

સ્પોર્ટ્સ મેડિસિન અંગે આનુષંગિક અભ્યાસક્રમોઃ

સ્પોર્ટ્સ મેડિસીન એક્સપર્ટ, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપી, કન્ડિશનિંગ ટ્રેનર્સ, એક્સરસાઇઝ થેરાપી ટેકનિશિયન, સ્પોર્ટ્સ ડાયાનાટોમી જેવાં ક્ષેત્રો પણ વણખેડ્યાં જાણાય છે. જેમાં અનેક ગણી શક્યતાઓ દેશ વિદેશમાં રહેલી છે જેમાં રમતવીરો તથા વિજ્ઞાનના વિદ્યાર્થીઓ આ પ્રકારના ક્ષેત્રોમાં વળ્યા નથી.

સ્પોર્ટ્સ મેનેજમેન્ટ :

આ ક્ષેત્રમાં મેનેજમેન્ટ ઇન સ્પોર્ટ્સ, HR મેનેજમેન્ટ ઇન સ્પોર્ટ્સ, સ્પોર્ટ્સ ટુરીઝમ, સ્પોર્ટ્સ ઇકોનોમિક્સ એન્ડ ફાયનાનસિંગ મેનેજમેન્ટ, મેનેજમેન્ટ ઓફ સ્કૂલ સ્પોર્ટ્સ, મેનેજમેન્ટ ઓફ યુનિવર્સિટી સ્પોર્ટ્સ, સ્પોર્ટ્સ ગુડ્સ માર્કેટિંગ, હેલ્થ ક્લબ એન્ડ ફિટનેસ સેન્ટર મેનેજમેન્ટ, યોગ સેન્ટર મેનેજમેન્ટ, સ્પોર્ટ્સ લો, સ્પોર્ટ્સ આર્બિટેશન જેવા ક્ષેત્રોમાં પણ અનેક ગણી શક્યતાઓ છે. નોકરી કરતાં સ્વરોજગારી મેળવવાની શક્યતાઓ સૌથી વધુ જણાય છે.

સ્પોર્ટ્સ ઇન્ડસ્ટ્રીઝ :

આ ક્ષેત્રમાં મોટા પાયે રોકાણ અને માર્કેટિંગ નેટવર્કની જરૂર પડે છે. એટલું જ નહીં આ પ્રકારના વ્યાપાર કે ધંધાનું મોડેલ સફળ બનાવવા માટે તેમાં જે-તે રમતના ભૂતપૂર્વ

ખેલાડીઓ કે નિષ્ણાતોની સેવાઓ પણ લેવામાં આવતી હોય છે. રમત ગમતને લગતા સામાનના ઉત્પાદન અને વેચાણથી રોજગારીનું એક નવું ક્ષેત્ર ઉત્પન્ન થઈ રહ્યું છે સરકારના સ્ટાર્ટ અપ ઈન્ડિયા કાર્યક્રમથી ખેલકૂદ ક્ષેત્રે સાધન-સામાનના ઉત્પાદન ક્ષેત્રે વધુને વધુ નવી કંપનીઓની આગળ આવવાની શક્યતાઓ છે. આ ક્ષેત્રે સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગમાં પણ કુશળ કારીગરોની વધુ સંખ્યાથી વિદેશી ઉપકરણો પર દેશના નાણાંનો વ્યય અટકાવી, Make in India બેઈઝ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ વિકસાવી શકાય છે.

સ્પોર્ટ્સ કોચિંગ :

યુવાનો અને ખેલાડીઓ કે જેઓ સ્પોર્ટ્સ કોચિંગના ક્ષેત્રે રસ ધરાવતા હોય તેઓ વિવિધ રમતો માટે ટ્રેનિંગ, કન્ડિશનિંગ અને હાઈ પરફોર્મન્સ કોચિંગ જેવા દરેક સ્તરે રાહબર તરીકેની કારકિર્દીના ક્ષેત્રેમાં રહેલી તકો મેળવી શકે છે.

સ્પોર્ટ્સ મીડિયા :

જે યુવાનોને લેખન અને વ્યાખ્યાનમાં રસ છે તેઓ માટે હવે રમતગમત અને ખેલકૂદનું નવું ક્ષેત્ર ખૂલી રહ્યું છે. આગામી સમયમાં રમતગમત અને ખેલકૂદ ક્ષેત્રે લેખન અને સમીક્ષા કરી શકે તેવા લેખકોની માંગમાં વધારો થશે. 'ખેલો ઈન્ડિયા' જેવી વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન ડિજિટલ યુગમાં થઈ રહ્યું છે, તેથી તેમાં ભાગ લેનાર દરેક ખેલાડીની સફળતા અને સ્પોર્ટ્સ પરફોર્મન્સની તમામ વિગતો ડિજિટલ સ્વરૂપે સાચવવી અને તેનું વિશ્લેષણ કરવું પણ જરૂરી હોય છે, જેથી શ્રેષ્ઠ રમત દેખાવ કરનાર ખેલાડીઓના આંકડાઓ દેશ અને વિશ્વ સમક્ષ મૂકી શકાય.

સ્પોર્ટ્સ પેડાગોગી :

આજના યુગમાં રમતગમત અને ખેલકૂદે એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ઉપરાંત રમતગમત અને સ્કોલરશીપને મહત્ત્વ આપવા રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર વિવિધ કાર્યક્રમો તેમજ આશાસ્પદ ખેલાડીઓને વિવિધ સંસ્થાઓ તરફથી મળતા સમર્થનને પરિણામે આજે માતાપિતા પોતાના બાળકોને નાનપણથી જ રમતનું પ્રશિક્ષણ આપવા લાગ્યા છે. આથી દેશમાં મોટાપાયે બાળકોને પ્રશિક્ષિત કરવા માટે વધુમાં વધુ નિપુણ શિક્ષકો અને પ્રશિક્ષકોની જરૂરિયાત ઊભી થઈ રહી છે. શિક્ષણ શાસ્ત્રીય સિદ્ધાંતોના આધારે અસરકારક શિક્ષણ આપી શકે તેવા શારીરિક શિક્ષણના શિક્ષકો અને રમત પ્રશિક્ષકોની આજે વ્યાવસાયિક કૉલેજો અને યુનિવર્સિટીમાં જરૂર છે જેના માધ્યમથી સારા વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ તૈયાર કરી ઉચ્ચ રમત પ્રદર્શન મેળવી શકાય.

એડવેન્ચર સ્પોર્ટ્સ :

એડવેન્ચર સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રી છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતમાં ઝડપથી વિકસી રહી છે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે એડવેન્ચર સ્પોર્ટ્સના વિવિધ ક્ષેત્રોમાં તાલીમ આપતી ઘણી સંસ્થાઓ આજે વિકસી રહી છે. શાળા, કૉલેજો તેમજ વિવિધ ક્લબોમાં એડવેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે લેન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સ, વોટર એડવેન્ચર સ્પોર્ટ્સ, એરો સ્પોર્ટ્સમાં અનેક વિદ્યાર્થીઓ અને યુવાનો ભાગ લેવા પ્રોત્સાહિત થયા છે. તેઓની જરૂરિયાતને ધ્યાને લઈ એડવેન્ચર સ્પોર્ટ્સ ક્ષેત્રે પ્રાયોગિક અને પ્રવૈધક જ્ઞાન તથા અનુભવ ધરાવતા નિપુણ નિષ્ણાતો અને પ્રશિક્ષકોની જરૂર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં એક અલગથી એડવેન્ચર સ્પોર્ટ્સ એન્ડ યુથ અફેર્સ વિભાગમાં કાર્યરત પી. જી. ડિપ્લોમા અભ્યાસક્રમો તેમજ વિવિધ ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો દ્વારા આ ક્ષેત્રે વ્યાવસાયિક અને સ્વરોજગારીની તકો વિકસાવી શકાય તેમ છે.

ખેલકૂદ ક્ષેત્રે કોર્પોરેટમાં તકો :

આજે દેશમાં રમતગમત ક્ષેત્રે ક્લબ કલ્ચર ઝડપભેર વધી રહ્યું છે. વિવિધ રમતોમાં સક્રિય ક્લબને આર્થિક ટેકો આપવા અનેક મોટી કંપનીઓ આગળ આવી રહી છે. મોટી કંપનીઓ પોતાની બ્રાંડ અને માર્કેટિંગને ઉત્તેજન આપવા માટે પણ નવા ઉભરતા ખેલાડીઓને સ્પોન્સરશીપ આપે છે. ખેલાડીઓ દ્વારા કરાતી જાહેરાતોનો બાળકો અને યુવાનોમાં વધુ પ્રભાવ પડતો હોવાથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ સ્પોન્સર કરવામાં પણ મોટી

કંપનીઓ આગળ આવતી જોવા મળી રહી છે.

સ્પોર્ટ્સ રિસર્ચ :

આજનો સમય માહિતીનો સમય છે. ડેટા વિજ્ઞાનિક જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં નિર્ણય અને વિકાસને પ્રભાવિત કરે છે. ખેલ જગત પણ તેનાથી અલગ નથી. આંકડાઓને આધારે પૂર્વાનુમાન અને સરખામણી વગેરે માટે ખૂબ જ સરળતા રહે છે. પ્રાપ્ત ડેટાનું જે લોકો યોગ્ય મૂલ્યાંકન અને પૃથક્કરણ કરી શકે તેવા નિષ્ણાતોની આ ક્ષેત્રમાં ખૂબ જ માંગ રહે છે.

ફિટનેસ કન્સલ્ટન્ટ :

આજે ખેલકૂદ અને રમતગમતમાં શારીરિક સુસજ્જતાનું મહત્ત્વ વધી રહ્યું છે. ફિટનેસ માટે એક વિશેષ તાલીમબદ્ધ વ્યક્તિ હોવી એ હવે અનિવાર્ય બન્યું છે. ફિટનેસ કન્સલ્ટન્ટ એ એવી વ્યક્તિ છે જે ખેલાડીઓના આરોગ્ય, ફિટનેસ, પોષણ, અને ચિકિત્સા જેવાં ક્ષેત્રોમાં સલાહ અને માર્ગદર્શન આપે. શહેરો તેમજ નાનાં કેન્દ્રોમાં પણ હવે ધીમે ધીમે ખાનગી જીમની સંખ્યા વધી રહી છે અને તમામ જીમમાં ફિટનેસ નિષ્ણાત કે કન્સલ્ટન્ટની જરૂરિયાત રહે છે.

અમ્પાયર કે રેફરી :

કોઈપણ રમત કે ખેલમાં અમ્પાયર અને રેફરીની જરૂર હોય છે. જુનિયરથી સિનિયર કક્ષા સુધી અને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓ માટે તે એક અનિવાર્ય અંગ છે. રમતગમત અને ખેલકૂદમાં આ એક વિશેષ યોગ્યતા ધરાવતું કાર્યક્ષેત્ર છે, જેમાં રમતગમત અને ખેલકૂદના વિકાસ સાથે યોગ્યતા ધરાવતા અનુભવી અમ્પાયર કે રેફરીની દિવસે ને દિવસે માંગ વધી રહી છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા શારીરિક શિક્ષણ અને રમતગમતનું બહોળું જ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓ, શિક્ષકો, રાહબરો, તેમજ અધ્યાપકો તૈયાર કરવા અગ્રેસર છે. યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી નીચે મુજબ છે.

ક્રમ નં.	અભ્યાસક્રમ	લાયકાત	સમયગાળો	પ્રવેશ ફી (રૂ.)
૧.	પીએચ.ડી. (યુ.જી.સી. ના ધારાધોરણ મુજબ) (રેગ્યુલર) ડોક્ટર ઓફ ફિલોસોફી (ફિજિકલ એજ્યુકેશન)	માસ્ટર ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન / સ્પોર્ટ્સ સાયન્સ	--	૫૦૦/-
૨.	એમ.ફિલ. + પીએચ.ડી. (ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ) યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ (ફુલ ટાઇમ)	માસ્ટર ડિગ્રી ઇન ફિઝિકલ એજ્યુકેશન / સ્પોર્ટ્સ સાયન્સ	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	૫૦૦/-
૩	એમ.પી.એડ (એન.સી. ટી.ઈ.ના ધારાધોરણ મુજબ) માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન	બી.પી.એડ (એન.સી.ટી. ઈ.ના ધારાધોરણ મુજબ)	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૨૫૦/-
૪	એમ.પી.ઈ.એસ. (યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ.) માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ	બી.પી.ઈ.એસ/ બી.પી.એડ	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૨૫૦/-
૫	એમ.એ. (સ્પોર્ટ્સ સાયકોલોજી) માસ્ટર ઓફ આર્ટ્સ (યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ.)	કોઇ પણ ગ્રેજ્યુએટ (સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનને પ્રાધાન્ય આપવામાં આવશે)	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૨૫૦/-
૬	એમ.એ. (જર્નાલિઝમ માસ કમ્યુનિકેશન ઇન સ્પોર્ટ્સ) (યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ)	કોઇ પણ ગ્રેજ્યુએટ	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૨૫૦/-
૭	બી.પી.એડ. (એન.સી. ટી.ઈ.ના ધારાધોરણ મુજબ) બેચરલ ઓફ ફિઝિકલ એજ્યુકેશન	કોઇ પણ ગ્રેજ્યુએટ તથા સ્પોર્ટ્સ પાર્ટિસીપેશન એન.સી.ટી.ઈ.ના ધારાધોરણ મુજબ	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	૨૫૦/-

૮	બી.બી.એ. (સ્પોર્ટ્સ મેનેજમેન્ટ) બેચલર ઓફ બિસનેસ ઍડમિનિસ્ટ્રેશન (યુ.જી.સી. ના ધારાધોરણ મુજબ)	૧૨ પાસ (૧૦+૨) (સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનને પ્રાધાન્ય આપવામાં આવશે)	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	૨૫૦/-
૯	બી.બી.એ. (ઇવેન્ટ મેનેજમેન્ટ વિથ સ્પેશ્યલાઇઝેશન ઇન સ્પોર્ટ્સ) બેચલર ઓફ બિસનેસ ઍડમિનિસ્ટ્રેશન (યુ.જી.સી. ના ધારાધોરણ મુજબ)	૧૨ પાસ (૧૦+૨) (સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનને પ્રાધાન્ય આપવામાં આવશે)	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	૨૫૦/-
૧૦	બી.પી.ઈ.એસ. (યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ) બેચલર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ	૧૨ પાસ (૧૦+૨) (સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનને પ્રાધાન્ય આપવામાં આવશે)	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	૨૫૦/-
૧૧	બી.એસસી. (સ્પોર્ટ્સ કોચિંગ) બેચલર ઓફ સાયન્સ (સ્પોર્ટ્સ કોચિંગ) (યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ)	૧૨ પાસ (૧૦+૨) (સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનને પ્રાધાન્ય આપવામાં આવશે)	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	૨૫૦/-
૧૨	બી.એસસી. (સ્પોર્ટ્સ ન્યુટ્રિશન) બેચલર ઓફ સાયન્સ (સ્પોર્ટ્સ ન્યુટ્રિશન) (યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ)	૧૨ પાસ (૧૦+૨) (સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનને પ્રાધાન્ય આપવામાં આવશે)	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	૨૫૦/-
૧૩	પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ● સ્પોર્ટ્સ મેનેજમેન્ટ ● એડવેન્ચરસ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેશન ● સ્પોર્ટ્સ જર્નાલિઝમ એન્ડ માસ મીડિયા ટેકનોલોજી ● ફિટનેસ મેનેજમેન્ટ	કોઇ પણ ગ્રેજ્યુએટ (સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનને પ્રાધાન્ય આપવામાં આવશે) (નોંધઃકોર્સ પ્રમાણે ઓછામાં ઓછી સંખ્યા ૧૦)	૧ વર્ષ	૨૫૦/-

૧૪	પી. જી. ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચિંગઃ- ૧) એથ્લેટીક્સ, ૨) આર્ચરી, ૩)ટેબલ, ટેનીસ, ૪) ટેનીસ, ૫) સ્વિમિંગ, ૬) બેડ્મિન્ટન, ૭) ફૂટબોલ, ૮) બાસ્કેટબોલ, ૯) વોલિબોલ, ૧૦) જીમનાસ્ટિક, ૧૧) કેનોઈંગ અને કાયાકીંગ, ૧૨) કુસ્તી, ૧૩) ક્રિકેટ, ૧૪) હોકી, ૧૫) ખો-ખો, ૧૬) કબડ્ડી, ૧૭) જુડો, ૧૮) ફેન્સિંગ, ૧૯) બોક્સિંગ, ૨૦) હેન્ડ બોલ	કોઈ પણ ગ્રેજ્યુએટ તથા સ્પોર્ટ્સ પાર્ટિસીપેશનમાં ● ૦૨ એઆઈયુ ઝૉનલ અથવા ● ૦૧ એઆઈયુ ઓલ ઈન્ડિયા અથવા ● ૦૧ સિનિયર નેશનલ (નોંધઃ રમત પ્રમાણે ઓછામાં ઓછી સંખ્યા ૧૫)	૧ વર્ષ	૨૫૦/-

- પ્રવેશપત્ર, ફી, અભ્યાસક્રમ, અભ્યાસક્રમનું માળખું, લાયકાત અને નિયમો યુનિવર્સિટીની વેબસાઈટ https://sgsu.gujarat.gov.in અથવા યુનિવર્સિટી કાર્યાલય ખાતેથી કામકાજના દિવસ દરમિયાન સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી મેળવી શકાશે.
- ઉપરોક્ત પૈકી કોઈ પણ કોર્સ કે રમત સ્પેશ્યલાઈઝેશન શરૂ કરવા કે ન કરવાનો અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.
- પ્રવેશપત્ર યુનિવર્સિટીની વેબસાઈટ https://sgsu.gujarat.gov.in અથવા https://admission.sgsuprotal.in પરથી ઓનલાઈન ભરી શકાશે. આ પ્રવેશપત્ર ભરવા માટેની જરૂરી સૂચનાઓ વેબસાઈટ પર Apply for Admission બટન પર ક્લીક કરવાથી મળશે.
- એડમિશન ફોર્મ ભરવા માટેની હેલ્પ ફાઈલ https://admission.sgsuprotal.in પરથી મેળવી શકાશે.
- સંપર્કઃ ૦૭૯-૨૩૨૮૮૬૦૩, ઈ-મેઈલ : admissions.sgsu@gmail.com

ઉપરોક્ત અભ્યાસક્રમો માટે જરૂરી ફી "રજિસ્ટ્રાર, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી"ને ઉદ્દેશીને ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે ભરી શકાશે.

વિશેષ નોંધ :

- પ્રવેશ પ્રક્રિયા સંબંધે ખેલ મહાકુંભ સહિતની રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય અથવા રમત ગમતની વિશેષ સિદ્ધિઓને ધ્યાનમાં લેવામાં આવશે.
- વિદ્યાર્થિનીઓ માટે ટ્યૂશન ફી ગુજરાત સરકારશ્રીના નિયમોનુસાર માફી રાખેલ છે. (સેલ્ફ-ફાઈનાન્સ કોર્સ માટે લાગુ પડતું નથી).
- હાલ અંતિમ સત્રની પરીક્ષા આપી રહેલ ઉમેદવાર પરિણામ પ્રાપ્ત થયેલ ન હોય તો પણ પ્રવેશપત્ર ભરી શકશે.

રજિસ્ટ્રાર,
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી,
ગાંધીનગર.

૧૭ કામધેનુ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો

– એમ. જે. દવે

કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકારના વર્ષ ૨૦૦૯ના અધિનિયમ ૯ અંતર્ગત પશુચિકિત્સા અને પશુપાલન, ડેરી અને મત્સ્યવિજ્ઞાન ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ થકી કૌશલ્યયુક્ત માનવધનના નિર્માણ હેતુ રાજ્યભરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના માધ્યમથી કાર્યરત છે.

હેતુ: સર્વ જીવોના કલ્યાણ અર્થે સદાય પ્રયત્નશીલ રહેવું.

વિઝન : આ યુનિવર્સિટી પશુચિકિત્સા અને સંલગ્ન શાખાઓમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ નેતૃત્વ પૂરું પાડવાની નેમ ધરાવે છે.

ગુજરાત રાજ્યમાં પશુચિકિત્સા અને પશુવિજ્ઞાનના વિકાસ માટે અને ડેરી વિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનોના અભ્યાસનો વ્યાપ વધારવા સહિત પશુપાલન, મત્સ્યપાલન અને ડેરી ઉદ્યોગમાં ખૂબ જ જરૂરી થતાં નવીન સંશોધન અને સંશોધનનાં પરિણામો અને અન્ય તાંત્રિક માહિતીના પ્રચાર-પ્રસાર માટે યુનિવર્સિટી કાર્યરત છે.

- કામધેનુ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમો થકી રાજ્યભરમાં પશુચિકિત્સા અને પશુવિજ્ઞાન, ડેરી વિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન વિજ્ઞાનોના ક્ષેત્રોમાં તાંત્રિક અને તાલીમબધ્ધ માનવબળ તૈયાર કરવામાં આવે છે.
- કૌશલ્યવર્ધન થાય તેવા અભ્યાસક્રમો થકી યુવાપેઢીના સ્નાતકો/ડિપ્લોમા ધારકો પશુપાલન અને ઉત્પાદન વ્યવસાયને મૂલ્યવર્ધિત ઉદ્યોગો સ્થાપવાની તક પૂરી પાડવી.
- સ્વરોજગારી મેળવી અને ઉદ્યોગ સાહસિક બની નવયુવાનોને નોકરીની તકો પૂરી પાડી શકે તેવા અભ્યાસક્રમો છે.
- રાજ્ય/કેન્દ્ર સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર ખેડૂતો/પશુપાલકોની આવક બમણી કરવાની (Doubling the Income) સંકલ્પના મુજબના લક્ષ્યાંકોની સિદ્ધિ માટે કૌશલ્યયુક્ત માનવબળ તૈયાર કરે છે.

કામધેનુ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમ:

- સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો:

(૧) બી.ટેક (ડેરી ટેકનોલોજી)
(૨) બી.વી.એસ.સી. એન્ડ એ.એચ(વેટરનરી)
(૩) બી.એફ.એસ.સી.(ફિશરીઝ)

- અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો:

૧) એમ.ટેક(ડેરી સાયન્સ)
૨) એમ.વી.એસ.સી
૩)એમ.એફ.એસ.સી

- ડિપ્લોમા કક્ષાનો અભ્યાસક્રમ:

૧) ડિપ્લોમા ઇન એનિમલ હસબન્ડરી

અભ્યાસક્રમનો સમયગાળો:

ક્રમ	કક્ષા	અભ્યાસક્રમ	સમયગાળો	માધ્યમ
૧	સ્નાતક	બી.ટેક (ડેરી ટેકનોલોજી)	૪ વર્ષ (૮ સેમેસ્ટર)	તમામ અભ્યાસક્રમોનું માધ્યમ અંગ્રેજી રહેશે.
૨		બી.વી.એસ.સી. એન્ડ એ.એચ	૫.૫. વર્ષ (૧૦ સેમેસ્ટર)	
૩		બી.એફ.એસ.સી.	૪ વર્ષ (૮ સેમેસ્ટર)	
૪	અનુસ્નાતક	એમ.ટેક. (ડેરી સાયન્સ)	૨ વર્ષ (૪ સેમેસ્ટર)	
૫		એમ.વી.એસ.સી.		
૬		એમ.એફ.એસ.સી.		
૭	ડિપ્લોમા	ડિપ્લોમા ઈન એનિમલ હસબન્ડરી	૩ વર્ષ (૬ સેમેસ્ટર)	

સંસ્થાઓની યાદી :

ક્રમ	કોલેજ	ફોન/ઈ-મેઈલ	પ્રવેશ ક્ષમતા
સ્નાતક અભ્યાસક્રમ			
૧	કોલેજ ઓફ ડેરી સાયન્સ, (અંગભૂત) કામધેનુ યુનિવર્સિટી, અમરેલી-રાજકોટ હાઈવે, શેડુભાર ગામની બાજુમાં,અમરેલી	(ઓ) ૬૩૫૯૬૬૩૨૬૩ ઈ-મેઈલ: prin.dsc.amreli@ku-guj.com	૪૪
૨	કોલેજ ઓફ વેટરનરી સાયન્સ, (અંગભૂત) રાજપુર(નવા) હિંમતનગર, જિ.-સાબરકાંઠા	(ઓ) ૦૨૭૭૨-૨૨૩૧૯૨ ઈ-મેઈલ: dean.vet@ku-guj.com	૩૫*
૩	કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ,(અંગભૂત) રાજપુર(નવા) હિંમતનગર, જિ.-સાબરકાંઠા	(ઓ) ૦૨૭૭૨-૨૨૩૧૯૨ ઈ-મેઈલ: dean.fish@ku-guj.com	૨૫*
૪	કોલેજ ઓફ ડેરી સાયન્સ, માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા (સંલગ્ન)	(ઓ) ૦૨૭૬૨-૨૫૩૨૦૧/ ૨૪૩૭૭૭ ઈ-મેઈલ: dharmendrashukla@midft.com	૪૪
★ સૂચિત બેઠકો			
અનુસ્નાતક અભ્યાસક્રમ			
૫	પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વેટરનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ, (અંગભૂત) રાજપુર(નવા) તા. હિંમતનગર, જિ.-સાબરકાંઠા	(ઓ) ૦૨૭૭૨-૨૨૩૧૯૨ ઈ-મેઈલ: dean.vet@ku-guj.com	૧૫
૬	પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિશરીઝ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, (અંગભૂત) રાજપુર(નવા) તા. હિંમતનગર, જિ.-સાબરકાંઠા	ઓ) ૦૨૭૭૨-૨૨૩૧૯૨ ઈ-મેઈલ: dean.fish@ku-guj.com	૦૭
૭	પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ, અમરેલી (અંગભૂત)	ઓ) ૬૩૫૯૬૬૩૨૬૩ ઈ-મેઈલ:dean.dairy@ku-guj.com	૦૬
૮	કોલેજ ઓફ ડેરી સાયન્સ, માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા (સંલગ્ન)	(ઓ) ૦૨૭૬૨-૨૫૩૨૦૧/ ૨૪૩૭૭૭ ઈ-મેઈલ: dharmendrashukla@midft.com	૧૨

ડિપ્લોમા અભ્યાસક્રમ			
૯	પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, રાજપુર(નવા) તા.હિંમતનગર, જિ. સાબરકાંઠા ૩૮૩૦૧૦ (અંગભૂત)	(ઓ) ૦૨૭૭૨-૨૨૩૧૯૨ ઈ-મેઈલ principalvetku@gmail.com	૫૫
૧૦	પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, મુ ખડસલી, તા. સાવરકુંડલાજ જિ. અમરેલી- ૩૬૪૫૩૦ (સંલગ્ન)	(ઓ)૦૨૮૪૫-૨૫૨૦૧૦ ઈ-મેઈલ principal.khadsali@gmail.com	૫૫
૧૧	રિદ્ધિ પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, ચન્દ્રનગર સોસાયટી, મોતીપુરા, હિંમતનગર, જિ.સાબરકાંઠા-૩૮૩૦૧૦ (સંલગ્ન)	(ઓ) ૦૨૭૭૨-૨૨૯૯૭૨ ઈ-મેઈલ riddhivet@gmail.com	૫૫
૧૨	કેશવમ પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, મુ. છાપી, તા.ઇડર, જિ. સાબરકાંઠા-૩૮૩૨૩૦ (સંલગ્ન)	(ઓ) ૦૨૭૭૮-૨૫૯૨૬૫/૬૬૫ ઈ-મેઈલ kpcchhapi@gmail.com	૫૫
૧૩	વૃંદાવન પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, શ્રી વૃંદાવન ગૌશાળા (જીવદયા) ટ્રસ્ટ, ખાનપર રોડ, બાયપાસ, મુ. જસદણ, જિ.રાજકોટ-૩૬૦૦૫૦ (સંલગ્ન)	(ઓ) ૯૪૯૯૬૬૭૭૩૭ ઈ-મેઈલ vrunda- vanpolytechnic12@gmail.com	૫૫
૧૪	જી.વી.એમ. પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, મુ.વાંટાવછોડા,પો.ભદ્રાલા, તા.શહેરા, જિ.પંચમહાલ-૩૮૯૨૧૦ (સંલગ્ન)	(ઓ) ૭૯૮૪૬૩૪૨૭૯ ઈ-મેઈલ gvmpolytechnicinah@gmail.com	૫૫
૧૫	નવસર્જન પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, મુ. રણછોડપુરા, પો. દેવપુરા, તા.વિજાપુર, જિ.મહેસાણા-૩૮૨૮૭૦ (સંલગ્ન)	(ઓ)૦૨૭૬૩-૨૯૨૩૧૫ ઈ-મેઈલ navsarjanpolytechnic@gmail.com	૫૫
૧૬	નોબલ પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, ભેંસાણ રોડ, વાયા વડાલ, બામણગામની બાજુમાં, તા.જિ. જૂનાગઢ-૩૬૨૩૧૦ (સંલગ્ન)	(ઓ) ૯૮૨૪૨૯૯૯૬૧/૭૧/૮૧ મો: ૯૫૧૨૭૪૫૦૮૯ઈ-મેઈલ npiah2016@gmail.com	૫૫
૧૭	શ્રી સુરત પાંજરાપોળ સુરત સંચાલિત શ્રી ભરતિયા પોલિટેકનિક ઇન એનિમલ હસબન્ડરી, ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૭ (સંલગ્ન)	(ઓ) ૦૨૬૧-૨૬૬૫૭૧૦ ઈ-મેઈલ :suratpanjarapolespt@gmail.com	૩૩

પ્રવેશ લાયકાત :

કોર્સનું નામ :	બી.ટેક. (ડેરી ટેકનોલોજી)
પ્રવેશ લાયકાત :	૧) બી.ટેક. (ડેરી ટેકનોલોજી) અભ્યાસક્રમ માટે ધો.૧૨ની પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત(એ ગ્રૂપ અથવા એબી ગ્રૂપ)નાં વિષયોની થિયરીમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.

ક્રમ	વિગત	ઓછામાં ઓછા ટકા
1	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે (SC)	૩૫%
2	અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે (ST)	૩૫%
3	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે (SEBC)	૪૦%
4	અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય	૪૦%

૨) ચાલુ વર્ષની GUJCET અથવા રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માન્ય કરાયેલ પરીક્ષા આપેલ હોવી જોઈએ
૩) એ-બી ગ્રૂપ પણ બી.ટેક ડેરી ટેકનોલોજી માટે ફોર્મ ભરી શકશે.
૪) GUJCET અથવા રાજ્ય સરકાર દ્વારા માન્ય બોર્ડ પરીક્ષા અને ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત વિષયની ફક્ત થીયરીમાં મેળવેલ) કુલ ગુણના અનુક્રમે ૪૦% અને ૬૦% અનુસાર મેરિટ તૈયાર કરવામાં આવે છે.

કોર્સનું નામ :	બેચલર ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી (B.V.Sc. & A.H) અભ્યાસક્રમ
પ્રવેશ લાયકાત :	૧) બી.વી.એસ.સી. એન્ડ એ.એચ (વેટરનરી સ્નાતક) અભ્યાસક્રમ માટે ધો.૧૨ની પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને બાયોલોજી અને અંગ્રેજી (બી ગ્રૂપ)ના વિષયોની થિયરીમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.

ક્રમ	વિગત	ઓછામાં ઓછા ગુણ/ ટકા
1	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે (SC) ૧૯૦ માર્ક્સ	(૪૭.૫૦%*)
2	અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે (ST) ૧૯૦ માર્ક્સ	(૪૭.૫૦%*)
3	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગનાં વિદ્યાર્થીઓ માટે (SEBC) ૧૯૦ માર્ક્સ	(૪૭.૫૦%*)
4	અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય ૨૦૦ માર્ક્સ	(૫૦%*)

* VCIના પ્રવેશ લાયકાતના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ.
૨) પ્રવેશ માટે ઉમેદવારે ચાલુ વર્ષની GUJCET પરીક્ષા આપેલ હોવી જોઈએ.
૩) પ્રવેશ મેરિટ ચાલુ વર્ષની GUJCET પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે બનાવવામાં આવશે અને રૂબરૂ કાઉન્સેલિંગના માધ્યમથી પ્રવેશ આપવામાં આવશે.

કોર્સનું નામ :	બેચરલ ઓફ ફિશરીઝ સાયન્સ અભ્યાસક્રમ

પ્રવેશ લાયકાત :

૧) બી.એફ.એસ.સી. (ફિશરીઝ સ્નાતક) અભ્યાસક્રમ માટે ધો.૧૨ની પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને બાયોલોજી અને અંગ્રેજી(બી ગ્રૂપ)ના વિષયોની થિયરીમાં કેટેગરી વાઈઝ ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ.

ક્રમ	વિગત	ઓછામાં ઓછા ટકા
1	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે (SC)	૩૫%
2	અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે (ST)	૩૫%
3	સામાજિક અનેશૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે (SEBC)	૪૦%
4	અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય	૪૦%

૨) પ્રવેશ માટે ઉમેદવારે ચાલુ વર્ષની GUJCET પરીક્ષા આપેલ હોવી જોઈએ

૩) ગુજરાત રાજ્યના માછીમાર જાતિના ઉમેદવાર પોતે/પુત્ર/પુત્રી/ ભાઈ/ બહેન/પૌત્ર/ પૌત્રીને વધારાના ૧૫% ગુણ બી.એફ.એસ.સી. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે મળવાપાત્ર છે. જો કે આવા ઉમેદવાર પ્રવેશ માટેની ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએ. જે માટે ઉમેદવારે તે પોતે/તેના માતા કે પિતા/દાદા કે દાદી (પિતૃપક્ષ)/ભાઈ કે બહેન માછીમારીનો ધંધો અથવા તેના ઉત્પાદનમાં સંકળાયેલા છે તે મતલબનું માન્ય સત્તાધીશનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ લાભ કામધેનુ યુનિવર્સિટીની વિદ્યાપરિષદની મંજૂરીની અપેક્ષાએ આપવામાં આવશે.

૪) ગુજકેટ કે રાજ્ય સરકાર દ્વારા માન્ય પરીક્ષા અને ધોરણ-૧૨(વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયના ફક્ત થીયરીમાં મેળવેલ (ગ્રેસિંગ માર્ક્સ સિવાય) કુલ ગુણના અનુક્રમે ૪૦% અને ૬૦% મુજબ મેરિટ લીસ્ટ તૈયાર કરવામાં આવે છે અને રૂબરૂ કાઉન્સેલિંગથી પ્રવેશ આપવામાં આવશે.

કોર્સનું નામ : અનુસ્નાતક અભ્યાસક્રમ એમ.ટેક(ડેરી સાયન્સ), એમ.વી.એસ.સી, એમ.એફ.એસ.સી.

પ્રવેશ લાયકાત : વિદ્યાર્થીઓએ સ્નાતક કક્ષાએ નીચે જણાવ્યા મુજબના માર્ક્સ મેળવેલ હોવા જોઈએ.

ક્રમ	વિગત	ઓછામાં ઓછા ટકા	માર્ક્સ/ગ્રેડ પોઈન્ટ (૧૦ના બેઈઝ પર)
1	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે (SC)	૫૫%	૫.૫%
2	અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે (ST)		
3	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે (SEBC)		
4	EWS તથા અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય	૬૦%	૬.૦૦

પ્રવેશ પદ્ધતિ : અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ફરજિયાત કેન્દ્રીય ધોરણે યોજવામાં આવતી પ્રવેશ પરીક્ષા આપવી જરૂરી છે અને ત્યાર બાદ પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારોની મેરિટના ધોરણે અગ્રતા યાદી તૈયાર કરવામાં આવે છે. સ્નાતક કક્ષાએ મેળવેલ OGPAના ૫૦% પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના ૫૦%ના આધારે મેરિટ લીસ્ટ તૈયાર કરવામાં આવે છે અને રૂબરૂ કાઉન્સેલિંગથી પ્રવેશ આપવામાં આવે છે.

કોર્સનું નામ :	ડિપ્લોમા ઇન એનિમલ હસબન્ડરી
પ્રવેશ લાયકાત :	પોલિટેકનિક ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે માન્ય બોર્ડની (ધોરણ- ૧૦)ની પરીક્ષામાં ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન/ સમાજવિદ્યા અને અંગ્રેજી વિષયો ગુણના ઓછામાં-ઓછા નીચેના ટેબલમાં દર્શાવ્યા પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઈએ.

ક્રમ	વિગત	પાંચ વિષયના ટકા
	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે (SC)	૪૦%
	અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે (ST)	૩૫%
	સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે (SEBC)	૪૦%
	EWS તથા અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય	૪૫%

પ્રવેશ પદ્ધતિ :	ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી નિયત પત્રકમાં મંગાવવામાં આવે છે ત્યાર બાદ પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો ઉપર જણાવ્યા મુજબના વિષયમાં મેળવેલ માર્ક્સ પ્રમાણે મેરિટ યાદી તૈયાર કરી અગ્રતાક્રમના આધારે રૂબરૂ પ્રવેશ પ્રક્રિયાથી પ્રવેશ આપવામાં આવે છે.

અન્ય :

● રમત-ગમત ક્ષેત્રે ભાગ લીધેલ ઉમેદવારોને જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ માટે નિયમોનુસાર વધારાના ટકા ઉમેરવામાં આવે છે. રાજ્ય, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરના સરકાર દ્વારા માન્ય સંસ્થાઓનાં સ્પોર્ટ્સના પ્રમાણપત્રો પર નિયમોનુસાર ભારાંક આપવામાં આવે છે.

● ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વખતોવખત અનામત અંગેની નિર્ધારીત કરવામાં આવેલી નીતિ અનુસાર પ્રવેશ આપવામાં આવે છે

કામધેનુ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજ/ પોલિટેકનિક તથા અનુસ્નાતક સંસ્થાનો ખાતે વિદ્યાર્થી ભાઈઓ-બહેનોના રહેવા તથા જમવા અંગેની સુવિધાઓ ઉપલબ્ધ છે. પ્રવેશ અંગેની તથા યુનિવર્સિટી અંગેની વધુ વિગત માટે કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ www.ku-guj.org <http://www.ku-guj.org>પર મુલાકાત લેવા વિનંતી.

સંપર્ક સૂત્ર : કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર.
કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી૧,
ચોથોમાળ, સેક્ટર-૧૦ એ,ગાંધીનગર-૩૮૨૦૧૦
(ઓ) ૦૭૯-૨૩૨૨૦૭૧૩, ઈ-મેઈલ : asst. registrar@ku-guj.com

કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન,
બ્લોક-૧, વિંગ-બી-૧, ચોથોમાળ,
સેકટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

૧૮ માર્કેટિંગની દિશા બદલતું ક્ષેત્ર અને એક સારો કરીઅર વિકલ્પ એટલે : Social Media

– કિશન જોષી

જો તમે એક સોશિયલ મીડિયાના બંધાણી છો તો વિશ્વાસ કરો આ ક્ષેત્ર તમારા માટે જ છે. માર્કેટિંગની દુનિયાની વાત કરીએ તો સૌથી પહેલાં આવ્યું પ્રિન્ટ મીડિયા કે જેમાં લોકો પોતાની વાત કે પોતાની પ્રોડક્ટનું માર્કેટિંગ ન્યૂઝપેપરમાં કે ચોપાનિયા દ્વારા કરતા હતા.

પછી આવ્યું ડિજિટલ મીડિયા અને એ સાથે જ માર્કેટિંગ અને ટેલિવિઝનની દુનિયામાં ખૂબ ઝડપી વિકાસ થયા. અને એ સાથે જ કારકિર્દીની નવી દિશાઓનો પણ આરંભ થયો. લોકોને કારકિર્દીના નવા રસ્તાઓ મળ્યા જેમકે ફોટોગ્રાફી, ડિરેકશન, આર્ટ ડિઝાઈનર, રાઈટર, અને સાથે ડિજિટલ એજન્સી જેવા વ્યવસાયો પણ ખૂલ્યા આમ ડિજિટલ મીડિયા સાથે સંકળાયેલા આવા ઘણાબધા ક્ષેત્રનો ઉદય થયો.

ડિજિટલ મીડિયાની સાથે ઈન્ટરનેટની દુનિયાનો પણ સૂર્યોદય થયો અને આ સાથે જ પ્રિન્ટ મીડિયા, ડિજિટલ મીડિયા, અને એ પછી આવ્યું સોશિયલ મીડિયા. આ સાથે ઈન્ફોર્મેશનની દુનિયામાં સોશિયલ મીડિયા નામની ચિનગારીને હવા આપવાનું કામ કર્યું ઈન્ટરનેટે.

તો મિત્રો આવો જાણીએ કે આ સોશિયલ મીડિયા શું છે? સોશિયલ મીડિયાનું ભવિષ્ય શું છે? અને મહત્ત્વનો પ્રશ્ન કે સોશિયલ મીડિયાનું જ્ઞાન કે ટ્રેનિંગ લીધા બાદ વિદ્યાર્થીઓ કઈ નોકરી કરી શકે છે અથવા સોશિયલ મીડિયા દ્વારા કઈ રીતે કમાણી કરી શકે છે.

સોશિયલ મીડિયા શું છે?

સાદી અને સમજાય એવી ભાષામાં સોશિયલ મીડિયાને આપણે સીધા આદાનપ્રદાનનો પ્રકાર કહી શકીએ છીએ એટલે કે સરકારી સંસ્થા અને અર્ધ-સરકારી સંસ્થા કે પછી મીડિયા ગૃહો કે પબ્લિક કે પ્રાઈવેટ સંસ્થાઓ કે પછી કોઈ લક્ષ્ય પ્રેક્ષકોના (Particular Viewers) કે પછી પ્રોડક્ટ કંપની અને ગ્રાહકો વચ્ચેનું ડાયરેક્ટ કોમ્યુનિકેશનનું એક પ્લેટફોર્મ એટલે સોશિયલ મીડિયા.

સોશિયલ મીડિયા ડેટા, માહિતી, સમાચાર, લાગણીઓ, કોઈ ક્રિયા, અને એની પ્રતિક્રિયાઓને તાત્કાલિક વેબ પર વાઈરલ કરવાની ક્ષમતા ધરાવે છે. સંસ્થાઓ, અમુક સંગઠનો, અને પ્રાઈવેટ કંપનીઓની વધતી જતી સંખ્યાઓ આજ-કાલ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહી છે. આ સાથે જ સોશિયલ મીડિયામાં કારકિર્દીની તકો આવશ્યક બની રહી છે.

ઘણી પ્રોડક્ટ ધરાવતી કંપનીઓમાં મોટા ભાગના ગ્રાહકો સોશિયલ મીડિયા દ્વારા જ આવે છે. કંપનીઓ સોશિયલ મીડિયાના અલગ અલગ પ્લેટફોર્મ પર રોજ અપડેટ હોય છે અને પોતાના ક્ષેત્રને અનુલક્ષતા ગ્રાહકો સાથે ડાયરેક્ટ કોમ્યુનિકેટ કરી શકે છે.

આમ સોશિયલ મીડિયાને અત્યારના ટ્રેન્ડ પ્રમાણે એક પાવરફૂલ હથિયાર કહી શકાય છે. Twitter, Facebook, LinkedIn, Pinterest, Instagram, Flickr, Google+, YouTube, અને Blogging Platfroms આ બધાં સોશિયલ મીડિયાના ઉદાહરણો છે. જે આજ ના જમાનામાં દુનિયા પર અને લોકોના મન પર રાજ કરી રહ્યા છે.

સોશિયલ મીડિયાનું ભવિષ્ય શું છે?

આપણે બધા જાણીએ જ છીએ કે સ્માર્ટફોન્સ આવવાથી લોકો ઈન્ટરનેટથી વધુ જોડાઈ ગયા છે. અને Wearesocial.comના એક સર્વે પ્રમાણે જાન્યુઆરી, ૨૦૧૯ માં ૪.૩૯ બિલિયન લોકો ઈન્ટરનેટ યુઝર્સ હતા. આ આંકડો ખૂબ મોટો છે અને દિવસે ને દિવસે આ આંકડો વધી રહ્યો છે. જેમકે એ જ સર્વે પ્રમાણે ઓક્ટોબર, ૨૦૧૯ માં ૪.૪૮ બિલિયન લોકો ઈન્ટરનેટ યુઝર્સ હતા.

વ્યવસાયિક લોકો પોતાના વ્યવસાયને ગૂગલ બિઝનેસ દ્વારા કે પોતાના વ્યવસાયની વેબસાઈટ બનાવીને તેનું સોશિયલ મીડિયા દ્વારા માર્કેટિંગ પણ કરે છે. સોશિયલ મીડિયામાં દિવસેને દિવસે ફેરફારો થતા આવ્યા છે. જે ગૂગલ કે કોઈ સર્ચએન્જિનના અલગોરિધમનાં બદલાવ પ્રમાણે આમાં પણ બદલાવ થયા કરે છે.

સોશિયલ મીડિયા કે ગૂગલ સર્ચ બાદ હવે વોઈસ સર્ચ પણ આવી ગયું છે ઉદાહરણ તરીકે ગૂગલ એલેક્ષા અને લોકો વોઈસ સર્ચ ઓપ્ટિમાઈઝેશન પર પણ વર્ક કરી રહ્યા છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ પહેલા માર્કેટિંગ કંપનીઓ જ કરતી પણ હવે તો કોઈ ક્ષેત્ર બાકી રહ્યું નથી. લોકો દેશી ઢબનું માર્કેટિંગ મૂકી અને સોશિયલ મીડિયા માર્કેટિંગ તરફ દોટ મૂકી રહ્યા છે.

સોશિયલ મીડિયામાં કરિયર બનાવવા માટે કેટલો અભ્યાસ જરૂરી ?

કોઈને સોશિયલ મીડિયામાં કરિયર બનાવવા માટે સામાન્ય રીતે સ્નાતકની ડિગ્રી આવશ્યક હોય છે. સંદેશાવ્યવહાર, જનસંપર્ક, વ્યવસાય અને માર્કેટિંગ જેવાં ક્ષેત્રો ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે. કેટલાક ઈન્ટરનેટ માર્કેટિંગમાં માસ્ટર ડિગ્રી પણ પૂર્ણ કરે છે.

પણ સોશિયલ મીડિયામાં કરિયર બનાવવા માટે જરૂરી નથી કે તમે વધુ ભણેલા હોવા જોઈએ જો તમારામાં ઈન્ટરનેટ અને ટેકનોલોજી પ્રત્યે રસ છે અને સોશિયલ મીડિયા ક્ષેત્રમાં કંઈક કરવું છે અથવા કંઈક અલગ કરવું છે તો તમારે ફક્ત આ ઈન્ટરનેટના સમુદ્રમાં ગોતાખોર ની જેમ કઈક નવું નવું શોધતાં રહેવાનું છે.

બાકી તમે સ્નાતકની ડિગ્રીની સાથે સોશિયલ

મીડિયા, ઈન્ટરનેટ માર્કેટિંગ, અને ગુગલનાં અલગ અલગ સર્ટિફિકેટ પણ કરી શકો છો. આવા સર્ટિફિકેટ તમને જોબ મેળવવામાં, તમારી હાલની જોબમાં, કે તમારા ફ્રી લાન્સ વર્કમાં ઘણા કામમાં આવશે. ઘણા સર્ટિફિકેટ અવેલેબલ છે પણ જરૂરી નથી.

સોશિયલ મીડિયામાં કરિયર બનાવવા ક્યાં ગુણો જરૂરી છે?

૧) ઉત્તમ સર્જનાત્મક કુશળતા,
૨) કોમ્યુનિકેશન સ્કીલ, ખાલી ચલાવવા પૂરતું કોમ્યુનિકેશન નહિ પણ પ્રોફેશનલ લેવલના કોમ્યુનિકેશનની આવડત પણ જરૂરી છે.
૩) ઉત્તમ કોમ્પ્યૂટર સ્કીલ, ખાસ કરીને ઈન્ટરનેટનું જ્ઞાન, પ્રેઝન્ટેશન બનાવવા, ઈ-મેલ મેનેજ કરવા, અને અલગ અલગ એપ્લિકેશનનો ઉપયોગ કઈ રીતે કરવો એનું જ્ઞાન પણ જરૂરી છે
૪) મેનેજરિયલ અને લીડરશીપ સ્કીલ
૫) માર્કેટિંગ અને ટાઈમ મેનેજમેન્ટ સ્કીલ અને
૬) એક સારા ટીમ પ્લેયર હોવું જરૂરી છે

સોશિયલ મીડિયામાં કરિયર કઈ રીતે બનાવવું?

અભ્યાસ બાદ મિત્રો તમે જે તે શહેરની કોઈપણ નામાંકિત IT (ઈન્ફર્મેશન ટેકનોલોજી) કંપનીમાં ફ્રેશર તરીકે અથવા કોઈ સારા ઈન્સ્ટિટ્યૂટમાંથી સોશિયલ મીડિયાની પ્રોફેશનલ ટ્રેનિંગ લઈને પણ તમે કોઈ સારી કંપનીમાં કે કોઈ એજન્સીમાં નોકરી સ્ટાર્ટ કરી શકો છો. અને થોડા વર્ષના અનુભવ બાદ તમે કોઈ મોટી મલ્ટીનેશનલ કંપનીમાં કે કોઈ મોટી એડ-એજેન્સીમાં અલગ અલગ પોસ્ટ માટે અપ્લાય કરી અને સારા એવા પગાર-ધોરણથી જોડાઈ શકો છો અને તમારું કરીઅર બનાવી શકો છો.

સોશિયલ મીડિયા ક્ષેત્રમાં તમે અલગ-અલગ પોસ્ટ પર કામ મેળવી શકો છો જેમ કેઃ-

Social Media Analyst, Social Media Specialist, Social Media Consultant, Digital Marketing Manager, Online Community Manager, Social Media Marketing Manager

જો તમે કોઈ કંપની કે એજન્સી સાથે જોડાવવા કે કોઈ ફિક્સ સમયવાળી નોકરી કરવા માંગતા નથી તો પણ તમારા માટે સોશિયલ મીડિયા એ એક સારો વિકલ્પ છે. આમાં તમે ફ્રિ લાન્સર તરીકે કે પછી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે પણ કામ કરી શકો છો. આ માટે અલગ અલગ ઓનલાઈન પ્લેટફોર્મ

પણ છે જેમકે UpWork, Fiverr, PeoplePerHour, Freelancer, અને Simply Hired જેવી વેબસાઈટ દ્વારા તમે ઓનલાઈન કામ શોધી શકો છો અને ઓનલાઈન પેમેન્ટ પણ મેળવી શકો છો.

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર બનવા સોશિયલ મીડિયા ચેનલ્સ પર એક્ટિવ રહીને સોશિયલ મીડિયા નેટવર્ક વધારીને પોતાને એક સોશિયલ બ્રાન્ડ બનાવી લોકોને તમે ઈન્ફ્લુએન્સ કરી શકો છો. અને તમારા બ્લોગ્સ કે સોશિયલ મીડિયા એક્ટિવીટી દ્વારા પણ તમે વર્ક શોધી શકો છો. ઘણી કંપનીઓ આવા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરોને સામેથી સંપર્ક કરીને કામ આપતી હોય છે. અને આ કામ દ્વારા પણ સારી એવી આવક મેળવી શકો છો.

ગુજરાતના ઘણા યુવાનોએ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે કામ કરી અને એક અલગ જ મુકામ હાસલ કર્યું છે એવાજ એક યુવાન છે અમદાવાદના સોશિયલ મીડિયા ગુરુ અમિત પંચાલ કે જેઓ સોશિયલ મીડિયા કન્સલ્ટન્ટ તરીકે કામ કરી અને સોશિયલ મીડિયા દ્વારા જ સમાજને એક યા બીજી રીતે મદદરૂપ થાય છે. તો આવી જ રીતે તમે પણ સોશિયલ મીડિયાની દુનિયામાં એક અલગ મુકામ બનાવી શકો છો.

સોશિયલ મીડિયાની જોબની ફરજોઃ

૧) કોર્પોરેટ સોશિયલ મીડિયા વ્યૂહરચના બનાવવી અને અમલીકરણ કરવું

૨) ભૌગોલિક ક્ષેત્રો અને વિભાગોમાંની તમામ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવું, અને તે મુજબના ટૂલ્સનો ઉપયોગ કરવો.

૩) સોશિયલ મીડિયા અપડેટ રહીને નવી ટેકનોલોજી કે ટૂલ્સને તમારા પ્રોજેક્ટમાં અમલીકરણ કરવું

૪) જાહેર તકોને ઝડપીને લોકો સુધી પહોંચાડવી, ઓડિયન્સ સાથે સંપર્કમાં રહેવું, સોશિયલ મીડિયા વ્યૂહરચના વિશે જાહેરમાં ચર્ચા કરવી અથવા પોતાની ટીમ સાથે ચર્ચા કરવી.

૫) દૈનિક કન્ટેન્ટ અપડેટ કરવું અલગ અલગ પ્લેટફોર્મ પર અને તમારી કંપનીનાં કે તમે જે કંપની સાથે કામ કરી રહ્યા છો એમના માટે વ્યૂહરચના બનાવવી અને દૈનિક કોમ્યુનિકેશન કરવું.

૬) તમારી ટીમને ટ્રેઈનિંગ આપવી અને ટીમવર્ક દ્વારા તમારા પ્રોજેક્ટને સોશિયલ મીડિયા પર અપડેટ રાખવો અને પ્રોપર હેશટેગ અને કિવર્ડનું મોનિટરિંગ કરવું.

સોશિયલ મીડિયામાં પગાર ધોરણ કેટલું?

સોશિયલ મીડિયા ક્ષેત્ર દરેક લેવલ પર પગાર ધોરણનો સ્કેલ અલગ હોય છે પણ ફ્રેશર લેવલ પર કે શરૂઆતના સમયમાં તમને મહિને ૧૨,૦૦૦ થી ૧૫,૦૦૦ મળી શકે છે અને આ સેલેરી કંપની કે એજન્સી પ્રમાણે અલગ-અલગ હોય છે. સોશિયલ મીડિયા ક્ષેત્રમાં તમે ભારત બહાર પણ પોતાનું કરિયર બનાવી શકો છો. અમેરિકા જેવા દેશોમાં સોશિયલ મીડિયા પ્રોફેશનલ્સની માંગ અત્યારના સમયમાં ખૂબ જ છે. અને ભારતમાં પણ પૂણે, બેંગ્લોર એવા મેટ્રો સીટીની મલ્ટીનેશનલ કંપનીઓમાં તમે સારા પગાર સાથે સારી જોબ મેળવી શકો છો અને જો તમે ઈન્ફ્લુએન્સર તરીકે કાર્ય કરો છો તો તમે તમારો ચાર્જ જાતે જ નક્કી કરી શકો છો અને તમે કેટલું કામ કરો છો એ પ્રમાણે મહેનતાણું મેળવી શકો છો.

QA એન્જિનિયર,
ગોતા, અમદાવાદ.

૧૯ વૈશ્વિક કક્ષાએ શિક્ષક તરીકે પ્રસ્થાપિત થવાય તેવું પ્રશિક્ષણ આપતી સંસ્થા : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન

– પારસ જહા

જો ભારતીય મૂલ્યો અને શિક્ષણ પરંપરા સાથે તૈયાર થયેલો શિક્ષક વિદેશ જઈને ત્યાંના વિદ્યાર્થીઓને શિક્ષણ આપશે તો તે ભારતીય મૂલ્યોનું શિક્ષણ પણ આપશે અને એ દેશની પેઢીઓને કેળવી શકશે. કોઈપણ રાષ્ટ્રનું નિર્માણ તેના ચારિત્ર્યવાન નાગરિકો દ્વારા જ થાય છે. આ પરિકલ્પના સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ શિક્ષક પ્રશિક્ષણનું કાર્ય કરતી એક એવી યુનિવર્સિટીનું સ્વપ્ન સેવ્યું, જે વૈશ્વિક કક્ષાએ ભારતમાં કેળવણી પામેલાં શિક્ષકો પૂરાં પાડી શકે. તેમની દૂરંદેશીભર્યા આ સ્વપ્નને સાર્થક કરવા માટે વર્ષ ૨૦૧૦માં ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગર ખાતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન એટલે કે"ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન" (આઈઆઈટીઈ)ની સ્થાપના કરવામાં આવી.

શિક્ષકની કારકિર્દી આજીવિકા માટેની સુરક્ષા પ્રદાન કરવા ઉપરાંત સામાજિક પ્રતિષ્ઠા તથા સમાજના ઘડતરમાં પોતાનું યોગદાન આપવાનો સંતોષ અપાવતી કારકિર્દી છે. આ વાતને આપણા શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના શબ્દોમાં કહીએ તો સો ડોક્ટર, સો એન્જિનિયર, સો વકીલો કે સો રાજકીય નેતા ઇચ્છે તો પણ એક શિક્ષક નથી બનાવી શકતા, પરંતુ એક શિક્ષક તેની કારકિર્દીમાં સો ડૉક્ટર, સો એન્જિનિયર, સો વકીલ કે સો રાજકીય નેતા બનાવી શકે છે. કારણ કે શિક્ષક પોતાની ૩૦ વર્ષની કારકિર્દીમાં સમાજની ત્રણ પેઢીઓનું ઘડતર કરી શકે છે. આથી મેડિકલ, એન્જિનિયરિંગ, ચાર્ટર્ડ એકાઉન્ટન્સી, વકીલાતની જેમ શિક્ષણ વિદ્યાશાખામાં કરેલો અભ્યાસ પણ એક પ્રોફેશનલ ડિગ્રી પૂરી પાડે છે.

જે વિદ્યાર્થીઓ બાળપણથી જ શિક્ષક અને શિક્ષણ ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છતા હોય તેમણે સ્નાતક (બી.એ./બી.એસસી.)ના ત્રણ વર્ષનો અભ્યાસ કર્યા બાદ બે વર્ષ માટે બી.એડ. (બેચલર ઑફ એજ્યુકેશન)ની પદવી મેળવવી પડતી હતી. પરંતુ હવે આઈઆઈટીઈ દ્વારા ચલાવવામાં આવતા ઇન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓનું ખૂબ જ કિંમતી એવું એક વર્ષ બચાવી લે છે. આથી વિદ્યાર્થીઓ અગાઉની જેમ બે ડિગ્રી મેળવવા માટે પાંચ વર્ષ અભ્યાસ કરવાને બદલે આઈઆઈટીઈમાં ચાર વર્ષ અભ્યાસ કર્યા બાદ બે ડિગ્રી મેળવી શકે છે.

હાલ, આઈઆઈટીઈમાં માત્ર ગુજરાતનાં જ નહીં, દેશના વિવિધ રાજ્યોમાંથી પણ વિદ્યાર્થીઓ આ ઇન્ટિગ્રેટેડ અભ્યાસક્રમોમાં જોડાયેલા છે. અહીં અભ્યાસ કર્યા બાદ દેશ અને વિદેશના વિવિધ શિક્ષણ બોર્ડ્સ જેવાં કે જે-તે રાજ્યના શિક્ષણ બોર્ડ (જીએસઈબી વગેરે), સીબીએસઈ (સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન), આઈસીએસ (ઇન્ડિયન કાઉન્સિલ ફોર સેકન્ડરી એજ્યુકેશન), આઈબી (ઇન્ટરનેશનલ બૅકલોરિએટ) વગેરે સાથે સંલગ્ન શાળાઓમાં શિક્ષક બની શકાય છે. ધોરણ-૧૨માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે આઈઆઈટીઈના વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરી શકે છે.

વળી, જો કોઈ વિદ્યાર્થીને ઉચ્ચતર માધ્યમિક

શાળાઓમાં શિક્ષક બનવું હોય તો તે અહીં અનુસ્નાતકની ડિગ્રી લીધા બાદ પણ અહીંના અભ્યાસક્રમોમાં જોડાઈ શકે છે. આ યુનિવર્સિટી સાથે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આવેલી ૧૯ જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થાઓ (ડિસ્ટ્રિક્ટ ઈન્સ્ટિટ્યૂટ ફોર એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ - ડાયેટ) પણ સંલગ્ન છે, જેમાં બે વર્ષની સમયાવધિ ધરાવતા બી.એડ.ના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

શિક્ષક બનવા ઉપરાંત પણ શિક્ષણ ક્ષેત્રમાં એક પ્રોફેશનલ તરીકે વિવિધ સ્તરે કારકિર્દી બનાવી શકાય છે. જેમાં સ્કૂલ સુપરવાઈઝર, હેડ ટીચર (મુખ્ય શિક્ષક), પ્રિન્સિપાલ (આચાર્ય), રિસર્ચ સ્કૉલર, એજ્યુકેશન પોલિસી એનાલિસ્ટ જેવા પદોનો સમાવેશ થાય છે.

આઈઆઈટીઈના અભ્યાસક્રમોની કેટલીક વિશિષ્ટ બાબતો ખાસ ધ્યાનાકર્ષક છે. ભારતના જાણીતા કેળવણીકાર સ્વ. ડૉ. કિરીટ જોષીની આગેવાનીમાં જાણીતા શિક્ષણવિદો દ્વારા તૈયાર કરવામાં આવેલાં આ અભ્યાસક્રમોમાં, કોમ્યુનિકેશન, આઈ.સી.ટી. (ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅક્નૉલૉજી), યોગ, ભારતીય સંસ્કૃતિ, ભારતીય સાહિત્ય,આધુનિક સંસ્કૃતિ સાહિત્ય, સાયકોલોજી જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર, યુ.જી.સી. દ્વારા માન્ય ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટી એન.સી.ટી.ઈ. દ્વારા માન્ય ચાર વર્ષની સમયાવધિ ધરાવતા ઈન્ટિગ્રેટેડ બી.એસ.સી. બી.એડ. અને બી.એ.બી.એડ. એમ બે અભ્યાસક્રમો ચલાવે છે.

આ અભ્યાસક્રમો ઉપરાંત શિક્ષક-પ્રશિક્ષણ માટેના અન્ય સ્નાતકોત્તર અભ્યાસક્રમો જેવા કે એમ.એસસી./એમ.એ. એમ.એડ. ઈનોવેટિવ-ઈન્ટિગ્રેટેડ ત્રણ વર્ષીય અભ્યાસક્રમો શરૂ કરનારી સમગ્ર ભારતમાં સૌપ્રથમ યુનિવર્સિટી છે. હાલમાં આ કોર્સ માત્ર બે સ્થળોએ ચલાવવામાં આવે છે, જેમાંથી એક યુનિવર્સિટી આઈઆઈટીઈ છે.

આઈઆઈટીઈ દ્વારા ચલાવતા અભ્યાસક્રમોમાં ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમો બી.એ. બી.એડ. અને બી.એસસી. બી.એડ. તેમજ બે વર્ષની સમયાવધિ ધરાવતા એમ.એડ., ત્રણ વર્ષનો સમયગાળો ધરાવતા એમ.એ./એમ.એસ.સી. એમ.એડ.ના અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

આ યુનિવર્સિટી બી.એ.બી.એડ.ના અભ્યાસક્રમની ૧૦૦ બેઠકો તેમજ બી.એસ.સી. બી.એડ. અભ્યાસક્રમની ૧૦૦ બેઠકો ધરાવે છે. બી.એ. બી.એડ.નાં અભ્યાસક્રમોમાં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, સંસ્કૃત, ઈતિહાસ, ભૂગોળ તેમજ અર્થશાસ્ત્રનો સમાવેશ થાય છે. જ્યારે બી.એસસી.બી.એડ.ના અભ્યાસક્રમોમાં મેથેમેટીક્સ, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ઝૂઓલોજી તેમજ બૉટનીનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટી ખાતે ચાલતા કોર્સની યાદી

કોર્સનું નામ	લાયકાતનું ધોરણ	કુલ સીટો
બી.એસ.સી.બી.એડ.	ધો. ૧૨ પાસ	૧૦૦
બી.એ.બી.એડ.	ધો. ૧૨ પાસ	૧૦૦
બી.એ. એજ્યુકેશન	ધો. ૧૨ પાસ	૬૦-પ્રતિ સેન્ટર
એમ.એ. એમ. એડ	બી.એ. બી.એડ.	૫૦
એમ.એસ.સી.એમ.એડ.	બી.એસ સી. બી.એડ.	
બી. એડ.(ડાયટ ખાતે)	ગ્રેજ્યુએશન	૯૫૦
એમ.એડ.	બી.એડ.	૧૦૦
એમ.એ. (એજ્યુકેશન)	ગ્રેજ્યુએશન	૬૦-પ્રતિ સેન્ટર
એમ.ફીલ/પી.એચ.ડી.	એમ.એડ.	---
વિવિધ સર્ટિફિકેટ કોર્સ	ગ્રેજ્યુએશન	---

આ ઉપરાંત આઈઆઈટીઈ બે વર્ષના સમયગાળાના એમ.એડ. અભ્યાસક્રમ ઉપરાંત ત્રણ વર્ષનો ઈન્ટિગ્રેટેડ

બી.એડ.એમ.એડ. અભ્યાસક્રમ પણ શરૂ કરવા જઈ રહી છે.આમ, શિક્ષક-પ્રશિક્ષક બનવા માંગતા હોય તેવા ઉમેદવારો માટે આ યુનિવર્સિટી એક ઉત્તમ વિદ્યાધામ બન્યું છે.

આ યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ કસોટી આપવી પડે છે. જેના આધારે મેરિટ તૈયાર થાય છે અને તેમાં અગ્રતાક્રમ ધરાવતા ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે છે. બી.એ.બી.એડ. તથા બી.એસસી. બી.એડ. જેવા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની પ્રવેશ કસોટીમાં મેરિટમાં ટોચના પાંચ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૫,૦૦૦ની વાર્ષિક સ્કૉલરશિપ આપવામાં આવે છે.

હાલ સેવારત શિક્ષકો માટે પણ યુનિવર્સિટી ખાતે અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. જેનો લાભ ગુજરાતભરના શિક્ષકો લઈ રહ્યા છે.

આઈઆઈટીઈના આ અભ્યાસક્રમો ઉપરાંત શિક્ષણ-પ્રશિક્ષણ અંગે સંશોધનને વેગ મળે તે હેતુથી,સેન્ટર ફોર રિસર્ચ અંતર્ગત શિક્ષણ વિદ્યાશાખામાં પીએચ.ડી. તથા એમ.ફિલ.ના રિસર્ચ પ્રોગ્રામ્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યભરની યુનિવર્સિટી અને કૉલેજોમાંથી સંશોધન કરવા ઇચ્છુકોની નોંધણી પ્રવેશ પ્રક્રિયા સફળતાપૂર્વક પસાર કર્યા બાદ કરવામાં આવે છે.

આઈઆઈટીઈમાં પ્રશિક્ષણ લઈ રહેલા ભાવિ શિક્ષકો શિક્ષણના નૂતન પ્રવાહોથી માહિતગાર થાય અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓથી સજ્જ બને તે હેતુથી દેશ અને દુનિયાના નિષ્ણાતોને તાલીમ અને વક્તવ્ય માટે આમંત્રિત કરવામાં આવે છે. ભાવિ શિક્ષકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આનુષંગિક રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ જેવી કે નાટ્ય, નૃત્ય, પેઇન્ટિંગ, રાઇફલ શૂટિંગ જેવી તાલીમ આપતા ટૂંકા ગાળાના સર્ટિફિકેટ અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે. રમત-ગમતની અનેકવિધ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે.

અભ્યાસક્રમના અંતે વિદ્યાર્થીને પ્રાપ્ત થતી આત્મવિકાસની તકોઃ

- અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી ઉત્તમ શિક્ષક બનવાની ક્ષમતા અને કૌશલ્યો પ્રાપ્ત કરશે.
- તે એવો શિક્ષક બનશે કે આત્મ સભાનતા અને આત્મવિશ્વાસનું પ્રતિબિંબ તેના શિક્ષણ કાર્યમાં સ્પષ્ટ રૂપે જોવા મળશે.
- તે વૈશ્વિક નૂતન પ્રવાહોથી પરિચિત હશે. ઉપરાંત તે ભૌતિક વિદ્યાઓ અને આંતરિક જ્ઞાનનું સામંજસ્ય ધરાવતો હશે.
- તે રોજરોજ નવું શીખવા તત્પર હશે તેથી તેની જ્ઞાનની ક્ષિતિજો હંમેશાં વિસ્તરતી રહેશે.
- શિક્ષણ કાર્ય તેના માટે શીખવા રૂપે સ્વવિકાસ અને વિદ્યાર્થીઓના જીવન વિકાસના માટે હશે.
- આ શિક્ષક ખરા અર્થમાં ભાવિ પેઢીને અસરકારક ઘાટ આપનાર બની રહેશે.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર ખાતેની આ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષાની જાહેરાત સંસ્થાની વેબસાઇટ પર તેમજ વર્તમાનપત્રોમાં તથા અન્યત્ર પણ આપવામાં આવતી હોય છે.

વધુ વિગતો યુનિવર્સિટીની વેબસાઇટ www.iite.ac.in પરથી મેળવી શકાશે.

યુનિવર્સિટીનું સરનામુંઃ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન,
ખ-૫ પાસે, ખ રોડ,
સેક્ટર-૧૫ ગાંધીનગર.
ફોન નં : ૦૭૯-૨૩૨૪૩૭૩૩, ૨૩૨૪૩૭૩૪

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન,
ખ-૫ પાસે, ખ રોડ,
સેક્ટર-૧૫ ગાંધીનગર.

૨૦ બાળ ઘડતર ક્ષેત્રે નાવીન્યસભર અભ્યાસક્રમો ચલાવતી ચિલ્ડ્રન યુનિવર્સિટી

– હર્ષદ પ્ર. શાહ

ભગવાનનો સાક્ષાત્કાર જેમ દુર્લભ છે તેમ બાળદેવનો સાક્ષાત્કાર પણ અત્યંત કઠિન છે. આપણા માનસપટ પરનાં કેટલાંય આવરણો હટાવીએ ત્યારે બાળદેવના આભામંડળની કંઈક ઝાંખી થાય!

જગતના કેટલાક લોકોએ ખરા અર્થમાં બાળદેવની આરાધના કરી છે. એમાંના એક છે મેડમ મોન્ટેસોરી. એમણે પ્રાર્થ્યું છે, ''હે પરમદેવ! બાળદેવના હૈયામાં ઊતરી તેમનાં જીવનને સાચી રીતે સમજવાની શક્તિ આપો કે જેથી અમે આપના ન્યાયની દૃષ્ટિથી એમને સમજી શકીએ, ચાહી શકીએ અને એમની સેવા કરી શકીએ.''

ઈશ્વરના વિકલ્પે પૂજી શકાય તેવું પાત્ર એટલે 'બાળક'. ગિજુભાઈ બધેકાએ તો જીવનભર બાળદેવની અનન્ય નિષ્ઠાથી ઉપાસના કરી છે. એમણે કહ્યું છે, ''બાળક એ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે.''

મહાકવિ તુલસીદાસજીએ એક લઘુસૂત્રમાં બહુ મોટી વાત કરી છે, ''ઈષ્ટદેવ મમ બાલક રામા.'' સંત તિરુવલ્લુવરે ખૂબ માર્મિક શબ્દોમાં કહ્યું છે, ''બાળકની કાલી બોલી જેણે સાંભળી નથી તે ભલે કહે કે બંસરીનો સ્વર મધુર છે.'

શિશુનું હાસ્ય એ ઈશ્વરની સહીથી મનુષ્યને મળેલું નિર્દોષતા, કોમળતા અને સૌંદર્ય અંગેનું પ્રમાણપત્ર છે. રવીન્દ્રનાથ ટાગોરે પણ બહુ સુંદર શબ્દો ઉચ્ચાર્યા છે, ''મંદિરમાંથી ભાગી બાળકો ધૂળમાં રમવા લાગે છે. ભગવાન એ જુએ છે અને પૂજારીને ભૂલી જાય છે.'' કવિ ઉશનસની કાવ્યશૈલીમાં કહેવાયેલું કથન જુઓ, ''ચૈતન્યને શૈશવ વિના કોઈ વય નથી.'' તો સુરેશ દલાલનું ચિંતન પણ સાંભળીએ ... ''બાળકો જ્યારે ઈશ્વરને પ્રાર્થના કરે છે ત્યારે ઈશ્વરનો ચહેરો તેમની માતા જેવો હોય છે.''

મનુભાઈ પંચોલીનું પણ બાળક વિશેનું એક કથન ખૂબ જ વિચારણીય છે,

''સંહારવૃત્તિનો અવેજ સર્જનવૃત્તિ છે.
આક્રમકતાનો ઉપાય અંતઃતૃપ્તિ છે.

જે સમાજ પોતાનાં બાળકો માટે તેમની વય અને વૃત્તિ લક્ષ્યમાં રાખીને એમને સર્જનશીલ બનાવવાની વ્યવસ્થા શિક્ષણપ્રક્રિયા દ્વારા કરે છે, તેને કોર્ટો, જેલો અને લશ્કરો પાછળ ખર્ચ ઓછું કરવું પડે છે.''

મહર્ષિ અરવિંદે કહ્યું છે, ''શિશુ એક વિકાસશીલ આત્મા છે.'' એવું જ કંઈક જર્મન કવિ ગેટેએ કહ્યું છે, ''બધાં બાળકોનો જો એમનામાં રહેલી શક્યતાઓ પ્રમાણે વિકાસ થાય, તો આ જગત વિભૂતિઓથી ઊભરાઈ જાય. બીજમાં જેમ વૃક્ષ છુપાયેલું છે તેમ દરેક બાળકમાં તેના ભાવિની મહાન શક્યતાઓ છુપાયેલી જ હોય છે.''

ટૂંકમાં આપણે હવે પુસ્તકની જેમ બાળકને વાંચવાનું અને સમજવાનું શરૂ કરવું પડશે. ગુજરાતી ચિંતક અનિલ જોશી કહે છે કે, ''બાળકનું દફતર વાંચવા ટેવાયેલી આપણી આંખને બાળકનો ચહેરો વાંચતાં શીખવું પડશે.''

હવે આપણે બે વાત ઊંડાણપૂર્વક સમજવાની જરૂર છે... એક, પરિવારની અંદર બાળકનો આદર્શ ઉછેર અને બીજું, વિદ્યાલયોમાં બાળકનું આદર્શ શિક્ષણ. તેથી અપેક્ષિત છે કે પરિવાર બાળકની સંસ્કારશાળા બની રહે અને શાળા એ ઘર જેવું મંગલમંદિર બની રહે. ઉમાશંકર જોશી કહે છે, ''બાળશિક્ષણ એ તો છે માણસના હૃદયમાં ફૂટી નીકળતો શુચિ-વાત્સલ્યનો ફુવારો.''

આપણને કવેળાએ બાળકના બુદ્ધિવિકાસની ખૂબ ઉતાવળ છે. નાનપણમાં એનો ચિત્તવિકાસ, ભાવનાત્મક વિકાસ કે ચારિત્રિક વિકાસ કરવાને બદલે આપણે બુદ્ધિવિકાસને અગ્રતાક્રમ આપી દઈએ છીએ. આ બાબતમાં જૈન મુનિ પૂજ્ય ઉદયવલ્લભવિજયજી મહારાજ કહે છે,"Heart of the education is the education of heart." બાળકની બુદ્ધિના વિકાસ કરતાં તેના મનની માવજત વધુ અગત્યની બાબત છે એવી સાદી સમજણ પણ ન આપી શકે તે શિક્ષણ પદ્ધતિનું પડીકું વાળી દેવું જોઈએ.

આટલા બધા શ્રેષ્ઠ મહાનુભાવોની વાતોને જો વ્યવહારમાં મૂકીએ તો બાળકને એનું બાળપણ મળશે, માનવને એમું માનવત્વ મળશે, શિક્ષકને એનું શિક્ષકત્વ મળશે અને સમાજને શ્રેષ્ઠ મનુષ્ય મળશે... બસ, જેને જે મળવું જોઈએ તે બધું જ મળશે. પણ આ બધું કરવા માટે આપણે અસીમ પુરુષાર્થ કરવો પડશે.

અને આવી દિશા ચીંધવાનું કામ કરી રહી છે આપણી ગુજરાતની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, જે વિશ્વની એકમાત્ર અને અજોડ યુનિવર્સિટી છે જે અજન્મા(ગર્ભસ્થ) શિશુથી બાળકને એક જવાબદાર અને સંવેદનશીલ એવા યુવાનની લાંબી વિકાસયાત્રામાં સતત દિશાબોધ કરવાની ક્ષમતા ધરાવે છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકની વિશ્વસ્તરની વિદ્યાપીઠ છે. સમગ્ર ગુજરાતનાં બાળકો અને એમના પરિવારોની સીધી માર્ગદર્શક છે. જગતની આ એકમાત્ર એવી યુનિવર્સિટી છે જે ગર્ભાધાન સંસ્કારપ્રક્રિયાથી ઉત્તમ સંતતિનું આવાહન અને અવતરણ કરવાની દિશા ચીંધે છે અને એને ઉત્તમ મનુષ્યના રૂપમાં સમાજને ચરણે ધરવાની અભિલાષા સેવે છે.

આ વિચારના સ્વપ્નદ્રષ્ટા છે- ગુજરાતના ભૂતપૂર્વ માનનીય મુખ્યમંત્રી અને વર્તમાન ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી. એ કેવળ સ્વપ્નદ્રષ્ટા જ નથી, મંત્રદ્રષ્ટા પણ છે. એમના મનમાં એક અદ્‌ભુત મંત્રનો આવિર્ભાવ થયો -

"પ્રત્યેક બાળક મહત્ત્વનું છે... Every child matters."

એમણે એવું પણ કહ્યું છે, "બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આવિર્ભાવ માટે દેશના અગ્રગણ્ય શિક્ષણવિદોના એક ખાસ યોજાયેલી કાર્યશિબિરમાં એમણે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ની આવશ્યકતા અંગે વિગતવાર સમજ આપી. તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે "ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' મુખ્યત્વે બાળસંબંધિત વિષયોનાં સંશોધનો પર કેન્દ્રિત હશે. તેમણે જણાવ્યું કે આજના યુગનાં બાળકોને અનાવશ્યક દબાણના ભાર નીચે રાખવામાં આવે છે. આ પરિસ્થિતિમાં સુધારો લાવવો અત્યંત આવશ્યક છે. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે આધુનિક જગતમાં વિભક્ત કુટુંબો (MICRO FAMILYની રચના ઝડપથી થઈ રહી છે. 'માવજત' અને 'સુરક્ષા' જે બાળકોનો નૈસર્ગિક અધિકાર છે તેને હાંસિયામાં ધકેલવામાં આવી રહ્યો છે. 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'એ આ માટે આગળ આવવું જોઈએ, જેથી આજનાં અને આવતી કાલનાં બાળકો સમગ્ર સમાજ દ્વારા પૂરી પડાયેલી લાગણીની ઉષ્માના કાળજીભર્યા વાતાવરણમાં ઉછેર પામી પોતાના સંપૂર્ણ વ્યક્તિત્વને વિકસાવી શકે, આવી પૂર્ણ વિકસિત વ્યક્તિઓ જ પોતાનાં શ્રેષ્ઠતમ કૌશલ્યોથી દેશ માટે અને સમગ્રપણે માનવતાની સેવા કરવા માટે સક્ષમ હોય છે.

'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' એટલે એવું 'બાળ વિશ્વવિદ્યાલય' કે જે મોટેરાંઓને નાનાં બાળકોના ભાવવિશ્વનો તાગ લેવા... એને મૃદુ સ્પર્શ કરવા પ્રેરે. ૧૮ વર્ષથી ઉપરના તરુણોને ઉચ્ચ શિક્ષણ આપવાનું કામ તો જગતની બધી યુનિવર્સિટીઓ કરે છે, પણ અજન્મા(ગર્ભસ્થ) શિશુથી ૧૮ વર્ષના તરુણોને ઉત્તમ અને ઊર્ધ્વગામી બનાવી ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે સક્ષમ બનાવવાની પૃષ્ઠભૂમિ તો 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' જ સર્જી શકશે.

આ માટે અનેક કાર્યક્રમો, ઉપક્રમો અને યોજનાઓનું આયોજન થયું છે, જેમાંના કેટલાક કાર્યક્રમોની ઝલક આ સાથે આપું છું -

(૧) ૧૯થી ૨૫ વર્ષ સુધીનાં યુવાન-યુવતીઓને ઉત્તમ દામ્પત્ય જીવનની કલ્પના આપવી. લગ્ન એ સંસ્કાર છે, કરાર નહીં. લગ્ન એક સામાજિક અને રાષ્ટ્રીય દાયિત્વ છે, કેવળ ભોગવિલાસ માટે નથી. ઉત્તમ પ્રજોત્પતિ એ એનું લક્ષ્ય છે. આ વયજૂથના યુવાનોનાં સંમેલનો યોજી સામાજિક પ્રબોધનનું કાર્ય કરવાની યોજના છે.

(૨) પરિણીત દંપતીઓને ઉત્તમ સંતતિના અવતરણ માટે શિક્ષણ આપવું. ઉત્તમ આત્માને આવાહન કરી ઉત્તમ બાળકને જન્મ આપવાનાં આયોજન અને સંકલ્પની પદ્ધતિ સમજાવવી.

(૩) ગર્ભવતી મહિલાઓને એમની નવ માસની દિનચર્યા અને જીવનશૈલીના સઘન પ્રશિક્ષણ માટે 'તપોવન કેન્દ્ર' નામની યોજના અમલમાં છે. અત્યારે રાજ્યમાં આવાં ૧૭ કેન્દ્રો ચાલે છે. આગામી ચાર માસમાં એની સંખ્યા ૧૦૦ કરવાનું લક્ષ્ય છે.

(૪) 'તપોવન કેન્દ્ર'ની પ્રક્રિયા દ્વારા ખૂબ સ્વસ્થ અને તેજસ્વી બાળકો જન્મે છે એવું અમારું ૧૦ વર્ષનું તારણ છે. આવાં ૩ વર્ષ સુધીનાં બાળકોની માતાઓને બાળઉછેરની કલ્પના સ્પષ્ટ થાય, તેઓ બાળમનોવિજ્ઞાન અને બાળક સાથેના વ્યવહારની નાની નાની બાબતો સમજે તે માટે

'શિશુ પરામર્શન કેન્દ્ર'ની યોજના બની છે. તેનો પણ 'તપોવન કેન્દ્ર'ની જેમ જ વ્યાપક વિસ્તાર કરવામાં આવશે.

(૫) ત્રણથી પાંચ વર્ષનાં બાળકો માટે આદર્શ 'શિશુવાટિકા'નું નિર્માણ કરવાની યોજના પણ બની ચૂકી છે. ગાંધીનગર સ્થિત યુનિવર્સિટી પરિસરમાં જૂન ૨૦૨૦ થી એ કાર્યરત બનશે.

(૬) પૂર્વપ્રસૂતિ શિક્ષણક્ષેત્રમાં પરામર્શક (કાઉન્સેલર) તરીકેની પાત્રતા સર્જવા માટેનો એક પાર્ટ ટાઈમ અભ્યાસક્રમ - P.G. Diploma in prenatal Care & Education પણ ચાલી રહ્યો છે.

(૭) બાળઉછેર સંબંધિત આહાર-પોષણનું જ્ઞાન આપવા માટે - (M.Sc. (Food & Nutrition) નો પણ બે વર્ષનો અભ્યાસક્રમ ચાલી રહ્યો છે.

(૮) શાળાકીય બાળ સલાહકાર તરીકે કારકિર્દી બનાવવા માટેનો અભ્યાસક્રમ (૨ સેમેસ્ટર માટે ખંડકાલીન) P.G.Diploma in School Counseling પણ ચાલી રહ્યો છે.

(૯) ડ્રોઈંગ-પેઈન્ટિંગ, વોક્લ મ્યુઝિક અને Computer Application સર્ટિફિકેટ કોર્સ ચાલે છે, જેમાં ધોરણ-૮ પાસ કરેલા વિદ્યાર્થીથી ઉપરની વ્યક્તિઓ સહભાગી થઈ રહી છે.

(૧૦) સરકારી, અર્ધસરકારી, ઉદ્યોગો, સંગઠનોમાં અને સહકારી ક્ષેત્રમાં કારકિર્દીની ઉજ્જવળ તક પૂરી પાડતો ૨ વર્ષનો અભ્યાસક્રમ Master of Social work (M.S.W.) પણ ચાલી રહ્યો છે.

(૧૧) આ ઉપરાંત શિક્ષણ અને મનોવિજ્ઞાનના વિષયોમાં M.Phil અને Ph.D. નું કામ સરસ રીતે ચાલે છે.

(૧૨) M.A. (Education) અને M.A.(Psychology) એ બે વિષયોનો ૨ વર્ષનો અભ્યાસક્રમ પણ ચાલે છે.

આમ, અજન્મા શિશુથી Ph.D સુધીના વિષયો ભણાવતી સમગ્ર વિશ્વની આ એકમાત્ર યુનિવર્સિટી છે. એનું કાર્ય સમગ્ર ગુજરાત રાજ્યમાં વ્યાપ્ત થશે. એની ક્ષિતિજો સમગ્ર ભારતમાં અનેક રાજ્યોમાં પણ વિસ્તરી શકે તેમ છે.

આ યુનિવર્સિટીનું વિચારબીજ એટલું તો પ્રબળ છે કે તેને કારણે નવી પેઢી ઉત્તમ, સત્ત્વશીલ અને તેજસ્વી નિર્માણ થશે અને તેની અસરો આગામી હજારો વર્ષ સુધી ટકી રહેશે. સમાજનું ભાવજાગરણ કરવાનું સામર્થ્ય આ કાર્યમાં છે... અને એના દ્વારા સામાજિક ચેતનાનું ઊર્ધ્વીકરણ થશે.

આમ આ યુનિવર્સિટી સામાજિક ચેતનાનું કેન્દ્રબિંદુ છે અને ઉત્તમ સંતતિ... શ્રેષ્ઠ મનુષ્યોના વાવેતરનું શ્રેય ભવિષ્યમાં આ યુનિવર્સિટીને મળશે એવી શ્રદ્ધા છે. ગુજરાતની પ્રજા આ કાર્યને નજીકથી સમજશે તો ભાવિ ઉજ્જવળ છે.

કુલપતિ,
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી
ગાંધીનગર.

૨૧ પ્રોફેશનલ અભ્યાસક્રમો - ICWA/CA/CSમાં શ્રેષ્ઠ કારકિર્દી

– ડૉ. એચ. એલ. રાઠવા

(૧) કોસ્ટ એકાઉન્ટન્સી અભ્યાસક્રમ (ICWA) એક શ્રેષ્ઠ કારકિર્દી
(૨) કંપની સેક્રેટરી (CS) અભ્યાસક્રમ ઉજ્જવળ કારકિર્દી
(૩) ચાર્ટર્ડ એકાઉન્ટસીનો અભ્યાસક્રમ (CA) એક ભવ્ય કારકિર્દી

પ્રોફેશનલ અભ્યાસક્રમો :

(૧) કોસ્ટ એકાઉન્ટન્સી અભ્યાસક્રમ (ICWA)

ઉપરોક્ત પ્રકારના પ્રોફેશનલ અભ્યાસક્રમો ઘણા પ્રખ્યાત હોતા નથી છતાં તેની માંગ ખૂબ જ હોય છે. આ અભ્યાસક્રમ ઘણો અઘરો પણ કિંમતી છે.

આ અભ્યાસક્રમ ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્સ ઓફ ઈન્ડિયા, (ICWA) કોલકાતા દ્વારા સંચાલિત થાય છે. તેમાં ઉત્પાદન ખર્ચની જાણકારી, વિશ્લેષણ, નિયંત્રણ વગેરે પાસાઓ ઉપર ભાર મૂકવામાં આવે છે. દરેક વસ્તુ (પ્રોડકટ)નો ઉત્પાદન ખર્ચ અને નફો નુકસાન જાણવાથી કઈ વસ્તુના ખર્ચ પણ નિયંત્રણ જરૂરી છે તે જાણવાનું અને વસ્તુની માર્કેટ વેલ્યુ(બજારભાવ) નક્કી કરવાનું કાર્ય બહુ કઠિન રીતે કોસ્ટ એકાઉન્ટન્ટ કરે છે. આ અભ્યાસક્રમની માહિતી નીચે મુજબ છે.

ફાઉન્ડેશન અભ્યાસક્રમ (ચાર વિષયો- એક ગ્રૂપ)

કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી FY(ઈન્ટર) પરીક્ષા કે ધોરણ ૧૨ પાસ કર્યું હોય તે આ કોર્સમાં પ્રવેશપાત્ર છે. સ્નાતકને સીધા ઈન્ટરમીડિયેટ - બીજા અભ્યાસમાં પ્રવેશ મળી શકે છે. અહીં જે વિષયો તથા એક ગ્રૂપનું માળખું છે. જે તે ફાઉન્ડેશન પરીક્ષાના છ માસ પહેલાં રજિસ્ટ્રેશન કરાવવું પડે છે અને પોસ્ટલ કોચિંગ શરૂ કરવું પડે છે. પરીક્ષા ફોર્મ ભરતાં પહેલાં કોચિંગ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે. દરેક તબક્કાના પેપર્સના ૧૦૦ ગુણાંક છે.

ઈન્ટરમીડિયેટ કોર્સ :

અહીં બે સ્ટેજ છે તથા દરેકના ૪ એમ કુલ ૮ વિષયો છે. આ પરીક્ષાની લાયકાત ફાઉન્ડેશન પાસ અથવા ગ્રેજ્યુએટની છે.

- **ફાઈનલ પરીક્ષા :** અહીં પણ બે સ્ટેજ છે તથા દરેકના ૪ એમ કુલ ૮ વિષયો છે.

ઈન્સ્ટિટ્યૂટ ઈન્ટરમીડિયેટ પરીક્ષા પાસ થનારને આ પરીક્ષા માટે એપ્લાય થવા દેવામાં આવે છે તથા (ICWA) સંસ્થાએ માન્ય કરેલ કમ્પ્યૂટર સંસ્થા પાસેથી ટ્રેનિંગ પ્રોગ્રામ પૂર્ણતાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે.

પરીક્ષામાં પાસ થવા માટે દરેક વિષયમાં ઓછામાં ઓછા ૪૦ ટકા માર્ક્સ પણ ગ્રૂપ/ સ્ટેજના કુલ માર્ક્સના ૫૦ ટકા ગુણાંક હોવા જરૂરી છે. (ICWA) ની મુખ્ય કચેરી વિભાગીય કચેરી તથા ચેપ્ટર્સ (કેન્દ્રો)નાં સરનામાં આ પ્રમાણે છે.

સરનામાં :

(૧) મુખ્યમથક :

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા, ૧૨ સદર સ્ટ્રીટ, કોલકાતા-૭૦૦૦૧૬

ફોન : (૦૩૩) ૨૨૫૨૧૦૩૧-૩૪-૩૫, ૨૨૫૨ ૧૬૦૨, ૨૨૫૨૧૪૯૨

ઈ મેઈલ : sdicwai@vsnl.net

વેબ : www.icwai.org.

(૨) વિભાગીય ઓફિસ :

ICWA રિજનલ ઓફિસ, રોહિત ચેમ્બર્સ, ૪થો માળ, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ-૦૧

ફોન (૦૨૨) - ૨૮૮૭૨૦૧૦

(૩) ગુજરાત ચેપ્ટર્સનાં સરનામાં :

(૧) ICWA, ૩૦૩, સારપ, ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, નવજીવન પ્રેસની સામે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૩

(૨) ICWA, ૫૪૨, ફોનિક્સ કોમ્પ્લેક્સ, સૂરજ પ્લાઝા પાસે, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૦૫

(૩) ICWA, બી-૨૧૦, તિરૂપતિ પ્લાઝા, કલેક્ટર ઓફિસ પાસે, અઠવા ગેઈટ, સુરત-૩૯૫૦૦૧

(૪) ICWA, C/o લખોટિયા કમ્પ્યૂટર સેન્ટર, પ્લોટ નં. ૨૫, સેક્ટર-૧,એ, ૧લો માળ, ગાંધીધામ-૩૭૦૨૦૧(કચ્છ)

(૫) ICWA, ૩૦૨, માધવ કોમ્પલેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

રોજગારીની તકો :

હાલમાં કોસ્ટ એકાઉન્ટન્ટની ડિમાન્ડ છે અને રહેશે. દરેક મોટા ઉત્પાદન એકમને તેની જરૂરત રહે છે. જોબના આકર્ષક ચાન્સ ઊંચા પગારથી દેશવિદેશમાં છે. પોતાની કન્સલ્ટન્સી પણ શરૂ કરી શકાય છે. આ એક સદા ઊભરતો હાઈ પ્રોફાઈલ વ્યવસાય છે.

● **કંપની સેક્રેટરી** (CS) **અભ્યાસક્રમ**

જે વિદ્યાર્થીઓ વ્યવસાયિક કટિબદ્ધતા અને નીતિમત્તા છે, કંપનીના હિતમાં કાર્ય કરવા માટેની અધિકૃતતા (authority) અને જબરદસ્ત નિર્ણયશક્તિ છે, ઉચ્ચ કક્ષાના સંસ્થાકીય ગુણો છે. વહીવટી કુશળતા છે, પ્રત્યાયનની આવડત-કૌશલ્ય તથા આંકડાઓ અને ઈન્ફર્મેશન ટેકનોલોજીની, સમજણ છે તેઓ જરૂરથી સારા 'કંપની સેક્રેટરી' બની શકે.

કંપની સેક્રેટરીનો અભ્યાસક્રમ ત્રણ તબક્કાઓમાં છે.

- ફાઉન્ડેશન કોર્સ
- ઈન્ટર કોર્સ
- ફાઈનલ

શરૂ શરૂમાં આ કોર્સનાં દ્વાર માત્ર સ્નાતકો માટે જ ખુલ્લાં હતાં, પરંતુ ૧૯૯૩થી ધોરણ-૧૨ (કોમર્સ, સાયન્સ, આર્ટ્સ) પાસ થયેલ મિત્ર કંપની સેક્રેટરીના ફાઉન્ડેશન કોર્સ કરી, પરીક્ષા આપી ડાયરેક્ટર સી.એસ. ના ઈન્ટરમાં પ્રવેશ મેળવી શકે છે એટલે કે આપ કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક હો - B.A., B.Com., B.Sc., BBA. થયા હો તો આપ કંપની સેક્રેટરીના કોર્સમાં પ્રવેશ મેળવી શકો છો અથવા તો આપ વિજ્ઞાન/સામાન્ય પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ થયા પછી કંપની સેક્રેટરીના ફાઉન્ડેશન કોર્સમાં પ્રવેશ મેળવી શકો છો. હવે ફૂલ ટાઈમ કોર્સ પણ થાય છે.

ફાઈન આર્ટ્સના સ્નાતકોને સીધો જ કંપની સેક્રેટરીના



ઈન્ટરમીડિયેટ અભ્યાસક્રમમાં પ્રવેશ મળી શકતો નથી, એક મહત્ત્વની વાત- આપે ધોરણ -૧૨ પછી CSના ફાઉન્ડેશન કોર્સમાં પ્રવેશ લીધા બાદ CSના ફાઉન્ડેશનના કોર્સમાં અભ્યાસની સાથે સાથે BA/B.Com./B.Sc.નો અભ્યાસ (રેગ્યુલર વિદ્યાર્થી તરીકે) કરી શકો છો જ. આપ જો મહેનતુ વિદ્યાર્થી હો તો સ્નાતક થવાની સાથે સાથે 'CS' પણ થઈ શકો.

અભ્યાસ પદ્ધતિ :

CSનો કોર્સ પોસ્ટલ ટ્યૂશન દ્વારા થઈ શકે તેવો એક્સટર્નલ કોર્સ છે. તથા દિલ્હીની ઈન્સ્ટિટ્યૂટ દ્વારા માન્ય 'કોચિંગ સેન્ટર'માં રેગ્યુલર (સાંજના સમયે ક્લાસીસ હોય છે.) વિદ્યાર્થી તરીકે જોડાઈને પણ આ કોર્સ થઈ શકે છે. અમદાવાદ, સુરત, રાજકોટની કેટલીક કોલેજો આ રીતે 'કોચિંગ સેન્ટર' તરીકેની માન્યતા ધરાવે છે. આ રીતે 'ઓરલ કોચિંગ' મેળવનાર પોસ્ટલ કોર્સ કરવો પડતો નથી. જો કે માન્ય કોચિંગ સેન્ટરના પ્રમાણપત્ર બાદ જ પરીક્ષામાં બેસવાની મંજૂરી મળે છે.

કઈ રીતે જોડાઈ શકાય ?

આપ આપના શહેરના માન્ય કોચિંગ સેન્ટર દ્વારા અથવા તો ટપાલ દ્વારા જરૂરી રજિસ્ટ્રેશન ફોર્મ મેળવી આ કોર્સ માટે 'રજિસ્ટર્ડ' થઈ શકો. આખા વર્ષમાં ગમે ત્યારે તમે આ કોર્સમાં જોડાઈ શકો છો. જેઓ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં રજિસ્ટ્રેશન કરાવે તેઓ તે પછીના જૂન માસમાં પરીક્ષા આપી શકે અને જેઓ ૩૧ માર્ચ સુધીમાં નામ રજિસ્ટર્ડ કરાવે તેઓ ડિસેમ્બર માસમાં પરીક્ષા આપી શકે છે. તમારે ફોર્મ આ સરનામેથી મંગાવવાનું હોય છે. જો આપ ફાઉન્ડેશન કોર્સમાં રજિસ્ટ્રેશન કરાવવા ઈચ્છતા હો, તો નિયત કિંમતનો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો. જો આપ ઈન્ટર માટે રજિસ્ટ્રેશન કરાવવા ઈચ્છુક હોવ તો નિયત કિંમતનો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો. આ ડિમાન્ડ ડ્રાફ્ટ "The Institute of Company Secretaries of India"ના નામનો તથા નવી દિલ્હી ખાતે ચૂકવવા પાત્ર હોવો જોઈએ

નોંધ : ફીની રકમ કે અન્ય વિગતો ફેરફાર પાત્ર હોય છે તેથી સંપર્ક કરવો જરૂરી છે.

સરનામું :

The Insititute of Company Secretaries of India

ICSI House, 22, Institutional Area, Lodi Road,

New Delhi-110003

Email _ info@icsi-india.com.

મુંબઈ ખાતેની રિજનલ ઓફિસનું સરનામું

Western India Regional Counsil,
The Company Secretaries of India Ltd,
No - 013, (First Floor)
Jolly Maker Chambers No. 11, Nariman Point, Mumbai-400021
Ph- 0120-4522000,. call centre - 011-33132333 (સવારે 7 AM થી રાત્રે 11 PM)
Email : dss@icsi.edu.

૩ ચાર્ટર્ડ એકાઉન્ટન્સીનો અભ્યાસક્રમ (CA)

જો આપ CA બનવા ઈચ્છતા હો તો આ આવશ્યક ગુણોને આધારે સ્વમૂલ્યાંકન કરીને નિર્ણય લેશો. CA તરીકે આપે જે કાર્યો કરવાના છે તે પણ અહીં આપ સમજી લો તે અત્યંત આવશ્યક છે. સામાન્ય રીતે અથવા તો પરંપરાગત રીતે CA એ એકાઉન્ટન્ટ અને મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે કાર્ય કરવાનું હોય છે. જો કે, આજના સંદર્ભમાં CA નો રોલ (Role) વધુ મહત્ત્વનો તથા વિસ્તૃત બન્યો છે. મેનેજમેન્ટ એકાઉન્ટિંગ, મેનેજમેન્ટ ઈન્ફર્મેશન તથા કન્ટ્રોલ સિસ્ટિમ, ઈન્ટરનેશનલ ફાઈનાન્સ, ઈન્ફર્મેશન ટેકનોલોજી તથા ફાઈનાન્સિયલ સર્વિસિઝના સેક્ટર સહિતના મેનેજમેન્ટ કન્સલ્ટન્સીના સમગ્ર માળખામાં CA ની ભૂમિકા બળવત્તર બની છે.

ICFAI દ્વારા શિક્ષણ અને તાલીમ વ્યવસ્થામાં કેટલાક મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા છે જેથી મેનેજેરિયલ ક્ષમતા તથા સારુ પ્રત્યાયન કૌશલ્ય ધરાવતા વિશ્વકક્ષાના વ્યવસાયિક એકાઉન્ટન્ટ તૈયાર થઈ શકે છે.

આ અભ્યાસક્રમ ત્રણ ભાગમાં થઈ શકે છે.

CPT- કોમન પ્રોફિસિયન્સી ટેસ્ટ
IPCC - પ્રોફિસિયન્સી કોમ્પિટન્ટ કોર્સ
CA - ફાઈનલ

- ધોરણ-૧૨ પછી જોડાનાર વિદ્યાર્થીઓ માટે પણ CPT ફરજિયાત છે. CPT માં અહીં મુક્તિ આપવામાં આવતી નથી.

- CPT બધાં જ માટે ફરજિયાત છે. CPT માટે રજિસ્ટ્રેશન ધોરણ-૧૦ પાસ કરાવી શકે. ધોરણ-૧૨ પરીક્ષામાં બેઠા હોય તેઓ CPT આપી શકે છે.

- બોર્ડ ઓફ સ્ટડીઝ દ્વારા નિયત કરેલ યોજના અનુસાર વિદ્યાર્થીને કમ્પ્યૂટર ટ્રેનિંગ (અનુભવ સાથે લેવાની છે)

- CPT પાસ કર્યા બાદ ઉમેદવાર એકાઉન્ટન્સીના IPCCકોર્સ માટે રજિસ્ટ્રેશનને પાત્ર છે. તથા તે બાદ CA Final માટે પાત્રતા ધરાવે છે.

- આર્ટિકલ્ડ ક્લાર્ક કે જેણે જરૂરી પ્રાયોગિક તાલીમ લીધી છે અને નવા અભ્યાસક્રમ પ્રમાણે અંતિમ પરીક્ષા પાસ કરી છે તેણે કાઉન્સિલ દ્વારા જે તે સમયે નિયત કરેલ જનરલ મેનેજમેન્ટ અથવા કોમ્યુનિકેશન સ્કિલ્સ 'પ્રોગ્રામ'ને એટેનેડ કરવો ફરજિયાત છે.

CPT કોર્સમાં રજિસ્ટ્રેશન માટે ગુજરાતના ઉમેદવારોએ અહીં રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. (ફીની રકમ ફેરફારપાત્ર હોય છે.)

Western India Regional Council,
The Institute of Chartered Accountants of India. "Anveshak" 27, Cuffe, Parade, Mumbai - 400005

ઉપરાંત ICAI ની અમદાવાદ શાખા (૧૨૩, સરદાર પટેલ કોલોની, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૧૪) તથા રાજકોટ શાખા ICAI, JMC નગર, રૈયા ચોકડી રોડ, રાજકોટનો પણ સંપર્ક કરી શકો છો.

વેબસાઈટ www.icai.orgનો સંપર્ક સાધી શકાય.

મદદનીશ, વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યાશાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ-૩૮૦૦૦૧

૨૨

વિજ્ઞાનીક તરીકેની શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર

વૈશ્વિક સ્તરના વિજ્ઞાન શિક્ષણ-સંશોધનની શ્રેષ્ઠ સંસ્થા IISER

– નિસર્ગ દેસાઈ

સમગ્ર પૃથ્વી પર વસતી જીવસૃષ્ટિ પૈકી મનુષ્ય સિવાય બધાં જ પ્રાણી-પક્ષીઓ યુગોથી પ્રકૃતિએ તેમના માટે ડિઝાઈન કરેલું જીવન જીવે છે. માત્ર મનુષ્ય પોતાના જીવનને અને જીવનશૈલીને આગવી રીતે વિસ્તારી-વિકસાવી શક્યો છે. તથા સતત વિકસાવી પણ રહ્યો છે. મનુષ્ય પાસે જ્ઞાન અર્જિત કરવાની અને જ્ઞાનને સંક્રમિત કરવાની-પ્રસારવાની જે ક્ષમતા છે તેને લીધે આ શક્ય બન્યું છે. મનુષ્યના જીવનમાં 'જ્ઞાન'ની ભૂમિકા કેન્દ્રવર્તી રહી છે. જ્ઞાનના એક વિશિષ્ટ પ્રકાર એવા વિજ્ઞાને માનવના જીવનને અને દુનિયાને બદલી નાખ્યા છે અને તે સતત બદલાતા પણ રહે છે.

આધુનિક માનવજીવન પર દૃષ્ટિ કરો તો પ્રત્યેક સ્તરે વિજ્ઞાન અને ટેકનોલોજીની આગવી ભૂમિકા દેખાય છે. આપણી હથેળીમાં સમાઈ શકે તેમ છતાં આખી દુનિયા સાથે જોડી શકે તેવા મોબાઈલ ફોનથી લઈને પૃથ્વીના કોઈપણ ખૂણે પહોંચતા કે ચંદ્રની પણ પાર જઈ શકતા વિમાનો-અવકાશયાનો સુધીનો સમગ્ર વિસ્તાર તેની ગવાહી આપે છે. વિકસતા વિજ્ઞાનના જગતમાં વિજ્ઞાનીક શોધ-સંશોધનનું ફલક અસીમ છે. જે જે દેશોએ શોધ-સંશોધનને મહત્ત્વ આપ્યું ત્યાં વિજ્ઞાન-ટેકનોલોજીનો વિકાસ ખૂબ ઝડપથી થયો અને એવા જ દેશો સમૃદ્ધ અને પ્રભાવશાળી બન્યા. પ્રત્યેક વિકસિત દેશનો વિકાસ વિજ્ઞાનની આંગળી ઝાલીને થયો છે. તેથી જ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધવું વિદ્યાર્થીઓને રોમાંચક, પ્રતિષ્ઠાભર્યું અને સારી કારકિર્દી માટે આકર્ષક લાગે છે.

હવે મહત્ત્વની બાબત એ છે કે મોટે ભાગે વિદ્યાર્થીઓનું ધ્યાન મેડિકલ અને એન્જિનિયરિંગના ક્ષેત્ર પર હોય છે પરંતુ તેના મૂળભૂત આધાર સમા બેઝિક સાયન્સને (પ્યોર સાયન્સ) નજરઅંદાજ કરવામાં આવે છે.

વિજ્ઞાન મૂળભૂત તથ્યોને શોધે છે તથા ટેકનોલોજીને વિકસાવે છે. તેને આધારે અને તેને અનુરૂપ સાધન-સામગ્રી-મશીનરી વગેરેને તૈયાર કરીને તેનો વાસ્તવિક ઉપયોગ કરવાનું કામ એન્જિનિયરિંગનું છે. આમ, પાયામાં વિજ્ઞાન (બેઝિક કે પ્યોર સાયન્સ) છે અને તેનું પ્રાયોજિત (એપ્લાઈડ) સ્વરૂપ એ એન્જિનિયરિંગ છે. તેવી જ વાસ્તવિકતા તબીબી વિજ્ઞાનની પણ છે. આમ, વિજ્ઞાનના સમગ્ર જગતના બે આયામો છે. પાયામાં છે પ્યોર - બેઝિક સાયન્સ અને બીજું તેનું એપ્લાઈડ ફોર્મ એટલે કે એન્જિનિયરિંગ.

વિજ્ઞાનનું જગત વિશાળ, અસીમ અને અનેક રહસ્યોથી ભરેલું છે. વિજ્ઞાનમાં ઊંડા ઊતરનારને માટે ગહન સંતોષ, સતત રોમાંચકતાનો અનુભવ કરાવતા વિજ્ઞાનનું ફલક ઘણું વિશાળ છે. આપણા વિદ્યાર્થીઓને વિજ્ઞાનના અભ્યાસ - સંશોધન માટે પ્રેરક વાતાવરણ, તક અને સગવડ મળે તો આપણું બુદ્ધિધન નવાં સીમાચિહ્નો સર્જી શકે તેવી પ્રતિભા ધરાવે છે.

એન્જિનિયરિંગના શિક્ષણની સુવિધા વધવાની સાથે સાથે આપણી પાસે થોકબંધ ઇજનેરો ઉપલબ્ધ થયા છે, પરંતુ વિજ્ઞાનની શોધ-સંશોધનની યાત્રાને આગળ ધપાવી શકે તેવા વિજ્ઞાનીકોની આપણી પાસે આજે પણ કમી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીને સતત વિકસાવી રહેલા પશ્ચિમના દેશોમાં વિજ્ઞાનીકોની ઘણી ઊંચી પ્રતિષ્ઠા છે. ભારતમાં પણ વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનને પ્રાધાન્ય આપી તેને ઉચ્ચતમ સ્તરે લઈ જવા માટે અનેકવિધ પ્રયાસો થઈ રહ્યા છે. કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના (KVPY) જેવી યોજનાઓ અને IISc., IISER જેવી વિશિષ્ટ સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનનાં વિકાસ-સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

IISER એક વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થા :

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER) તરીકે ઓળખાતી આ સંસ્થાની ૨૦૦૬ના વર્ષમાં સ્થાપના કરવામાં આવી છે. પૂરા ભારતને આવરી લેવા આ સંસ્થાનાં પાંચ કેન્દ્રો સ્થપાયાં છે. પૂર્વમાં કલકત્તા, પશ્ચિમમાં પૂના, ઉત્તરમાં મોહાલી, દક્ષિણમાં ત્રિવેન્દ્રમ તથા મધ્યભારતમાં ભોપાલ ખાતે IISER કાર્યરત કરવામાં આવી હતી ત્યાર પછી તિરુપતિ અને બહેરામપુરમાં શરૂ થઈ. આ સંસ્થામાં પાંચ વર્ષનો BS અને MS ઈન્ટિગ્રેટેડ ડ્યૂઅલ ડિગ્રી અભ્યાસક્રમ ચાલે છે. તે ઉપરાંત ઈન્ટિગ્રેટેડ Ph.d. (MS-Ph.d. (MS-Ph.d. અને Ph.d.) સાયન્સના અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે. Master of Scienceની ડિગ્રી

આપતા આ અભ્યાસક્રમમાં પ્યોર સાયન્સના મુખ્ય વિષયો ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયોલોજી અને મેથ્સને સમાવી લેવાય છે. બાયોટેકનિકલ સાયન્સ, કેમિકલ સાયન્સ, ફિઝિકલ સાયન્સ ઉપરાંત ડેટા સાયન્સ, અર્થ એન્ડ ક્લાયમેટ સાયન્સ, એન્વાયરમેન્ટલ સાયન્સ, ઈકોનોમિક સાયન્સ, જિયોલોજિકલ સાયન્સ, મેથેમેટિકલ સાયન્સ, જેવા અભ્યાસક્રમો અહીં ઉપલબ્ધ બનાવાયા છે. IISER ભોપાલમાં ઇકોનોમિક સાયન્સ તથા એન્જિનિયરિંગ સાયન્સના અભ્યાસક્રમો માટે અહીં MS સિવાય ચાર વર્ષનો BS ડિગ્રી પ્રોગ્રામ પણ ચાલે છે.

ભારતભરમાં શ્રેષ્ઠ એવી અદ્યતન લેબોરેટરી અને લાયબ્રેરી આ સંસ્થા ધરાવે છે. આ સંસ્થા તથા તેની લેબોરેટરી માટે ઘણું મોટું બજેટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. એટલું જ નહીં, વિજ્ઞાનના શ્રેષ્ઠતમ જ્ઞાન-લાયકાત-પદવી અને અનુભવ ધરાવતા વિજ્ઞાનીકો અહીં ફેકલ્ટી તરીકે સેવા આપે છે. પ્યોર સાયન્સના દરેક ક્ષેત્રમાં દુનિયાભરમાં છેલ્લામાં છેલ્લી શોધ-સંશોધનો સાથે સંકળાયેલા દેશના તથા દુનિયાના અલગ અલગ દેશોના વિઝિટિંગ પ્રોફેસર્સને પણ આ સંસ્થાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે સમયાન્તરે બોલાવવામાં આવે છે, અને વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાન વર્કશોપ યોજાય છે. સંસ્થાની સગવડો-સાધનો-તજજ્ઞો, વિજ્ઞાન જગતની અવનવી પ્રવૃત્તિઓ - આધુનિક લેબોરેટરી, લાયબ્રેરી સહિતનું સમગ્ર વાતાવરણ શોધ-સંશોધનની પ્રવૃત્તિને પ્રેરણા આપે તેવું સર્જવામાં આવ્યું છે.

આ સંસ્થામાં પ્રવેશ પામનાર પ્રત્યેક વિદ્યાર્થીને અભ્યાસ અને સ્વવિકાસ માટે પ્રતિમાસ નિર્ધારિત રકમની ફેલોશીપ કેન્દ્ર સરકાર દ્વારા પ્રોત્સાહન તરીકે અપાય છે. અહીં પ્રથમ બે વર્ષ પ્યોર સાયન્સના બધા જ વિષયોનો અભ્યાસ વિદ્યાર્થીઓએ કરવાનો હોય છે. ત્રીજા વર્ષે વિદ્યાર્થી પોતાના સ્પેશિયલાઈઝેશનનો વિષય પસંદ કરે છે. પાંચમું વર્ષ પ્રોજેક્ટ અને થીસીસ પ્રિપેરેશનનું હોય છે. અભ્યાસકાળના સમગ્ર સમય દરમિયાન પોતાના ગમતા વિષયમાં આગળ વધવા તેને પૂરી સ્વતંત્રતા અને નિષ્ણાત અધ્યાપકોનું માર્ગદર્શન પણ ઉપલબ્ધ હોય છે. ભારતની કોઈપણ સંસ્થામાં જઈને ત્યાંના નિષ્ણાતની સહાય મેળવીને કોઈપણ પ્રોજેક્ટ કરવાની પણ વિદ્યાર્થીને તક અને સ્વતંત્રતા મળે છે. ઉદ્યોગોની જરૂરિયાત કે નિશ્ચિત વ્યવસાય માટે વિદ્યાર્થીઓને તૈયાર કરતી વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાનો કરતાં સાવ જુદી વ્યવસ્થા અહીં છે.

પ્રવેશ પ્રક્રિયા :

IISERમાં ધોરણ-૧૨ પછીના આ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના ત્રણ વિકલ્પો છે.

૧. JEE (Advance)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને સીધો પ્રવેશ મળી શકે છે.

૨. KVPYના ફેલોને પણ સીધો પ્રવેશ ધોરણ-૧૨ પછી મળે છે.

૩. દરેક રાજ્યના ધોરણ-૧૨ માટેના સ્ટેટ બોર્ડમાં અને સેન્ટ્રલ બોર્ડમાં ઉત્તીર્ણ થનાર પ્રથમ ૨૦% વિદ્યાર્થીઓ આ સંસ્થાની પ્રવેશ પરીક્ષા આપવા એલિજિબલ ગણાય છે. જે તે રાજ્ય સ્ટેટ બોર્ડના પ્રથમ ૨૦%માં આવનાર વિદ્યાર્થી પોતાના રાજ્યની નજીકની IISERમાં જઈને નિયત તારીખે યોજાનાર પરીક્ષામાં ભાગ લઈને પ્રવેશ માટે પ્રયાસ કરી શકે છે.

પ્રવેશ મેળવનાર પ્રત્યેક વિદ્યાર્થી ઈન્સ્પાયર ફેલોશીપ મેળવતો થઈ જાય છે. પ્રવેશ અંગે વધુ વિગતો IISERની વેબસાઈટ : www.iiseradmission.in ઉપર ઉપલબ્ધ છે. આ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયામાં ફેરફાર થયેલો હોવાથી વિદ્યાર્થીઓએ દર્શાવેલ વેબસાઈટ જોવી. અહીં IISERમાં વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા દ્વારા વિદ્યાર્થીની શીખવાની ક્ષમતાના વિકાસ (એબિલિટી ટુ લર્ન)ને કેન્દ્રમાં રાખીને વિજ્ઞાનના વિશાળ જગતનો તેને પરિચય કરાવાય છે.

વિજ્ઞાનીક તરીકેની કારકિર્દી : એક ઉન્નત ભાવિની દિશા :

આજે પ્રત્યેક ક્ષેત્ર પર વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહુ મોટો પ્રભાવ છે. વિકાસની સમગ્ર પ્રક્રિયામાં પણ ટેકનોલોજી પાયાની ભૂમિકા ભજવે છે. ઉદ્યોગો, મોટી કંપનીઓ, ઉત્પાદન એકમો, કોર્પોરેટ સેકટર, શૈક્ષણિક-સામાજિક-સેવા સંગઠનો, સરકારના ઊર્જા, સંરક્ષણ સહિતના વિવિધ વિભાગો, વિશિષ્ટ સંસ્થાઓ દરેક જગ્યાએ શોધ-સંશોધનનું કામ કરતા વિજ્ઞાનીકોની આવશ્યકતા હવે સતત વધતી જવાની છે. વૈશ્વિક સ્પર્ધામાં ટકવા માટે પણ શોધ-સંશોધન અનિવાર્ય બન્યાં છે.

વિજ્ઞાન અને વિજ્ઞાનીક તરીકેની કારકિર્દી સતત નવીનતા અને જીવંતતાનો અનુભવ કરાવે છે. સતત નવું જાણવાની અને શોધવાની આ યાત્રા છે. ગમે તેટલાં શોધ-સંશોધનો થાય પરંતુ ક્યાંય અટકાવ નથી. વિજ્ઞાનની યાત્રા ચાલતી જ રહે છે. જાણવાનું ઘટતું નથી કે જાણવાનો રોમાંચ ઘટતો નથી. વિજ્ઞાન જાણે એક અનંત અને રહસ્યમય જગત છે. વિજ્ઞાનના જગતમાં રહેવું અને આગળ વધવું એ એક અનોખો અને રોમાંચક અનુભવ છે.

ભૂતપૂર્વ સ્ટુડન્ટ
IISER, પુના

૨૩ કમ્પ્યૂટર સોફ્ટવેર ડેવલપમેન્ટમાં વિશાળ તકો

– વિકાસ વર્તુળ ટ્રસ્ટ

આધુનિક યુગની ટેકનોલોજીકલ ક્રાંતિમાં કમ્પ્યૂટરની ભૂમિકા નિશ્ચિતપણે મહત્ત્વની રહેવા પામી છે. ૨૧મી સદીનું જીવનધોરણ કમ્પ્યૂટર આધારિત બની ગયું છે. ઘરના ડ્રોઈંગરૂમથી લઈને કાર્યાલયો સુધી કમ્પ્યૂટર આપણા જીવનનું અભિન્ન અંગ બની ગયું છે અને તે એટલી હદે કે આપણા વ્યાવસાયિક જીવનને તો કમ્પ્યૂટર વિનાનું કલ્પી જ ન શકીએ. આ કમ્પ્યૂટર જેના આદેશ મુજબ કાર્ય કરે છે, તે સોફ્ટવેર ડેવલપમેન્ટની કારકિર્દી આજના યુગમાં અવ્વલ સ્થાન ભોગવે છે. તમે રચનાત્મકતા,ઉચ્ચ ટેકનોલોજીકલ અનુભવ તથા વિશ્લેષણાત્મક તર્કશક્તિ ધરાવતા હો તો આ ક્ષેત્રમાં જરૂર વિકાસ સાધી શકો છો.

કમ્પ્યૂટર નામના ઉપકરણથી આજે ભાગ્યે જ કોઈ અજાણ હોઈ શકે. ભારતના કોઈ અંતરિયાળ ગામડાં કે અંધારિયા આફ્રિકાખંડના પછાતમાં પછાત વિસ્તારોમાં રહેતા માનવોના મોં પર કમ્પ્યૂટર શબ્દ સાંભળતાં એક અનેરી ચમક જોવા મળી જાય છે. કમ્પ્યૂટર એ આજે સર્વસામાન્ય વપરાશનું સાધન બની ગયું છે અને આ વપરાશ એટલી હદે વધી ચૂક્યો છે કે માણસ પરાવલંબી બની ચૂક્યો છે. રોજિંદા વ્યવહારો કમ્પ્યૂટર આધારિત બની ગયા હોવાથી જે તે કંપની, કોર્પોરેશન, પેઢી, સંસ્થાની કમ્પ્યૂટર પ્રણાલી રૂસણાં લે તેનું કામકાજ ઠપ્પ થઈ જાય છે અને ક્યારેક આના કારણે મોટું આર્થિક નુકસાન પણ ભોગવવું પડે છે જો કે આની સામે કમ્પ્યૂટરથી થતાં કાર્યો પણ કંઈ નાનાસૂનાં નથી. કમ્પ્યૂટરને કારણે જ આપણા અમુક રોજબરોજનાં કાર્યોમાં ઝડપ આવી છે, વિવિધ સુખ સગવડો ઉપલબ્ધ થઈ છે તે પણ એટલું જ સાચું છે.

કમ્પ્યૂટરનો વપરાશ કરતાં લોકોની વાતચીતમાં સોફ્ટવેર અને હાર્ડવેર નામક શબ્દો વારંવાર સાંભળવા મળતા હોય છે. તેમાં હાર્ડવેર એટલે કમ્પ્યૂટરના વિવિધ યાંત્રિક ભાગો જેવા કે CPU(Central Processing Unit) હાર્ડડિસ્ક, CD/DVD ડ્રાઈવ, કી-બોર્ડ, માઉસ, મોનિટર વગેરે ગણાવી શકાય. પરંતુ ફક્ત હાર્ડવેરથી કંઈ અર્થ સરે નહીં. કમ્પ્યૂટરમાં થતી વિવિધ ગણતરીઓ, એકાઉન્ટિંગ, ડિઝાઈનિંગ, પ્રેઝન્ટેશન વગેરે માટે જે તે કાર્યના આદેશો આપતું સોફ્ટવેર/પ્રોગ્રામ જોઈએ. કારણકે કમ્પ્યૂટર તેને અપાયેલ આદેશ મુજબના કાર્યથી આગળ કોઈ વધારાનું કાર્ય કરતું નથી - કરી શકતું નથી. જેવો સોફ્ટવેર પ્રોગ્રામ હોય તે મુજબનું કામ તેની પાસેથી લઈ શકાય છે. જરા વિગતે સમજીએ તો તમારા કમ્પ્યૂટરમાં પેજમેકર નામનું પેજ લેઆઉટ બનાવતું સોફ્ટવેર હોય તો તેમાં પેજ લેઆઉટ જ બનાવી શકાય. પરંતુ એકાઉન્ટિંગ ન કરી શકાય. એકાઉન્ટિંગ માટે વળી તમારે ખાસ એકાઉન્ટિંગ માટેનું જ 'પ્રોફિટ', 'ટેલી' જેવું સોફ્ટવેર કમ્પ્યૂટરમાં ઈન્સ્ટોલ કરવું પડે. વળી, ડિઝાઈનિંગ તથા પ્રેઝન્ટેશન માટેના સોફ્ટવેર પણ પાછાં અલગ જ હોય. જે પ્રકારનું કાર્ય કરવાનું હોય તે કાર્ય અંગેની સંપૂર્ણ માહિતીનું માળખું રચીને એક પ્રોગ્રામ તૈયાર કરીને કમ્પ્યૂટરને અપાય તે મુજબ જ તે તમને પરિણામ આપે છે.

કમ્પ્યૂટર સોફ્ટવેરમાં મુખ્યત્વે બે પ્રકારનાં કાર્યોનો સમાવેશ થાય છે- નિર્માણ (Manufacturing) અને સોફ્ટવેર ડેવલપમેન્ટ નિર્માણ એટલે કે મેન્યુફેક્ચરિંગમાં સિસ્ટિમ પ્રોગ્રામિંગ. જેના આધારે કમ્પ્યૂટર કાર્યરત થાય છે. અહીં કમ્પ્યૂટર સાયન્સ તથા દૂરસંચારના સિદ્ધાંતો (Applications) નો સંયુક્તરૂપે ઉપયોગ કરવામાં આવે છે. મેન્યુફેક્ચર ક્ષેત્ર માટે રચનાત્મકતા, ઉચ્ચ ટેકનોલોજિકલ અનુભવ અને વિશ્લેષણાત્મક તાર્કિક યોગ્યતા જરૂરી છે. જ્યારે સોફ્ટવેર ડેવલપમેન્ટમાં કમ્પ્યૂટરમાં વર્તમાનમાં રહેલ માળખામાં - પ્રોગ્રામમાં જ

અન્ય પ્રોગ્રામનું સોફ્ટવેરનું નિર્માણ કરવાનું હોય છે અને આથી જ ઘણી વખત આ બંને કાર્યો એકબીજાને ઓવરલેપ કરતાં હોય તેવું લાગે. ક્યારેક આ બંને કાર્યો એક જ વ્યક્તિ પણ કરતી જોવા મળે છે. જો કે હજુ એમ ખ્યાલ ન આવે કે સોફ્ટવેર કોને કહેવાય. પરંતુ તેને આપણે દરરોજ જોતા તો હોઈએ જ છીએ. આપણે બેંકમાં અગર તો રેલવે સ્ટેશન કે બસ સ્ટેશન પર રિઝર્વેશન માટે જતાં હોઈએ છીએ તો તે તરત જ આપણને અમુક સેકન્ડોમાં કે અમુક મિનિટોમાં જરૂરી પરિણામ આપી દેતા હોય છે અને તે માટે જે વસ્તુઓ ઉપયોગ કરે છે તે પ્રોગ્રામર દ્વારા બનાવાયેલ સોફ્ટવેર કે પેકેજ હોય છે. આ પેકેજ અગાઉ 'COBOL', 'FORTRAN' જેવાં સ્વરૂપમાં જોવા મળતાં હતાં, પરંતુ જેમજેમ કમ્પ્યૂટરનો વ્યાપ વધતો ગયો તેમ તેમ 'FOXPRO', 'C', 'C++', 'ORACLE' જેવાં પેકેજ (લેંગ્વેજ) બજારમાં આવવા લાગ્યાં અને હાલમાં JAVA, C# જેવાં પેકેજોનો ઉપયોગ થવા લાગ્યો છે.

અભ્યાસ

સોફ્ટવેર ડેવલપમેન્ટના ક્ષેત્રમાં સોફ્ટવેર એન્જિનિયર્સ દ્વારા વિવિધ સોફ્ટવેરનું નિર્માણ કરવામાં આવે છે અને વિકસાવવામાં આવે છે. એટલે એક સોફ્ટવેર એન્જિનિયરના રૂપમાં કાર્ય કરવા માટે તમારું એક પ્રશિક્ષિત કમ્પ્યૂટર/ITI/ ઈલેક્ટ્રોનિક એન્જિનિયર હોવું જરૂરી છે. અને આ શાખાઓમાં ઈજનેરી અભ્યાસ માટે ધો. ૧૨ વિજ્ઞાનમાં ભૌતિક, રસાયણ, ગણિત એટલે કે 'એ ગ્રૂપ'માં પાસ હોવું જરૂરી છે. જો કે આનાથી સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીએ સ્હેજેય નાસીપાસ થવાની જરૂરી નથી. કારણ કે જો તમે ધો. ૧૨ ગણિત સાથે પાસ હો તો સામાન્ય સ્નાતક અભ્યાસ પછી MCA (માસ્ટર્સ ઈન કમ્પ્યૂટર એપ્લિકેશન) અભ્યાસક્રમ કરી પ્રોગ્રામર બની શકો છો.

જો તમે ફક્ત વિજ્ઞાન કે વાણિજ્યના સ્નાતક હો અને સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્ય કરવા માગતા હો તો કોઈ એક વિશિષ્ટ કમ્પ્યૂટર લેંગ્વેજ અથવા એપ્લિકેશન પ્રોસેસમાં પ્રશિક્ષણ પ્રાપ્ત કરવું ઘટે.

જો ડિઝાઈન/સોફ્ટવેર એન્જિનિયર બનવું હોય તો ઈલેક્ટ્રોનિક્સ/કમ્પ્યૂટર એન્જિનિયરિંગમાં ડિગ્રી પ્રાપ્ત કરવાની રહે અને જો એપ્લિકેશન પ્રોગ્રામર બનવા માગતા હો તો સ્નાતક થવાની સાથે સાથે જાવા, C++, કોબોલ, ફોરટ્રાન, ઓરેકલ, આલગોલ જેવા વિશિષ્ટ પ્રોગ્રામ અને લેંગ્વેજમાં વૈશિષ્ટ્ય પ્રાપ્ત કરવું જરૂરી છે. આ ઉપરાંત વિભિન્ન ઉદ્યોગો અને ઉદ્યમોમાં કાર્યરત સિસ્ટિમ્સમાં જાણકારી સાથે સિસ્ટિમ એનાલિસ્ટ પણ બની શકાય છે.

કમ્પ્યૂટર સોફ્ટવેરના શિક્ષણની સાથોસાથ તે અંગેના કાર્યોમાં વિશેષ રુચિ અને ગણિતમાં કુશળતા ઉપરાંત વિશ્લેષણાત્મક વિચારશક્તિ પણ એટલી જ જરૂરી છે. આ કાર્ય એકસાથે ઘણીબધી તાર્કિકતા વિચારી શકનાર લોકોનું હોવાથી તમારી તર્કશક્તિ એકદમ સતેજ હોવી જરૂરી છે.

સોફ્ટવેરના અભ્યાસક્રમ ગુજરાત તથા દેશભરમાં ઘણી બધી કોલેજોમાં ભણાવાય છે. વિવિધ એન્જિનિયરિંગ કોલેજોમાં સોફ્ટવેર ઈજનેરીના અભ્યાસક્રમ ઉપલબ્ધ છે, જ્યારે અન્ય કોલેજ-યુનિવર્સિટીઓમાં BCA (બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન) તથા MCA (માસ્ટર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન્સ) ભણી શકાય છે.

માન્યતા પ્રાપ્ત સંસ્થાઓમાં સોફ્ટવેર ડેવલપમેન્ટ અભ્યાસક્રમમાં પ્રવેશ ન મેળવી શકાય કે અન્ય વ્યસ્તતાઓને કારણે પૂર્ણ સમયનો અભ્યાસક્રમ ન કરી શકો તો અન્ય વિકલ્પ તરીકે ખાનગી સંસ્થાઓના ખંડ સમયના કોર્સીસ કરી DOEACC (Department of Electronic Accreditation for Computer Courses) દ્વારા યોજાતી વિવિધ લેવલની પરીક્ષા પાસ કરી આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકાય. આ ઉપરાંત આઈબીએમ, માઈક્રોસોફ્ટ, ઓરેકલ જેવી મલ્ટીનેશનલ સોફ્ટવેર કંપનીઓ પણ સોફ્ટવેર ટેકનોલોજીના વિવિધ અભ્યાસક્રમ ભણાવવા માટેનાં કેન્દ્રોનું સંચાલન કરે છે, તેમાં જોડાઈને સીધા જ જે-તે કંપનીમાં જોડાઈ શકાય છે.

આવી કંપનીઓના કોર્સીસ આંતરરાષ્ટ્રીય કક્ષાની તકો ખોલી દે છે.

રોજગાર

૨૧મી સદીનો યુગ કમ્પ્યૂટર યુગ છે. જેમાં સોફ્ટવેર વિશેષજ્ઞ માટે કામની કોઈ કમી રહેવાની નથી. 'નાસકોમ'ના મતાનુસાર સોફ્ટવેર બજારમાં રૂ. ૧૦૦૦ કરોડની વૃદ્ધિ થનાર છે, આથી સોફ્ટવેર વિશેષજ્ઞોની માગમાં પણ વૃદ્ધિ થશે જ. ભારતમાં આઈટી ઉદ્યોગને ત્રણ મુખ્ય વિભાગમાં વર્ગીકૃત કરી શકાય- ભારતીય આઈટી સેવા અને સલાહકાર કંપનીઓ જેવી કે વિપ્રો, ઈન્ફોસિસ, ટીસીએસ વગેરે, બહુરાષ્ટ્રીય આઈટી સેવા પ્રદાન કરતી કંપનીઓ જેવી કે હ્યુલેટ પેકાર્ડ(HP) એક્સેંચર અને માઈક્રોસોફ્ટ તથા સંશોધન અને વિકાસ સાથે સંકળાયેલ કંપનીઓ જેમાં ઈન્ટેલ, માઈક્રોસોફ્ટ, ઓરેકલ વગેરેનો સમાવેશ થાય છે, તેમાં સોફ્ટવેર ટેકનોલોજીના નિષ્ણાતોની સતત માગ રહેતી હોય છે.

રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કંપનીઓ ઉપરાંત શરૂઆતમાં નાની નાની કંપનીઓમાં જોડાઈ અનુભવ મેળવી આગળ વધી શકાય છે. બેંકો અને વીમા કંપનીઓ તેમજ દૂરસંચાર સંસ્થાઓમાં પણ સોફ્ટવેર વિશેષજ્ઞોની જરૂર રહેતી હોય છે. આ માટે સૌ પ્રથમ તમારે એક તાલીમી સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્ય શરૂ કરવાનું રહે છે. અને અહીં જ સોફ્ટવેર ડેવલપમેન્ટના વિવિધ પાસા અંગેની જાણકારી હાંસલ કરી શક્શો. જેમાં વિવિધ કોડ લખવા ઉપરાંત મેઈન્ટેનન્સનું કાર્ય પણ કરવાનું રહે છે. તાલીમને અંતે સોફ્ટવેર એન્જિનિયર અને આગળ જતાં કાર્યકુશળતાના આધારે પ્રોજેક્ટ મેનેજરના સર્વોચ્ચ પદ સુધી પણ પહોંચી શકો છો. જો પ્રબંધન ક્ષેત્રે ન જવા માગતા હો તો ટેકનિકલ આર્કિટેક્ટ પણ બની શકો છો જે સોફ્ટવેર સંશોધનોની રૂપરેખા ઘડવાનું મહત્ત્વનું કાર્ય બજાવે છે.

સમગ્રતયા રીતે જોતાં સોફ્ટવેર ડેવલપમેન્ટ ક્ષેત્ર એક આકર્ષક વળતર આપતું ક્ષેત્ર જણાય છે. અહીં શરૂઆત જ ઊંચા પગારથી થાય છે. જેમકે એક ટ્રેઈની (Fresher) ને રૂ. ૧૨,૦૦૦થી નિમણૂક અપાય છે જે આગળ જતાં અનુભવના આધારે રૂ. ૩૦,૦૦૦ પ્રતિમાસ મેળવી શકે છે. જો તમે કોઈ ખાનગી પ્રોડક્ટ રિસર્ચ, ડેવલમેન્ટ કંપનીમાં સોફ્ટવેર પ્રોગ્રામર, સિસ્ટિમ એનાલિસ્ટ, પ્રોડક્ટ ડિઝાઈનર અથવા સોફ્ટવેર એન્જિનિયરના રૂપમાં કારકિર્દી શરૂ કરો તો પ્રતિમાસ રૂ. ૩૦થી ૫૦ હજાર સુધીનું વેતન મેળવી શકો છો. ઈન્ફોસિસ, વિપ્રો તથા ટીસીએસ જેવી કંપનીમાં આથી પણ વધુ વળતર મેળવી શકો અને વિદેશી કંપનીઓ તો એથી પણ વધુ રોકડ વળતર તથા અન્ય સવલતો તમારી આવડત જોઈને આપવા તૈયાર હોય છે. આ ક્ષેત્રમાં અનુભવની સાથે વેતન પણ વધે છે અને કેટલાંક વર્ષોના અનુભવ બાદ તમારી પોતાની સોફ્ટવેર કંપની પણ સ્થાપી શકો, જેમ બિલ ગેટ્સ, સ્ટીવ જોબ્સ અને નારાણયમૂર્તિએ માઈક્રોસોફ્ટ, એપલ અને ઈન્ફોસિસની સ્થાપના કરી હતી.

વિકાસ વર્તુળ ટ્રસ્ટ,
ગંગાજળિયા તળાવ,
ભાવનગર.

૨૪ બાયો ટેકનોલોજી - નેનો ટેકનોલોજી

– વિકાસ વર્તુળ ટ્રસ્ટ

આપણે ત્યાં કોઈના ઘરે બાળકનો જન્મ થાય ત્યારે ખાસ કરીને મોટી ઉંમરનાં સગાવહાલાં બાળકને રમાડતાં રમાડતાં તેના નાકનકશાનું અવલોકન કરીને કહેતા હોય છે કે બાળક કોના પર પડ્યું છે - એટલે કે કોની જેવું લાગે છે. કોઈ કહે બાળક તેના મોસાળ પર ગયું છે તો કોઈ કહે ના ના આ તો પિતાના કુટુંબ પર ગયું છે. નાક મામા જેવું છે તો ગાલમાં ખાડા માતાની જેમ પડે છે. એટલે તેઓને ખબર હોય છે કે સંતાનોમાં માતા-પિતા અને પૂર્વજોના ગુણ હોય છે. પણ કેવી રીતે ?

આનો ભેદ ખોલ્યો કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં કાર્યરત વિજ્ઞાનિકો ડો. જેમ્સ વોટસન તથા ફ્રાંસિસ ક્રિકે. કેમ્બ્રિજમાં તેઓ એક રસાયણની બનાવટ પર સંશોધન કરી રહ્યા હતા ત્યારે આ રસાયણમાં રહેલ આંટી જેવા આકારની બનાવટ પરથી જાણવા મળ્યું કે આના કારણે મા-બાપ તથા પૂર્વજોનાં રૂપ અને ગુણ સંતાનોમાં ઊતરી આવે છે.

આ એક એવી શોધ હતી જેના કારણે જીવન પરિભાષા સમૂળગી બદલાઈ જવા પામી. ડીએનએ નામના આ ગુણસૂત્રોની સાથોસાથ બાળકનાં અંગો, રૂપ રંગ અને કદકાઠી સહિત તમામ પ્રકારના રોગ અને સ્વાસ્થ્યનું નિયમન કરતા જીન્સ પણ આવી જાય છે.

આ શોધના આધારે એક નવા જ વિજ્ઞાન જૈવ પ્રૌદ્યોગિકી એટલે કે બાયોટેકનોલોજીનો પાયો નંખાયો. આ ટેકનોલોજીને આધાર બનાવીને માનવે જીન્સ કહેતાં રંગસૂત્રોમાં રહેલ વિગત સમજીને તેને બદલવાનું પણ શીખી લીધું. આ શોધને કારણે વિજ્ઞાનિક સંશોધનોને એક નવી દિશા મળી અને વીસમી સદીની આ મહાન શોધ કરવા બદલ ડૉક્ટર જેમ્સ વોટ્સન તથા તેના બે સાથી વિજ્ઞાનિક ફ્રાન્સિસ ક્રિક અને મોરિસ વિલ્કિન્સને નોબેલ પારિતોષિક એનાયત થયાં.

બાયોટેકનોલોજી વિશે ટૂંકમાં કહેવું હોય તો આ એવી ટેકનોલોજી છે, જે જીવંત એકમો કે કોષનો ઉપયોગ કરી પ્રોડક્ટસની આવૃત્તિ સુધારવામાં કે વનસ્પતિ કે પ્રાણીની સુધારેલી જાતો તૈયાર કરવામાં સૂક્ષ્મ જીવાણુઓનો ખાસ ઉપયોગ કરવામાં કામ આવે છે. બીજા શબ્દોમાં બાયોટેકનોલોજી એ આધુનિક વિજ્ઞાનનો કૃષિ, સ્વાસ્થ્ય સંભાળ અને પર્યાવરણના ક્ષેત્રમાં ઉપયોગી છે.

બાયોટેકનોલોજી કૃષિ, પશુપાલન, સ્વાસ્થ્ય, પર્યાવરણ સુરક્ષા, ભૌતિક રૂપાંતરણ વગેરે પર પોતાની અસર દ્વારા માનવ જીવનને સમૂળગું બદલવાની ક્ષમતા ધરાવે છે. જો કે આમ જોવા જાઓ તો બાયોટેકનોલોજી કંઈ નવો વિષય ન ગણી શકાય. કારણ કે જૈવિક પ્રણાલીઓ, ફળ-ફૂલ, પશુઓ તથા સૂક્ષ્મજીવો પર આધારિત આ ટેકનોલોજી આમ તો પ્રાચીન સમયથી વ્યવહારમાં પ્રચલિત હતી જ. દા.ત. પ્રાચીન સમયથી મનુષ્ય દારૂ બનાવતો તે બાયોટેકનોલોજીની દેન છે. બ્રેડમાં યીસ્ટનો ઉપયોગ થાય છે તો વળી આપણે ઘેર દહીં મેળવવા માટે જે મેળવણનો ઉપયોગ કરીએ છીએ તે ખરેખર તો લેક્ટોબેસીલસ નામના સૂક્ષ્મ જીવાણુઓનો સમૂહ જ હોય છે.

આમ જાણી શકાય છે કે ભૂતકાળમાં પણ બાયોટેકનોલોજીની મદદથી બહોળા પ્રમાણમાં સંશોધનો થયાં અને તેના પરિણામ સ્વરૂપ મનુષ્ય જાતિને સીધી અથવા આડકતરી રીતે ઉપયોગી બહુમૂલ્ય વસ્તુઓ મળી. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ આ ક્ષેત્રમાં બહોળા પાયે સંશોધનો થતાં ગયાં અને હવે એ તબક્કે પહોંચ્યા છીએ કે મનુષ્ય માટે ઉપયોગી દરેક વસ્તુના ઉત્પાદનમાં બાયોટેકનોલોજી અગત્યનો ભાગ ભજવી રહ્યું છે અને ભજવશે.

બાયોટેકનોલોજીના જુદા જુદા ક્ષેત્રે સંશોધનોની તકો અને તેના ઔદ્યોગિક ઉત્પાદન વિશે અનેક તક પડી છે જે પરથી જાણી શકાશે કે માનવ જીવનમાં બાયોટેકનોલોજીનું મૂલ્ય કેટલું છે.

સંશોધન વિષયો

માઈક્રોબાયોલોજી : આ વિષયમાં આવતા સજીવો સૂક્ષ્મ હોય છે તે નરી આંખે જોઈ શકાતા નથી. તેને જોવા માટે સૂક્ષ્મદર્શક યંત્રોનો ઉપયોગ કરવો પડે છે. મુખ્યત્વે બેકટેરિયા, વાયરસ વગેરે જીવાણુઓમાંના અમુક દ્વારા મનુષ્ય, પ્રાણીઓ અને વનસ્પતિઓના રોગો ફેલાય છે. સાથોસાથ અમુક પ્રકારના જીવાણુ ઉપયોગી

છે. દા.ત. મેલેરિયા, ટાઈફોઈડ, કોલેરા, ઈન્ફ્લુએન્ઝા વગેરે બીમારીઓ જીવાણુઓથી ફેલાય છે. તો તેવી જ રીતે અમુક બેક્ટેરિયા વનસ્પતિઓના મૂળમાં સહજીવી તરીકે રહી હવામાંનો નાઈટ્રોજન સ્થાપિત કરે છે, જેનો આવી સહજીવી વનસ્પતિ પોષક તત્ત્વ તરીકે ઉપયોગ કરે છે. તેવી જ એઝેટોબેક્ટર નામના બેક્ટેરિયાનો ઉપયોગ રાયઝોબિયમ કલ્ચર તરીકે થાય છે. એન્ટિબાયોટિક દવા માટે બેક્ટેરિયા પણ ઉપયોગી થાય છે.

જેનેટિક એન્જિનિયરિંગના ઉદયથી આ ક્ષેત્રે બહોળા પ્રમાણમાં સંશોધનની તકો રહેલી છે. માનવજાતના કલ્યાણ માટે આ જીવાણુઓનો ઉપયોગ રોગોના ઉપચાર માટે દવા બનાવવા, જીન ટ્રાન્સફર માટે તથા વનસ્પતિની જાત સુધારવા માટે કરી શકાય છે.

વનસ્પતિ શાસ્ત્ર : વનસ્પતિ જગતમાં એક કોષથી માંડીને સંપૂર્ણ વિકસિત વનસ્પતિઓ જોવા મળે છે. જેઓનો મનુષ્યજીવનમાં બહુમૂલ્ય ફાળો છે. વનસ્પતિ જગતને ત્રણ વિભાગમાં એકાંગી, દ્વિઅંગી અને ત્રિઅંગીમાં વહેંચવામાં આવે છે.

એકાંગીમાં મુખ્યત્ત્વે ફૂગ અને લીલ વર્ગની વનસ્પતિઓ આવે છે. બંને વર્ગની વનસ્પતિઓની મનુષ્ય જીવનમાં અગત્ય રહેલી છે.

ફૂગ : ફૂગના ઘણા પ્રકાર છે અને તેમાંની અમુક બાયોટેકનોલોજીની દૃષ્ટિએ ઘણી ઉપયોગી છે. દા.ત. મશરૂમ ખાવાના ઉપયોગમાં લેવામાં આવે છે. અમુક પ્રકારની ફૂગ વનસ્પતિ સાથે સહજીવી તરીકે રહીને તેને પોષણ પણ આપે છે. પેનેસિલિન નામની દવા પણ ફૂગમાંથી જ મેળવવામાં આવે છે. તેમજ બીજી ઘણી એન્ટિબાયોટિક દવાઓ જુદી જુદી ફૂગમાંથી મેળવવામાં આવે છે. ઉત્સેચકો, જીબરાલીન જેવા કિંમતી રસાયણ પણ ફૂગમાંથી મેળવવામાં આવે છે. ફૂગની ઉપયોગિતાને ધ્યાનમાં લઈને તેના વિવિધ પાસાઓ પર બહોળા સંશોધનની તકો રહેલી છે.

લીલ : કુદરતમાં મીઠા પાણીની અને ખારા પાણીની એમ બે પ્રકારની લીલ જોવા મળે છે. જાપાનમાં લીલનો ખોરાક તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે. તદઉપરાંત અમુક દરિયાઈ શેવાળમાંથી કિંમતી રસાયણો જેવાં કે અગર, આલ્જેનિક એસિડ, પ્રોટીન્સ, કેરીગીનીન વગેરે મેળવવામાં આવે છે.

અત્યાર સુધી વધારે ઉત્પાદન આપતી રોગપ્રતિકારક અનાજની જાતિઓની પસંદગી કરી સામાન્ય બ્રિડિંગ કરતાં વધુ અનાજ ઉત્પન્ન કરેલ છે. જિનેટિક એન્જિનિયરિંગ, મોલેક્યુલર બાયોલોજી, ટીસ્યુ કલ્ચર વગેરે પરનાં સંશોધનોથી વધારે ઉત્પાદન આપતી જાતિઓ વિકસાવી શકાશે. અત્યાર સુધી સિન્થેટિક દવાનો ઉપયોગ ઈન્સેક્ટ-પેસ્ટ, જીવાણુજન્ય રોગોના નિયમન માટે થતો હતો પરંતુ જીન ટ્રાન્સફરની ટેકનિકથી કુદરતી પ્રતિકારક શક્તિ ધરાવતી જાતિઓ મેળવી શકાશે. તેવી જ રીતે ટીસ્યુકલ્ચરની મદદથી પણ જીવનમાં ઉપયોગી અનાજ, દવા, ફળ, ફૂલ વગેરેની અદભુત જાતો વિકસાવી શકાશે.

ટીસ્યુ કલ્ચર એ એક એવું મોડર્ન ઓજાર છે કે જેની મદદથી પસંદ કરેલ વનસ્પતિઓ (જેવી કે જેમાં બીજ ન બેસતાં હોય તેવી) ખાસ કરીને Ornamental Plantsના છોડ લાખોની સંખ્યામાં ઉત્પન્ન કરી શકાય છે. તેમજ સામેટિક હાઈબ્રીડાઈઝેશનથી ઈન્ટરજેનેટિક, ઈન્ટર સ્પીસીસ જેવી જુદાજુદા ગુણ ધરાવતી જાત મેળવી શકાય છે. સેલ કલ્ચર દ્વારા ઘણા કિંમતી રસાયણો પણ મેળવી શકાય છે.

દવા : આપણા દેશમાં દવામાં ઉપયોગમાં આવતી વનસ્પતિઓનો ભંડાર છે. પરંતુ આ વનસ્પતિઓની આડેધડ કાપણી થવાથી આ ભંડાર ધીમે ધીમે ઓછો થતો જાય છે અને ભવિષ્યમાં આ ભંડાર નહિવત્ બની જશે. તેથી તેના પરનાં જરૂરી સંશોધનોમાં બહોળો અવકાશ રહેલો છે. જેમકે વનસ્પતિનું દવા માટે સ્ક્રિનિંગ, ઓળખ, તેનું વાવેતર વગેરે. જરૂર જણાય તો ટીસ્યુ કલ્ચર કે સેલ કલ્ચર પદ્ધતિ વિકસાવી તેનું વેપારીકરણ કરી શકાશે.

સ્ટ્રેસ રજિસ્ટર : આપણા દેશમાં સૂકા પ્રદેશમાં પાણીના અભાવે ઓછા પાણીથી ઉગાડી શકાય તેવી

તેમજ ખારું પાણી સહન કરી શકે તેવી વનસ્પતિ પણ જીન ટ્રાન્સફર દ્વારા મેળવવા માટેનું સંશોધન જરૂરી છે. પ્રાણીઓને ઘાસચારા માટે પણ સુધારેલ ઘાસચારાની જાતો બાયોટેકનોલોજીની મદદથી મેળવી શકાય છે.

પ્રાણીશાસ્ત્ર : પશુધન સુધારણા માટે બાયોટેકનોલોજી અગત્યનો ભાગ ભજવે છે. જેમાં પશુ ઉત્પાદન, કૃત્રિમ બીજદાન, ભ્રૂણ ટ્રાન્સફર, ઈનવિટ્રો ફર્ટિલાઈઝેશન, પશુ ખાણ તથા આરોગ્યનું કામ આ ક્ષેત્ર હજુ પણ સંશોધન માટે ખુલ્લું છે.

જુદા જુદા રોગો માટેની રસી અને એન્ટીજીન અને એન્ટીબોડી ઉત્પાદન માટે આ ટેકનોલોજી કામ કરે છે. એન્ટીલીમ્ફોસાઈટ સીરપની બનાવટ માટે આ ટેકનોલોજીનો ઉપયોગ ઈમ્યુનાઈઝિંગ એજન્ટ તરીકે લેવામાં આવે છે અને જુદા જુદા ઉત્સેચકો બનાવવા માટે પણ થાય છે.

મેડિકલ : રોગોના ઝડપથી નિદાન માટે DNA / RNA પ્રોબ અને મોનોક્લોનલ એન્ટીબોડીઝની મદદથી ચેપી રોગની જાણકારી મેળવવામાં, રોગીની રસીના ઉત્પાદનમાં મોલેક્યુલર બાયોલોજી અને જેનેટિક એન્જિનિયરિંગનો ઉપયોગ થાય છે.

ફાર્મસી : વનસ્પતિમાં જુદા જુદા રોગ માટેની દવા મેળવવા માટે બહોળા પ્રમાણમાં સંશોધન કરી દવા મેળવી તેનું મોટા પાયે ઉત્પાદન કરી નિકાસ કરવાની ઉજળી તકો રહેલી છે. વસ્તી નિયંત્રણ પરનું સંશોધન પણ અગત્યનું છે.

પર્યાવરણ : દર વર્ષે દુનિયામાં ૩૦૦૦ મિલિયન ઘનમીટર લાકડું કાપવામાં આવે છે. જેમાનું ૫૦ ટકા બળતણ તરીકે વપરાય છે. જંગલમાંથી લાકડા ઉપરાંત, ખોરાક, ઘાસ, આયુર્વેદિક દવા મેળવવામાં આવે છે. આ જંગલની વનસ્પતિઓની વિવિધતા જાળવી રાખવા માટે બાયોટેક દ્વારા જર્મપ્લાઝમાના જાળવણીનો રોગોના બાયોલોજિકલ કન્ટ્રોલ વગેરેમાં બાયોટેકનોલોજિકલ સંશોધન જરૂરી છે.

અભ્યાસ

આ ક્ષેત્રમાં ધો. ૧૨ પછી B.Sc./B.Tech. અભ્યાસક્રમ તથા ત્યારબાદ M.Sc. /M.Tech. તથા સંશોધન અભ્યાસ પણ કરી શકાય છે.

રોજગાર

આ ક્ષેત્રમાં રહેલ વિવિધતાઓ અને સંભાવનાઓ જોતાં વિજ્ઞાન અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે અહીં અસીમિત અવસર છે. વિવિધ કોર્પોરેટ સેક્ટર, સરકારી સંસ્થાન, ફાર્માસ્યુટિકલ કંપનીઓ તથા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં તમે કામ મેળવી શકો છો. આ ઉપરાંત મેડિકલ કોલેજ અને સરકારી તથા ખાનગી પ્રયોગશાળાઓમાં પણ રોજગારના અવસર બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

બાયોટેક ઉદ્યોગોનો વિકાસ ભારતમાં થઈ રહ્યો છે અને આ બાબતમાં દેશના વિવિધ રાજ્યો વચ્ચે સારી એવી સ્પર્ધા જામી છે. દરેક રાજ્ય બાયોટેક ઉદ્યોગો માટે બાયોટેક પાર્ક ઊભા કરવાની દોડમાં છે. આ બધા પાર્કમાં સ્થપાતા એકમો માટે બાયોટેક ક્ષેત્ર વિશે બૌદ્ધિક સંપદા ધરાવતા તજજ્ઞોની જરૂર પડવાની જ.

આમ, સમગ્રતયા રીતે જોતાં મેડિકલ અને ઈજનેરી જેવી કારકિર્દીની સરખામણીએ આ એક વિશિષ્ટ અને બહેતર કારકિર્દી છે તેમ કહીએ તો ખોટું નથી.

- વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર

બાયોટેકનોલોજીમાં રહેલ વિવિધતાઓ અને સંભાવનાઓ જોતાં વિજ્ઞાન અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે અહીં અસીમિત અવસર છે. વિવિધ કોર્પોરેટ, સેક્ટર, સરકારી સંસ્થાન, ફાર્માસ્યુટિકલ કંપનીઓ તથા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં તમે કામ મેળવી શકો છો. આ ઉપરાંત મેડિકલ કોલેજ અને સરકારી તથા ખાનગી પ્રયોગશાળાઓમાં પણ રોજગારના અવસર બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

બાયોટેકનોલોજી અંગેના અભ્યાસક્રમો

ક્રમ	સંસ્થા
૧	બેંગલોર યુનિવર્સિટી, જ્ઞાનભારતી, બેંગલોર-૫૬૦૦૫૬ (બેંગલોર)
૨	ભારથીદાસન યુનિ., પલ્કલાઈપેરુર, તિરુચિરાપલ્લી-૬૨૦૦૨૪ (તમિલનાડુ)
૩	ગુલબર્ગ યુનિવર્સિટી, 'જ્ઞાનગંગા',ગુલબર્ગ-૫૮૫૧૦૬(કર્ણાટક)
૪	કાકટિયા યુનિવર્સિટી, વિદ્યારણ્યપુરી, વારંગલ-૫૦૬૦૦૯ (આંધ્રપ્રદેશ)
૫	કેરલ યુનિવર્સિટી, યુનિવર્સિટી પીઓ., થિરુવનન્તપુરમ-૬૯૫૦૩૪ (કેરલ)
૬	મદ્રાસ યુનિવર્સિટી, સેન્ટેનરી બિલ્ડિંગ, ચેપોક, ટ્રિપ્લિકેન, પી.ઓ. ચેન્નઈ-૬૦૦૦૦૫ (તમિલનાડુ)
૭	પેરિયાર યુનિવર્સિટી, ગવર્નમેન્ટ કોલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, સાલેમ-૬૩૬૦૧૧ (તમિલનાડુ)

૮ શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિ, ચિતૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૫૫૦૨

૯ ગુરુ ગોવિંદસિંઘ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી, કશ્મીરી ગેટ, દિલ્હી-૧૧૦૦૦૬

૧૦ ઉત્તરપ્રદેશ ટેકનિકલ યુનિવર્સિટી, ઈન્સ્ટિ. ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી કેમ્પસ, સીતાપુર રોડ, લખનૌ - ૨૨૬૦૨૧

૧૧ વેલ્લોર ઈન્સ્ટિ. ઓફ ટેકનોલોજી, રાનીપેત-કતપડી રોડ, વેલ્લોર-૬૩૨૦૧૪ (તમિલનાડુ)

૧૨ કાલિકટ યુનિવર્સિટી, કાલિકટ યુનિ. પી.ઓ., માલાપ્પુરમાડિસ્ટીર., કોઝીકોડ -૬૭૩૬૩૫ (કેરલ)

૧૩ બાબા ફરિદ યુનિ. ઓફ હેલ્થ સાયન્સીઝ કોટકપુરા રોડ, ફરિદકોટ, પંજાબ-૧૫૧૨૦૩

૧૪ આંધ્ર યુનિવર્સિટી, વિશાખાપટ્ટનમ-૫૩૦૦૦૩ (આંધ્ર.)

૧૫ છત્રપતિ શાહૂજી મહારાજ યુનિવર્સિટી, કલ્યાણપુર, કાનપુર-૨૦૮૦૨૪ (ઉત્તરપ્રદેશ)

૧૬ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ-૨૦૨૦૦૨ (ઉ.પ્ર.)

૧૭ અલાહાબાદ એગ્રિકલ્ચરલ ડીમ્ડ યુનિવર્સિટી, પી.ઓ. એગ્રિકલ્ચરલ ઈન્સ્ટિટ. અલાહાબાદ-૨૧૧૦૦૭ (ઉત્તરપ્રદેશ)

૧૮ AIIMS, અંસારી નગર, નવી દિલ્હી-૧૧૦૦૨૯

૧૯ અમરાવતી યુનિવર્સિટી, તપોવન રોડ કેમ્પ, અમરાવતી-૪૪૪૬૦૨ (મહારાષ્ટ્ર)

૨૦ બનસ્થલી વિદ્યાપીઠ, પીઓ બનસ્થલી વિદ્યાપીઠ-૩૦૪૦૨૨ (રાજસ્થાન)

૨૧ કલકત્તા યુનિવર્સિટી,સેનેટ હાઉસ, ૮૭/૧,કોલેજ સ્ટ્રીટ, કોલકત્તા-૭૦૦૦૭૩ (પ.બંગાળ)

૨૨ ચૌધરી ચરણસિંઘ યુનિવર્સિટી, મેરઠ, ઉત્તરપ્રદેશ-૦૫

૨૩ કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, કોચીન યુનિવર્સિટી પીઓ., કોચી-૬૮૨૦૨૨ (કેરલ)

૨૪ દીનદયાલ ઉપાધ્યાય ગોરખપુર યુનિવર્સિટી, ગોરખપુર, ઉત્તરપ્રદેશ-૨૭૩૦૦૯.

૨૫ દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલય, નાલંદા પરિસર, ૧૬૯, રવીન્દ્રનાથ ટાગોર માર્ગ, ઈન્દોર-૪૫૨૦૦૧ (મધ્યપ્રદેશ)

૨૬ ડૉ. ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, સેનેટ હાઉસ,પાલીવાલ પાર્ક, આગ્રા-૨૮૨૦૦૪ (ઉત્તરપ્રદેશ)

૨૭ ડૉ. હરિસિંગ ગોર વિશ્વવિદ્યાલય, ગૌરનગર, સાગર, મધ્યપ્રદેશ-૪૭૦૦૦૩

૨૮ ગુરૂ નાનકદેવ યુનિવર્સિટી, અમૃતસર, પંજાબ-૧૪૩૦૦૫

૨૯ બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી, ઉત્તરપ્રદેશ-૨૨૧૦૦૫

૩૦ ડૉ. બી.આર. આંબેડકર સેન્ટર ફોર બાયોમેડિકલ રિસર્ચ, યુનિવર્સિટી ઓફ દિલ્હી, નોર્થકેમ્પ્સ, દિલ્હી-૧૧૦૦૦૭

૩૧ પુણે યુનિવર્સિટી, ગણેશખિંડ, પુણે-૪૧૧૦૦૭

૩૨ પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશનલ

૩૩ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

૩૪ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, પો.બો.નં-૪૯, ઉધના મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૦૭

૩૫ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

૩૬ મ.સ.યુનિવર્સિટી, દુર્ગ લેબોરેટરી સામે, શાસ્ત્રી બ્રિજ પાસે, ફતેહગંજ, વડોદરા-૩૯૦૦૦૨

૩૭ ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

વિકાસ વર્તુળ ટ્રસ્ટ,
ગંગાજળિયા તળાવ,
ભાવનગર.

૨૫ દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ (ડિસ્ટન્સ લર્નિંગ)

– તુષાર કરેલકર

ઘર બેઠાં અભ્યાસ હવે શક્ય છે. આર્થિક, સામાજિક, આરોગ્યના કારણોસર આગળ ઉચ્ચ અભ્યાસ ન કરી શકાયો હોય અને સંજોગોવશાત નોકરી, ધંધામાં જોડાઈ જવું પડ્યું હોય તેમના માટે ઘેર બેઠાં આગળ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સ્કૂલ લેવલ/ડિપ્લોમા) ડિગ્રી વગેરે (કોલેજ લેવલ)નો અભ્યાસ કરી શકાય છે. જેના માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ઓપન બોર્ડ/ઓપન યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવેલ છે. જેનું નિયમન (૧) ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલ કરે છે. વેબ સાઈટ www.dec.ac.in (૨) ટેકનિકલ એન્જિનિયરિંગ અભ્યાસક્રમો માટે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન વેબસાઈટwww.aicte.ac.in (૩) યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન વેબસાઈટ www.ugc.ac.in

ગુરુ દ્રોણાચાર્ય અને એકલવ્યની વાત આપણા શાસ્ત્રોમાં કરવામાં આવી છે. પરોક્ષ રીતે એકલવ્યે ધનુર્વિદ્યામાં નિપુણતા મેળવેલ હતી અને પછી અંગૂઠો કાપીને ગુરુદક્ષિણા ચૂકવી હતી. આને દૂરવર્તી શિક્ષણનો પ્રકાર ગણી શકાય.

માહિતી મુજબ વિશ્વમાં ઓપન યુનિવર્સિટી સને ૧૯૬૯થી શરૂ થઈ. ભારતમાં સને ૧૯૮૨થી દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ શરૂ થઈ પણ તે પહેલાં પણ વ્યવહાર દ્વારા સને ૧૯૬૨માં દિલ્હી યુનિવર્સિટીએ અભ્યાસક્રમ શરૂ કર્યો હતો. આંધ્રપ્રદેશમાં પ્રથમ ઓપન યુનિવર્સિટી શરૂ થઈ અને ત્યાર પછી ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી સ્થપાઈ. (IGNOU)

હાલની શિક્ષણ પદ્ધતિ અને દૂરવર્તી શિક્ષણ પદ્ધતિનો તફાવત.

હાલની શિક્ષણ પદ્ધતિ

૧. નિયમિત સ્કૂલ/કોલેજ જઈ પરંપરાગત અભ્યાસ પદ્ધતિ

૨ નિયમિત સ્કૂલ/કોલેજમાં હાજરી જરૂરી

૩ સ્કૂલ/કોલેજોમાં નિયમિત ફરજિયાત હાજરી હોવાથી બીજા કોઈ અભ્યાસ કરવામાં તકલીફ પડી શકે.

દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ

૧. ઘેર બેસીને અભ્યાસ કરી શકાય

૨. ઘેર બેસી ફુરસદના સમયે દૂરવર્તી શિક્ષણ પદ્ધતિના ઓપન બોર્ડ/ ઓપન યુનિવર્સિટીઓના નિયમ પ્રમાણે અભ્યાસક્રમ કરી શકાય.

૩. ઘેર બેઠાં અભ્યાસ કરવાનો હોવાથી વધારાના સમયમાં બીજા અન્ય અભ્યાસક્રમો પોતાની ક્ષમતા મુજબ કરી શકાય

૩.૧ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS)

નોઈડા, હરિયાણા. વેબસાઈટ www.nos.org / www.nios.ac.in દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ દ્વારા શિક્ષણ આપે છે. પરીક્ષાઓનું સંચાલન કરે છે અને પ્રમાણપત્ર આપવાની અધિકૃતતા પણ ધરાવે છે. NIOS એ CBSE અને ICSE જેવું જ કેન્દ્રીય સ્તરનું બોર્ડ છે.

એન.આઈ.ઓ.એસ.(NIOS) ના અભ્યાસક્રમો : અંગ્રેજી ઉપરાંત પ્રાદેશિક ભાષાઓ(ગુજરાતી)માં ઘરબેઠાં કરી શકાય છે.

ધો. ૧૦ પહેલાં

(૧) સર્વશિક્ષણ અભિયાન (SSA) અંતર્ગત ઓપન બેઝિક એજ્યુકેશન (OBE) :

જે બાળકો કોઈ કારણસર પ્રાથમિક અભ્યાસ કરી શક્યા ન હોય, વચ્ચેથી અભ્યાસ છોડી દેવો પડ્યો હોય, અને અશિક્ષિત પુરુષો અને મહિલાઓ NIOSની પ્રમાણિત સંસ્થામાંથી ઘેરબેઠાં અભ્યાસ કરી શકે છે. અભ્યાસક્રમ ૧૪ વર્ષથી નાના માટે અને ૧૪ વર્ષથી

ઉપરના માટે એમ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. શિક્ષણ પદ્ધતિમાં ત્રણ સ્તર છે : (અ) ધો. ૧ થી ૩ (બ) ધો. ૪ થી ૫ તથા (ક) ધો. ૬ થી ૮.

(૨) માધ્યમિક શિક્ષણ (સેકન્ડરી કોર્સ) : (ધો. ૧૦ સમકક્ષ)

પ્રવેશ લાયકાત : સર્વ શિક્ષણ અભિયાન (SSA) નો OBE-C લેવલ પાસ અથવા ધો. ૮ પાસ થયેલ ઉમેદવાર પ્રવેશ મેળવી શકે છે. કુલ પાંચ વિષયોમાં પાસ થવાનું હોય છે. ગ્રૂપ-એ માંથી એક અથવા બે ભાષાઓમાં પસંદ કરી શકાય છે.અને ગ્રૂપ બી માંથી બાકીના વિષયો પસંદ કરવાના હોય છે. ગ્રૂપ-એ (૧૭ ભાષાઓમાંથી એક અથવા બે વિષયો પસંદ કરવાના હોય છે.

અંગ્રેજી, હિન્દી, ઉર્દુ, બંગાલી, ઉડિયા, તામીલ, તેલુગુ, મરાઠી, ગુજરાતી, કન્નડ, એરેબિક, પંજાબી, નેપાલી, આસામી, સંસ્કૃત, પર્સિયન, મલયાલી

ગ્રૂપ-બી (બાકીના વિષયો નીચે દર્શાવેલ વિષયોની યાદીમાંથી પસંદ કરવાના હોય છે.

વિજ્ઞાન અને ટેકનોલોજી, મનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન ગણિત, અર્થશાસ્ત્ર, સમાજવિજ્ઞાન, બિઝનેસ સ્ટડીઝ, પેઈન્ટિંગ, ડેટા એન્ટ્રી ઓપરેશન, ભારતીય સંસ્કૃતિ અને કલા

ઉપર દર્શાવાયેલ ગ્રૂપ એ + ગ્રૂપ બીમાંથી પાંચ વિષયો ઉપરાંત જો ઉમેદવાર ઇચ્છે (મરજિયાત) તો નીચે દર્શાવેલ ૧૦ વોકેશનલ વિષયોની યાદીમાંથી એક વિષય પસંદ કરી શકે છે.

ટાઈપરાઈટિંગ (હિન્દી)- ટાઈપરાઈટિંગ (અંગ્રેજી) - ટાઈપરાઈટીંગ (ઉર્દુ) - જ્યુટ પ્રોડક્શન - કાર્પેન્ટરી, સોલર એનર્જી ટેકનિશિયન, બાયોગેસ ટેકનિશિયન, લોન્ડ્રી સર્વિસીસ, બેકરી એન્ડ કન્ફેક્શનરી, વેલ્ડિંગ ટેકનોલોજી

ધો. ૧૦ પછી

(૩) ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સિનિયર સેકન્ડરી કોર્સ) -(ધો. ૧૨ સમકક્ષ)

પ્રવેશ લાયકાત : NIOS નો સેકન્ડરી કોર્સ અથવા ધો. ૧૦ પાસ

કુલ પાંચ વિષયોમાં પાસ થવાનું હોય છે. તેમાં ગ્રૂપ એ માંથી એક અથવા તો બે ભાષા પસંદ કરવાની હોય છે. અને ગ્રૂપ બી માંથી બાકીના વિષયો પસંદ કરવાના હોય છે.

ગ્રૂપ એ (ચાર ભાષાઓમાંથી એક અથવા બે વિષયો પસંદ કરવાના હોય છે.)

હિન્દી, અંગ્રેજી, ઉર્દુ, સંસ્કૃત

ગ્રૂપ બી (બાકીના વિષયો નીચે દર્શાવાયેલ ૧૮ વિષયોની યાદીમાંથી પસંદ કરવામાં આવે છે.

ભૂગોળ, કેમેસ્ટ્રી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિત, સોશિયોલોજી, પેઈન્ટિંગ, રાજકીય વિજ્ઞાન, એકાઉન્ટન્સી, બાયોલોજી, હોમ સાયન્સ, ઈતિહાસ, કોમ્પ્યૂટર સાયન્સ, માસ કોમ્યુનિકેશન, એન્વાયર્નમેન્ટલ સાયન્સ, ફિઝિક્સ બિઝનેસ સ્ટડીઝ, ડેટા એન્ટ્રી ઓપરેશન.

ઉપર દર્શાવાયેલ ગ્રૂપ એ + ગ્રૂપ બીમાં પાંચ વિષયો ઉપરાંત જો ઉમેદવાર ઇચ્છે (મરજિયાત) તો નીચે દર્શાવાયેલ ૨૦ વોકેશનલ વિષયોની યાદીમાંથી એક વિષય પસંદ કરી શકે છે.

ટાઈપરાઈટિંગ (હિન્દી), ફર્નિચર એન્ડ કેબિનેટ મેકિંગ, પ્લે સેન્ટર મેનેજમેન્ટ, હોટેલ ફ્રન્ટ ઓફિસ ઓપરેશન, ટાઈપરાઈટિંગ (અંગ્રેજી), ઈલેક્ટ્રોપ્લેટિંગ, સ્ટેનોગ્રાફી(હિન્દી), પ્લાન્ટ પ્રોટેક્શન, હાઉસ કીપિંગ, સ્ટેનોગ્રાફી(ઉર્દુ), સોઈલ એન્ડ ફર્ટિલાઈઝર, સ્ટેનોગ્રાફી(અંગ્રેજી), વોટર મેનેજમેન્ટ, કેટરિંગ મેનેજમેન્ટ, સેક્રેટરિયલ પ્રેક્ટિસ, પોલ્ટ્રી ફાર્મિંગ, ક્રોપ પ્રોડક્શન, પ્રિઝર્વેશન ઓફ ફ્રુટ્સ એન્ડ વેજિટેબલ, ટાઈપરાઈટિંગ (ઉર્દુ), ઓયસ્ટર મશરૂમ પ્રોડક્શન, ફૂડ પ્રોસેસિંગ

નોંધ : માધ્યમિક શિક્ષણ (સેકન્ડરી કોર્સ) અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સિનિયર સેકન્ડરી કોર્સ) માટે જાહેર પરીક્ષાઓ એપ્રિલ-મે અને ઓક્ટોબર - નવેમ્બરમાં લેવાય છે તેની નોંધણી જાન્યુઆરી/જુલાઈમાં કરવાની હોય છે.

NIOS ની પરીક્ષાઓ ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી અને સરદાર પટેલ યુનિવર્સિટીઓએ માન્ય કરેલી છે. અને NIOSની સિનિયર સેકન્ડરી પરીક્ષા (ધો. ૧૨ સમકક્ષ) પાસ કરનારને ઉપરોક્ત યુનિવર્સિટીઓમાં અન્ડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશપાત્ર ગણવામાં આવે છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ દ્વારા વોકેશનલ પ્રોગ્રામ્સ

કોમ્પ્યૂટર

- સી.સી.એ.
- સી.ડી.ટી.પી.

- સી.એચ.એ.એમ.
- ઈ.સી.સી.ઈ.
- ડેટા એન્ટ્રી ઓપરેશન્સ
- કોમ્પ્યૂટરએપ્લિકેશન્સ
- કોમ્પ્યૂટર હાર્ડવેર એસેમ્બલી એન્ડ મેઈન્ટેનન્સ

પેરામેડિકલ

- ડિપ્લોમા ઈન રેડિયોગ્રાફી
- હોમિયોપેથિક ડિસ્પેન્સિંગ
- ગ્રામ સખી
- અર્લી ચાઈલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન
- કેર ઓફ એલ્ડરલી પીપલ
- સર્ટિ. જીવન વિજ્ઞાન
- કોમ્યુનિટિ હેલ્થ

ફેશન

- કટિંગ
- ટેઈલરિંગ એન્ડ ડ્રેસ મેકિંગ
- એમ્બ્રોઈડરી

બ્યૂટી પાર્લર

- બ્યૂટી કલ્ચર

એન્જિનિયરિંગ

- ઈલેક્ટ્રિકલ ટેકનિશિયન
- રેડિયો એન્ડ ટીવી ટેકનિશિયન
- રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશનિંગ
- વેલ્ડિંગ ટેકનોલોજી
- ફર્નિચર એન્ડ કેબિનેટ મેકિંગ
- પ્લમ્બિંગ

હોટલ મેનેજમેન્ટ

- હાઉસ કીપિંગ

- બેકરી એન્ડ કન્ફેક્શનરી
- કેટરિંગ મેનેજમેન્ટ
- પ્રિઝર્વેશન ઓફ ફ્રૂટ્સ એન્ડ વેજિટેબલ્સ
- ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ

લાયબ્રેરી

- લાયબ્રેરી ક્લાર્ક
- લાયબ્રેરી એડેન્ડન્ટ
- લાયબ્રેરી સાયન્સ

ફાયર/ સેફ્ટી

- સિક્યુરીટી સર્વિસીસ
- ફાયર પ્રિવેન્શન એન્ડ ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી

અન્ય

- પ્લે સેન્ટર મેનેજમેન્ટ
- સ્ટેનોગ્રાફી (અંગ્રેજી)
- ટાઈપરાઈટિંગ (અંગ્રેજી)
- સેક્રેટરિયલ પ્રેકટિસ (પી.એ. / પી.એસ.)
- યોગ
- ફૂડ પ્રોસેસિંગ
- લોન્ડ્રી સર્વિસીસ

૩.૨ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

અમદાવાદ www.ignougujarat.org / www.rcahmedabad.ignou.ac.in

સર્ટિફિકેટ અભ્યાસક્રમો

- ટૂરિઝમ સ્ટડીઝ
- ન્યુટ્રિશન એન્ડ ચાઈલ્ડ કેર
- ટીચિંગ ઓફ પ્રાયમરી મેથ્સ
- હ્યુમન રાઈટ્સ
- હેલ્થ કેર, વેસ્ટ મેનેજમેન્ટ
- વિઝ્યુઅલ આર્ટ એપ્લાઈડ આર્ટ્સ
- ઈન્ફોર્મેશન ટેકનોલોજી
- ટીચિંગ ઈંગ્લિશ એઝ સેકન્ડ લેંગ્વેજ
- HIV એન્ડ ફેમિલિ એજ્યુકેશન
- કન્ઝ્યુમર પ્રોટેક્શન
- પરફોર્મિંગ આર્ટ્સ (ભરત નાટયમ)
- પરફોર્મિંગ આર્ટ થિયેટર આર્ટ્સ
- ગાઈડન્સ
- ફૂડ એન્ડ ન્યુટ્રિશન
- રૂરલ ડેવલપમેન્ટ
- ડિઝાસ્ટર મેનેજમેન્ટ
- વિઝ્યુઅલ આર્ટ પેઈન્ટિંગ

- એન્વાયર્નમેન્ટલ સ્ટડીઝ
- જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ
- જેરિયાટ્રિક કેયર આસિસ્ટન્ટ
- ફ્લેબોટીમી
- હોમ હેલ્થ આસિસ્ટન્ટ

ડિપ્લોમા અભ્યાસક્રમો

- ટૂરિઝમ સ્ટડીઝ
- ક્રિએટિવ રાઈટિંગ ઈન હિન્દી
- વેલ્યુએઈડેડ પ્રોડક્ટસ ફ્રૂટ્સ એન્ડ વેજિટેબલ્સ
- ક્રિએટિવ રાઈટિંગ ઈન ઈંગ્લિશ
- એચ.આઈ.વી. એન્ડ ફેમિલિ એજ્યુકેશન
- અર્લી ચાઈલ્ડહુડ એન્ડ એજ્યુકેશન
- ન્યુટ્રિશન એન્ડ હેલ્થ એજ્યુકેશન
- ડેરી ટેકનોલોજી

બેચલર ડિગ્રી અભ્યાસક્રમો

- બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન રીટેઈલ
- બેચલર ઓફ સાયન્સ
- બેચલર ઓફ સોશિયલ વર્ક
- બેચલર ઓફ આર્ટ્સ
- બેચલર ઓફ કોમ્પ્યૂટર એપ્લિકેશન
- બેચલર ઓફ પ્રિપેરેટરી પ્રોગ્રામ
- બેચલર ઓફ કોમર્સ
- બેચલર ઓફ લાયબ્રેરી સાયન્સ
- બેચલર ઓફ ટૂરિઝમ સ્ટડીઝ

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમો

- હાયર એજ્યુકેશન
- એન્વાયરમેન્ટ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ
- મેટર્નલ એન્ડ ચાઈલ્ડ હેલ્થ
- રૂરલ ડેવલપમેન્ટ
- એજ્યુકેશન મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન
- ઈન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ
- અર્બન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ
- એચ.આઈ.વી. મેડિસિન
- જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન
- ડિઝાસ્ટર મેનેજમેન્ટ
- એજ્યુકેશન ટેકનોલોજી
- પ્રિ પ્રાયમરી એજ્યુકેશન
- વીમેન એન્ડ જેન્ડર સ્ટડીઝ
- ફૂડ સેફ્ટી એન્ડ ક્વોલીટી મેનેજમેન્ટ
- ટ્રાન્સલેશન
- ઈન્ટરનેશનલ બિઝનેસ ઓપરેશન
- ગાંધી એન્ડ પીસ સ્ટડીઝ
- ઈન્ફોર્મેશન સીક્યુરીટી
- સ્કૂલ લીડરશીપ એન્ડ મેનેજમેન્ટ
- કાઉન્સેલિંગ એન્ડ ફેમિલિ થેરાપી
- સ્ટેસ્ટિક્સ

માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમો

માસ્ટર ઓફ આર્ટ્સ

- ફિલોસોફી
- ડિસ્ટન્સ એજ્યુકેશન
- હિન્દી
- સાયકોલોજી
- સોશિયોલોજી
- ટ્રાન્સલેશન સ્ટડીઝ
- ગાંધી એન્ડ પીસ સ્ટડીઝ
- ઈકોનોમિક્સ
- હિસ્ટ્રી
- પબ્લિક એડમિનિસ્ટ્રેશન
- ટૂરિઝમ મેનેજમેન્ટ
- એજ્યુકેશન
- ઈંગ્લિશ
- પોલિટિકલ સાયન્સ
- રૂરલ ડેવલપમેન્ટ
- વીમેન્સ એન્ડ જેન્ડર સ્ટડીઝ

માસ્ટર ઓફ સોશિયલ વર્ક - MSW

માસ્ટર ઓફ કોમર્સ, માસ્ટર ઓફ કોમ્પ્યૂટર એપ્લિકેશન

માસ્ટર ઓફ - લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ - ડાયાટેટિક્સ એન્ડ ફુડ સર્વિસિસ મેનેજમેન્ટ- માસ્ટર ઓફ સાયન્સ, કાઉન્સેલિંગ એન્ડ ફેમિલિ થેરાપી

૩.૩ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)

અમદાવાદ. વેબસાઈટ www.baou.edu.in

(૧) બી.પી.પી. (બેચલર ડિગ્રી પ્રિપેરેટરી પ્રોગ્રામ) : ધો. ૧૦/૧૨ પાસ ન કરેલ હોય તેવા લોકો માટે : જેથી બી.પી. પાસ કર્યા પછી બેચલર ડિગ્રી જેવી કે બેચલર ઓફ આર્ટ્સ / બેચલર ઓફ કોમર્સમાં પ્રવેશ મેળવી આગળ અભ્યાસ કરી શકાય છે.

સર્ટિફિકેટ અભ્યાસક્રમો

- ફૂડ એન્ડ ન્યુટ્રીશન

- ટૂરિઝમ માર્કેટિંગ
- ચાઈલ્ડ કેર એન્ડ ડેવલપમેન્ટ
- ટીચિંગ ઓફ ઈંગ્લિશ
- કોમ્પ્યૂટર કન્સેપ્ટ BAOU
- કોમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઈંગ્લિશ (લેવલ ૧)
- ટ્રેડિશન બર્થ એટેન્ડન્ટ
- યોગિક સાયન્સ
- હ્યુમન રાઈટ્સ
- ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવન અને વિચારો
- ફિઝિયોથેરાપી ફોર બ્લાઈન્ડ-૨
- કોમ્પ્યૂટરિંગ
- ટૂરિઝમ મેનેજમેન્ટ
- પર્સનલ કોમ્પ્યૂટર સોફ્ટવેર
- એન્વાયર્નમેન્ટ સ્ટડીઝ
- આંગણવાડી વર્કર્સ
- બેટર પેરેન્ટિંગ
- નેચરોથેપી
- એન્વાયરન્ટ અવેરનેસ
- ફિઝિયોથેરાપી ફોર બ્લાઈન્ડ-૧
- એન.જી.ઓ. મેનેજમેન્ટ

ડિપ્લોમા અભ્યાસક્રમો

- બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
- કોમ્પ્યૂટર એપ્લિકેશન

બેચલર અભ્યાસક્રમો

- બેચલર ઓફ આર્ટ્સ
- બેચલર ઓફ કોમર્સ

પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો

- માસ્ટર ઓફ આર્ટ્સ-ઈંગ્લિશ / હિન્દી/ગુજરાતી / સમાજશાસ્ત્ર

વોકેશનલ - પ્રોફેશનલ અભ્યાસક્રમો

- બેચલર ઓફ કોમ્પ્યૂટર એપ્લિકેશન
- બી.બી.એ.
- બી.બી.એ. એર ટ્રાવેલ મેનેજમેન્ટ
- બેચલર ઓફ કોમ્પ્યૂટર એપ્લિકેશન (મલ્ટી મીડિયા)
- બી.બી.એ. હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ
- બી.બી.એ. એર ટ્રાવેલ મેનેજમેન્ટ

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમો

- બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એપ્લિકેશન
- ફાઈનાન્સ
- માર્કેટિંગ
- ડિસ્ટન્સ એજ્યુકેશન
- હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ
- કોમ્પ્યૂટર એપ્લિકેશન

માસ્ટર અભ્યાસક્રમ

- માસ્ટર ઓફ સોશિયલ વર્ક

૩.૪ નરસી મોનજી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (NMIMS)

(ડીમ્ડ યુનિવર્સિટી) જે. વી.પી.ડી.સ્કીમ, વિલે પાર્લે (વેસ્ટ) મુંબઈ, વેબસાઈટ : www.nmims.edu.

અભ્યાસક્રમ

- બિઝનેસ મેનેજમેન્ટ
- સપ્લાય ચેઈન મેનેજમેન્ટ
- હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ
- ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ
- ઈન્ટરનેશનલ ટ્રેડ મેનેજમેન્ટ અનુભવ
- માર્કેટિંગ મેનેજમેન્ટ
- બેન્કિંગ એન્ડ ફાઈન મેનેજમેન્ટ

ડિપ્લોમા પ્રોગ્રામ (૧ વર્ષ)

(૧) માન્ય યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક અથવા સમકક્ષ અથવા

(૨) ધો. ૧૦ + ૨ પાસ + ૩ વર્ષનો AICTE માન્ય ડિપ્લોમા હોલ્ડર અથવા

(૩) ધો. ૧૦ પાસ તથા ૩ વર્ષનો AICTE માન્ય અનુભવ

ડિપ્લોમા હોલ્ડર + ૩ વર્ષનો કાર્યક્ષેત્રનો અનુભવ.

પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ (૨ વર્ષ)

માન્ય યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક(૧૦ + ૨ + ૩) અથવા સમકક્ષ ૫૦% માર્ક્સ

અથવા

માન્ય યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક (૧૦ + ૨ + ૩) અથવા સમકક્ષ + બે વર્ષનો કાર્યક્ષેત્રનો અનુભવ

૩.૫ મહારાષ્ટ્ર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT)

પૂણે Web : www.mitsde.com પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા

- લોજિસ્ટિક અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ
- માર્કેટિંગ મેનેજમેન્ટ
- આઈ.ટી.
- પ્રોજેક્ટ મેનેજમેન્ટ
- હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ
- સપ્લાય ચેઈન મેનેજમેન્ટ
- ફાયનાન્સ મેનેજમેન્ટ
- ઓપરેશન મેનેજમેન્ટ

૩.૬ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મટીરિયલ્સ મેનેજમેન્ટ (IIMM)

મુંબઈ : web : www.iimm.org

- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મટીરિયલ્સ મેનેજમેન્ટ
- પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન સપ્લાય ચેઈન મેનેજમેન્ટ એન્ડ લોજિસ્ટીક

૩.૭ સિમ્બાયોસીસ સેન્ટર ફોર લર્નિંગ (SCDL)

પુના www.scdl.net

ડિપ્લોમા અભ્યાસક્રમો

- ક્રિએટીવ રાઈટિંગ ઈન ઈંગ્લિશ
- અંગ્રેજી ભાષાનું શિક્ષણ

પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ અભ્યાસક્રમો

- સાયબર લોઝ
- મેનેજમેન્ટ એકાઉન્ટિંગ
- એન્ટ્રેપ્રિનિયોરશીપ ડેવલપમેન્ટ
- ડિજિટલ માર્કેટિંગ

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમો

- બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
- સપ્લાય ચેઈન
- બિઝનેસ મેનેજમેન્ટ
- કસ્ટમર રિલેશન મેનેજમેન્ટ
- ઈન્ટરનેશનલ બિઝનેસ
- એક્સપોર્ટ ઈમ્પોર્ટ
- ઈન્સ્યુરન્સ મેનેજમેન્ટ
- બિઝનેસ એન્ડ કોર્પોરેટર લોઝ
- ઈન્ફોર્મેશન ટેકનોલોજી
- હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ
- ઈન્સ્ટ્રક્શનલ ડિઝાઈન
- એજ્યુકેશનલ એડમિનિસ્ટ્રેશન
- બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ
- ટેકનિકલ રાઈટિંગ
- પ્રિ પ્રાઈમરી ટીચર્સ ટ્રેઈનિંગ

૩.૮ સિક્કીમ મનીપાલ યુનિવર્સિટી, ડિસ્ટન્સ - (SMUD)

બેચલર ડિગ્રી અભ્યાસક્રમો (૩ વર્ષ)

- બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
- એન્ટ્રેપ્રિનિયોરશીપ મેનેજમેન્ટ
- કોમ્પ્યૂટર એપ્લિકેશન
- બીએસસી (આઈ.ટી.)

માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમો (વર્ષ)

- માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (૨)
- માસ્ટર ઓફ કોમ્પ્યૂટર એપ્લિકેશન (૩)
- માસ્ટર ઓફ સાયન્સ (આઈ.ટી.) (૨)

આ ઉપરાંત નીચેની બીજા રાજ્યોની ઓપન યુનિવર્સિટીની વેબસાઈટો પણ દૂરવર્તી શિક્ષણ પદ્ધતિ દ્વારા પ્રોગ્રામો ચલાવે છે.

ક્રમ	રાજ્ય	યુનિવર્સિટી	વેબસાઈટ
૧	આંધ્રપ્રદેશ	ડૉ. બી.આર.આંબેડકર ઓપન યુનિવર્સિટી,હૈદરાબાદ	www.braou.ac.in
૨	રાજસ્થાન	વર્ધમાન મહાવીર ઓપન યુનિવર્સિટી, કોટા	www.vmou.ac.in
૩	મહારાષ્ટ્ર	યશવંતરાય ચવાણ, મહારાષ્ટ્ર, ઓપન યુનિવર્સિટી, નાસિક	www.ycmou.digitaluniversity.ac.
૪	મધ્યપ્રદેશ	મધ્યપ્રદેશ ભોજ ઓપન યુનિવર્સિટી, ભોપાલ	www.bhojvirtualuniversity.com
૫	કર્ણાટક	કર્ણાટક સ્ટેટ ઓપન યુનિવર્સિટી, મૈસુર	www.ksoukarnataka.com

૨૬ રેલ વિશ્વવિદ્યાલયમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો

– પ્રશાંત કે. ત્રિવેદી

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના યુવા પ્રિય કારકિર્દી દર્શનથી ગુજરાતમાં વડોદરા ખાતે સ્થાપિત થયેલ ભારતની પ્રથમ રેલ વિશ્વવિદ્યાલય એટલે રાષ્ટ્રીય રેલ-વે પરિવહન સંસ્થા. રેલ પરિવહન ક્ષેત્રમાં ઉપલબ્ધ ઉજ્જવળ કારકિર્દીની તકોને ધ્યાને રાખી વર્ષ-૨૦૧૮થી સંસ્થા ખાતે સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે. વર્તમાન સમયમાં પરિવહન ક્ષેત્રમાં થયેલ નાવીન્યસભર બદલાવથી રોજગારીની વિશિષ્ટ તકોનું નિર્માણ થયું છે. મિત્રો, આપણે સૌ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવતાં પહેલાં અભ્યાસ પૂર્ણ થયા બાદ પ્રાપ્ય રોજગારી કે કારકિર્દીની વિગત મેળવી ઉપલબ્ધ તકો માટે ચિંતન કરીએ છીએ. ચાલો, રોજગારક્ષમ અભ્યાસક્રમની પસંદગી માટે રાષ્ટ્રીય રેલ-વે પરિવહન સંસ્થાની યાત્રા કરીએ.

સ્નાતક કક્ષાના પ્રાપ્ય અભ્યાસક્રમો :

- બી.એસસી ઈન ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી
- બીબીએ ઈન ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ

પ્રસ્તુત ૩ વર્ષના પૂર્ણકાલીન નિવાસી અભ્યાસક્રમો છે જેમાં એકંદર કુલ પ્રવેશ ક્ષમતા ૧૦૫ વિદ્યાર્થીઓની છે.

પ્રવેશ માપદંડ :

(૧) શૈક્ષણિક યોગ્યતા -

- બી.એસસી ઈન ટ્રાન્સપોર્ટેશન ટેકનોલોજી :

૫૫% ગુણ સાથે વિજ્ઞાન પ્રવાહમાં એચ.એસ.સી. પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

- બીબીએ ઈન ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ :

૫૫% ગુણ સાથે એચ.એસ.સી. પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ અરજીપાત્ર છે.

(ઓબીસી / એસસી / એસટી / અનામત કક્ષાના ઉમેદવારો માટે ૫૦% ગુણ જરૂરી છે.)

(૨) પ્રવેશ પ્રક્રિયા -

- નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રવેશ ઈચ્છુકોએ પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.
- પ્રવેશ પરીક્ષાની જાહેરાત, અરજીપત્રક, ફી વિગેરે માટે સંસ્થાની વેબસાઈટ www.nrti.edu.in પરથી માહિતી પ્રાપ્ત થશે.
- સંસ્થા ખાતેના પ્રાપ્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા માટે સંસ્થાની વેબસાઈટ www.nrti.edu.in પરથી નિયત ફી તેમજ સાધનિક દસ્તાવેજ સાથે અરજી કરવાની રહેશે.
- પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણાંકનાં આધારે આખરી પસંદગી હાથ ધરવામાં આવે છે.

(૩) પ્રવેશ પરીક્ષાની વિગત

પ્રશ્નપત્રનું સ્વરૂપ	પ્રશ્નોની સંખ્યા	પરીક્ષાનો સમય	ગુણ
પ્રશ્નપત્ર હેતુલક્ષી (MCQs) પ્રકારનું રહેશે	કુલ પ્રશ્નોની સંખ્યા - ૧૦૦	૯૦ મિનિટ	૧૦૦ ગુણ
(૧) અંગ્રેજી પ્રોફિશિયન્સી	૨૫		
(૨) રીઝનિંગ અને જનરલ ઈન્ટેલીજન્સ	૩૦		
(૩) કવૉન્ટીટેટીવ અને ન્યુમેરિકલ એબિલિટી	૨૫		
(૪) જનરલ અવેરનેસ	૨૦		

- અંગ્રેજી માધ્યમમાં કોમ્પ્યૂટર બેઈઝ્ડ (CBRT) પરીક્ષા લેવામાં આવશે.
- દરેક સાચા જવાબ માટે ૧ ગુણ મળવાપાત્ર છે તેમજ ખોટા જવાબ માટે ૦.૩૩ ગુણ કપાત થશે.
- પ્રશ્નપત્રમાં સમાવિષ્ટ વિષયવસ્તુની વિસ્તૃત વિગત સંસ્થાની વેબસાઈટ પરથી મેળવી શકાશે.

વાર્ષિક અભ્યાસ ફી :

- વાર્ષિક અભ્યાસ ફીનું માળખું જે તે પ્રવેશ સમયે પ્રવર્તમાન દરો મુજબ નિર્ધારિત કરવામાં આવે છે. ગત વર્ષ : ૨૦૧૯-૨૦નાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને અભ્યાસ ફી પેટે અંદાજિત રૂપિયા ૧,૫૧,૫૦૦/- નિર્ધારિત થયેલ જેમાં ટયૂશન ફી, હોસ્ટેલ ચાર્જ, મેસચાર્જ વિગેરેનો સમાવેશ થાય છે.
- આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ તેમજ કન્યાઓને સંસ્થાના નિયમાનુસાર ફી રકમમાં છૂટછાટ મળવાપાત્ર છે
- મિત્રો, સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ સંપૂર્ણપણે નિવાસી હોઈ, પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ ફરજિયાતપણે સંસ્થા દ્વારા નિયત થયેલ હોસ્ટેલ પર જ નિવાસ કરવાનો રહેશે.

વિશેષ:

- સંસ્થામાં પ્રાપ્ય શૈક્ષણિક અભ્યાસક્રમો અંતર્ગત વિભિન્ન કક્ષાઓમાં સંસ્થાનું આદાન પ્રદાન યુ.એસ.એ. અને રશિયાના પ્રતિષ્ઠિત વિશ્વવિદ્યાલયો / સંસ્થાઓ સાથે થયેલ છે.
- સંસ્થા ખાતે અભ્યાસની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની અભિરુચિ વધે તે માટે સ્પોર્ટ્સ ક્લબ, ક્વિઝ ક્લબ, થિયેટર ક્લબ વિગેરે પ્રકલ્પ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- વર્તમાન સમયમાં રોજગારીનાં ક્ષેત્રોની માંગના પરિપેક્ષ્યમાં અભ્યાસ પૂર્ણ કરેલ તમામ વિદ્યાર્થીઓને પરિવહન ક્ષેત્રમાં રોજગારીની ઉમદા તકો પ્રાપ્ત થઈ શકે છે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે દર્શાવેલ સરનામા પર સંપર્ક કરી શકો છો.

NATIONAL RAIL AND TRASPORTATION INSTITUTE
(DEEMED TO BE UNIVERSITY)
NATIONAL ACADEMY OF INDIAN RAILWAYS (NAIR) CAMPUS,
LAL BAUG , VADODARA-360004,
GUJARAT, INDIA
CONTACT NO : +91-888092233
E-MAIL: info@nrti.edu.in

રોજગાર અધિકારીશ્રી
જિલ્લા રોજગાર વિનિમય કચેરી,
જિલ્લા સેવા સદન સી વિંગ,
રૂમ નં. ૧૯ થી ૨૩, ખસ રોડ, બોટાદ

૨૭ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી : વેરાવળ

– રજિસ્ટ્રારશ્રી

રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ, ગીર સોમનાથ-૩૬૨૨૬૬ ગુજરાત (ભારત)

ટેલિફોન નંબર : ૦૨૮૭૬-૨૪૪૫૩૨, ફેક્સ નંબર : ૦૨૮૭૬-૨૪૪૪૧૭

વેબસાઈટ : www.sssu.ac.in ઈ-મેઈલ : sssu.veraval@gmail.com

વિશ્વવિદ્યાલયનો પરિચય

ભારતીય સંસ્કૃતિનો ભવ્ય વારસો તથા જ્ઞાન વિજ્ઞાનના અતુલનીય ભંડાર સમી સંસ્કૃત ભાષા આપણા સુવિકસિત રાષ્ટ્ર વૃક્ષના મૂળમાં રહેલી છે. દેશ વિદેશમાં હવે એનું અધ્યયન આરંભાઈ ચૂકયું છે. ત્યારે આપણા સક્ષમ નેતાગણની દૂરંદેશી પ્રતીક સમાન માત્ર સંસ્કૃત અને સંસ્કૃત શાસ્ત્રો, જ્ઞાન વિષયો, રસસિકત સાહિત્યના અધ્યયનની સુવિધા ઊભી કરવા ગુજરાત રાજય સરકારે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વિધેયક-૨૦૦૫માં અમલમાં મૂક્યો. આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત રાજય છે. તા.૧૭-૦૨-૨૦૦૯ના રોજ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, દિલ્હીએ સેકશન ૨(એફ) અંતર્ગત આ યુનિવર્સિટીને માન્યતા આપી અને માન્ય યુનિવર્સિટીઓની યાદીમાં તેનું નામ સામેલ કર્યું છે. વર્ષ ૨૦૦૬-૦૭થી યુનિવર્સિટી મુખ્ય મથકે અનુસ્નાતક અભ્યાસક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. હાલ સંલગ્ન ૩૮ કોલેજોને માન્યતા આપી છે.

રમત ગમતની પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી રહયું છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અંગ્રેજી અને કમ્પ્યૂટરનું સામાન્ય જ્ઞાન મળે તે માટે અભ્યાસક્રમમાં પ્રાવધાન કરવામાં આવ્યું છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીને ૧૭ એકર જમીન અને યુનિવર્સિટીનું મુખ્ય ભવન તૈયાર કરીને આપવામાં આવ્યું છે. યુનિવર્સિટી ભવનનું ઉદ્‌ઘાટન તા.૦૫-૦૨-૨૦૦૭ના રોજ ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

વિશ્વવિદ્યાલયની વિશેષતા

- સંસ્કૃત સંભાષણ (વાતચીત) અને લેખનનું વિશેષ પ્રશિક્ષણ.
- આધુનિક કમ્પ્યૂટર લેબ.
- આધુનિક સાધનોથી સજજ વ્યાયામશાળા.
- યુનિવર્સિટીની કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સાહિત્ય, વ્યાકરણ, જયોતિષ, વેદ, વેદાંત, ધર્મશાસ્ત્ર, પુરાણ, ન્યાય, પૌરોહિત્ય, વાસ્તુશાસ્ત્ર વગેરે વિષયો ચાલે છે. ઉપરાંત ગૌણ અને ફરજિયાત વિષય તરીકે અંગ્રેજી, કમ્પ્યૂટર, હિન્દી, ગુજરાતી, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરે વિષયો સ્નાતક કક્ષાએ ચલાવવામાં આવે છે.
- UGC-NET/SLET વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓને ધ્યાને લઈ નિઃશુલ્ક વિશેષ પ્રશિક્ષણ.
- રાજય/રાષ્ટ્રીય-સ્તરે આયોજિત થતી વિવિધ સાહિત્યક, સાંસ્કૃતિક અને રમત-ગમતની સ્પર્ધાઓમાં ભાગ ગ્રહણ કરવાનો અવસર.

વિશ્વવિદ્યાલય પરિસરમાં

- સંસ્કૃત વિષયના નિષ્ણાત અધ્યાપકો દ્વારા અધ્યાપન કરાવવામાં આવે છે.
- સંસ્કૃત ભાષા બોલવા, લખવાની તાલીમ (સંસ્કૃત સંભાષણ) આપવામાં આવે છે.
- સંસ્કૃતને લગતા રાજય અને રાષ્ટ્ર કક્ષાના વિદ્યાસાધના અને સિદ્ધિ માટે વિવિધ સેમિનારોનો

લાભ મળી શકે છે. સંસ્કૃતમાં વકતૃત્વ, સ્તોત્રગાન, ગીતા-ઉપનિષદ-ભાગવત શ્લોકગાન જેવી વિવિધ સ્પર્ધાઓ દ્વારા વાચિક/લેખિત અભિવ્યક્તિની તાલીમ આપવામાં આવે છે.

- સંસ્કૃત યુનિવર્સિટીમાં બી.એ. અને એમ.એ. અભ્યાસક્રમોને અનુક્રમે શાસ્ત્રી અને આચાર્ય કહેવામાં આવે છે.
- સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ચોઈસ બેઈઝડ ક્રેડિટ સિસ્ટિમ પ્રમાણે સેમેસ્ટર પદ્ધતિનો અમલ કરવામાં આવ્યા છે.
- સ્નાતક કક્ષાએ ફરજિયાત વિષયના રૂપમાં અંગ્રેજી અને કમ્પ્યૂટરનું શિક્ષણ આપવામાં આવે છે. તે માટે અદ્યતન કમ્પ્યૂટર લેબની વ્યવસ્થા યુનિવર્સિટી ખાતે છે.
- યુનિવર્સિટી ખાતે સમૃદ્ધ પુસ્તકાલયની વ્યવસ્થા છે.
- ઈન્ડોર અને આઉટડોર ગેમ માટેના રમત-ગમતનાં સાધનોની વ્યવસ્થા તથા વિશાળ મેદાન ઉપલબ્ધ છે.
- વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી દ્વારા રહેવા અને જમવા માટેની વાજબી ભાવે વ્યવસ્થા કરવામાં આવી છે.
- એમ.ફિલ. અને પીએચ.ડી. માટે વખતો-વખત પ્રવેશ માટેની જાહેરાત આપવામાં આવે છે. પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ આપવામાં આવે છે.
- પાંડુલિપિ વિજ્ઞાન અને પાઠ સંપાદનનું શિક્ષણ પણ આપવામાં આવે છે.
- સંસ્કૃત સંભાષણના અભ્યાસક્રમ થકી સેતુ પરીક્ષા માટે તૈયારી કરાવવામાં આવે છે.

અભ્યાસક્રમોનું વિવરણ

No.	Course	Subject	Eligibility	Duration
1	विद्यावारिधिः (Ph.D.)	Sahitya, Veda, Purana, Jyotisha, Vastushastra, Paurohitya, Nyaya, Vedanta & Vyakarana	Acharya/M.A. in Sanskrit with at least 55% marks.	3 to 6 Years
2	तत्त्वाचार्यः (M.Phil.)	Sahitya, Veda, Purana & Vyakarana	Acharya/M.A. in Sanskrit	1 to 2 Years
3	आचार्यः (Master of Arts)	Post-Graduation Sahitya, Veda, Purana, Jyotisha, Vastushastra,Paurohitya, Vedanta, Nyay, Vyakarana, Sarvadarshan, Dharmshashtra & Yoga	Graduation in Sanskrit as a main subject	2 Years
4	પી.વ્ઝી.ડી.સી.એ. (P.G.D.C.A.)	Computer & Compulsory Sanskrit	Graduation in any subject	1 Year
5	शिक्षाशास्त्री (B.Ed.)	Sanskrit	Graduation in Sanskrit with at least 45% marks	2 Years
6	शास्त्री (Bachelor of Arts) Graduation	Sahitya, Veda, Purana, Jyotisha, Vastushastra, Paurohitya, Nyaya, Vedanta & Vyakarana	12th Standard in any stream	3 Years

7	P.G. Diploma	Sanskrit and Hindu Religious Studies	Graduation in any subject	1 year
8	पदविका (Diploma)	Yoga, Temple Management, Vastushastra, Sanskrit Teaching, Jyotisha, Vedic Mathematics, Music & Sanskrit and Hindu Religious Studies	12th Standard	1 Year
9	प्रमाणपत्र (Certificate)	Yoga, Vedic Mathematics & Music	10th Standard	6 Months

અભ્યાસક્રમની સત્ર મુજબની ફીની યાદી

કક્ષા	સેમ-૧		સેમ-૨,૩,૪,૫,૬	
	ભાઈઓ	બહેનો	ભાઈઓ	બહેનો
શાસ્ત્રી (B.A.)	૧૨૫૦/-	૬૫૦/-	૮૫૦/-	૨૫૦/-
આચાર્ય (M.A.)	૧૨૫૦/-	૬૫૦/-	૮૫૦/-	૨૫૦/-
આચાર્ય (યોગ)	૨૧૦૦/-	૨૧૦૦/-	૧૭૦૦/-	૧૭૦૦/-

રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ,
ગીર સોમનાથ- ૩૬૨૨૬૬.

૨૮ જનસંપર્કના સંદર્ભે ગ્રામ વ્યવસ્થાપન ક્ષેત્રે રોજગારીના અવસરો

– ડૉ. પુનિતા હર્ણે

આજના સમયમાં વ્યવસાયના અનેક નવાં નવાં ક્ષેત્રો યુવાનોને આકર્ષે છે અને વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તક યુવાનો માટે ઉપલબ્ધ થઇ રહી છે. જુદા જુદા વિષયોની જેમ સમૂહ માધ્યમો પણ એક એવો જ નવો વિસ્તાર છે જેમાં અભ્યાસથી અનેક નવા પ્રકારના વ્યવસાયો હવે કરી શકાય છે જેની આજથી થોડાં વર્ષો પૂર્વે કલ્પના પણ થઈ શકતી નહોતી. સમૂહ માધ્યમોમાં અભ્યાસ કરીને મીડિયા ક્ષેત્રે કારકિર્દી બનાવવાની વાત હવે નવી રહી નથી. પ્રશ્ન હવે એ છે કે, સમૂહ માધ્યમોનો અભ્યાસ કરીને એવા કયા નવા વિસ્તાર છે જેમાં કામ કરી શકાય? રેડિયો, ટીવી, અખબારો, ફિલ્મો કે કોર્પોરેટ સેક્ટરમાં કામ કરવા ઉપરાંત ગ્રામ વ્યવસ્થાપન એ પણ એક એવું ક્ષેત્ર છે જેમાં સમૂહ માધ્યમોનો અભ્યાસ કરીને કારકિર્દી બનાવી શકાય.

આજકાલ મીડિયા મેનેજમેન્ટ અને ઇવેન્ટ મેનેજમેન્ટની વાત થઇ રહી છે. સમૂહ માધ્યમોમાં કામ કરીને થોડા અનુભવી થઈ ગયા હોય તેવા પત્રકારોને અને વિષય નિષ્ણાતોને જુદી જુદી કંપનીઓ પોતાને ત્યાં કામે રાખે છે. આપણે તેમને પીઆરઓ(PRO) નામથી જાણીએ છીએ.

સમૂહ માધ્યમો મારફતે લક્ષિત લોકો સુધી અને સરકાર અને નીતિ વિષયક બાબતો અંગે નિર્ણય લેનારા સુધી પહોંચવા માટે સમૂહ માધ્યમોનો ઉપયોગ કરતી દરેક સંસ્થાએ હવે શીખી લેવું જરૂરી બન્યું છે.

આવા સમયે કેટલીક સંસ્થાઓ નીવડેલા પત્રકાર મિત્રો કે કેટલીક એજન્સીઓની મદદ લઈને પોતાને ત્યાં થતી દરેક નાની-મોટી મહત્ત્વની ઘટના અંગે લોકોને જણાવવા માટે સમૂહ માધ્યમોનો (Mass Media)નો ઉપયોગ કરે છે. રોજગારી માટેનો આ એક નવો વ્યવસાય છે. આ વ્યવસાયની વૈશ્વિક સ્તરે ઘણી જ માંગ છે અને આપણા દેશમાં અને વિદેશમાં આ વિષય અંગેનું વિશેષ શિક્ષણ આપતી અનેક યુનિવર્સિટીઓ છે. હવે આ યુનિવર્સિટીઓમાંથી ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓ ગામડામાં જવાનું પણ પસંદ કરે છે.

ગ્રામ વ્યવસ્થાપન ક્ષેત્રે રોજગારીના વિવિધ અવસરઃ

ગામડામાં રહેવું અને ગામને સમજીને તેના પ્રશ્નોને સમજીને, તેના સંભવિત ઉકેલો અંગે વિચાર કરીને, તે અંગે સૌને સંમત કરીને કામ પાર પડવું એ આજના સમયનો સૌથી મોટો પ્રશ્ન અને પડકાર છે. ગામ એ સૌથી નાનું રાજકીય એકમ છે. જે રાજકીય પક્ષના રાજકારણથી મહદ્ અંશે મુક્ત છે અથવા હોવું જોઈએ એવું આપણે માનીએ છીએ. ગામમાં શિક્ષણ, સ્વચ્છતા, આરોગ્ય, પોષણયુક્ત આહાર, રોજગાર, વિકાસ યોજનાઓ, ધાર્મિક સ્થળોની જાળવણી અને તહેવારોનું આયોજન, ગામની ઐતિહાસિક જગ્યાઓની જાળવણી અને રાજ્યનાં અન્ય શહેરો સાથે ગામના જોડાણ અને પરિવહનના પ્રશ્નો અને એના જેવા બીજા અનેક પ્રશ્નો અંગે ગામમાં રહીએ ત્યારે સતત વિચારતા અને તે પ્રશ્નોને ઉકેલતા રહેવું પડે છે. હવે ગામના પ્રશ્નોને સમજીને તેના ઉકેલ લાવવાની પ્રક્રિયામાં મદદરૂપ થઈ શકે એ માટેનું શિક્ષણ લીધેલા યુવક યુવતીઓ પણ ગામ વ્યવસ્થાપનમાં સ્વૈચ્છિક રીતે કે એનજીઓ મારફતે જોડાય છે. આપણે તેમને ગામના જનસંપર્ક અધિકારી (પીઆરઓ) કહી શકીએ.

જનસંપર્ક અધિકારીનાં કાર્યો અને ગ્રામ વ્યવસ્થાપનમાં તેની જવાબદારીઓઃ

જનસંપર્ક વાયદા કરે છે અને તે પાળીને બતાવે છે. જનસંપર્ક એ વ્યક્તિ કે સંસ્થાની સામાજિક પ્રતિષ્ઠા સાથે જોડાયેલો વ્યવસાય છે. તેથી આ વ્યવસાયમાં સત્યનું ઘણું

મહત્ત્વ છે. મીડિયાથી વાત છુપાવીને ગેરમાર્ગે દોરવાને બદલે આ વ્યવસાયમાં સાચી વાત મીડિયા સામે મૂકીને પોતાનો પક્ષ રજુ કરીને લોકોને નિર્ણય લેવાનું કહે છે. લોકોના નિર્ણયને માન્ય પણ રાખે છે અને પોતાનું મંતવ્ય લોકો ઉપર થોપી દેવામાં આવતું નથી .

જો વ્યવસાયના ક્ષેત્ર તરીકે ગ્રામ વ્યવસ્થાપનમાં જનસંપર્કનું ક્ષેત્ર અપનાવવું હોય તો,

- ગુજરાતી, હિન્દી, તળપદી અને અંગ્રેજી ભાષા ઉપર સારો કાબૂ હોવો જરૂરી છે.
- જનરલ નોલેજ અને વૈશ્વિક પ્રવાહોની સાથોસાથ ગ્રામીણ પ્રશ્નો અને સમસ્યાઓથી પણ પરિચિત હોવું જરૂરી છે.
- એક ગામમાં કયા કયા પ્રકારના પ્રશ્નો હોઈ શકે અને સંભવી શકે તે માટેની તમામ વિગતોથી માહિતગાર હોવું જરૂરી છે.
- સમૂહ માધ્યમોમાં ઉપરી અધિકારીઓ અને જે તે બીટના રિપોર્ટર સાથે સારા સંપર્કો હોવા જરૂરી છે.
- પોતાના ગ્રામજનો મુશ્કેલીમાં હોય ત્યારે જ તેમના માટે કામ કરવાને બદલે તમામ નાનામોટા પ્રસંગે મીડિયાને માહિતી આપતા રહેવું જોઈએ. જરૂરી નથી કે દર વખતે તે છપાય જ, આમ કરવાથી જયારે ખરેખર કોઈ જરૂરિયાત ઊભી થાય અને માધ્યમોનું ધ્યાન ખેંચવું હોય ત્યારે વિશેષ પ્રયાસ કર્યા વગર માધ્યમ ગૃહોને ગામમાં તમે કરેલા કામ અંગે જણાવી શકાશે અને નિર્ણયની પ્રક્રિયામાં સૌ કોઈને જોડી શકાશે.
- જનસંપર્ક અધિકારી તરીકે તમારે વિવિધ પ્રકારના લોકજૂથ સાથે કામ પાર પાડવાનું થઈ શકે છે. ખેડૂતો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, ખેત મજૂરો, વેપારીઓ, ગામનો ગરીબ વર્ગ, ગામના યુવાનો, ગામની યુવતીઓ અને સ્ત્રીઓ, આવી જ રીતે તમારે અનેક પ્રકારના લોકો સાથે કામ કરવાનું થાય તો શું કરવું તે માટે માનસિક રીતે તૈયાર રહેવું જરૂરી છે અને તે માટે પૂર્વ તૈયારી કરી લેવી જોઈએ.
- વ્યવસ્થિત પહેરવેશ, શાલીન ભાષા, ગામના લોકોની માનસિકતા સમજવી, તેમના પ્રશ્નો, તેમની અને તેમના થકી ગામની પ્રગતિ અંગે વિચારતા રહેવું, તેમના કૌટુંબિક પ્રશ્નો, તેમની સામાજિક સમસ્યાઓ, તેમના સામાજિક તહેવારો અને આર્થિક વ્યવહારોની પદ્ધતિઓ વગેરે અંગે પણ વાંચન અને સ્વાધ્યાય મારફતે અભ્યાસ કરીને તૈયારી કરેલી હોવી જરૂરી છે.
- કોઈપણ ગામ, સંસ્થા, કંપની કે વ્યવસ્થાતંત્રમાં તમે માત્ર કર્મચારીઓના કે માત્ર માલિકો, ટ્રસ્ટીઓ કે વ્યવસ્થાપકના જ વ્યક્તિ નથી. દરેક વ્યક્તિ/કર્મચારી પોતાની વાત તમને કહી શકે અને કોઈપણ મોટા હોદ્દા કે પદ પર બેઠેલી વ્યક્તિ કોઈપણ મોટું પગલું લેતાં પહેલાં તમને પૂછે અને પછી જ આગળ વધે એટલી તો વિશ્વસનિયતા ઉભી થયેલી હોવી જ જોઈએ.
- આ વ્યવસાય એક વ્યૂહ રચના ઘડીને માનવમનના અભ્યાસ બાદ તેની પાસેથી તેની મરજી મુજબનું કામ કરાવી તેના અને વ્યવસ્થાપકોના વિકાસ માટે કામ કરવાનું હોઈ આ પ્રકારના વ્યવસાયમાં આવતા અગાઉ પોતે કોઈપણ વાતને કેટલી ગોપનીય રાખી શકે તેમ છે અને પોતે કોઈનો કેટલો વિશ્વાસ જીતી શકે તેમ છે તેનું પણ માપ દરેકે જાતે કાઢી લેવું જોઈએ.
- જેમ કોઈપણ સાધન કે સિસ્ટિમને રિફ્રેશ કરવા પડે છે તેમ માનવીય સંબંધોને પણ રિફ્રેશ કરવા પડે છે. આ માટે ગ્રામજનો વધુ સારી રીતે અને મોકળા મને એકબીજા સાથે જોડાય તે માટેનું આયોજન કરતા પણ આવડવું જોઈએ.
- જનસંપર્કના ક્ષેત્રમાં સરકાર સાથેના સંબંધો પણ બહુ મહત્ત્વના છે. સરકાર કે કોઈપણ પ્રકારના એસ્ટાબ્લિશમેંટ સાથેના સંબંધો વિકસાવવા અને ટકાવી રાખવા માટે સહેતુક, આયોજન પૂર્વક અને ટકી રહે તેવા પ્રયત્નો કરવા જરૂરી છે. સરકાર સાથેના સંબંધોને લીધે નીતિ વિષયક બાબતોની જાણકારી સૌથી પહેલાં પ્રાપ્ત થાય છે અને બને ત્યાં સુધી કોઈ મોટી ભૂલ કે નુકસાન થવાની સંભાવના ઘટી જાય છે.
- આપણા દેશમાં અનેક આંદોલનો થયાં અને એમાં સૌથી મોટો આઝાદી આંદોલનનો સંગ્રામ છે. આ

આંદોલનમાં દેશના લાખો લોકોને જોડવાનું અને દેશના તમામ લોકોને લાગે કે આ લડાઈ મારી પોતાની જ છે અને હું મારા દેશ માટે લડું છું એ પ્રકારની ભાવના દરેક ભારતીયના મનમાં જગાડવી એ પણ એક પ્રકારનું જનસંપર્કનું કાર્ય હતું. મહાત્મા ગાંધીએ એ જમાનામાં તેમને પ્રાપ્ત હતાં એ તમામ સાધનોની મદદ લઈને પ્રત્યેક ભારતીય સાથે જોડાવાનો'' સહેતુક આયોજન પૂર્વકનો અને કાયમી પ્રયાસ (deliberate, planned and sustainable effrots to development and maintain mutual understanding) કર્યો. જેના પરિણામે આજે આપણે આઝાદી ભોગવી શકીએ છીએ.

● દર વખતે સરકાર સાથેના સંબંધોથી ફાયદો થાય તે જરૂરી નથી, કેટલીક વખત નુકસાનમાંથી બચવું એ પણ એક જાતનો ફાયદો જ હોય છે. સરકાર સાથેના સંબંધો આજના સમયની અનિવાર્યતા છે. જનસંપર્ક અધિકારી પાસેથી આ પ્રકારની અપેક્ષા રાખવામાં આવે છે.

● સરકાર, ખાનગી રોકાણકારો, ઉદ્યોગપતિઓ, ટ્રસ્ટીઓ, આયોજકો, આ તમામ પ્રકારના લોકોને પોતાની વાત લોકો સુધી કઈ રીતે પહોંચાડવી એ એક મોટો પ્રશ્ન હોય છે. પેલી કહેવત તો યાદ છે ને ''જંગલ મેં મોર નાચા કિસને દેખા?'' અર્થાત્ પોતાની વાત ગાઈ વગાડીને નહિ પણ યોગ્ય રીતે તો લોકો સામે મૂકવી જ પડે છે. અને એ માટે તેમને જનસંપર્ક અધિકારીની જરૂર તો પડે જ છે.

એટલે કે આ વ્યવસાય પત્રકારત્વના શિક્ષણની મૂળ શાખામાંથી આવતો નથી પણ પત્રકારત્વમાંથી જ નીવડેલા અને અનુભવી પત્રકારો વધુ સારા જનસંપર્ક અધિકારી બની શકે છે, એવું નોંધાયું છે.

આ અંગેના અભ્યાસક્રમ ગુજરાતમાં અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં પત્રકારત્વ વિભાગમાં, ગુજરાત યુનિવર્સિટીમાં પત્રકારત્વ વિભાગમાં, NIMCJ એસ જી હાઈવે અને ભવન્સ કોલેજમાં ચાલે છે. રાજકોટમાં એ.ડી શેઠ પત્રકારત્વ ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં, વડોદરામાં એમ એસ યુનિવર્સિટીમાં પત્રકારત્વ વિભાગમાં, સુરતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પત્રકારત્વ વિભાગમાં, પાટણમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પત્રકારત્વ વિભાગમાં અને કેટલીક ખાનગી કોલેજોમાં પણ આ અંગેનું શિક્ષણ આપવામાં આવે છે. આ અંગેની ઈન્ટર્નશિપ માટે જાણીતી પી આર એજન્સી પણ મદદ કરતી હોય છે.

આમ, પત્રકારત્વનું શિક્ષણ લઈને અથવા કોઈપણ પ્રકારનું ઔપચારિક શિક્ષણ લીધા વગર સીધા અનુભવ લઈને આ ક્ષેત્રમાં આવ્યા બાદ એટલું તો થાય છે જ કે કામ કામને શીખવાડે એ નાતે દરેક પોતાના રસ અને રુચિના ક્ષેત્રમાં આગળ આવે જ છે. પણ જો દરેક વ્યવસાયની અનિવાર્યતા કઈ કઈ છે તે જાણી લીધું હોય અને તે પ્રમાણે આપણે પોતાની જાતને બદલીએ તો વ્યવસાયિક સફળતા વધુ મળી શકે છે. સૌને શુભેચ્છા.

અધ્યક્ષ, પત્રકારત્વ વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ,
આશ્રમ રોડ, અમદાવાદ

૨૯ એનીમેશન–ગ્રાફિક્સ–ફિલ્મ–વીડિઓ એડિટિંગના કોર્સ અને કોલેજ

– ધવલ ગોકાણી

શું શાળામાં અભ્યાસ દરમિયાન તમને કલાત્મક ક્ષેત્રમાં કામ કરવાની વધુ મજા આવી હતી?

શું તમે કલાત્મક છો?, તમને કલા અથવા કંઈક ડિઝાઈન કરવું બહુ પસંદ છે?

જો તમને તેવું લાગતું હોય કે તમે કલાત્મક ક્ષેત્રે વધુ રસ છે તો તેને પાર્ટ-ટાઈમ કરવાના બદલે તેને ફૂલ-ટાઈમ કરો.

જેવી રીતે Bachelor of Engineering / Technology – B.E. / B. Tech.એન્જિનિયરિંગ ક્ષેત્રના કોર્સની ડિગ્રી છે.

જેવી રીતે Bachelor of Science – B.Sc. સાયન્સ ક્ષેત્રના કોર્સની ડિગ્રી છે

જેવી રીતે Bachelor of Commerce - B. Com. કોમર્સ ક્ષેત્રના કોર્સની ડિગ્રી છે.

તેવી જ રીતે Bachelor of Design – B. Des. ડિઝાઈન ક્ષેત્રના કોર્સની ડિગ્રી છે.

જો તમે એવું વિચારતા હો કે એન્જિનિયરિંગ અને મેડિકલ ક્ષેત્રમાં જ આકર્ષક કારકિર્દી (અને નાણાં પણ) છે, તો એ તમારી ભૂલ છે! જો તમે તમારી પસંદગીના ક્ષેત્રમાં કામ કરો છો, તો સફળ થશો જ.જે વિદ્યાર્થીઓ ડિઝાઈનિંગમાં રસ અને થોડી આવડત ધરાવે છે તેઓએ ઉપરોક્ત વિવિધ કોર્સમાંથી તેમની પસંદના કોર્સ કરવા જોઈએ અને વાલીઓએ પણ તેમને પ્રોત્સાહન આપવું જોઈએ.

ધોરણ-૧૨ પૂરું કરી બહુ બધા વિદ્યાર્થી બીજા કોઈ ડિગ્રી કોર્સની સાથે આ ક્ષેત્રના ડિપ્લોમા અથવા ટૂંકાગાળાના સર્ટિફિકેટ કોર્સ કરતાં હોય છે, એટલે બહુ કુશળ નહીં થતાં જે કારણોસર તેમને બહુ સારી તક નથી પ્રાપ્ત થતી. તમને ઘણીબધી નાની-નાની સંસ્થાઓ તેમના ટૂંકાગાળાના અભ્યાસક્રમો, ઓછા ખર્ચે ઓફર કરશે, પરંતુ આ ક્ષેત્રમાં આવા ટૂંકાગાળાના અભ્યાસક્રમોનું મહત્ત્વ ઓછું છે. અહીં તમને જે કોર્સ તથા સંસ્થાઓની વિગતો આપી છે, તે કોર્સ કરી લીધા પછી તમને બેચલર ઓફ ડિઝાઈનની ડિગ્રી મળશે. સારી કોલેજોમાં ભણતર પૂરું થતાં તરત જ ઘણી કંપનીમાં ત્યાંથી જ જોબ ઓફર કરવામાં આવે છે.

ટૂંકમાં, વર્ષોના અનુભવ પરથી એક જ વાત કહેવા માંગું છું કે આ આવડતને વિકસાવવી જોઈએ પણ તેનાં માટે આ ક્ષેત્રમાં ટૂંકાગાળાના કોર્સમાં પોતાનો સમય ન વેડફો. વિદ્યાર્થીઓ અને સાથે-સાથે વાલીઓએ પણ એક વાત ધ્યાનમાં રાખવી કે, આવા ડિઝાઈન અભ્યાસક્રમો માટે હંમેશાં કોઈ પ્રતિષ્ઠિત સંસ્થાને પ્રાથમિકતા આપવી. આ સંસ્થાઓમાં પણ બને ત્યાં સુધી ડિગ્રી કોર્સ જ કરો, જો કોઈ કારણોસર તેવું શક્ય ન હોય તો જ ડિપ્લોમા અથવા સર્ટિફિકેટ કોર્સનો વિકલ્પ પસંદ કરો.

૧. B. Des. GRAPHIC DESIGN (Bachelor of Design)

ગ્રાફિક ડિઝાઈન કોર્સમાં, વિદ્યાર્થીઓ પાસે ઉદ્યોગ સંબંધિત કુશળતા અને કોમ્પ્યૂટર ગ્રાફિક્સ, ઈલેક્ટ્રોનિક ઈમેજિંગ અને ઉત્પાદન ટેકનિક જાણવાની તક હોય છે. વધુમાં, ગ્રાફિક ડિઝાઈન અભ્યાસક્રમો સ્કેનર્સ, ડિજિટલ કેમેરા, કોમ્પ્યૂટર આધારિત હાર્ડવેર અને સોફ્ટવેરનો ઉપયોગ કરે છે અને એક વ્યાવસાયિક તરીકે અન્ય તમામ જરૂરી કુશળતા પૂરી પાડે છે. વિદ્યાર્થીઓ સૌંદર્યની દૃષ્ટિએ આનંદદાયક અને મનમોહક છબીઓ અથવા પ્રમોશનલ પ્રકાશનો બનાવવા માટે શબ્દો, ચિહ્નો, રંગો અને દ્રષ્ટિકોણનું સંતુલન શીખે છે. સ્નાતકો ગ્રાફિક ડિઝાઈન સોફ્ટવેર અને કેમેરા, સાઉન્ડ મશીનો અને ઔદ્યોગિક પ્રિન્ટરો સહિત અન્ય આવશ્યક તકનિકો વાપરવા માટે ટેકનિકલ કુશળતા મેળવે છે.

SUBJECTS COVERED IN THE COURSE

- Communication studies
- Histroy of Design
- Histroy fundamentals and Type design/ calligraphy
- Packaging
- Visual Ergonomics
- Science, Society and Culture
- Identity & Branding
- Illustration
- Photography

- Persuasion and pitch
- Visual Language
- SLA 4-Image Making/Semiotics
- Construction Drawing
- Graphic Design
- Digital Media
- Elements of Animation
- Design Management
- Asthetics
- Graphics Design Project
- Contemproary Concerns
- Print Publication (Book, newspaper, magazine, brochure and folder), Type in Electronic Media and Titling)
- Elements of Film & Video
- Software based modeling Techniques
- Approaches to Material Culture

BACHELOR OF GRAPHIC DESIGN COLLEGES IN GUJARAT

National Institute of Design - NID, Opposite Tagroe Hall, Rajnagar Society, Paldi, Ahmedabad, Phone: 07926629500 Email: cmr@nid.edu http://www.nid.edu		
Unitedwrold Institute of Design (UID), , Uvarsad-Vavol Rd, Gandhinagar, Ph: +91 9667048555, Web: karnavatiuniversity.edu.in	Karnavati University	3,00,000
SWARRNIM INSTITUTE OF DESIGNS, AdalajKalol Hwy, Gandhinagar, Phone: +91 9512343333 info@swarrnim.edu.inwww.swarrnim.edu.in	Swarnim Startup & Inovation University	

ઉપર આપેલા કોર્સને સમાન બીજો કોર્સ

2. B. Des. VISUAL COMMUNICATION (GRAPHICS) (Bachelor of Design)

B. Des. Visual Communication Colleges in Gujarat

United world Institute of Design (UID), A/907, Uvarsad, Gandhinagar Highway, Karnavati Knowledge Village, Ahmedabad Ph. 9033001243/83 www.karnavatiuniversity.edu.in	Karnavati University	3,00,000
Faculty of Design, Parul University, P.O.Limda,Dist. Vadodara, Gujarat,Phone: +91-2668-260312 (202)-(300) (307) Email: admissions@paruluniversity.ac.in Web: www.paruluniversity.ac.in		
Khyati School of Design,Nandoli,Ahmedabad Ph: 9099271000/4000 www.khyatischoolofdesign.com		

3. B. Des. COMMUNICATION DESIGN (Bachelor of Design)

બેચલર ઓફ ડિઝાઇન ઇન કોમ્યુનિકેશન ડિઝાઇન ૩ વર્ષનો કોર્સ છે અને ગ્રાફિક ડિઝાઇન, જાહેરાત, કોર્પોરેટ બ્રાન્ડિંગ, ઉત્પાદન પેકેજિંગ, પ્રકાશન, વેબડિઝાઇન અને અન્ય સહિત દૃશ્ય સંચાર (Visual Communication) અને તેની વિવિધ પદ્ધતિઓની ભાવિ દિશા પર ધ્યાન કેન્દ્રિત કરતા તાજેતરના જ્ઞાન અને ટેકનોલોજીનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓ આકર્ષક અને વિકસતી ઇન્ડસ્ટ્રીના પડકારો ઝીલવા માટે મીડિયાની વ્યાપક શ્રેણી દ્વારા સંચાર ડિઝાઇનની ગહન સમજ મેળવશે. વિદ્યાર્થીઓ એક વ્યાવસાયિક પર્યાવરણમાં સંચાર ફરજોનું નિરીક્ષણ કરશે અને ડિઝાઇન સમસ્યાઓ વિશ્વાસપૂર્વક જવાબ કેવી રીતે આપવોતે સમજશે.આ કાર્યક્રમમાં સૈદ્ધાંતિક શિક્ષણ તેમજ વ્યવહારુ અનુભવનો સમાવેશ થાય છે અને આ ઉપરાંત વિદ્યાર્થીઓને ડિઝાઇન અભ્યાસ સંબંધિત સંશોધન

પ્રવૃત્તિઓમાં ભાગ લેવા તક મળે છે અને વ્યવસાય નિષ્ણાતો સાથે સંપર્કવ્યવહાર પણ કરવા મળે છે.

SUBJECTS COVERED IN THE COURSE

- Design Layout illustration
- Design with Types
- Histroy Of Communication Design
- Communication Theroy
- Science and Liberal Art
- Contemproary Art and Design
- Spatial Graphics, Advertising Design
- Interactive Design and Information Design
- Publication Design
- Corproate Identity Typography
- Design Process
- System Design Film Design
- Visual Merchandising

B. Des. Communication Design Colleges in Gujarat

Maharaja Ranjitsinh Gaekwad Institute of Design, Msu University, Vadodara Phone: 0265 - 2795555, Web: www.msubaroda.ac.in www.mridbaroda.com	MS University	1,37,300
GLS Institute of Design, GLS Campus, Opp. Law Garden, Ellisbridge, Ahmedabad Ph: 9687477375, 079 26440532, 26468513 Email: design@glsuniversity.ac.inwww.glsid.org	GLS University	2,00,000
School of Design, Anant University, Ahmedabad 02717-302000, 8819919999 www.anu.edu.in info@anu.edu.in	Anant University	1,45,000
Indus Design School, Indus University, Rancharda, Ahmedabad Ph: 02764 260277 / 78 /79 Email: info@indusuni.ac.in Web: www.indusuni.ac.in	Indus University	
School of Design, Earthspace, Hazira Road, Opp ONGC, Surat Ph.: 0261 4088100 / 04 Email: info@aurouniversity.edu.in www.aurouniversity.edu.in	Auro University	

4. B. Des. ANIMATION AND FILM DESIGN (Bachelor of Design)

આ કોર્સ ફિલ્મ વિકાસ પર મજબૂત ભાર દ્વારા વિદ્યાર્થીઓના સૈદ્ધાંતિક વિચારણા માટે તૈયાર કરાય છે.

ફ્રી હેન્ડ અને ચિત્ર ડિઝાઇન, વિજ્ઞાન અને લિબરલ આર્ટ્સ, દ્રશ્યકરણ અને પૂર્વ-ઉત્પાદન પદ્ધતિઓ,પ્રાયોગિક એનિમેશન અને કથાવર્ણનની સમજણ પરના મુદ્દાઓ આવરી લેવાય છે.

એનિમેશન ડિઝાઇનના વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ મુવિંગ ઈમેઝિસ સાથે સંબંધિત છે. એનિમેશન ડિઝાઇન શીખનારાઓએ જેમ કે વ્યક્તિત્વ અને વ્યંગ્ય ચિત્ર, શુદ્ધગતિ વિજ્ઞાન, રેખા ચિત્ર, વિઝ્યુઅલ સ્ક્રિપ્ટિંગ, સ્ટોરી બોર્ડિંગ, પિક્સલેશન, અને મોડેલ એનિમેશન ડિઝાઇન જેવી ખાસ કુશળતા અને એનિમેશન ટેકનિક મેળવી જરૂરી છે. અહીં એનિમેશન ડિઝાઇન ટેકનિક નિપુણતા સાથે વર્ણનાત્મક સામગ્રી પર આવશ્યક. મજબૂત પકડ દ્વારા અસરકારક સંચાર વિકસાવે છે.

SUBJECTS COVERED IN THE COURSE

- Communication studies
- Histroy of Design
- Typography

- Illustration
- Visual Ergonomics
- SLA -3 Science, Society and Culture
- Introduction to narrative structure (Film and video theroy structure)
- Drawing for Animation - I (Human Anatomy) Photography
- Sound Design
- Photography
- 2D & 3D Animation software Techniques
- Visual Language
- SLA 4-Image Making/Semiotics
- Elements of animation and title design
- Elements of editing
- Introduction to Digital Tools II
- Animation principle & techniques and pre-production principals
- Design Management
- Studio and Lab visit
- Approaches to Material Culture
- Introduction to script writing
- Visual Scripting
- Contemproary Concerns
- Kinetics
- Advertising Film Making
- Indian film and history of cinema
- Production Design for animation & visual effects
- Shrot Film or Documentary Film
- Personalities and Caricature (Character Design)
- Introduction to Digital Tools II (CGI)
- Introduction to Interactive media
- Research Methods
- Stop Motion

B. Des. ANIMATION& FILM DESIGN COLLEGES IN GUJARAT

National Institute of Design - NID, Ahmedabad, Opposite Tagore Hall, Rajnagar Society, Paldi, Ahmedabad, Phone: 07926629500 Email: cmr@nid.eduwww.nid.edu, Fees / Year Rs. 2,10,800

5. B. Des. MOVING IMAGES [Film, Video & Animation] (Bachelor of Design)

ફિલ્મ અને વિડિયો અને એનિમેશન વિશિષ્ટ ક્ષેત્રો પદ્ધતિઓ અને તકનિકી લાક્ષણિકતાઓમાં વધુ કેન્દ્રિત હોય છે અને ઈમેજના સૌંદર્યશાસ્ત્રથી અલગ હોય છે, મૂવિંગ ઈમેજ અભ્યાસક્રમ ઈમેજના પરંપરાગત માળખા અને ઈમેજ સાથે સંચારની પરંપરાગત રીતોમાં કેન્દ્રિત છે. અભ્યાસક્રમ 2D અને 3D એનિમેશન, સિનેમેટોગ્રાફી, દિશાનિર્દેશ, સેટ ડિઝાઈન, સાઉન્ડ અને વિઝ્યુઅલ સંપાદન અને સ્ક્રિપ્ટલેખનમાં વિદ્યાર્થીઓને પરિચય આપે છે. વિવિધ શૈલીઓનાં ચલચિત્રો, ઈતિહાસ અને એપ્રિસિએશન માટે સૈદ્ધાંતિક ઈનપુટ આપવામાં આવે છે.

SUBJECTS COVERED IN THE COURSE

- Sequential Art Script Story Board
- Basic Animation 3D Animation Moving Graphics
- Camera and Lights Film Editing Sound Editing
- Design Process System Design
- Production Management
- History Of Moving Images Part-1
- Film Design
- Science and Liberal Art Part-1 Contemproary Art and Design Part-1

B. Des. MOVING IMAGES COLLEGE in Gujarat

MAHARAJA RANJITSINH GAEKWAD INSTITUTE OF DESIGN, MS University, Vadodara, Phone: 0265 - 2795555 Web: www.msubaroda.ac.inwww.mridbaroda.com

MS University Rs. 1,37,300

ઉપર આપેલા કોર્સને સમાન બીજો કોર્સ

B. Des. ANIMATION & MOTION GRAPHICS COLLEGE in Gujarat

United world Institute of Design (UID),Karnavati University, Uvarsad-Vavol Rd, Gandhinagar, Phone: +91 9667048555

info@karnavatiuniversity.comhttps://karnavatiuniversity.edu.in

Karnavati University Rs. 3,00,000

6. B. Des. FILM AND VIDEO COMMUNICATION (Bachelor of Design)

આ કોર્સ શાસ્ત્રીય ફિલ્મ નિર્માણ પરંપરા અને ટૂંકી ફિલ્મોમાં વિદ્યાર્થીઓને તાલીમ આપે છે. ફિલ્મ-નિર્માણ ડિઝાઇનનો કેન્દ્રીય અને પરિધી વિસ્તાર છે. વિદ્યાર્થીઓ ડિઝાઇન જાણકાર ફિલ્મ નિર્માતાઓ બને છે. ચલચિત્ર-નિર્માણ બહુવિધ પ્રકૃતિ ધરાવે છે, જેમાં પોશાક, જગ્યા, પ્રકાશ, કેમેરા, ગ્રાફિકડિઝાઇન, અને ફર્નિચરનો સમાવેશ થાય છે.

ફિલ્મ અને વીડિયો ડિઝાઇન અભ્યાસક્રમો મજબૂત વર્ણનાત્મક સામગ્રી પર ભાર મૂકે છે. ફિલ્મ અને વીડિયો મીડિયા દ્વારા સંચાર કરવા માટે ફિલ્મ અને વીડિયો કેમેરા અને સંપાદન સિસ્ટિમો જેવા સાધનોની જરૂર પડે છે. ઉપરાંત, સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રોમાં સંચાર જરૂરિયાતો સમજવા વૈચારિક પ્રક્રિયાઓનું પણ પાલન કરવું જરૂરી છે.

ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી, ફિલ્મ ભાષા / ફિલ્મ થિયરીમાં, સિનેમેટોગ્રાફી, એડિટિંગ, સ્ક્રિપ્ટ લેખન, ઉત્પાદન ડિઝાઇન વગેરે જેવા વિષયો ફિલ્મ અને વીડિયો ડિઝાઇનના તમામ મહત્ત્વપૂર્ણ પાસાઓની ખૂબ જ મજબૂત સૈદ્ધાંતિક સમજણ વિકસાવે છે. ભારતમાં વિકાસશીલ મીડિયા ઉદ્યોગ સાથે ફિલ્મ અને ડિઝાઇન અભ્યાસક્રમોએ કારકિર્દીના વિવિધ વિકલ્પો ખોલ્યા છે.

B. Des. FILM & VIDEO COMMUNICATION COLLEGE in Gujarat

National Institute of Design - NID, Opposite Tagore Hall, Rajnagar Society, Paldi, Ahmedabad, Phone: 079-26629500 Email: cmr@nid.edu

Fees / Year : Rs. 2,10,800

આ પ્રકારના ક્ષેત્રોમાં કામના પ્રકાર અને વ્યવસાય ક્ષેત્રોનાં નામ નીચે આપેલ છે.

આ સિવાય પણ બહુ બધા પ્રકારનાં કામ અને વ્યવસાયની તકો આ ક્ષેત્રમાં રહેલી છે

WORK TYPE (કામના પ્રકાર)

- Print media
- Digital media
- Advertising & marketing
- Character Designers
- Photo and Video Editing.
- Game Designing
- Leading Corporate
- 3D visualisers
- Animation professionals
- Motion graphics designers
- Pre production artists
- Digital content producer
- Digital consultant
- Packaging industry
- UX/UI designers
- Web designers
- Art directors
- Teachers
- Visual effects artists
- Digital artists

WORK AREAS

- Design Firms
- Digital Media Professionals
- Colleges or Schools
- Arts Classes or Coaching Institutes
- Studios
- Manufacturing Units (for Designing work)

આ સિવાય પણ બહુ બધાં પ્રકારનાં કામ અને વ્યવસાયની તકો આ ક્ષેત્રમાં રહેલી છે જેમ કે તમે તમારો પોતાનો કંઇક વ્યવસાય પણ શરૂ કરી શકો છો.

એ-૧૦૦૬, ટિટાનિયમ સિટી સેન્ટર
સીમા હોલની સામે,
શ્યામલ ચાર રસ્તા, અમદાવાદ.
મો-૭૭૭૯૦૫૭૫૪૧

30 હોટેલ મેનેજમેન્ટમાં પણ કારકિર્દી બનાવી શકાય

– વિકાસ વર્તુળ ટ્રસ્ટ

ભારતીય સનાતન હિન્દુ સંસ્કૃતિમાં અતિથિને દેવ સમાન ગણવામાં આવ્યા છે. અતિથિને અહીં સહજ ઉમળકા સાથે સત્કાર અપાય છે. તેની આગતા-સ્વાગતા થાય છે. મહેમાનને માટે વિશિષ્ટ ભોજનની વ્યવસ્થા થાય છે. અને પ્રેમથી જમાડવામાં આવે છે. અતિથિ દેવો ભવની આ પરંપરા હવે એક વ્યવસાય સ્વરૂપે આજે પ્રચલિત છે. વર્તમાન સમયમાં લોકો દ્વારા પ્રવાસ સતત થતો રહે છે. ભાગદોડના સમયમાંથી માણસને થોડા દિવસો - કહો કે એક-બે દિવસનો પણ નવરાશનો સમય મળી જાય તો માણસ નાની એવી ટ્રીપ ગોઠવી નાખે છે. અને ફરવું કોને ન ગમે! એમાંય ભારત જેવા ભરચક વિવિધતા ધરાવતા દેશમાં કોઈપણ રાજ્યના કોઈપણ સ્થળની આસપાસ હવા ખાવાલાયક સ્થળ, ધાર્મિક સ્થળ, ઐતિહાસિક સ્થળ, વોટરપાર્ક કે એસેલવર્લ્ડ જેવાં એન્ટરટેઈનમેન્ટના સ્થળ વગેરે અનેક વિશેષતા ધરાવતાં સ્થળ મળી રહે છે. જેને કારણે વર્ષે ભારતમાં ૩૦ લાખથી વધુ વિદેશી પ્રવાસીઓ આવે છે. જો કે હવે પ્રવાસ માત્ર આનંદ-પ્રમોદ માટે જ થતો નથી. આર્થિક ક્ષેત્રે છેલ્લા એક દાયકામાં બદલાયેલા પરિદૃશ્યને કારણે બિઝનેસ હેતુથી કે નોકરીના કામે એક દેશમાંથી બીજા દેશમાં અને ભારતમાં જ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં અથવા એક શહેરમાંથી બીજા શહેરમાં જનારા એક્ઝિક્યુટિવ્ઝ અને એન્ટરપ્રિન્યોર્સની સંખ્યા ઓછી નથી અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે.

આ બધાં કારણોથી પ્રવાસન ઉદ્યોગનો વિકાસ તો થયો જ છે, પરંતુ તેની સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલ હોટેલ ઉદ્યોગનો પણ ખૂબ જ ઝડપથી વિકાસ થયો છે, થઈ રહ્યો છે. દરેક પ્રવાસી માટે પાયાની જરૂરિયાત જે-તે સ્થળે રહેવાની-જમવાની છે, જેને પૂરી કરવાનું કાર્ય હોટેલ ઉદ્યોગ કરે છે.

હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રી તરીકે ઓળખાતા હોટેલ અને કેટરિંગ ઉદ્યોગની ઉપયોગિતા આજે માત્ર આનંદપ્રમોદ(Leisure) માટે પ્રવાસ કરનારા પ્રવાસીઓ માટે જ સીમિત રહી નથી. કોર્પોરેટ ક્ષેત્રે આવી રહેલા પરિવર્તનોની અસર અહીં પણ વર્તાય છે. વિવિધ પ્રકારના બિઝનેસ ફંક્શનો માટે હોટેલનો ઉપયોગ થાય છે. કોર્પોરેટ જગતની કંપનીઓ તેમની બોર્ડની મિટિંગ, કોન્ફરન્સ, સેમિનાર, વગેરેનું આયોજન હોટેલમાં કરે છે. આ ઉપરાંત પ્રતિષ્ઠિત કંપનીઓ સ્ટાફની ભરતી માટે ખાસ કરીને માર્કેટિંગ ક્ષેત્રમાં અને એમાંય ખાસ કરીને મેડિકલ રેપ્રઝેન્ટેટિવની ભરતી માટે પણ હોટલોનો જ ઉપયોગ કરે છે. વિવિધ પ્રકારના એક્ઝિબિઝન(પ્રદર્શનો) પણ હોટેલમાં યોજાય છે.

હવે તો સામાજિક અને કૌટુંબિક પ્રસંગો પણ હોટેલમાં યોજાય છે. નાના-મોટા પ્રસંગે, જન્મદિવસ નિમિત્તે હોટેલમાં પાર્ટી આપવાનું હવે પ્રચલિત બનતું જાય છે.

હોટેલરિંગ (Hoteliering) મૂળભૂત રીતે સેવા ઉદ્યોગ (Service Industry) છે. હોટેલના પ્રકાર જોઈએ તો જુદી જુદી સગવડતા-સવલતોને આધારે સ્ટાર રેટિંગ મેળવેલ હોટેલ, એરપોર્ટ હોટેલો, રેસ્ટોરન્ટસ, હાઈ-વે હોટેલ, હોલિડે કેમ્પસ, ક્લબ, રિસોર્ટ્સ, તરતી હોટેલ, પેલેસ હોટેલ, મોટેલ વગેરે. આ ઉપરાંત ટ્રેઈન-બસ-વિમાન મુસાફરી દરમ્યાન યાત્રીઓને અપાતી કેટરિંગ સર્વિસ, શાળા-કોલેજો, ઓફિસ-ફેક્ટરી વગેરેમાં અપાતી ફૂડ સર્વિસ પણ એક પ્રકારે આ હોટેલનો જ એક પ્રકાર ગણી શકાય. કેવા પ્રકારની કામગીરી હોય છે આ હોટેલોમાં ?

કોઈપણ પ્રકારની હોટેલમાં, આવનાર મહેમાનો-

ગ્રાહકોને સારામાં સારી સુવિધા આપવા માટે કેટલાક મહત્ત્વના વિભાગોમાં કામગીરીની વહેંચણી કરવામાં આવે છે. આપણે આ વિવિધ વિભાગોની કામગીરી ક્રમશઃ જોઈએ.

ફ્રંટ ઓફિસ :

હોટેલમાં આવતા મહેમાનને આવકારવાનું સૌપ્રથમ કાર્ય આ વિભાગના લોકો કરે છે. ફ્રંટ ઓફિસ મેનેજર હોટેલ માટે રૂમ રિઝર્વેશન તથા રૂમ એસાઈન્મેન્ટસનું સંકલન જુએ છે અને ફ્રંટ ડેસ્ક સ્ટાફને તાલીમ અને નિર્દેશ આપે છે. મહેમાનોને વિનમ્રતાપૂર્વક અને પ્રભાવશાળી રીતે આવકારવા, તેમની ફરિયાદો અને સમસ્યાઓ ઉકેલવી, વિશેષ સેવા પૂરી પાડવી વગેરે કામગીરી આ વિભાગના લોકો કરે છે.

ફ્રંટ ઓફિસ મેનેજર તેમના વિભાગ હેઠળના રિસેપ્શનીસ્ટ ક્લર્ક, રિઝર્વેશન ક્લર્ક, ઈન્ફર્મેશન આસિસ્ટન્ટ, બેલ કેપ્ટન, બેલબોય અને ડોરમેનના કાર્યોની દેખરેખ રાખે છે અને જરૂર પડ્યે સલાહસૂચન કરે છે.

હાઉસ કીપિંગ :

હોટેલ એક મોટું ઘર છે. આથી જેમ ઘરની સાફ-સફાઈ સહિતની માવજત લેવાય છે તેવી જ રીતે હોટેલની માવજત પણ મોટાપાયે કરવી જરૂરી છે અને એટલે જ દરેક હોટેલમાં હાઉસ કીપિંગ વિભાગ હોય છે. જેના માણસો રૂમ, હરવાફરવા માટેની જગ્યા, લોબી, રેસ્ટોરન્ટ, ડાઈનિંગ હોલ અને પાર્ક(ઉદ્યાન) વગેરેની સફાઈ, સ્વચ્છતા, માવજતનું કામ કરે છે. આ ઉપરાંત આ વિભાગ ઈન્ટિરીયર એટલે કે રૂમ, રેસ્ટોરન્ટ, ડાઈનિંગ હોલ વગેરેમાં ફૂલો, કૂંડામાં વાવેલા રોપા અને કલાત્મક ચિત્રો સાથે યોગ્ય સાજ-સજાવટ પણ કરે છે. આ વિભાગનું સંપૂર્ણ સંચાલન એક્ઝિક્યુટિવ હાઉસકીપર કરે છે.

એક્ઝિક્યુટિવ હાઉસકીપર મહેમાનોના રૂમમાં પથારીથી માંડીને બેઠક વ્યવસ્થા, ટેબલ ક્લોથ, નેપ્કિન, બાથરૂમ વગેરેમાં સાબુ, ટુવાલ વગેરે જરૂરી સામગ્રીની વ્યવસ્થા, કપડાં ઈસ્ત્રી કરવા વગેરે તમામ બાબતો પર ધ્યાન આપે છે.

ફૂડ એન્ડ બેવરેજીસ :

ફૂડ એન્ડ બેવરેજીસ મેનેજર હોટેલના ભોજન વિભાગની વિવિધ સવલતોનું સંચાલન અને નિયમન કરે છે. તે મહેમાનોને પસંદ પડે તેવા આકર્ષક મેનુ (Menu) તૈયાર કરે છે. અને તેના ખર્ચને અનુરૂપ દરેક આઈટેમની કિંમત નક્કી કરે છે, ભોજનની દરેક આઈટમ અને અન્ય પુરવઠાના અસરકારક ઉપયોગ તરફ લક્ષ્ય આપે છે, અને સૌથી મહત્ત્વની બાબત ફૂડ ક્વોલિટી અર્થાત્ ખાવાની દરેક વસ્તુની ગુણવત્તા જાળવવાનું કામ કરે છે. દરેક મહેમાનને શક્ય એટલી ઝડપથી સેવા પૂરી પાડવા તે આ વિભાગના માણસોને તૈયાર કરે છે, તાલીમ આપે છે.

આ વિભાગનું મુખ્ય કામ કિચન અને રસોઈઘરમાં હોય છે. જેનો સંપૂર્ણ કારોબાર શેફ ડી ક્યુસાઈન(Chef de cusine) હસ્તક હોય છે.તેને મદદ કરવા અને સંકલન જાળવવા માટે સાઉસ-ચેફ (SousChef) હોય છે. આ વિભાગના ઈન્ચાર્જ શેફ ડી પેર્તીસ (Chef de Partis) હોય છે. જ્યાં મહેમાનો ભોજન માટે બેસે છે તે ડાઈનિંગ હોલનો સંપૂર્ણ હવાલો મેઈટર ડી હોટેલ (Maitre de Hotel) પાસે હોય છે. જે વ્યક્તિ ભોજન (Food) પીરસે છે તેને ડેમી શેફ ડી રેન્જ (Demi Chef de Range) અથવા સ્ટુઅર્ડ કહે છે. બાર્ટેન્ડર ડ્રિંક્સ આપે છે.

આ ઉપરાંત ફૂડ સર્વિસ મેનેજરે તેમના વિભાગ માટે જરૂરી ટેબલ વેર, પેપર, ક્લીનિંગ સપ્લાય, રસોઈ માટેનાં વાસણો, ફર્નિચર વગેરેની ખરીદી અંગે પણ નિર્ણયો લેવાના રહે છે. રસોઈકામ માટે જરૂરી ઉપકરણો અને તેના રિપેરિંગ સંબંધી બાબતો પણ તેણે તપાસવાની રહે છે. રેસ્ટોરન્ટસ હોટેલોમાં સાંજે અને શનિ-રવિમાં લોકોનો ધસારો વધુ જોવા મળે છે તે બાબતને પણ આ વિભાગે ખ્યાલ રાખવાનો હોય છે.

એકાઉન્ટિંગ : અન્ય ઉદ્યોગોની જેમ હોટેલ ઉદ્યોગમાં પણ સ્ટાફ, મટિરિયલ, વેચાણ, મેઈન્ટેનન્સ વગેરે હોય છે. નાણાં સતત આવતાં રહે છે અને ખર્ચ પણ થતો રહે છે. હોટેલની આ નાણાકીય બાબતો એકાઉન્ટિંગ વિભાગ સંભાળે છે.

આ સિવાય પણ અનેક વિભાગો છે જેના દ્વારા હોટેલમાં મહેમાનો-ગ્રાહકોને સવલતો-સગવડો પૂરી પાડવામાં આવે છે.

હોટેલ ઉદ્યોગ અને તેની કામગીરી વિશે આટલું જાણ્યા પછી ઉપરોક્ત પૈકી કોઈપણ વિભાગમાં કામ કરવાની તમન્ના ધરાવતા હો તો તેને માટેના ઘણા માર્ગો છે. હોટેલ ઉદ્યોગમાં નોકરી મેળવવા કે વ્યવસાય કરવા માટે આ ક્ષેત્ર સંબંધી કોર્સ કરવો જરૂરી નથી. પરંતુ જો ભણ્યા હોઈએ તો અવશ્ય ઉપયોગી થાય છે.

ધો. ૧૦ પછી આ ક્ષેત્રમાં આવવા માગતા વિદ્યાર્થીઓ માટે દેશભરમાં પથરાયેલી ફૂડક્રાફ્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે ફ્રંટ ઓફિસ ઓપરેશન એન્ડ હોટેલ એકાઉન્ટિંગ, ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ, ફૂડ એન્ડ બેવરેજીસ સર્વિસ, હોટેલ રિસેપ્શન એન્ડ બૂક-કીપિંગ, રેસ્ટોરન્ટ એન્ડ કાઉન્ટર સર્વિસસીઝ, કૂકરી ક્રાફ્ટ, પ્રિઝર્વેશન, કેનિંગ એન્ડ ફૂડ પ્રોસેસિંગ, બેકરી એન્ડ કન્ફેક્શનરી, હાઉસ કીપિંગ, સેક્રેટરિયલ પ્રેક્ટિસ, ઓફિસ મેનેજમેન્ટ, PABX સ્વીચ બોર્ડ ઓપરેશન્સ ડિપ્લોમા(૬ મહિનાથી ૨ વર્ષ), બ્યૂટી કલ્ચર/ કોસ્મેટોલોજી વગેરે ૬ મહિનાથી એક વર્ષના સમયગાળાના અઢળક કોર્સ થાય છે. જો કે ગુજરાતમાં આ બધા કોર્સ નેશનલ કાઉન્સિલ ઓફ હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજી દ્વારા સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ, કેટરિંગ ટેકનોલોજી એન્ડ એપ્લાઈડ ન્યુટ્રિશન(અમદાવાદ) ખાતે ઉપલબ્ધ છે.

ધો. ૧૨ પછી આ ક્ષેત્રમાં તક વધી જાય છે. ભારત સરકારના પ્રવાસન મંત્રાલય હેઠળ નેશનલ કાઉન્સિલ ફોર હોટેલ મેનેજમેન્ટ કેટરિંગ ટેકનોલોજી (NCHMCT) દ્વારા દેશભરમાં ૨૨ શહેરોમાં તેના સંસ્થાનો (Institutes) ખાતે ડિપ્લોમા પ્રોગ્રામ ઈન હોટેલ મેનેજમેન્ટનો ત્રણ વર્ષનો કોર્સ ઉપલબ્ધ છે. જેમાં કોઈપણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે ધો. ૧૨ પાસ ઉમેદવાર પ્રવેશપાત્ર છે. વિદ્યાર્થીની ઉંમર જે-તે વર્ષે ૧ જુલાઈએ ૨૨ વર્ષથી વધુ ન હોવી જોઈએ. SC/ST ઉમેદવાર ૨૫ વર્ષની ઉંમર સુધી આ કોર્સમાં જોડાઈ શકે છે. દેશભરના તમામ સંસ્થાનોમાં પ્રવેશ માટે એક જ પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ અપાય છે જેમાં કુલ બેઠકોના ૧૫ ટકા SC માટે અને ૭.૫ ટકા બેઠકો ST માટે અનામત છે.

૩ વર્ષના આ ડિપ્લોમા અભ્યાસક્રમ દરમ્યાન પ્રથમ વર્ષે પ્રયોગશાળાના માહોલમાં વિદ્યાર્થીને રસોઈ બનાવવી, ટેબલ પર ફૂડ સર્વ કરવું, હોટેલરૂમની પથારી વ્યવસ્થિત કરવી વગેરે તથા હોટેલ અને પ્રવાસન સંબંધી મૂળભૂત બાબતો શીખવાય છે. દરરોજ પ્રેક્ટિકલ અને થિયરી ભણવાની રહે છે.

બીજા વર્ષના પ્રથમ છ મહિના વિદ્યાર્થીઓને હોટેલમાં જીવંત વાતાવરણમાં તેમનું કૌશલ્ય (Skill) કેળવવાની તક અપાય છે. જે-તે હોટેલમાં આ માટેની વ્યવસ્થા સંસ્થાન દ્વારા જ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ આ દરમ્યાન વિવિધ ભારતીય ફૂડ બનાવતા શીખે છે.

ત્રીજા વર્ષે અંતિમ તબક્કામાં વિદ્યાર્થીને હોટેલ ઉદ્યોગ સંબંધી ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ, સેલ્સ, માર્કેટિંગ વગેરે બાબતો શીખવાય છે. વિદ્યાર્થીઓ જ્યાં ભણે તે ઈન્સ્ટિટ્યૂટમાં જ મેસ પ્રોક્ટર, હોસ્ટેલ પ્રોક્ટર વગેરેની ભૂમિકા દ્વારા તથા સ્ટુડન્ટ યુનિયનના સેક્રેટરી, પ્રેસિડન્ટ, જનરલ સેક્રેટરી વગેરેની ભૂમિકા દ્વારા જવાબદારી વહન કરવાનું શીખે છે.

પ્રવેશ માટેની જાહેરાત ડિસેમ્બર-જાન્યુઆરીમાં આવે છે અને પ્રવેશ પરીક્ષા માર્ચ-એપ્રિલમાં આપવાની હોય છે. જો કે અમુક સંસ્થાઓ ધો. ૧૨ના પરિણામના સમયે પણ જાહેરાત આપતી હોય છે. પ્રવેશ પરીક્ષામાં (૧) રીઝનિંગ એન્ડ લોજિકલ ડિડક્શન (૨) ન્યૂમેરિક્સ એબિલિટી એન્ડ સાયન્ટિફિક એપ્ટિટ્યૂડ (૩) જનરલ નોલેજ અને (૪) ઈંગ્લિશ લેંગ્વેજના પ્રશ્નો પૂછાય છે. અંગ્રેજી /હિન્દી ભાષામાં પરીક્ષા આપી શકાય છે.

પ્રવેશ પરીક્ષામાં સફળ થનાર વિદ્યાર્થીને ઈન્ટર્વ્યૂ માટે દિલ્હી, કોલકત્તા, ચંદીગઢ, ચેન્નઈ, લખનૌ અને મુંબઈ ખાતે બોલાવાય છે. લેખિત પરીક્ષા અને ઈન્ટર્વ્યૂ બન્નેને આધારે અંતિમ પસંદગી થાય છે. ગુજરાતમાં આ કોર્સ અમદાવાદ ખાતે ઉપલબ્ધ છે.

કેટલીક સંસ્થાઓ દ્વારા હોટેલ મેનેજમેન્ટ અંગેના ચાર વર્ષના ડિગ્રી કોર્સ પણ થાય છે. ગુજરાતમાં રાજકોટ ખાતે આવેલ વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ દ્વારા આવો જ ચાર વર્ષનો હોટેલ મેનેજમેન્ટ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ કોર્સ ઉપલબ્ધ છે. જેમાં વિજ્ઞાન, વાણિજ્ય, કલા પૈકી કોઈપણ ક્ષેત્રમાં ૪૫ ટકા સાથે ધો. ૧૨ પાસ ઉમેદવાર પ્રવેશપાત્ર છે. મોટે ભાગે અન્ય સંસ્થાઓમાં ધો. ૧૨માં ૫૦ ટકા જરૂરી છે. આ ડિગ્રી કોર્સના અંતે પ્રોજેક્ટ વર્ક પણ કરવાનું રહે છે. હોટેલ મેનેજમેન્ટ ક્ષેત્રે ગુજરાતમાં ડિગ્રી કક્ષાનો આ સૌ પ્રથમ કોર્સ રાજકોટની આ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.

અંગ્રેજી વિષય સાથે ૪૫% હોય તેવા વિજ્ઞાન કે સામાન્ય પ્રવાહના ધો. ૧૨/સ્નાતક થયેલા ઉમેદવારો માટે આ ઈન્સ્ટિટ્યૂટ ખાતે એક વર્ષનો સર્ટિફિકેટ કોર્સ ઈન એકોમોડેશન ઓપરેશન એન્ડ ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ પણ ઉપલબ્ધ છે. જેમાં પ્રથમ છ માસમાં ફ્રંટ ઓફિસ પ્રોસિજર્સ, હાઉસ કીપિંગ મેનેજમેન્ટ, હોટેલ એકાઉન્ટન્સી, હોટેલ કમ્યૂનિકેશન, ઈન્ટિરિયર ડિઝાઈનિંગ વગેરે વિષયો ભણવાના રહે છે. છ માસ બાદ

૨૨ સપ્તાહની ઘનિષ્ટ ઔદ્યોગિક તાલીમ માટે વિદ્યાર્થીને ઈન્સ્ટિટ્યૂટ મારફતે જ સ્ટાર હોટેલોમાં મોકલવામાં આવે છે. આ કોર્સમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. હોટેલ ઉદ્યોગમાં અંગ્રેજી ભાષાનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે રિસેપ્શનીસ્ટથી માંડીને મોટા ભાગના લોકોએ આવનારા મહેમાન સાથે વ્યક્તિગત કે ફોન પર અંગ્રેજી ભાષામાં વાતચીતનું સ્તર સુધારવા માટે રાજકોટના આ સંસ્થાન દ્વારા 'બિઝનેસ ઈંગ્લિશ સર્ટિફિકેટ' કોર્સ પણ થાય છે. ટૂંકાગાળાના આ કોર્સ બાદ કેમ્બ્રિજ યુનિવર્સિટી (બ્રિટન)નું સર્ટિફિકેટ મળે છે.

હોટેલ મેનેજમેન્ટ ક્ષેત્રે ૩ વર્ષના ડિગ્રી કોર્સ પણ કરી શકાય છે. દેશભરમાં પ્રસિદ્ધ વેલકમ ગ્રૂપ ઓફ હોટેલ્સ દ્વારા મનિપાલ ખાતે ૩ વર્ષનો બેચલર ઓફ હોટેલ એડમિનિસ્ટ્રેશન કોર્સ થાય છે. જેમાં ૫૦ ટકા સાથે ધો. ૧૨ પાસ પ્રવેશપાત્ર છે. લેખિત પરીક્ષા, ગ્રૂપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂ દ્વારા પ્રવેશ અપાય છે. અભ્યાસ પછી આ ગ્રૂપની હોટેલોમાં નોકરીની તક મળે છે. અહીં ભણવા માટે મેરિટના આધારે ITC દ્વારા સ્કોલરશીપ પણ મળે છે.

તાજ ગ્રૂપ ઓફ હોટેલ્સ નવી દિલ્હી ખાતે બે વર્ષનો ગ્રેજ્યુએટ મેનેજમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવે છે. પ્રથમ વર્ષમાં દર મહિને રૂ.૪૫૦૦નું સ્ટાઈપેન્ડ તથા બીજે વર્ષે રૂ. ૫૦૦૦નું સ્ટાઈપેન્ડ અપાય છે.

ઓબેરોય હોટેલ્સે આ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માગતા વિદ્યાર્થીઓ માટે અલગથી ઓબેરોય સેન્ટર ઓફર લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ સ્થાપ્યું છે. જેમાં ૩ વર્ષનો હોટેલ ઓપરેશન્સ એન્ડ મેનેજમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ, ૩ વર્ષનો સિનિયર કિચન ટ્રેનિંગ પ્રોગ્રામ, ૨ વર્ષનો હાઉસ કીપિંગ એક્ઝિક્યુટિવ ટ્રેનિંગ પ્રોગ્રામ અને ૨ વર્ષનો મરક્યુરી ટ્રાવેલ્સ મેનેજમેન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ ભણાવાય છે. આ કોર્સમાં પ્રવેશ માટે સ્નાતક અથવા ડિપ્લોમા ઈન હોટેલ મેનેજમેન્ટ પાસ પ્રવેશ પાત્ર છે. લેખિત પરીક્ષા વત્તા ઈન્ટરવ્યૂ અને વિવિધ ટેસ્ટ દ્વારા પ્રવેશ અપાય છે.

આ ઉપરાંત વિવિધ ઈન્સ્ટિટ્યૂટમાં અનુસ્નાતક કક્ષાએ પણ વિવિધ કોર્સ ઉપલબ્ધ છે. સ્પેશ્યાલાઈઝ્ડ હોટેલ મેનેજમેન્ટ, ટીચિંગ ઓફ હોટેલ મેનેજમેન્ટ, ડિપ્લોમા ઈન ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ, હોટેલ એડમિનિસ્ટ્રેશન વગેરે જુદા જુદા નામે કોર્સ થાય છે. નવી દિલ્હી અને મુંબઈ ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ, કેટરિંગ ટેકનોલોજી એન્ડ એપ્લાઈડ ન્યુટ્રિશન દ્વારા હોટેલ મેનેજમેન્ટ ક્ષેત્રે ડિપ્લોમા કોર્સ પછી એક વર્ષથી છ મહિના સુધીના સમયગાળાના કોર્સ ઉપલબ્ધ છે. જેના દ્વારા વિશેષ તાલીમ મેળવી શકાય છે. અહીં ફૂડ પ્રોડક્શન મેનેજમેન્ટ/ ડાઈટેટિક્સ એન્ડ ન્યુટ્રિશન / ટીચિંગ ઓફ હોટેલ મેનેજમેન્ટ/ હાઉસ કીપિંગ / ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ 'ફ્રંટ ઓફિસ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ/ સ્પેશ્યલાઈઝ્ડ હોટેલ મેનેજમેન્ટ જેવા વિષયોમાં સ્પેશ્યલાઈઝેશનની તક મળે છે.

હોટેલ ઉદ્યોગ ક્ષેત્રમાં રસ ધરાવતા કોઈપણ વિદ્યાર્થી વિવિધ કોર્સ દ્વારા કારકિર્દી બનાવી શકે છે. આમ છતાં આ ક્ષેત્રમાં રહેલી કામગીરીને આધારે વિદ્યાર્થી પાસે કેટલાક પ્રકારના ગુણો (Characteristics) અપેક્ષિત હોય છે. હોટેલ ઉદ્યોગમાં આવનાર વિદ્યાર્થીનું વ્યક્તિત્વ આકર્ષક હોવું જોઈએ. સર્જનાત્મકતા અને સખત કામ કરવાની તેની તૈયારી જોઈએ. આ ક્ષેત્રમાં સતત લોકો સાથે કામ કરવાનું હોય છે. આથી લોકો સાથે વાતચીત કરવાની યોગ્ય આવડત, શિસ્ત, કુશળતા જરૂરી છે. હોટેલિયરિંગ એ કારકિર્દી નથી, પણ એક જીવન પદ્ધતિ-લાઈફ સ્ટાઈલ છે. બાહ્ય વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિને આ ક્ષેત્રમાં કામ કરવાનો આનંદ આવે છે અને તેનો વિકાસ પણ થાય છે.

હોટેલ મેનેજમેન્ટ ક્ષેત્રે ઉપરોક્ત પૈકી કોઈપણ અભ્યાસક્રમ પછી નોકરી માટેની તક ઘણી જ ઉજળી છે. આ ક્ષેત્રે ભારતમાં હજુ જોઈએ એટલો વિકાસ પણ થયો ન હોવાથી આ ક્ષેત્રના વિકાસની પણ ઉજ્જવળ તકો છે. ભારત સાંસ્કૃતિક ક્ષેત્રની જેમ ભૌગોલિક ક્ષેત્રે પણ ખૂબ જ વિવિધતા ધરાવતો વિશાળ દેશ છે. કાશ્મીરથી

કન્યાકુમારી અને કચ્છથી કોલકત્તા સુધી અનેક પ્રવાસી સ્થળ, હવા ખાવાલાયક સ્થળ, ધાર્મિક સ્થળ, ઐતિહાસિક સ્થળ આવેલા છે. જે દુનિયાભરના પ્રવાસીઓને આકર્ષે છે. વિશ્વનો સૌથી ઝડપથી વિકસી રહેલો ઉદ્યોગ પ્રવાસન ઉદ્યોગ છે. જેની સાથે હોટેલ ઉદ્યોગ સીધી રીતે સંકળાયેલો છે.

વળી, દેશમાં પણ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લોકોનો પ્રવાસ, અવરજવર વધી ગયાં છે. બિઝનેસ પ્રવૃત્તિ વધતા સતત પ્રવાસ કરનારાઓની સંખ્યા ઘણી વધી છે, જે પ્રવાસન ક્ષેત્રની સાથે હોટેલ ઉદ્યોગનો વિકાસ દર્શાવે છે. આ બધા યાત્રીઓને રહેવા-જમવાની સગવડો આપવાનું કામ હોટલોનું છે.

આ ઉપરાંત હોટેલ ઉદ્યોગને સંલગ્ન અન્ય ક્ષેત્રોમાં પણ રોજગારના અવસર છે. હોટેલ મેનેજમેન્ટનો કોર્સ કર્યા પછી રેલવે, હોસ્પિટલ, એરલાઈન સેવા, મોટેલ, હોટેલો, રિસોર્ટ, રક્ષા સેવા, નાના રેસ્ટોરન્ટસ, ઔદ્યોગિક કેન્ટિન સહિતના જ્યાં જ્યાં લોકોના નિવાસી માટે કે તેમને સુંદર-સ્વાદિષ્ટ ભોજન પીરસવા માટેની વ્યાવસાયિક સેવા અપાતી હોય તે તમામ સ્થળે હોટેલ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને નોકરી મળી શકે છે. શરૂઆતમાં આ ક્ષેત્રે અલગ અલગ નોકરી કરી તમે તમારો સ્વતંત્ર વ્યવસાય પણ વિકસાવી શકો છો. આ તમામ બાબતો વિચારીને કેટલીક સારી એવી હોટેલોમાં જઈ તેના માહોલનો અનુભવ કર્યા પછી જો રસ પડી જાય તો આ ક્ષેત્રમાં તમે યશસ્વી કારકિર્દી ઘડી શકશો એ નિશ્ચિત છે.

વિકાસ વર્તુળ ટ્રસ્ટ,
ભાવનગર.

હોટલ ટૂરિઝમ

હોટેલ મેનેજમેન્ટ- ૧ વર્ષ

૧.રેસ્ટોરન્ટ કાઉન્ટર સર્વિસ

૨. હોટેલ હાઉસકીપિંગ

રાસ ફૂડ ક્રાફ્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સેલવાસ

સર્ટિફિકેટ કોર્સ ૬ થી ૧૨ માસ

૧. હોટલ મેનેજમેન્ટ

૨. રિસેપ્શન- કોમ્યુનિકેશન સર્વિસીઝ

૩. ફૂડ પ્રોસેસિંગ એન્ડ પ્રિઝર્વેશન

૪. રેસ્ટોરન્ટ એન્ડ કાઉન્ટર સર્વિસીઝ

૫. કોમર્શિયલ કૂકરી

૬. રેસ્ટોરન્ટ એન્ડ કાઉન્ટર સર્વિસીઝ

૧. ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, બૌદ્ધિગ્રામ

૨. વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૂરિઝમ મેનેજમેન્ટ, બૌદ્ધિગ્રામ, કુચિયાદડ-રાજકોટ
૦૨૮૧-૩૨૦૩૦૦૬/૮૮૬૬૨૫૦૦૪૯/૫૦
www.vihtm.com

૩. એશિયા પેસિફિક ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ www.apimindid.net

૩૧ જળ સામુદ્રિક વિજ્ઞાન (મરીન સાયન્સ) ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસની તકો

– રમેશચંદ્ર ભાયાણી

આજે દરેક યુવાન પોતાની કારકિર્દીની પસંદગી કેવી રીતે કરવી તે અંગે મુંઝવણ અનુભવતો હોય છે. આને કારણે કોઈવાર મળતી સલાહો કે બીજાની દોરવણીથી દોરવાઈ ખોટી કારકિર્દી પસંદ કરે છે જેને લીધે આખી જિંદગી અફસોસ કરે છે. તેને બદલે કોઈપણ ક્ષેત્રમાં કારકિર્દીના નિર્માણ અંગેની સમજ હોવી જોઈએ. કારણ કે આ અંગેનો નિર્ણય લેવાનો હોય તેની અસર સમગ્ર જીવન પર પડવાની પૂરી સંભાવના છે. આથી કારકિર્દી એવી પસંદ કરો કે તમને મજા પડે. આવી જ કારકિર્દીનું ક્ષેત્ર છે મરીન એન્જિનિયરિંગ અને મરીન સાયન્સ.

મરીન એન્જિનિયરિંગ અને મરીન સાયન્સ સમુદ્રના પાણીમાં તરતા જહાજો, ક્રુઝશીપ તથા ઉદ્યોગોને મદદરૂપ થતા વિવિધ પ્રકારના માલવાહક જહાજો વગેરે માટે તેમની ડિઝાઈન તૈયાર કરવી, તેનું ઉત્પાદન કરવું તેની જાળવણી કરવી, ઓઈલ પ્લેટફોર્મ તૈયાર કરવાં તેમજ તેમાં વપરાતાં બળતણોનો અભ્યાસ, જ્યારે મરીન સાયન્સમાં સમુદ્રની સપાટીમાં થતા ફેરફારો, તાપમાનમાં થતા ફેરફારો, સમુદ્રમાં રહેતા વિવિધ પ્રકારના જીવો જેને મરીન બાયોલોજી કહેવાય સમુદ્રના પાણીમાં રહેલા વિવિધ રસાયણો, પરવાળાઓ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે.

મરીન સાયન્સ અને મરીન એન્જિનિયરિંગના અભ્યાસ માટે ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ ભૌતિકશાસ્ત્ર,રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રના વિષયો હોવા જોઈએ તેમજ તેમાં ૬૦ ટકા ગુણ હોવા જોઈએ. ઉપરાંત અંગ્રેજી વિષયમાં ૫૦ ટકા ગુણ હોવા જરૂરી છે. અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં

જોડાવા માટે સ્નાતક કક્ષાના એન્જિનિયરિંગ તેમજ બી. એસસી. હોવું જરૂરી છે. આ ઉપરાંત JEE મેઈન તથા એન્જિનિયરિંગ ક્ષેત્રમાં લેવાતી GATE વગેરે જાહેર પરીક્ષા પાસ કરવી જરૂરી બને છે.

મરીન એન્જિનિયરિંગ અભ્યાસ માટે ખાસ પ્રકારની શારીરિક ક્ષમતા મેડિકલના નિયમો પ્રમાણે હોવી જરૂરી છે. ઉંમર ૧૭ થી ૨૫ વર્ષની હોવી જોઈએ. પછાત તેમજ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ૫ ટકા ગુણની છૂટ આપવામાં આવે છે. ઉપરાંત રંગઅંધતા, સાંભળવાની ક્ષતિ ન હોવી જોઈએ. ઊંચાઈ ૧૫૦ સે.મી. અને વજન ૪૫ કિ.ગ્રા. હોવું જોઈએ. માનસિક શક્તિ પ્રબળ કૌશલ્યતા પણ હોવી જોઈએ. પસંદગી પામેલ વિદ્યાર્થીએ મેડિકલની પરીક્ષામાં પાસ થવું જરૂરી છે. છેલ્લી પસંદગી સમયે વિદ્યાર્થી અવિવાહિત હોવો જોઈએ.

મરીન એન્જિનિયરિંગ અભ્યાસમાં કોઈપણ શીપની સિસ્ટિમની જાણકારીનું જ્ઞાન આપવામાં આવે છે. સ્ટીયરિંગ શીપની કંટ્રોલ સિસ્ટિમ, તેમાં વપરાતાં બળતણો, ગેસ ટર્બાઈન ડિઝલ એન્જિન તેમજ ન્યુક્લિયર રિએક્ટર વગેરેનો સમાવેશ થાય છે.

મરીન એન્જિનિયરિંગનો અભ્યાસ પૂરા થયા બાદ તરત નોકરી મળી જાય છે. તેઓને ખાસ કરીને શીપિંગ કંપનીઓ, ઈન્ડિયન નેવીમાં, શીપયાર્ડમાં, એન્જિનની ડિઝાઈન બનાવતી કંપનીમાં, વિવિધ વિશ્વવિદ્યાલયમાં આઈ.આર. એમ.ઓફ સોર, મરીન એન્જિનિયરિંગ પ્રા.લિ., વાનસોન એન્જિનિયરિંગ પ્રા.લિ., વ્હીલમેન મેરીટાઈમ સર્વિસ પ્રા.લિ., આ ઉપરાંત વિદેશી કંપનીઓમાં નોકરી કરવાની તક મળે છે.

મરીન એન્જિનિયરિંગ ક્ષેત્ર તેમજ મરીન સાયન્સમાં ઉચ્ચ અભ્યાસક્રમ કર્યા બાદ વાર્ષિક લગભગ રૂ. ૩.૫૮ લાખથી રૂ. ૩૭.૦૩ લાખ જેટલો પગાર મળે છે.

મરીન સાયન્સમાં મરીન બાયોલોજિસ્ટનો અભ્યાસક્રમ પણ ચાલે છે. જેમાં મરીન બાયોલોજિસ્ટનું મૂળ કામ સમુદ્રની અંદરની વનસ્પતિ (દા. આલ્ગી-લીલ-સેવાળ) અને જળચર પ્રાણીઓનો અભ્યાસ, સંરક્ષણ અને તે અંગેની વ્યવસ્થા કરવાનું હોય છે.

અભ્યાસના સ્થળો :

ક્રમ	સંસ્થા	અભ્યાસક્રમ	પ્રવેશ લાયકાત
૧	આંધ્ર યુનિવર્સિટી વિશાખાપટ્ટનમ www.andhrauniversity.com	મરીન બાયોલોજિસ્ટ	બી.એસસી. સાયન્સ (સંબંધિત વિષયમાં)
૨	અન્નામલાઈ યુનિવર્સિટી www.annamalaiuniversity.ac.in	મરીન બાયોલોજિસ્ટ	ઉપર મુજબ
૩	કોચીન યુનિવર્સિટી, કોચી www.cusat.ac.in	મરીન બાયોલોજિસ્ટ	ઉપર મુજબ
૪	મેંગ્લોર યુનિવર્સિટી, મેંગલોરૂ, કર્ણાટક	મરીન બાયોલોજિસ્ટ	ઉપર મુજબ

મરીન એન્જિનિયરિંગ

ક્રમ	સંસ્થા	અભ્યાસક્રમ	પ્રવેશ લાયકાત
૧	ભાવનગર યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ મરીન એન્જિનિયરિંગ www.mbhavuni.in	એમ.એસ.સી.મરીન સાયન્સ	બી.એસસી. સાયન્સ
૨	બી.કે. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ www.gujaratuniversity.org.in	પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન પોર્ટ મેનેજમેન્ટ	બીઈ/બી.એસસી., બી.કોમ. ૫૫ ટકા પ્રવેશ મેરિટ પ્રમાણે
૩	મરીન યુનિવર્સિટી કોલેજ, ગાંધીધામ-કચ્છ, ગુજરાત	બી.ઈ. (મરીન એન્જિનિયરિંગ)	૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ PCM (૪ વર્ષ)
૪	ગોવા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ મરીન સાયન્સ, ગોવા www.unigoa.ac.in	મરીન સાયન્સ (એમ. એસસી.) એમ.ફીલ, પીએચ.ડી.	સ્નાતક મરીન સાયન્સ
૫	મહારાષ્ટ્ર એકેડેમી ઓફ નેવલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ, પુના www.manetpune.com	બી.ટેક.(મરીન એન્જિ. બી.એસસી., નોટિકલ સાયન્સ	૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ, PCM ૬૦ટકા અંગ્રેજીમાં ૫૦ ટકા
૬	તોલાની મેરીટાઈમ ઈન્સ્ટિટ્યૂટ, ઈન્દુરી, તલેગાંવ, પુના www.tolani.edu/tmi.com	બી.એસસી. મરીન એન્જિનિયરિંગ (૪વર્ષ)	૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ, PCM ૫૦ ટકા અંગ્રેજીમાં ૫૦ ટકા
૭	મરીન એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, મુંબઈ	મરીન એન્જિનિયરિંગ	
૮	સી.વી. રામન કોલેજ ઓફ એન્જિનિયરિંગ, ભૂવનેશ્વર, ઓરિસ્સા	બી.ટેક મરીન એન્જિનિયરિંગ	ધો.૧૦+૨ વિજ્ઞાનપ્રાહ PCM, JEE Main
૯	શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજ, ભાવનગર, ન્યુસિદસર, કેમ્પસ, વરતેજ સિદસર ભાવનગર, ગુજરાત www.ssgec.ac.in	બી.ઈ.મરીન એન્જિનિયરિંગ	ધો.૧૦+૨ વિજ્ઞાનપ્રવાહ PCB મેરીટ પ્રમાણે
૧૦	પાર્ક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, કોઈમ્બતુર, તામિલનાડુ	મરીન એન્જિનિયરિંગ	વિજ્ઞાનપ્રવાહ ૧૦+૨ PCM સાથે
૧૧	GKM કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, ચેન્નાઈ, તામિલનાડુ	બી.ઈ. મરીન એન્જિનિયરિંગ	સમયગાળો ૩ થી ૪ વિજ્ઞાન પ્રવાહ PCM સાથે

૧૨	PSN કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, તિરૂનવેલ્લી, તામિલનાડુ	બી.ઈ. મરીન એન્જિનિયરિંગ	૩-૪ વર્ષ, વિજ્ઞાન પ્રવાહ PCM સાથે
૧૩	ઈન્ટરનેશન મેરિટાઈમ એકેડેમી, ચેન્નાઈ	બી.ટેક. મરીન એન્જિનિયરિંગ	ધો.૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦%
૧૪	નન્ધાનમ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી-વેલ્લોર, તામિલનાડુ	બી.ઈ.મરીન એન્જિનિયરિંગ	વિજ્ઞાન પ્રવાહ ૧૦+૨ PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૧૫	SAMS કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, ચેન્નાઈ, તામિલનાડુ	બી.ઈ.મરીન એન્જિનિયરિંગ	ધો.૧૦ + ૨ વિજ્ઞાન પ્રવાહ, PCM૬૦ ટકા, અંગ્રેજી ૫૦%
૧૬	સ્કૂલ ઓફ મેરીટાઈમ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ, ચેન્નાઈ, તામિલનાડુ	બી.ઈ. મરીન એન્જિનિયરિંગ	ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ PCM ૬૦ટકા, અંગ્રેજી ૫૦%
૧૭	મોહમદ સાથક એન્જિનિયરિંગ કોલેજ, ચેન્નાઈ, તામિલનાડુ	બી.ઈ. એન્જિનિયરિંગ	વિજ્ઞાન પ્રવાહ ૧૦+૨, PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૧૮	વેલ્વ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ટેકનોલોજી એન્ડ એડવાન્સ સ્ટડીઝ, ચેન્નાઈ, તામિલનાડુ	બી.ઈ. એન્જિનિયરિંગ	વિજ્ઞાન પ્રવાહ ૧૦+૨, PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૧૯	ડિપાર્ટમેન્ટ ઓફ શીપ ટેકનોલોજી, કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, કોચીન, કોચી, કેરાલા	બી.ટેક. મરીન એન્જિનિયરિંગ (નેવલ આર્કિટેકચર એન્ડ શીપ બિલ્ડિંગ)	ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૨૦	સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ, કોચીન યુનિવર્સિટી	બી.ટેક મરીન એન્જિનિયરિંગ	ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ, PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૨૧	મહારાષ્ટ્ર એકેડેમી નેવલ એન્ડ ટ્રેનિંગ (MANET), પુના	બી.ટેક. મરીન એન્જિનિયરિંગ	ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૨૨	શ્રીનિવાસન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, મેંગ્લોર, કર્ણાટક	બી.ઈ. મરીન એન્જિનિયરિંગ	ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ, PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૨૩	યશવંતરાવ ચવાણ મહારાષ્ટ્ર ઓપન યુનિવર્સિટી, નાસિક, મહારાષ્ટ્ર	બી.ટેક, મરીન એન્જિનિયરિંગ	ધો. ૧૦ + ૨ વિજ્ઞાન પ્રવાહ, PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૨૪	દેશ ભગત યુનિવર્સિટી, મંડી, ગોવિંદગઢ, પંજાબ	બી.ટેક, મરીન એન્જિનિયરિંગ	વિજ્ઞાન પ્રવાહ, ૧૦+૨ PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા
૨૫	AMET મરીન એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ કોલકત્તા, વેસ્ટ બંગાલ	બી.ટેક. મરીન એન્જિનિયરિંગ	વિજ્ઞાન પ્રવાહ, ધો. ૧૦+૨, PCM ૬૦ ટકા, અંગ્રેજી ૫૦ ટકા JEE MAIN

૨૬	યુ.વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ ઓફ મરીન એન્જિનિયરિંગ, ગણપત યુનિવર્સિટી, વિદ્યાનગર, મહેસાણા, ગુજરાત www.marine.guu.ac.in	બી.ટેક મરીન એન્જિ. નિવાસી, ડિગ્રી અભ્યાસક્રમ ૪૦ જગ્યા	ધો.૧૦+૨ પાસ, PCM ૬૦ ટકા સાથે અંગ્રેજીમાં ૫૦ ટકા

સ્કૂલ ઓફ નોટિકલ સ્ટડીઝ

ક્રમ	કોલેજ	સ્થળ	અભ્યાસક્રમ
૧	ડિપ્લોમા નોટિકલ સાયન્સ લીડિંગ ટુ બી. એસસી.નોટિકલ સાયન્સ	ચેન્નાઈ, મુંબઈ, કોલકત્તા, કોચીન, કંડલા પોર્ટ	ધો.૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ, PCM ૬૦ ટકા, અંગ્રેજીમાં ૫૦ ટકા
૨	બી.એસસી. નોટિકલ સાયન્સ(૩ વર્ષ)	ચેન્નાઈ, મુંબઈ	ઉપર મુજબ
૩	બી.એસસી. મરીન સાયન્સ (૩ વર્ષ)	મુંબઈ	ઉપર મુજબ

સ્કૂલ ઓફ મરીન એન્જિનિયરિંગ

ક્રમ	કોલેજ	સ્થળ	અભ્યાસક્રમ
૧	બી.ટેક મરીન એન્જિનિયરિંગ	મુંબઈ, કોલકત્તા	ધો.૧૦ +૨ વિજ્ઞાન પ્રવાહ, PCM અંગ્રેજી ૫૦ ટકા
૨	પી.જી. ડિપ્લોમા ઈન મરીન એન્જિનિયરિંગ (૧ વર્ષ)	મુંબઈ, કોચીન	બી.ઈ. મિકેનિકલ, મરીન એન્જિનિયરિંગ સાથે ૫૦ ટકા
૩	બી.ટેક. બેચલર એન્ટ્રીમરીન એન્જિનિયરિંગ (૩ વર્ષ)	ચેન્નાઈ, કોલકત્તા	એન્જિ.ડિપ્લોમા હોલ્ડર ઈન મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, મરીન

સ્કૂલ ઓફ નેવલ આર્કિટેક્ચર એન્ડ ઓશન એન્જિનિયરિંગ

ક્રમ	કોલેજ	સ્થળ	અભ્યાસક્રમ
૧.	બી.ટેક નેવલ આર્કિટેક્ચર એન્ડ ઓશન એન્જિનિયરિંગ (૪ વર્ષ)	વિશાખાપટ્ટનમ્	ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ, PCM ૫૫ ટકા, અંગ્રેજીમાં ૫૦ ટકા
૨	એમ.ટેક. નેવલ આર્કિટેક્ચર એન્ડ ઓશન એન્જિનિયરિંગ (૨ વર્ષ)	વિશાખાપટ્ટનમ્	ગ્રેજયુએટ ઈન મિકેનિકલ/ સિવિલ મરીન/ એરોનોટિકલ એન્ડ નેવલ આર્કિટેક્ચર ૬૦ ટકા
૩	બી.એસસી. શીપ બિલ્ડિંગ એન્ડ રિપેર(૩ વર્ષ)	કોચી	ધો. ૧૦ +૨ વિજ્ઞાન પ્રવાહ PCM ૫૫ ટકા, અંગ્રેજી ૫૦ ટકા

સ્કૂલ ઓફ મેરીટાઈમ મેનેજમેન્ટ

ક્રમ	કોલેજ	સ્થળ	અભ્યાસક્રમ
૧	એમ.બી.એ. પોર્ટ એન્ડ શીપિંગ મેનેજમેન્ટ	ચેન્નાઈ, કોચીન	સ્નાતક કક્ષાએ ૫૦ ટકા
૨	એમ.બી.એ. લોજિસ્ટિક	ચેન્નાઈ, કોચીન, કોલકત્તા	સ્નાતક ૫૦ ટકા

સ્કૂલ ઓફ મેરીટાઈમ લો

ક્રમ	કોલેજ	સ્થળ	અભ્યાસક્રમ
૧	એલ.એલ.એમ. (લૉ)	ચેન્નાઈ	લૉ ગ્રેજયુએટ ૫૦ ટકા

આમ આપણા દેશમાં મરીન એન્જિનિયરિંગ ક્ષેત્રે શિક્ષણ આપતી ઘણી સંસ્થાઓ છે. આ ક્ષેત્રનો પણ હવે ખૂબ વિકાસ થઈ રહ્યો છે ત્યારે આ ક્ષેત્રે કારકિર્દીને ઘડતર કરી શકાય.

નિયામકશ્રી, પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
રાજકોટ-૩૬૦૦૦૧

૩૨ ક્રિએટિવ કરીઅર એટલે ગ્રાફિક્સ ડિઝાઈનિંગ

– કિશન જોષી

જ્યારે તમે ગ્રાફિક ડિઝાઇન વિશે વિચારો છો, ત્યારે તમારા વિચારોમાં ગ્રાફિકલ જાહેરાતો, ગ્રાફિક્સ વાળી વેબસાઈટ, કોઈ મેગેઝિનનાં આકર્ષક પેજ, ફિલ્મનાં પોસ્ટરો, બિઝનેસ માટેના વિઝિટિંગ કાર્ડ્સ આ બધી ડિઝાઈનિંગ વસ્તુઓ મગજમાં આવશે. અને સાથે થોડા સવાલો પણ થશે. જેમકે ગ્રાફિક ડિઝાઇન છે શું? ગ્રાફિક ડિઝાઇનર થવા માટે શું અભ્યાસ જોઈએ? એક ગ્રાફિક ડિઝાઇનરનું કાર્ય શું? ગ્રાફિક ડિઝાઈનિંગ કર્યા બાદ નોકરી ક્યાં મળી શકે છે? તો તમારા મનમાં આવતા બધા સવાલોના જવાબ અહીયાં હાજર છે.

ગ્રાફિક ડિઝાઈનિંગ સમજવા માટે પહેલા ગ્રાફિક ડિઝાઈનિંગનો ભૂતકાળ પણ સમજવો જોઈએ. ગ્રાફિક્સની શરૂઆત એમ તો થઈ હતી જયારે જૂના જમાનામાં લોકો ગુફાઓમાં ચિત્રો દોરતા. ત્યાર બાદ પથ્થરયુગમાં લોકો ગુફાની સાથે દીવાલો પર અને એ જ ગ્રાફિકની મદદ દ્વારા મૂર્તિઓ પણ બનાવવા લાગ્યા. રોમન સામ્રાજ્ય આનું એક સરસ ઉદાહરણ છે. સમયનું ચક્ર ચાલતું રહ્યું એમ ગ્રાફિકની દુનિયામાં પણ ફેરફારો થવા લાગ્યા.

સમયની સાથે લોકો ગ્રાફિક પ્રત્યે વધારે જાગૃત થવા લાગ્યા. ગ્રાફિકની જરૂરિયાતો લોકોને સમજાવા લાગી. પ્રિન્ટ મીડિયાનાં સૂર્યોદયથી ન્યૂઝ પેપરમાં ગ્રાફિકલ જાહેરાતો આવવા લાગી અને સાથે અલગ અલગ યુનિવર્સિટીઓમાં ફાઈન આર્ટ્સના કોર્સ પણ સામેલ થવા લાગ્યા. આમ ગ્રાફિક ડિઝાઈનિંગએ લોકોના જીવનનું અભિન્ન અંગ બની ગયું.

ગ્રાફિક ડિઝાઇનિંગ એટલે શું?

ગ્રાફિક ડિઝાઈનિંગ એટલે કોઈ સમસ્યા કે પછી તમારી કોઈ વાત કે તમારી પ્રોડક્ટની ઓળખ દર્શાવવા માટે કોઈ ટાઇપોગ્રાફી, છબી, અને રંગો સાથેની વિઝ્યુઅલ રચનાઓના ઉપયોગ દ્વારા વિચારોનો સંપર્ક કરવામાં આવે એને કહેવાય છે ''ગ્રાફિક ડિઝાઈનિંગ''. આવું કરવાની કોઈ એક રીત નથી, અને તેથી જ ગ્રાફિક ડિઝાઇનના ઘણા પ્રકારો છે, દરેક પોતાના ક્ષેત્રમાં વિશેષતા ધરાવે છે. તો ચાલો ગ્રાફિક ડિઝાઈનિંગના પ્રકારો પણ જાણી લઈએ.

૧) વિઝ્યુઅલ ઓળખ ગ્રાફિક ડિઝાઇનઃ

કોઈ બ્રાન્ડ કે વ્યક્તિની ઓળખ આપવા માટે જે વિઝ્યુઅલ દ્વારા ડિઝાઇન બનાવવામાં આવે છે એને કહેવાય છે ''વિઝ્યુઅલ ઓળખ ગ્રાફિક ડિઝાઇન''. આ સાથે આ ડિઝાઇનમાં વિઝ્યુઅલ ઈફેક્ટ અને આંખે વળગે એવી બ્રાન્ડની ઓળખ પણ આપવામાં આવે છે. આનું એક સરસ ઉદાહરણ છે કોઈ કંપની કે વ્યક્તિનું વિઝિટિંગ કાર્ડ.

૨) માર્કેટિંગ અને જાહેરાત ગ્રાફિક ડિઝાઇનઃ

જ્યારે મોટાભાગના લોકો ગ્રાફિક ડિઝાઇન વિશે વિચારે છે, ત્યારે તેઓ માર્કેટિંગ અને જાહેરાત માટે બનાવેલી ડિઝાઇનનો વિચાર કરે છે. કંપનીઓ સફળ માર્કેટિંગ ડીસીઝન પર આધાર રાખે છે. માર્કેટિંગ ડિઝાઇનર્સ માર્કેટિંગ વ્યૂહરચનાઓ બનાવવા માટે કંપનીના માલિકો, ડિરેક્ટર, મેનેજર્સ અથવા માર્કેટિંગ પ્રોફેશનલ્સ સાથે કામ કરે છે. અને કંપનીની પ્રોડક્ટના બ્રાન્ડિંગ માટે એક સરસ માર્કેટિંગ અને જાહેરાતની ગ્રાફિક ડિઝાઇન તૈયાર કરવામાં આવે છે.

માર્કેટિંગ અને જાહેરાત ગ્રાફિક ડિઝાઇનનાં ઉદાહરણો છે જેમકે પોસ્ટર, બેનર, વાહનો ઉપરની ડિઝાઈન, ઇન્ફોગ્રાફિક, બ્રોશર, અને મેગેઝિન કે બીલબોર્ડ.

૩) યુઝર ઇન્ટરફેસ ગ્રાફિક ડિઝાઇનઃ

યુઝર ઇન્ટરફેસ (UI) એ છે કે યુઝર કેવી રીતે ઉપકરણ અથવા કોઈ એપ્લિકેશન સાથે સંપર્ક કરે છે. યુઆઇ ડિઝાઇન એ ઇન્ટરફેસોના ડિઝાઇનિંગની પ્રક્રિયા છે જેનો ઉપયોગ કરવા માટે અને યુઝર મૈત્રીપૂર્ણ અનુભવ પ્રદાન કરવા માટે તેમને સરળ બનાવે છે.

યુઝર ઇન્ટરફેસ (UI)માં ઈમેજ, કલર, બટન્સ, મેનુ અને ઘણું બધું ધ્યાન રાખવાનું હોઈ છે. UI ડિઝાઇનર ડેસ્કટોપ એપ્લિકેશન, મોબાઈલ એપ્લિકેશન, વેબ એપ્લિકેશન કે ગેમ બનાવવામાં માહેર હોય છે. અને તેઓ UI ડેવલોપરો સાથે કામ કરે છે.

ડેસ્કટોપ એપ્લિકેશન, મોબાઈલ એપ્લિકેશન, વેબ એપ્લિકેશન કે ગેમ યુઝર ઇન્ટરફેસ ગ્રાફિક ડિઝાઇનનાં સૌથી સરસ ઉદાહરણ છે.

૪) પ્રકાશન (પબ્લિકેશન) ગ્રાફિક ડિઝાઇનઃ

પ્રકાશન ક્ષેત્રે પણ સમયાંતરે ઘણા ફેરફારો થયા છે. પબ્લિકેશનના ક્ષેત્રમાં પણ હવે ગ્રાફિક ડિઝાઇનનો ઉપયોગ થવા લાગ્યો છે. ગ્રાફિક ડિઝાઇનનો નોવેલ, બુક્સ, ન્યુઝપેપર, કે મેગેઝિનના પ્રિન્ટીગમાં ખાસ્સો ઉપયોગ કરવામાં આવે છે.

૫) પેકેજિંગ ગ્રાફિક ડિઝાઇનઃ

મોટાભાગના ઉત્પાદનોને સ્ટોરેજ, વિતરણ અને વેચાણ માટે બચાવવા અને તૈયાર કરવા માટે કેટલાંક પ્રકારના પેકેજિંગની આવશ્યકતા હોય છે. પરંતુ પેકેજિંગ ડિઝાઇન ગ્રાહકો સાથે પણ સીધી વાતચીત કરી શકે છે, જે તેને એક અત્યંત મૂલ્યવાન માર્કેટિંગ ટૂલ બનાવે છે.

કોઈપણ પ્રોડક્ટના પેકેજની ડિઝાઇન એ પ્રોડક્ટની ઓળખ બની જાય છે. પેકેજિંગનું ડિઝાઇન બનાવવા માટે ઔદ્યોગિક અને માર્કેટિંગની પૂરેપૂરી જાણકારી હોવી જરૂરી છે.

૬) મોશન ગ્રાફિક ડિઝાઇનઃ

મોશન ગ્રાફિક ડિઝાઇન એટલે જે ઈમેજ કે ગ્રાફિક કોઈ મોશનમાં કે ગતિમાં હોય એને મોશન ગ્રાફિક ડિઝાઇન કહે છે. મોશન ગ્રાફિક ડિઝાઇનમાં ઓડિઓ, એનિમેશન, અને ઈફેક્ટનો પણ સમાવેશ કરી શકીએ છીએ. ગ્રાફિક ડિઝાઇનનો આ પ્રકાર ખૂબ પ્રચલિત છે ખાસ કરીને આજના જમાનામાં.

GIFs, પ્રેઝન્ટેશન, વેબસાઈટ, મુવીના ટ્રેલર, કે વીડિઓ ગેમ્સમાં મોશન ગ્રાફિક ડિઝાઇનનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે.

૭) એન્વાયરમેન્ટલ ગ્રાફિક ડિઝાઇનઃ

એન્વાયરમેન્ટલ ગ્રાફિક ડિઝાઇન એ કોઈ જગ્યા પર કરવામાં આવતું ગ્રાફિક ડિઝાઇન વર્ક છે. પબ્લિક ને એ જગ્યા માટે સારો અને સકારાત્મક અનુભવ થાય એ માટે આ પ્રકારનું ગ્રાફિક ડિઝાઇન કરવામાં આવે છે. જેમકે કોઈ ફાર્મા કંપનીના એક્ઝિબિશન માટે સ્ટેજને ફાર્મા રિલેટેડ ગ્રાફિકલી ડિઝાઇન કરવું. કોઈ ઓફિસનું બ્રાન્ડિંગ, કોઈ ઈવેન્ટ કે કોન્ફરન્સ માટેનું સ્ટેજ, કે પછી કોઈ રિટેલ સ્ટોર આનાં ઉદાહરણો છે.

૮) આર્ટ અને ચિત્ર (Illustration) **ગ્રાફિક ડિઝાઇનઃ**

ગ્રાફિક આર્ટ અને Illustration બંને અલગ હોવા છતાં એક રીતે બંને સરખા જ છે. ગ્રાફિક્સ ડિઝાઈન માટે આર્ટ અને Illustration બંનેની મદદથી ગ્રાફિક ડિઝાઇનર એક એવી ડિઝાઇન બનાવે છે કે જેની રચના દ્વારા કસ્ટમરની સમસ્યાઓનું નિરાકરણ આસાનીથી મળી જાય છે. આ આર્ટવર્કની અદદથી ડિઝાઇનર ઘણું બધું સમજાવી શકે છે.

આર્ટ અને ચિત્ર (Illustration) ગ્રાફિક ડિઝાઇનનો ઉપયોગ ટી-શર્ટ પ્રિન્ટિંગ, વીડિઓ ગેમ્સ, વેબસાઈટ, ઈન્ફોગ્રાફિક, કોમિક બુક, અને બૂક કવર કે આલ્બમ આર્ટમાં કરવામાં આવે છે.

ગ્રાફિક ડિઝાઇનર બનવા માટે કયો અભ્યાસ જરૂરી છે?

ગ્રાફિક ડિઝાઇનર થવા માટે સૌથી તમારી ક્રીએટીવિટિ અને તમારી ડિઝાઈન પ્રત્યેની ધગશ અગત્યની છે. અને આ સિવાય તમે ૧૨ ધોરણ પછી પણ ગ્રાફિક ડિઝાઇનનું

પ્રશિક્ષણ લઈ તમે નોકરી અથવા પોતાનું કામ એટલે કે ફ્રીલાન્સ કામ પણ શરૂ કરી શકો છો. પણ જો તમારે કોઈ મોટી કંપનીમાં કે મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરવાની ઇચ્છા છે તો કમ્પ્યુટર કે ITમાં સ્નાતક અથવા માસ્ટર કરી શકો છો.

આ સિવાય તમે ડિઝાઇન ક્ષેત્રના અલગ અલગ સર્ટિફિકેટ કોર્સ પણ કરી શકો છે એ તમારા કરીઅરના ગ્રોથ માટે બહુજ ઉપયોગી છે. આ સિવાય તમારી પાસે કોમ્યુનિકેશન, બિઝનેસ, સેલ્ફ લર્નિંગ સ્કીલ્સ હોવી જરૂરી છે. આ બધી સ્કીલ્સ તમારા કરીઅરના વિકાસ માટે ખૂબ ઉપયોગી છે.

ગ્રાફિક ડિઝાઇનરનું કોઈ કંપનીમાં કે ફ્રીલાન્સર તરીકે કાર્ય શું ?

પોતાની ટીમ સાથે રહીને કંપની માટે કે કોઈ કસ્ટમર માટે એમની ઈમેજિનેશન મુજબ પોતાના ક્રિએટિવ ઈનપુટ આપીને ડિઝાઈનર પોતાનું કામ કરી શકે છે. વેબસાઈટ ડિઝાઈન, પ્રોમોશનલ વીડિઓ, કંપની લોગો, અને કન્ઝ્યુમરના આઈડિયાને એક ડિઝાઈનમાં ઢાળવાનું કામ ગ્રાફિક ડિઝાઇનર કરે છે.

ગ્રાફિક ડિઝાઇન કંપનીમાં જુનિયર ગ્રાફિક ડિઝાઇનર, સિનિયર ગ્રાફિક ડિઝાઇનર, ડિજિટલ ગ્રાફિક ડિઝાઇનર, ટીમ લીડર ઓફ ગ્રાફિક ડિપાર્ટમેન્ટ, કે પ્રોજેક્ટ મેનેજર ઓફ ગ્રાફિક ડિઝાઇનર તરીકે અલગ અલગ પોસ્ટ માટે કામ કરી શકો છો. થોડા વર્ષના અનુભવ બાદ તમે કોઈ મોટી મલ્ટીનેશનલ કંપનીમાં કે કોઈ મોટી ગ્રાફિક ડિઝાઇન કંપનીમાં અલગ અલગ પોસ્ટ માટે એપ્લાઈ કરી અને સારા એવા પગાર-ધોરણથી જોડાઈ શકો છો અને તમારું કરીઅર બનાવી શકો છો.

ગ્રાફિક ડિઝાઇનરને નોકરી ક્યાં મળી શકે છે અને પગાર ધોરણ કેટલું હોય છે?

ગ્રાફિક ડિઝાઈનિંગના અભ્યાસ બાદ કોઈ પણ IT કંપનીમાં કે પછી કોઈ ડિઝાઈનિંગ ઇન્સ્ટિટ્યૂટમાં કે સ્ટુડીઓ કે પછી વેબ ડિઝાઈન કંપનીમાં એપ્લાઇ કરી શકો છો. ઇન્ટરનેશનલ લેવલ પર પણ ડિઝાઈનનું મહત્ત્વ વધતું જાય છે તો તમે એબ્રોડની સારી એવી કંપનીમાં પણ અપ્લાઈ કરી અને વિદેશોમાં નોકરી મેળવી શકો છો અને અપવર્ક, ફાઈવર, ફ્રીલાન્સર જેવા ફ્રીલાન્સ પ્લેટફોર્મ દ્વારા તમે ઘરે બેસીને પણ કોઈ કંપની માટે કામ કરી શકો છો અને સારી એવી ઇન્કમ કરી શકો છો.

ગ્રાફિક ડિઝાઈનિંગ ક્ષેત્રના દરેક લેવલ પર પગાર ધોરણનો સ્કેલ અલગ હોઈ છે ફ્રેશર લેવલ પર કે શરૂઆતના સમયમાં તમને મહિને ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ની નોકરી મળી શકે છે અને આ પગાર ધોરણ કંપની પ્રમાણે અલગ-અલગ હોય છે. જેમ જેમ તમે અનુભવ મેળવતા જશો એમ તમારા પગાર ધોરણનો સ્કેલ પણ વધતો જશે.

બસ તો મિત્રો, તમને જો ડિઝાઈનિંગ ક્ષેત્રમાં રુચિ છે તો પોતાનું જ્ઞાન વધારતા રહો કેમ કે ટેકનોલોજીના આ જમાનામાં ડિઝાઈનિંગ સોફ્ટવેર પણ અપડેટ થતા હોય છે. તો પોતાને પણ અપડેટ કરતા રહો. ડિઝાઈનિંગ ક્ષેત્રનું ઉજ્જવળ ભવિષ્ય તમારી સામે છે.

QA એન્જિનિયર,
ગોતા, અમદાવાદ.

33 ફિલ્મ અને ડોક્યુમેન્ટરી મેકિંગ – ઉજ્જવળ ભવિષ્યની તકો

– યોગેશ પંડ્યા

ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકિંગ- શું છે?

ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકિંગ- એટલે કે દસ્તાવેજી ફિલ્મો બનાવવી. આ ફિલ્મ મેકિંગનો જ એક પ્રકાર છે. આજના સમયમાં ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકર બનવું એ ખૂબ જ પડકારજનક પરંતુ રોમાંચક કાર્ય છે. આ ક્ષેત્રમાં જવા માટે તમારામાં વાસ્તવિકતાને સમજવાની ક્ષમતા, રચનાત્મકતા અને ટેકનિકલ બાબતોને સમજવાની શક્તિ વગેરેનું સચોટ મિશ્રણ હોવું જરૂરી છે. ફિલ્મ મેકિંગના વ્યવસાયમાં સફળ થવા માટે કોઈપણ વ્યક્તિમાં રચનાત્મકતા, નવીનતા, નિર્ણાયકતા, ખુલ્લું દિમાગ અને ટેકનોલોજી તરફનો ઝુકાવ હોવો ખૂબ જ જરૂરી છે.

એ જ રીતે ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકરે એક ફિલ્મ પ્રોજેક્ટનો કન્સેપ્ટ સમજીને તેને પાત્રો કે કલાકારો દ્વારા શૂટ કરાયેલ વિભિન્ન દશ્યોને એવી રીતે સાંકળવાના હોય છે કે તે ડોક્યુમેન્ટરી ફિલ્મ કે ફાઈનલ પ્રોડક્ટના રૂપમાં બહાર આવી શકે. ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકરનું કાર્ય ફિલ્મ કે ટીવી પ્રોડક્શનના કાર્યમાં સંકળાયેલ કલાકારો અને કાર્ય કરનારાઓનું વ્યવસ્થાપન કરવું, કલાકારો કે ટેકનિકલ કાર્ય માટે લોકોની નિમણૂક કરવી કે કામ પર બોલાવવા, ફિલ્મ કે ટીવી માટે કાર્ય કરતા કલાકારોને દોરવણી આપવી, નાણાંની વ્યવસ્થા કરવી, દસ્તાવેજોનો અભ્યાસ કરવો તેમજ સબંધિત કે ખૂટતી માહિતી મેળવવી વગેરે કાર્યોનો સમાવેશ થાય છે. આમ સફળ ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકર એ વાસ્તવિકતાનું રચનાત્મક અર્થઘટન કરી શકે તેવો વિઝનરી કે દીર્ઘદ્રષ્ટા હોવો જોઈએ.

ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર બનવા માટેની લાયકાત :

ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર બનવા માટે મીડિયા કે સમૂહ માધ્યમના કોઈ મુખ્ય વિષય સાથે સ્નાતકની પદવી મેળવેલી હોવી જોઈએ અથવા આ માટેનો કોઈ પ્રોફેશનલ કોર્સ પણ ખુબજ ફાયદાકારક સાબિત થઈ શકે છે.આ ઉપરાંત ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર એ એવું કાર્ય છે કે તે ફિલ્મ નિર્માણ માટેના અનેકવિધ ક્ષેત્રમાં જરૂરી એવા કૌશલ્યનો વિકાસ કરે છે.

ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર કે કોઈ પણ પ્રકારના ફિલ્મ નિર્માતા બનવા માટે જરૂરી શૈક્ષણિક યોગ્યતા આ પ્રમાણે ગણી શકાય.

- કોઈપણ વિદ્યા શાખામાં ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. જેના આધાર પર એફ. ટી.આઈ.આઈ. એટલે કે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા કે નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા – એન.એસ.ડી. ના ટેકનિકલ કોર્સ માટેની પ્રવેશ પરીક્ષા આપી શકાય છે. જોકે ટેકનિકલ કોર્સ સિવાયના અન્ય કોર્સ માટે પાયાની શૈક્ષણિક લાયકાત સ્નાતક છે.
- ઉમેદવારે ફિલ્મ સાથેના સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી મેળવેલી હોવી જોઈએ. આ ઉપરાંત ફિલ્મ નિર્માતાના કાર્ય માટે જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરવા ઉમેદવાર ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શનના સ્નાતક કાર્યક્રમમાં પણ જોડાઈ શકે છે.
- માસ્ટર ડિગ્રીના કોર્સ માટે જે ઉમેદવારે ફિલ્મ કે ટેલિવિઝન પ્રોડક્શનમાં કોઈપણ માન્ય યુનિવર્સિટીમાંથી ડિગ્રી કે ડિપ્લોમા પૂર્ણ કરી લીધો હોય તે માસ્ટર ડિગ્રી કે કોર્સમાં પ્રવેશ માટે પાત્ર બને છે.
- જે ઉમેદવાર ફિલ્મ કે ટેલિવિઝન પ્રોડક્શન કે નિર્માણમાં અનુસ્નાતક કે પી.જી.ડિપ્લોમા કરવા ઈચ્છતા હોય તેમણે ફિલ્મ કે ટેલિવિઝન પ્રોડક્શનના સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવેલી હોવી જરૂરી છે.

અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે આપણા દેશમાં અનેક યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ ફિલ્મ અને ટેલિવિઝનના ક્ષેત્રમાં એનિમેશન, પ્રોડક્શન, ડાયરેક્શન, એડિટિંગ, સિનેમેટોગ્રાફી , ફિલ્મ પ્રોસેસિંગ, એક્ટિંગ, સાઉન્ડ એન્જિનિયરિંગ, મેક-અપ ફોટોગ્રાફી વગેરે વિષયો ઉપર સ્પેશ્યલાઇઝેશન સાથેના અભ્યાસક્રમો પણ પૂરા પાડે છે. ઉમેદવારોએ એ વાત યાદ રાખવી જરૂરી છે કે દરેક યુનિવર્સિટી અને સંસ્થામાં તમે કયો કોર્સ પસંદ કરો છો તેના ઉપર તેના સમયગાળાનો આધાર હોય છે.

ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકર માટે ઉપલબ્ધ વિભિન્ન કાર્ય કે ભૂમિકાઓ:

આ માટે અનેક કાર્યો કે ભૂમિકાઓ ઉપલબ્ધ છે અને ઉમેદવાર તેમના રસ મુજબ તેની પસંદગી કરી શકે છે.

● **ડોક્યુમેન્ટરી પ્રોડ્યુસર :**

ડોક્યુમેન્ટરી પ્રોડ્યુસરનું સૌથી મોટું કાર્ય ફિલ્મ બનાવવામાં માટે નાણાં ઊભાં કરવાનું છે. તેનું કાર્ય સમગ્ર ફિલ્મના નિર્માણ ઉપર નજર રાખવાનું અને કલાકારો અને કર્મચારીઓ સાથે ફિલ્મના બજેટ ઉપર ધ્યાન રાખવાનું છે. ફિલ્મ નિર્માણમાં મદદ માટે ડાયરેક્ટર સાથે મળીને પ્રોડક્શન સ્ટાફને કામ ઉપર રાખવાનું કાર્ય પણ તે કરે છે.

● **ડોક્યુમેન્ટરી ડાયરેક્ટર :**

ડોક્યુમેન્ટરી ડાયરેક્ટરની ભૂમિકામાં ફિલ્મના નિર્માણ પહેલાનું કાર્ય, ફિલ્મના નિર્માણનું કાર્ય, એડિટિંગ અને ફિલ્મ નિર્માણ પછી પોસ્ટ પ્રોડક્શનના કાર્યનો સમાવેશ થાય છે. તેના કાર્યમાં ફિલ્મ નિર્માણનું સમયપત્રક તૈયાર કરવું, ફિલ્મના તૈયાર ફૂટેજ એકત્ર કરવા, તસવીર, દસ્તાવેજો વગેરે નિર્માણની સામગ્રી તૈયાર કરવી અને ફિલ્મની સ્ક્રીપ્ટ તૈયાર કરવી વગેરે ગણી શકાય.

● **કાર્યક્રમ સંશોધક- પ્રોગ્રામ રિસર્ચર :**

તેનું કામ નવા નવા કાર્યક્રમોની વિચારણા કરવાનું, ખર્ચના હિસાબો રાખવા, યોગ્ય લોકો સાથે બેઠકો યોજવી અને તેમના ઇન્ટરવ્યૂ રાખવા વગેરેનો સમાવેશ થાય છે. તે યોજનાઓને અમલમાં મૂકે છે અને સંબંધિત સંશોધન હાથ ધરીને ફિલ્મના નિર્માણનું સંકલન કરે છે.

● **ડોક્યુમેન્ટરી સાઉન્ડ ડિઝાઇનર :**

તેનું મુખ્ય કાર્ય ફિલ્મ, ટીવી કે ડોક્યુમેન્ટરીના અવાજના કાર્યની સંપૂર્ણ સંભાળ લેવાનું છે. તે સંગીત પસંદ કરવું, એડિટ કરવું કે રિમિક્સ કરવું વગેરેનું ધ્યાન રાખે છે. તે થિયેટરમાં જીવંત સંગીત આપતા સંગીતકારો સાથે કાર્ય કરે છે અથવા તો નવા સંગીતનું સર્જન કરતા મ્યુઝિક કમ્પોઝર સાથે પણ કાર્ય કરે છે.

● **લેખક :**

ડોક્યુમેન્ટરી લેખકનું કાર્ય ફિલ્મના નિર્દેશક અને એડિટર સાથે કાર્ય કરીને ફિલ્મ કે ટીવી શોની સમગ્ર કથા વસ્તુને એક આકાર આપવાનો હોય છે. તેનામાં એ સમજણ હોવી જોઈએ કે ફિલ્મ કે ટીવી શો દર્શકો કે શ્રોતાઓને કેવી રીતે જકડી રાખે છે. તેનામાં ફિલ્મની કથા વસ્તુની ઊંડી સમજ, કથાનો પ્લોટ અને તે દર્શકો ઉપર કઈ રીતે પ્રભાવ પાડે છે તેની ઊંડી સમજ હોવી જોઈએ.

ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર માટે રોજગારીની તકો:

આ એક આવું બહુઆયામી અને પડકારજનક ક્ષેત્ર છે કે તેમાં રોજગારી માટે રોજ રોજ નવી નવી તકો સર્જાતી રહે છે. ડોક્યુમેન્ટરી ફિલ્મ નિર્માતા માટે રોજગારની તકો અનેકગણી છે.

આ ક્ષેત્રમાં ઘણા લોકો પોતાનો સ્વતંત્ર બિઝનેસ શરૂ કરવાનો કે સ્વતંત્ર રીતે ફિલ્મ નિર્માણ કરવાનું પણ પસંદ કરે છે. અને ઘણા લોકો ફિલ્મ નિર્માણ માટે વિદેશમાં નોકરી શોધી લેતા હોય છે. ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકરના કામ માટે સૌથી વધુ જરૂર પડતી હોય તેવા કેટલાક ટોચના ક્ષેત્રો આ પ્રમાણે છે.

- ફિલ્મ સ્ટુડિયો
- ટીવી ચેનલો
- પ્રોડક્શન કંપનીઓ
- જાહેરખબર એજન્સીઓ
- ઓનલાઈન ચેનલો
- સોશિયલ મીડિયા/ યુ ટ્યૂબ લાઇવ ચેનલ
- એન.જી.ઓ. કે બિનસરકારી સંસ્થાઓ
- ટેલિવિઝન પ્રોડક્શન કંપની
- કોલેજ અને યુનિવર્સિટીઓ
- થિયેટર

- ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ

ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર માટે પે સ્કેલ/ પગાર ધોરણ :

ફિલ્મ મેકર કે ડોક્યુમેન્ટરી મેકર માટે કોઈ નિશ્ચિત પગારધોરણો હોતાં નથી. તેઓ પોતાના ફિલ્મ કે ડોક્યુમેન્ટરી પ્રોજેક્ટને આધારે આવક મેળવે છે. આ ઉપરાંત તેમની આવક કે પગાર પણ તેમની ક્ષમતા, તેમનું કૌશલ્ય કે તેમના અનુભવ પર આધારિત હોય છે.

ફિલ્મમેકર કે ડોક્યુમેન્ટરી મેકર બનવા માટે પુસ્તકો અને અન્ય વાચન સામગ્રીઃ

ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવવી એ કૌશલ્ય આધારિત વ્યવસાય હોવાને કારણે આ ક્ષેત્રમાં આગળ વધવા ઈચ્છતા યુવાનોએ ટેકનિકલ જાણકારીની સાથે તેની કલાના પાસાઓ શીખવાની પણ ખૂબ જરૂર હોય છે. તેમનામાં નિર્માણ અને ડાયરેકશન માટે કોમ્યુનિકેશનની કળા, અન્ય લોકોમાં પ્રતિભા શોધી કાઢવાની ક્ષમતા, નેતૃત્વના ગુણો, રચનાત્મક પ્રતિભા સાથે પ્રબંધન અને વહીવટી ક્ષમતા હોવી પણ ખૂબ જરૂરી છે. આ બહુ આયામી એવા કારકિર્દીના આ ક્ષેત્ર માટે કોઈ ચોક્કસ પુસ્તક કે વાચન સામગ્રીની ભલામણ કરી શકાય નહિ.

આમ છતાં આ ક્ષેત્રમાં માર્ગદર્શન માટે કેટલાક શ્રેષ્ઠ ફિલ્મ નિર્માતાઓ કે નિર્દેશકોના પુસ્તકોની માહિતી મેળવીને તેનો ઉપયોગ રેફરન્સ બુક તરીકે અવશ્ય કરી શકાય.

ફિલ્મ કે ડોક્યુમેન્ટરી નિર્માતા તરીકે કારકિર્દીના ફાયદા અને ગેરફાયદાઓઃ

● ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર તરીકે વ્યક્તિએ પોતાના ફિલ્મ પ્રોજેક્ટ ઉપર પોતાના સમયે જ કાર્ય કરવાનું હોય છે. આ વ્યવસાયમાં પોતાના કાર્યનો સમય વ્યક્તિ પોતે જ નક્કી કરી શકે છે. આ ક્ષેત્રના અન્ય વ્યવસાયિકો સાથે સંપર્ક અને બેઠકોથી નવી તકો મળતી રહે છે. આ ક્ષેત્રમાં સારું કાર્ય કરવાથી ફિલ્મ ઉદ્યોગમાં પણ નામના મળે છે.

● જયારે આ ક્ષેત્રના કેટલાક ગેરફાયદાઓ પણ છે ફિલ્મ નિર્માણના વ્યવસાયમાં ગળાકાપ સ્પર્ધા છે, અને હંમેશાં અને સતત કામ મળતું રહે એમ ન પણ બને. ડોક્યુમેન્ટરી ફિલ્મ મેકરે દિવસ રાત લાંબા કલાકો સુધી કાર્ય કરવું પડતું હોય છે અને ઘણી વખત તો સાપ્તાહિક રજાઓમાં પણ કાર્ય પૂરું કરવા માટે વ્યસ્ત રહેવું પડે છે. ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર ઉપર અગાઉ કહ્યું તેમ ઘણી જવાબદારી હોય છે, જેમાં ટેકનિકલ, નાણાકીય તેમજ વહીવટી કાર્ય વગેરેનો સમાવેશ થાય છે.

સમાપનઃ

અહીં ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર એટલે કે દસ્તાવેજી ફિલ્મ નિર્માતા માટે આપને માહિતી રજૂ કરી છે, પરંતુ ફિલ્મ નિર્માતા માટે કે ટૂંકી કે શોર્ટ ફિલ્મ નિર્માણમાં રસ ધરાવનારા માટે પણ આ માહિતી ઉપયોગી સાબિત થશે. ફિલ્મ કે ડોક્યુમેન્ટરી નિર્માણના અભ્યાસ માટે કેટલીક નામાંકિત કોલેજોની યાદી આ પ્રમાણે છે.

- નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન – દિલ્હી
- ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા – પુણે
- ઝેવિયર્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન, મુંબઈ
- સીમ્બ્યોસીસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એન્ડ કોમ્યુનિકેશન – પુણે
- વ્હીશલિંગ વૂડ ઈન્ટરનેશનલ – મુંબઈ
- અન્નપૂર્ણા ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ ફિલ્મ એન્ડ મીડિયા – હૈદરાબાદ
- એશિયન કોલેજ ઓફ જર્નાલિઝમ – ચેન્નાઈ
- ઝી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા આર્ટ્સ- મુંબઈ

સહાયક નિદેશક (સમાચાર)
પ્રાદેશિક સમાચાર વિભાગ,
આકાશવાણી, અમદાવાદ.
newsonradio@gmail.com

૩૪ TOP ENGINEERING COLLEGES ALL OVER INDIA

IITs (23), NITs (31), IIIT (25), IIEST + GFTI (28) - Total 107 Colleges
All India IITs, NITs, IIITsColleges Admission Website - www.josaa.nic.in
Includes 5 Colleges of Gujarat ->IIT Gandhinagar, NIT Surat, IIIT Vadodara, IIIT Surat, IITRAM Ahmedabad

IITs City with State	Short Form	IITs City with State	Short Form
IIT Gandhinagar, Gujarat	IITGN	IIT Tirupati, Andhra Pradesh	IITTP
IIT Bombay, Mumbai	IITB	IIT Kanpur, Uttar Pradesh	IITK
IIT Indore, Madhya Pradesh	IITI	IIT Hyderabad, Telangana	IITH
IIT Jodhpur, Rajasthan	IITJ	IIT Kharagpur,West Bengal	IITKgp
IIT (BHU) Varanasi, Uttar Pradesh	IIT (BHU)	IIT Madras, (Chennai) Tamil Nadu	IITM
IIT Dharwad, Karnataka	IITDharwad	IIT Mandi, Himachal Pradesh	IITMandi
IIT Delhi	IITD	IIT Palakkad, Kerala	IITPKD
IIT Goa	IITGoa	IIT Patna, Bihar	IITP
IIT Bhilai, Chhattisgarh	IITBhilai	IIT Roorkee, Uttarakhand	IITR
IIT Guwahati, Assam	IITG	IIT Ropar, Rupnagar, Punjab	IITRPR
IIT Bhubaneswar, Odisha	IITBBS	IIT Jammu, Jammu & Kashmir	IITJammu
IIT (ISM) Dhanbad, Jharkhand	IIT (ISM)	TOTAL 23 IITs allover India 1 in Gujarat IIT Gandhinagar	

NITs City with State	NITs City with State	NITs City with State
SardarVallabhbhai NIT, Surat, Gujarat	NIT Calicut, Kozhikode, Kerala	NIT Kurukshetra, Haryana
Visvesvaraya NIT, Nagpur, Maharashtra	NIT Manipur	NIT Hamirpur, Himachal Pradesh
Malaviya NIT Jaipur, Rajasthan	NIT Agartala, Tripura	NIT Mizoram
Maulana Azad NIT, Bhopal, Madhya Pradesh	NIT Meghalaya	NIT Rourkela, Odisha
Motilal Nehru NIT Allahabad, Uttar Pradesh	NIT Nagaland	NIT Silchar, Assam
Dr. B R Ambedkar NIT, Jalandhar, Punjab	NIT Patna	NIT Srinagar, Jammu and Kashmir
NIT Surathkal, Karnataka	NIT Puducherry	NIT Tiruchirappalli, Tamil Nadu
NIT Andhra Pradesh	NIT Durgapur, West Bengal	NIT Uttarakhand

NIT Goa	NIT Sikkim	NIT Warangal, Telangana
NIT Delhi	NIT Arunachal Pradesh	**TOTAL – 31 NITs allover India 1 in Gujarat NIT Surat**
NIT Raipur, Chhattisgarh	NIT Jamshedpur, Jharkhand	

IIITs City with State		IIITs City with State	
1.	IIIT Vadodara, Gujarat	14.	IIIT Sri City, Chittoor, Andhra Pradesh
2.	IIIT Surat, Gujarat	15.	IIIT Allahabad, Prayagraj, Uttar Pradesh
3.	IIIT Pune, Maharashtra	16.	IIIT Lucknow, Uttar Pradesh
4.	IIIT Nagpur, Maharashtra	17.	IIIT Guwahati, Assam
5.	IIIT Kota, Rajasthan	18.	IIIT Una, Himachal Pradesh
6.	IIIT Bhopal, Madhya Pradesh	19.	IIIT Bhagalpur, Bihar
7.	IIIT Raichur, Karnataka	20.	IIIT Kalyani, West Bengal
8.	IIIT Dharwad, Karnataka	21.	IIIT Manipur
9.	Dwarka Prasad Mishra IIIT, Design & Manufacture Jabalpur, Madhya Pradesh	22.	IIIT Kilohrad, Sonepat, Haryana
10.	AtalBihari Vajpayee IIIT & Management Gwalior, Madhya Pradesh	23.	IIIT Kottayam, Kerala
11.	IIIT Design & Manufacturing, Kancheepuram, Tamil Nadu	24.	IIIT Ranchi, Jharkhand
12.	IIIT Srirangam, Tiruchirappalli, Tamil Nadu	25.	IIIT Agartala, Tripura
13.	IIIT Design & Manufacturing Kurnool, Andhra Pradesh		TOTAL - 25 IIITs allover India 2 in Gujarat

IIESTShibpur

1. Indian Institute of Engineering Science and Technology, Shibpur, Howrah, West Bengal

GFTI's List – Government Funded Technical Institutes

1. IIT-RAM Institute of Infrastructure, Technology, Research and Management, Ahmedabad, Gujarat
2. Central University of Rajasthan, Kishangarh, Ajmer, Rajasthan
3. National Institute of Electronics and Information Technology, Aurangabad, Maharashtra
4. School of Planning & Architecture, Bhopal, Madhya Pradesh
5. Birla Institute of Technology, Mesra, Ranchi, Jharkhand
6. National Institute of Foundry & Forge Technology, Hatia, Ranchi, Jharkhand
7. School of Planning & Architecture, New Delhi
8. Jawaharlal Nehru University, Delhi
9. Indian Institute of Carpet Technology, Bhadohi, Uttar Pradesh
10. J K Institute of Applied Physics & Technology, University of Allahabad, Allahabad, Uttar Pradesh
11. School of Planning & Architecture: Vijayawada, Andhra Pradesh
12. HNB Garhwal University, Srinagar, Uttarakhand
13. Gurukula Kangri Vishwavidyalaya, Haridwar, Uttarakhand
14. Institute of Technology, Guru Ghasidas Vishwavidyalaya, Bilaspur, Chhattisgarh
15. International Institute of Information Technology, Naya Raipur, Chattisgarh
16. Punjab Engineering College, Chandigarh

17. SantLongowal Institute of Engineering and Technology, Longowal, Punjab
18. National Institute of Food Technology Entrepreneurship and Management, Sonepat, Haryana
19. Ghani Khan Choudhary Institute of Engineering and Technology, Malda, West Bengal
20. Assam University, Silchar, Assam
21. Central institute of Technology Kokrajar, Assam
22. School of Engineering, Tezpur University, Napaam, Tezpur, Assam
23. Shri Mata Vaishno Devi University, Katra, Jammu & Kashmir
24. University of Hyderabad, Telangana
25. International Institute of Information Technology, Bhubaneswar, Orissa
26. Pondicherry Engineering College, Puducherry
27. Mizoram University, Aizawl, Mizoram

TOTAL – 28 GFTIs (27 GFTIs + 1 IIEST) allover India 1 in Gujarat IITRAM in Ahmedabad.

Top MBBSColleges Allover India

AIIMS Colleges in India

AIIMS Delhi ->https://aiims.edu -> All India Best College for MBBS

AIIMS Bhubaneswar	https://aiimsbhubaneswar.nic.in
AIIMS Jodhpur	www.aiimsjodhpur.edu.in
AIIMS Patna	https://aiimspatna.org
AIIMS Raipur	www.aiimsraipur.edu.in
AIIMS Rishikesh	http://aiimsrishikesh.edu.in/aiims
AIIMS Bhopal	www.aiimsbhopal.edu.in

***There are many other Medical Colleges Best all-over India.**

Top B. Sc. Colleges Allover India – IIST, IISc., NISER, ISI, IISER

BS / B.Sc. – Bachelor of Science (3 Years)BS + MS / B.Sc. + M.Sc. (5 Years Integrated Course)

IIST - Indian Institute of Space Science & Technology, Thiruvananthapuram, Kerala,	B. Tech.Aerospace Engineering B. Tech. Electronics & Communication Engineering (Avionics)
0471-2568 477 / 478 www.iist.ac.in Admission on basis of JEE Marks Apply on www.admission.iist.ac.in	B. Sc. + M. Sc. Astronomy and Astrophysics B. Sc. + M. Sc. Solid State Physics B. Tech. + M. Tech. Earth System Science B. Tech. + M. Tech. Optical Engineering
ISI Indian Statistical Institute, Kolkata & Bangalore Admission on basis of Entrance Test by College www.isical.ac.in/~admission	ISI Kolkata, www.isical.ac.in - B. Statistics (Honors) ISI Bangalore, www.isibang.ac.in - B. Mathematics (Honors)

IISc - Indian Institute of Science, Bangalore, Karnataka 080-22933400, www.iisc.ac.in Admission on basis of KVPY Exam Marks KVPY - Kishore Vaigyanik Protsahan Yojana, www.kvpy.iisc.ernet.in (080) 22932975 / 76, 23601008, 22933536	B. Sc. (Research) Physics B. Sc. (Research) Chemistry B. Sc. (Research) Mathematics B. Sc. (Research) Biology B. Sc. (Research) Environmental Science B. Sc. (Research) Materials
NISER - National Institute of Science Education and Research, Bhubaneswar, Odisha – 752050 +91-674-2494002/4003/4005 www.niser.ac.in	B. Sc. + M. Sc. Earth & Planetary Science B. Sc. + M. Sc. Humanities & Social Science B. Sc. + M. Sc. Physical Sciences B. Sc. + M. Sc. Chemical Science B. Sc. + M. Sc. Mathematics B. Sc. + M. Sc. Biological Science

IISER - Indian Institute of Science Education and Research Colleges
For Admission or Entrance Test – Apply on www.iiseradmission.in
Admission on basis of KVPY or JEE Advance or IISER Aptitude Test (IAT)

IISER Kolkata, West Bengal Mohanpur, Nadia - 741 246, Ph. 033 6136 0022 www.iiserkol.ac.in	B. Sc. + M. Sc. Biological Science B. Sc. + M. Sc. Chemical Science B. Sc. + M. Sc. Geological Science B. Sc. + M. Sc. Mathematics B. Sc. + M. Sc. Physical Sciences
IISER Mohali, Punjab Manauli, PO 140306 Telefax: 2240 266/124 www.iisermohali.ac.in	BS + MS Biological Sciences BS + MS Chemical Sciences BS + MS Mathematics BS + MS Physical Sciences
IISER Berhampur, Odisha, Ph. 0680 2227 707 www.iiserbpr.ac.in	
IISER, Pune, Maharashtra Dr. Homi Bhabha Road, Pashan, Ph. 020 25908000 www.iiserpune.ac.in	B. Sc. + M. Sc. Biology B. Sc. + M. Sc. Chemistry B. Sc. + M. Sc. Mathematics B. Sc. + M. Sc. Physics B. Sc. + M. Sc. Earth & Environmental Sciences
IISER, Tirupati, Andhra Pradesh Mangalam P.O. - 517507. Ph. 0877 2500400 www.iisertirupati.ac.in	
IISER Thiruvananthapuram (TVM), Kerala Maruthamala PO, Vithura, 695551, Ph. 0471-2778009, 8044, 8028 www.iisertvm.ac.in	

IISER Bhopal, Madhya Pradesh Bhopal Bypass Road, Bhauri, 462 066 www.iiserb.ac.in	BS Data Science & Engineering BS Electrical Engineering BS Computer Science BS Humanities & Social Science Disc. (Economic Sciences) BSChemical Engineering	BS + MS Earth & Environmental Sciences BS + MS Physics BS + MS Chemistry BS + MS Mathematics BS + MS Biology

Top Footwear Design Colleges allover India

1.	Footwear Design & Development Institute	Ankleshwar, Gujarat	7572887773, 9661177706 www.fddiindia.com	
2.	Footwear Design & Development Institute	Noida, Uttar Pradesh	0120-4500100	www.fddiindia.com

3.	Central Footwear Training Institute	Chennai, Tamil Nadu	044 2250 1529	www.cftichennai.in
4.	College of Leather Technology	Kolkata, West Bengal	033 2335 6977	www.gcelt.gov.in
5.	Alagappa College of Technology	Chennai, Tamil Nadu	044 2235 9101	www.annauniv.edu

Top Law Colleges allover India

Law Courses (B.Sc. LLB, BBA LLM, B.Com LLB, BA LLB, BSW LLB,BLS LLB)

1. GNLU – Gujarat National Law University, Gandhinagar
2. National Law School of India University, Bangalore
3. National Law University, Delhi
4. National Academy of Legal Study & Research (NALSAR) University of Law, Hyderabad
5. The West Bengal National University of Juridical Sciences, Kolkata
6. National Law University, Jodhpur
7. Rajiv Gandhi National University of Law, Patiala
8. National Law Institute University, Bhopal
9. Hidayatullah National Law University, Raipur
10. Dr. Ram Manohar Lohiya National Law University, Lucknow
11. National Law University Odisha, Cuttack
12. Dharmashastra National Law University, Jabalpur
13. Maharashtra National Law University, Mumbai
14. Maharashtra National Law University, Nagpur
15. Maharashtra National Law University, Aurangabad
16. Chanakya National Law University, Patna
17. National University of Advanced Legal Studies, Kochi
18. National University of Study & Research in Law, Ranchi
19. National Law University & Judicial Academy, Assam
20. Damodaram Sanjivayya National Law University (DSNLU) Visakhapatnam
21. The Tamil Nadu National Law School, Tiruchirapalli
22. Himachal Pradesh National Law University, Shimla
23. Dr B R Ambedkar National Law University Sonipat, Haryana

To get admission in these 23 Law Universities you need to appear for CLAT (Common Law Admission Test) Exam For more details Check - www.clat.ac.in or www.mrgoks.com

૩૫ સપનું : સરકારી નોકરી

– જયેશ વાઘેલા

કારકિર્દીની ગાડી સડસડાટ દોડે એવા અનેક સપનાઓ વચ્ચે કેટલાક વિદ્યાર્થીઓનું સપનું હોય છે, સરકારી નોકરી, માત્ર વિદ્યાર્થીઓ જ નહીં, ઘણા બધા વાલીઓને પણ રસ હોય છે કે મારી દીકરી કે દીકરો ભવિષ્યમાં ડેપ્યૂટી કલેક્ટર બને, પ્રોફેસર બને, IPS બને, તલાટી બને કે બેંકમાં ક્લાર્ક, મેનેજર કે ઓફિસર બને. કોઈ તો વળી આર્મી, નેવી કે એરફોર્સમાં પણ જોડાવા ઈચ્છતા હોય છે. બસ, એક સરકારી નોકરી ...! વાત પણ સાચી, આવા સપનાંઓ કેમ ન હોય! સરકારી નોકરી મળતાની સાથે અમુક બાબતો ઊડીને આંખે વળગે છે. જેમકે,

- સેવા કરવાની ઉત્તમ તક
- સેવાના ભાગ રૂપે ઉત્તમ પગાર, સાથે સાથે સરકારી સવલતો.
- સમાજમાં માન, પ્રતિષ્ઠા

વિચાર કરો, એક તો તમે સમગ્ર નોકરી દરમિયાન લોકોની સેવા કરવાની તક મેળવો છો, સાથે-સાથે તેના જ માટે તમને સારું એવું વેતન પણ મળી રહ્યું છે...અન્ય રજાઓના લાભ,ઘરભાડું, મોંઘવારી એલાઉન્સ, LTC, વિશેષ લોન... એવું કંઈ કેટલું !

સૌથી પહેલું તો એ વિચારવું પડશે કે 'મારે સરકારી નોકરી જોઈએ છે, શું કામ?' કેમ કે કારકિર્દીને સમગ્ર જીવન સાથે લેવાદેવા છે અને કોઈ નિર્ણય પર આવો એ પહેલા જ બધું 'વિચારી લેવું' અત્યંત આવશ્યક છે. જે પોસ્ટ માટે તમે વિચારી રહ્યા છો, એ પ્રમાણે તમારા સ્વભાવનું મેચિંગ છે ખરું? કેમ કે અહીં 'સ્વભાવ' અને 'સામૂહિક હિત' બહુ મહત્ત્વના હું ગણું છું. તમારી કલ્પનાને પણ જોડી શકો છો.

મિત્રો, તમે સમજી રહ્યા છો જ કે કારકિર્દી અંગે તમે કરેલી એક ખોટી પસંદગી તમારા જીવનની મજા તો ઉડાડશે, પણ એ પદ સાથે જોડાયેલા સમાજના અન્ય લોકો પણ કારણ વિનાના 'અસરગ્રસ્ત'ની વ્યાખ્યામાં આવી જશે!!

તો પછી? સિમ્પલ, પસંદગી બાબતે જાતને થોડા સવાલો પૂછી નાખો, જેમકે તમને શું આકર્ષે છે? પગાર? પદ? પ્રતિષ્ઠા? કેમ કે ડુંગર દૂરથી રળિયામણા જ લાગતા હોય છે. બેંક મેનેજરને એસી ચેમ્બરમાં બેઠેલા જોઈએ કે પછી તેઓની માત્ર સેલેરી સ્લીપ જોઈને નક્કી ન કરી લેવાય કે મારે બેંક મેનેજર બનવું છે! તેમને મળો..બધું જ જાણો.. કેવા પ્રકારની નોકરી છે...ટાઈમિંગ, જવાબદારીઓ, જરૂરી સ્કિલ, ભવિષ્યમાં આગળ વધવાની તકો...વગેરે વગેરે.. આ બધું શક્ય છે. તમારા ઓળખીતા, સગાંવહાલાં કે અન્ય રેફરન્સથી મળીને એ પોસ્ટની વિગતવાર માહિતી માંગી લો.. પછી તમારો રસ્તો વધુ ચોખ્ખો, અને દોડવાનું મન થાય તેવો બની જશે!!

મિત્રો, સરકારી ભરતીની સમયાંતરે જાહેરાત આવતી હોય છે, ત્યારે લાખોની સંખ્યામાં ભરાયેલા ફોર્મ જોઈને રણયુદ્ધના અર્જુન જેવી દશા થઈ શકે છે...! અહીં બે પ્રકારના વિચાર ઉદ્ભવે.. જાત સાથે વાત કરવાનું મન થાય.. 'રહેવા દે ને આ બધા લોકોને નોકરીની વધુ જરૂરિયાત લાગે છે' ને પછી ફોર્મ જ ન ભરે ને કોઈ વિચારે, માત્ર એક જગ્યાની ભરતી આવે તો પણ હું જ એ પોસ્ટ પર ગમે તેમ કરીને, મહેનત કરીને હોઈશ જ! ને ફોર્મ ભરી દે. આમ જુઓ તો અહીંથી જ કસોટીની શરૂઆત થઈ જતી હોય છે..!! જી, હા માનસિક મક્કમતાની કસોટી.

મિત્રો અહીં સ્માર્ટવર્ક એ જ છે કે ઘણું બધું જોઈશે. સાથે જોઈશે માનસિક મક્કમતા, માહિતી, મોટીવેશન, મદદ, માળખું, મહેનત... બધું જ મેળારૂપે મળી જશે, ને નોકરી પણ મળી જશે...!!

આ શક્ય છે..ખાસ કરીને ડિજિટલ ઈન્ડિયાના સમયમાં આપણે છીએ, ત્યારે..વળી યુવાનો ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ જાણે છે, ત્યારે ઘેર ઘેર મોબાઈલ અને નેટ પહોંચી ગયા છે, ત્યારે સાવ સરળ છે. મિત્રો, ઘણા પ્રશ્નો વણજારરૂપે ઊમટી રહ્યા હશે..આવો, પ્રશ્નોતરીથી જ મહત્ત્વના મુદ્દાઓમાં નજર કરીએ તો !?

આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મુખ્ય વાતો કઈ ?

- બે જ વાતો મુખ્ય. ઝડપ અને વધુ ગુણ લાવવા.

ક્યારથી તૈયારી શરૂ કરી શકાય ?

- પૂર્ણ આધાર તમારા પર, બિહાર જેવા રાજ્યમાં તો પાંચમા ધોરણથી વિદ્યાર્થીઓ તૈયારી શરૂ કરી દેતા

હોય છે !! તો હવે તો કરાય જને ! કરી જ દો.

ખબર કેમ પડે કે કઈ જગ્યાઓ(પોસ્ટ) બહાર પડી છે?

- વેબસાઈટ, (અહીં યાદી જ મૂકવાનો પ્રયાસ છે.) સમયાંતરે દરેક વિભાગોની યાદી, પોસ્ટ-વિશે નોટિફિકેશન બહાર પડતા હોય છે. આ સિવાય ન્યૂઝપેપર્સમાં, GPSC, SSC જેવી વેબસાઈટમાં સમગ્ર વર્ષનું કેલેન્ડર અગાઉથી બહાર પાડી દેતા હોય છે. (વ્યક્તિગતરૂપે પણ વ્હોટ્સએપ ગ્રૂપ, ટેલિગ્રામ ચેનલ, યુટ્યુબ ચેનલ, ફેઈસબુકમાં પણ માહિતી આવે છે. અહીં ઉલ્લેખ એટલે કર્યો કે કોઈપણ જાહેરાતની ખરાઈ કર્યા વિના લિન્કમાં જવું નહીં.) યોગ્ય વેબસાઈટ દ્વારા જ ફોર્મ ભરવા.
- કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર આર્મી વગેરે માટેની વેબસાઈટની થોડી યાદી કઈ ?
- ઓનલાઈન રોજગાર સમાચાર સમયાંતરે વાંચતા રહેવું અથવા તો લાયબ્રેરીમાં પણ ઉપલબ્ધ હોય છે, જેમાં નવી જગ્યાઓની વિગતોની જાહેરાત હોય છે. યાદી આ રીતે છે.

થોડી અગત્યની વેબસાઈટ યાદી -

અગત્યની વેબસાઈટ - ગુજરાત સરકારની વિવિધ ભરતીઓ માટે

- ઓજસ વેબસાઈટ (OJAS) www.ojas.gujarat.gov.in
- ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) www.gpsc.gujarat.gov.in
- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળી (GSSSB) www.gsssb.gujarat.gov.in
- ભારત સરકારની IAS / IFS / IPS પરીક્ષાઓ માટે www.upsc.gov.in
- સ્ટાફ સિલેક્શનની ભારત સરકારની ભરતી માટે www.ssc.nic.in
- આર્મીમાં જોડાવવા માટે www.joinindianarmy.nic.in
- કેન્દ્ર સરકારની શાળાઓ માટે www.ctet.nic.in
- બેંકિંગ માટે www.ibps.in, www.sbi.co.in, www.rbi.org.in
- સ્પીપા સેન્ટર માટે www.spipa.gujarat.gov.in
- એરફોર્સ માટે www.careerindianairforce.nic.in
- નેવી માટે www.joinindiannavy.gov.in

વિશેષ : દરેક માહિતી એક જગ્યાએ જોવા માટે

- કેન્દ્રીય રોજગાર સમાચાર www.employmentnews.gov.in
- ગુજરાત રોજગાર સમાચાર www.gujaratinformation.net

આ બંને પર અવશ્ય નજર રાખો.

- મુખ્યત્વે કયા વિષયો પર ફોક્સ કરવું ?
- નોટિફિકેશનમાં જ જણાવેલું હોય છે. તેમ છતાં સામાન્ય રીતે ૪ વિષયો ખૂબ મહત્ત્વના હોય છે, જે લગભગ તમામ પરીક્ષાઓને લાગુ પડતા હોય છે. મેથ્સ (ગણિત), રિઝનીંગ(તર્ક), અંગ્રેજી અને જનરલ નોલેજ. જો ગુજરાત સરકારની પરીક્ષા હોય તો 'ગુજરાતી' વિષયનું પણ મહત્ત્વ હોય છે. શબ્દભંડોળ, વ્યાકરણ અને સાહિત્ય.

વિષયોમાં કેટલું ઊંડું જવું?

- જો વર્ગ ૩ની તૈયારી કરી રહ્યા છો તો દસમા ધોરણ સુધીના પાઠ્યપુસ્તકોનો અભ્યાસક્રમ આવરી લેવો. પણ વર્ગ-૨ કે વર્ગ-૧ સુધી જવા માટે ધોરણ-૧૨ સુધી અને ઈતર વાચનનો સહારો પણ લેવો જરૂરી.
- કેટલો સમય દિવસનો આપવો?
- સ્પર્ધાની વાત છે, ત્યારે સ્વાભાવિક છે, તમામ, હા વિષયો બદલાવતા રહેવા, જેથી તમને ચેન્જ મળશે ને મન થાકશે પણ નહીં.

કેટલા ગુણનું પેપર અને સમય અવધિ?

- નોટિફિકેશનમાં જણાવેલું હોય છે. ઉદાહરણ રૂપે વર્ગ-૩ની ભરતીમાં ૧૦૦ ગુણનું પેપર અને ૧ કલાકનો સમય હોય છે. જ્યારે વર્ગ-૧માં પ્રિલિ. મેઈન્સ અને ઈન્ટરવ્યૂ જેવા તબક્કા હોય છે. દરેક પરીક્ષામાં જુદા જુદા ગુણ અને જુદી જુદી સમય અવધિ હોય છે. વર્ગ-૩માં ઈન્ટરવ્યૂ નથી, હાલ કમ્પ્યૂટર ક્ષમતાની કસોટી પરિણામ પછી લેવામાં આવતી હોય છે.

પેપર પદ્ધતિ કેવી?

- હાલ MCQ પ્રકારની અમુક પરીક્ષામાં વર્ણનાત્મક પણ આવે જે નોટિફિકેશન મુજબ.
- માઈનસ પદ્ધતિ ખરી? કોઈ કોઈ પરીક્ષામાં હોય છે. એ નોટિફિકેશનમાં જણાવેલું હોય તેને અનુસરવું.

પરીક્ષાનું માધ્યમ?

આ પણ નોટિફિકેશનમાં જણાવેલ હોય છે. ગુજરાતની

તમામ પરીક્ષાઓમાં ગુજરાતી હોય જ, સ્વાભાવિક રીતે સ્ટાફ સિલેક્શનમાં અંગ્રેજી અને હિન્દી બે ભાષામાંથી વિકલ્પ મળી શકે છે.

કઈ ઉંમરના અરજી કરી શકે?

જે તે પોસ્ટ પ્રમાણે ૧૮ વર્ષથી શરૂ કરી ક્યારેક ક્યારેક ૪૦ વર્ષ સુધીના પણ અરજી કરી શકે છે. જે બધું નોટિફિકેશન મુજબ હોય છે. યાદ રહે CTET જેવી પરીક્ષામાં તો ઉંમરની મર્યાદા જ નથી. કેટેગરી પ્રમાણે છૂટછાટ પણ હોય છે.

કેવી રીતે તૈયારી કરી શકાય ?

આ પ્રશ્નનો જવાબ વિસ્તૃત રીતે આપી શકાય. 'તૈયારી' તમે અનેક રીતે કરી શકશો. હાલના ટેકનોલોજીના યુગમાં બધું જ હાથવગું છે. ઘણું માર્ગદર્શન ઓનલાઈન પણ મેળવી શકો છો. સરકારના હાલના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકોને પાયો બનાવી, જાતે નોટ તૈયાર કરી શકો છો. સરકારી મેગેઝિન, સરકારી વેબસાઈટ, સરકારી યોજનાઓની માહિતીનો આધાર લઈ નોંધો તૈયાર કરી શકો છો. ઉપરાંત, ન્યૂઝપેપર્સમાં વર્તમાનપ્રવાહોનાં અલગ મુદ્દાઓ ટપકાવી રિવિઝનરૂપે નજર ફેરવતા રહેવું. UPSC જેવી પરીક્ષા આપવા માંગતા હો, તો સરકાર દ્વારા જ SPIPA સેન્ટરની પરીક્ષામાં પાસ થઈ, એક વર્ષના કોર્સમાં જોડાઈ શકો છો. આ સિવાય ઘણું બધું સાહિત્ય યુટ્યુબ, ટેલિગ્રામ, ફેઈસબુક તથા વ્હોટ્સએપ ગ્રૂપમાંથી પણ મળી શકે છે. બજારમાં અન્ય પુસ્તકો કે સાહિત્ય પણ વિશેષ ઉપલબ્ધ હોય છે. ખાનગી કોચિંગ સેન્ટર પણ મદદરૂપ થઈ શકે છે. તેઓની ફી પણ અમુક કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓને સરકાર તરફથી આંશિક કે પૂર્ણ (યોજનાના ભાગ રૂપે) મળતી હોય છે. જેના માટે જે-તે કચેરીનો કે વેબસાઈટનો સહારો લેવો.

મિત્રો સો વાતની એકવાત, જો તમારું સપનું સરકારી નોકરી હોય તો તૈયારીની શરૂઆત અત્યારથી જ કરી દો.. આ જ સમય છે કંઈક કરી બતાવવાનો, આ જ સમય છે તમારી ભરપૂર ઊર્જાને કામે લગાડવાનો. આ જ સમય છે, જિંદગીને સાચી દિશા આપવાનો. યાદ રહે, આનંદ કરતાં કરતાં, નોલેજ વધારતા વધારતા નોકરી મળી જ શકે છે. બસ, તમારું લક્ષ્ય સ્પષ્ટ હોવું જોઈએ અને દિલથી સેવેલું હોવું જોઈએ, મદદ તો ચારેય દિશામાંથી તૈયાર જ છે.

છેલ્લે એક મહત્ત્વની વાત. આ બધી પ્રોસેસમાં વાત છે. નોલેજ વધારવાની. તમે જાણો જ છો કે આજનો જમાનો જ 'Knowledge is power'થી ગતિ પકડી રહ્યો છે.. આ નોલેજ તમને કોઈપણ જગ્યાએ કામ આવી શકે છે...

આમ જુઓ તો આ સરકારી નોકરીની તૈયારી એ માત્ર એક બે ફૂલો નહીં પણ આખાય બાગની સુગંધ લાવીને તમને ધરી દેશે.

"ફૂલને બદલે આખો આખો બાગ મળે તો શું કરવું ?
ધગધગતી ઈચ્છાઓમાં જો આગ ભળે તો શું કરવું?
જીકે, રિઝનિંગ, ઈંગ્લિશ વચ્ચે મેથ્સ ઊભું સ્મિત કરતું
મોજમસ્તી ને આનંદ વચ્ચે 'નોકરી' મળે તો શું કરવું?"

સગા સંબંધી મિત્રોને બોલાવવા, પણ સાથે સાથે તમારા જ માર્ગદર્શનથી તેઓને પણ નોકરી હાથવગી કરાવી આપો.. ને તમે ? આગળ વધવાની તૈયારીમાં લાગી જાઓ... તો wish you all the Best!

ઋતમ્ - ૩૨, સ્વામિનારાયણનગર,
હાલાર હાઉસ પાસે, જામનગર.

૩૬ બોર્ડના પરિણામો બાદ પ્રવેશ માટે મહત્ત્વની વેબસાઈટ્સ

(૧) એન્જિનિયરિંગ (ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા ટુ ડિગ્રી), આર્કિટેક્ચર હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ, ફાર્મસી (ડિગ્રી ટુ ડિપ્લોમા), મેનેજમેન્ટ (MBA)માં પ્રવેશ માટે વેબસાઈટ :
http://www.jacpcldce.ac.in/

(૨) ઉપર દર્શાવેલ કેટેગરી પૈકી કોઈમાં પણ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન માટે નીચે દર્શાવેલ વેબ સાઈટની મુલાકાત લો.
http://gujacpc.nic.in/

(૩) વિવિધ યુનિવર્સિટીની જાણકારી માટે યુનિવર્સિટી ગ્રાંટ કમિશનની વેબસાઈટ :
http://www.ugc.ac.in/

(૪) દેશભરમાં આવેલી એન્જિનિયરીંગ ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે AICTE ની વેબસાઈટ :
http://www.aicte-india.org/

(૫) દેશભરમાં આવેલી ફાર્મસી ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ :
http://www.pci.nic.in/

(૬) દેશભરમાં આવેલી આર્કિટેક્ચર ઈન્સ્ટિટ્યૂટની વિગતો જાણવા માટે કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર ઑફ ઈન્ડિયાની વેબસાઈટ :
http://www.coa.gov.in/

(૭) ટેકનિકલ એજ્યુકેશન માટેની ફી રેગ્યુલેટરી ઓથોરિટીની માહિતી મેળવવા માટે :
http://www.frctech.ac.in/

(૮) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની વેબસાઈટ :
http://gujarat-education.gov.in/education/

(૯) કમિશનર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યની વેબસાઈટ :
http://dte.gswan.gov.in/

(૧૦) ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટીની વેબસાઈટ :
www.gtu.ac.in

(૧૧) મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, નર્સિંગ, આયુર્વેદિક, હોમિયોપેથી, ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ, ઓડિયોલોજી, નેચેરોપથી વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે :
http://www.medadmgujarat.org

(૧૨) CEPT યુનિવર્સિટીની વેબસાઈટ :
http://www.cept.ac.in/

(૧૩) ડિપ્લોમા એન્જિનિયરીંગમાં પ્રવેશ સંબંધી માહિતી માટે વેબસાઈટ :
http://www.acpdc.in/

(૧૪) એલ.ડી. કોલેજ ઑફ એન્જિનિયરિંગની વેબસાઈટ :
http://ldceahd.org/

(૧૫) ગુજરાત સેકન્ડરી બોર્ડની વેબસાઈટ :
http://www.gseb.org/

(૧૬) સેન્ટ્રલ બોર્ડની વેબસાઈટ :
http://cbse.nic.in/

કટ ઑફ લિસ્ટ જાણવા માટે :

- ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના કટ્સ ઑફ માર્કસ જોવા માટે વેબસાઈટ : **http://www.jacpcldce.ac.in/be.asp** અથવા નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી.
- વિવિધ ડિપ્લોમા એન્જિનિયરીંગના કટ્સ ઑફ માર્કસ જોવા માટે નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી.
http://www.acpdc.in/First_Year/Closure.pdf
- ધોરણ-૧૨ સાયન્સ પછી બી-ગ્રુપમાં ઉપલબ્ધ બધા મેડિકલ-પેરા મેડિકલ કોર્સનું કટ્સ ઑફ લિસ્ટ જોવા માટે વેબસાઈટ : **http://www.medadmgujarat.org**

૩૭ અગત્યની વેબસાઈટ્સ

પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ :

CEPT University	www.cept.ac.in
NIFT Gandhinagar	www.nift.ac.in
NID	www.nid.edu
Dhirubhai Ambani Institute - Gandhinagar	www.daiict.ac.in
Dharmashi Desai University - Nadiad	www.ddu.ac.in
NIRMA University	www.nirmauni.ac.in
Institute of Teachers Education - Gandhinagar	www.iite.ac.in
National Law University - Gandhinagar	www.gnlu.ac.in
Ahmedabad Management Association	www.amaindia.org
Indian Institute of Management	www.iimahd.ernet.in
Physical Research Laboratory	www.prl.res.in
PDPU Gandhinagar	www.pdpu.ac.in
Universities of Gujarat State	
Bhavnagar University, Bhavnagar	www.mkbhavani.edu.in
Veer Narmad South Gujarat University, Surat	www.sgu.emet.in
Nirma University, Ahmedabad	www.nirmauni.ac.in
Saurashtra University, Rajkot	www.saurashtrauniversity.edu
Ganpat University, Mehsana	www.ganpatuniversity.ac.in
Hemchandracharya North Gujarat University, Patan	www.ngu.ac.in
Sardar Patel University, Vallabh Vidhyanagar	www.spuvvn.edu
Maharaja Sayajirao University, Baroda	www.msubaroda.ac.in
Gujarat University	www.gujaratuniversity.org.in
Gujarat Vidyapith, Ahmedabad	www.gujaratvidyapith.org
Gujarat Agriculture University, Dantiwada	www.sday.edu.in
Gujarat Ayurved University, Janinagar	www.ayurveduniversity.com
Anand Agriculture Univesity, Anand	www.aau.in
Junagadh Agriculture University, Junagadh	www.jau.in
Navsari Agriculture University,Navsari	www.nau.in
Sardar Vallabhbhai National Institute & Tecnology ,Surat	www.svnit.ac.in
Centre for Environmental Planning & Technology, Ahmedabad	www.cept.ac.in
Councils of India	
University Grant Commission, New Delhi.	www.ugc.ac.in
National Assessment & Acreditation Council, New Delhi	www.naacindia.org
Dental Council of India, New Delhi	www.dciindia.org
Medical Council of India, New Delhi	www.mciindia.org
All India Council of Technical Education, New Delhi	www.aicte-india.org
National Council for Teacher Education, Bhopal	www.ncte-in.org
Bar Council of India, New Delhi	www.barcouncilofindia.nic.in
Bar Council of Gujarat, Gandhinagar	www.barcouncilofgujarat.org
Pharmacy Council of India, New Delhi	www.pci.nic.in
Distance Education Council, New Delhi	www.ugc.ac.in
Central Council for Indian Medicine, New Delhi	www.ccindia.org
Indian Council for agricultural Research, New Delhi	www.icar.org.in

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

- માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિધ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.
- શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.
- રાજ્યભરમાં રોજગાર વાંચ્છુઓ માટેનું વિશ્વસનીય સાપ્તાહિક.
- રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.
- રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન.
- વાર્ષિક લવાજમ માત્ર **₹ 30/-**
- લવાજમ : કોઇપણ કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે.

પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. ● પ્રોસેસિંગ અને મુદ્રણ - સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.